પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧ ॥

"॥ ॐ अर्हं नमः ॥ नमो वीयरागाय ॥

नमो अरिहंताणं।
नमो सिद्धाणं।
नमो आयरियाणं।
नमो उवज्झायाणं।
नमो लोए सव्वसाहूणं।
एसो पंच नमुक्कारो, सव्वपावप्पणासणो।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं ॥१॥"

" इति नमस्कारसूत्रं।"

પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**




પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

नमोअरिहंताणं । ॐ नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । न नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । मो नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । अ नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । रि नमोअरिहंताणं ।

नमो ह नमो

अरिहं ता अरिहं

ताणं । णं ताणं ।

नमोअरिहंताणं । ॐ नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । न नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । मो नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । अ नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । रि नमोअरिहंताणं ।

नमो हं नमो

अरिहं ता अरिहं

ताणं । णं ताणं ।

नमोअरिहंताणं । ॐ नमोअरिहंताणं ।

नमोअरिहंताणं । न नमोअरिहंताणं ।

अरिहंताणं । मो अरिहंताणं ।

नमोअरिहंताणं । अरिहंताणं । नमोअरिहंताणं ।

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૧ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પુનર્મુદ્રણ : આવૃત્તિ - ૨ : સપ્ટેમ્બર - ૨૦૨૦

## HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

### VOLUME - 1 (Reprint - 1)

September 2020
200 Copies / 224 Pages
For Private Circulation only.

### PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

### SPONSOR

Shri C. K. Mehta
Mumbai

### ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

### eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

### SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


### ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.

# પુનર્મુદ્રણ વેળાએ...


હાં...! શાસનની વિરાસત સમું 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નું આ કાર્ય જ્યારે પ્રારંભાયું, ત્યારે શરુમાં તો ફક્ત ૫-૧૦-૫૦-૧૦૦ કૉપીની જ વાત હતી. પણ... હજુ કંઈ ગોઠવી અને સ્કેનીંગ કરવાનું વિચારીએ તે પૂર્વે તો ૩૦૦ કૉપી તો કરાવવી જ પડશે, તેવી માંગણીઓ થવા લાગી. તેથી પહેલાં તબક્કે ૩૦૦ નકલ કરાવી. કિન્તુ આ ગ્રંથોના પ્રકાશનની જેમ જેમ ખબર પડતી ગઈ, તેમ તેમ એટલી માંગ વધતી ગઈ કે આજે આ ગ્રંથના પ્રથમ ભાગનું પુનર્મુદ્રણ થઈ રહ્યું છે, તેનો અત્યંત હર્ષ છે.

**આ સુદીર્ઘ કાર્યમાં ત્રણ પુણ્યાત્માઓનું અથાગ - અપૂર્વ યોગદાન છેઃ**
પ્રથમ યોગદાન છેઃ રાજકોટના અમારા સુશ્રાવક શશીકાંતભાઈના પુત્રવધૂ સુશ્રાવિકા **ભારતીબેન દિપકભાઈ મહેતાનું,** જેમણે ગુરૂબહુમાનપૂર્વક આ કાર્યની સંપૂર્ણ જવાબદારી સ્વીકારી છે. સ્કેનીંગની સીસ્ટમ બહુ ક્લિષ્ટ હોવા છતાં લખાણની સુવાચ્ય ગોઠવણી કરીને સેટ કરનાર સુશ્રાવિકા ભારતીબેનની દેખરેખ નીચે ૩૦ વિશેષજ્ઞો દ્વારા દર મહિને ભાવિકોના હાથમાં એક તૈયાર ગ્રંથ આવે છે. બીજું યોગદાનઃ પાંચેક વર્ષના આ પ્રોજેક્ટમાં પ્રકાશિત થનાર ૬૦ કે તેથી અધિક ગ્રંથો ઉપરાંત પુનર્મુદ્રિત થનાર પ્રત્યેક ગ્રંથોના સંપૂર્ણ પ્રકાશનની પૂરેપૂરી આર્થિક જવાબદારી સ્વીકારી છે વડોદરાના **પરમ ગુરૂભક્ત સી.કે.મહેતા**એ તથા ગ્રંથોના પ્રુફચેકીંગ માટેનું ત્રીજું યોગદાન છે અધ્યાત્મસંપન્ન સાધ્વીશ્રેષ્ઠાશ્રી પદ્મલત્તાશ્રીજી મહારાજ સાહેબના સુશિષ્યા સાધ્વીજી ભાવપૂર્ણાશ્રીજી મહારાજ સાહેબના શિષ્યરત્ના તથા સાધ્વીજીશ્રી ભાવવર્ધનાશ્રીજી મહારાજ સાહેબના સંસારી ભાણેજ **સાધ્વીજીશ્રી જિનમતિશ્રીજી મહારાજ** સાહેબનું.

પૂજ્ય પંન્યાસજી મહારાજની ૨૨૪ રોજનીશીમાંથી બનેલી 'હસ્તાક્ષરના અક્ષયપાત્ર'ની યાત્રા આજે ૪૭ ભાગ સુધી તો પહોંચી ગઈ છે. આ વૉલ્યુમોના ચિંતનો ભવિષ્યની પેઢીને અધ્યાત્મમાર્ગમાં પ્રેરકબળ પૂરૂં પાડનાર બની રહે, એ જ અભિલાષા.

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.

૨૭.૦૮.૨૦૨૦
જામનગર



# આ છે અંગત આત્મચિંતનની નોંધપોથી...

અનુપ્રેક્ષા કહો કે ચિંતનશીલતાથી ભર્યું જેમનું જીવન જ હતું એવા પરમ પૂજ્ય, અધ્યાત્મયોગ સંપન્ન, પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રી વર્ષો સુધી એટલે કે જ્યાં સુધી પોતે સંપૂર્ણ સંથારાવશ ન થયા ત્યાં સુધી કમ સે કમ ૬ કલાક જેટલું તો દરરોજ વાંચન કરતા. તેમાં શાસ્ત્રીય ગ્રંથો હોય, અંગ્રેજી પુસ્તકો હોય ને અન્ય દર્શનીઓનાં પુસ્તકો પણ હોય. પૂજ્ય સાહેબજીની સમ્યક્ દૃષ્ટિના કારણે તેઓને બધાં ગ્રંથોમાંથી આધ્યાત્મિક ભાવો જ પકડાય. વળી આવા જે પદાર્થો ગમી જાય તેની નોંધ પોતાના હાથે જ કરી લે.

તેમાં કોઈ બાબત જૈન દર્શનની માન્યતા અનુસારે ન પણ હોય, છતાં તે અધ્યાત્મ માર્ગમાં કે વિચાર શુદ્ધિ માટે ઉપકારક હોય, તો એ પણ પોતાના ચિંતન માટે ડાયરીમાં અવતરણ કરી લેતા. દરરોજ જિનાલયે દેવવંદન કરીને ઉપાશ્રયે પધારે ત્યારે પરમાત્મા સમક્ષ જે ભાવોથી પોતે ભાવિત થયા હોય તે ચિંતન પોતાની ડાયરીમાં લખી લે. કેટલીક અનુપ્રેક્ષા કોષ્ટક રૂપે કરી હોય તો તે પણ ડાયરીમાં ટપકાવી દે.

વિશેષે કરીને જ્ઞાન માટે જ્ઞાનની અધિષ્ઠાયિકા દેવી સરસ્વતીજીનાં મંત્રાક્ષરો ક્યાંકથી મળ્યા હોય, જાણ્યા હોય કે સ્વયં સ્ફૂરણાથી પ્રકટ થયા હોય, તે નોંધ તેઓએ લગભગ દરેક ડાયરીમાં આગળના પાનાઓમાં કરી છે. કેટલાક શ્લોકો જે નિત્ય મનન કરવા જેવા લાગ્યા તે પણ તરત ડાયરીમાં અવતરણ કર્યા છે. અંગ્રેજીમાં કોઈ સુવાક્યો, સારા લેખકોનાં ચિંતનો પણ તેવા લાગ્યે પોતાના હાથે જ લખી લીધા છે.


આમ દર વર્ષે ૨-૩ મહિનાની એક - એવી રીતે ૨૦૦ થી પણ વધુ ડાયરીઓ સાહેબે સ્વહસ્તે લખેલી છે. આ બધા પરથી ખ્યાલ આવશે કે આ ડાયરીઓ પૂજ્યશ્રીની અંગત આત્મચિંતનની નોંધપોથી છે.

આમાંથી ઘણી ડાયરીઓનાં ચિંતનો સાહેબજીના પુસ્તકો-વોલ્યુમોમાં પ્રકટ થઈ ચુકયા છે પણ પૂજ્ય સાહેબજીનાં મંત્રાક્ષર સ્વરૂપ અક્ષરો આ રીતે હવે આપણા ભાગ્યોદયે મળી રહ્યાં છે. એ ચિંતનોના દરેક પૃષ્ઠમાંથી અમૃત ઝરે છે. સામાન્ય બોધવાળી વ્યક્તિને કદાચ આ તત્ત્વનો બોધ સરલતાથી નહિં પણ સમજાય, પણ આ અક્ષરો મંત્ર સ્વરૂપ હોવાથી વાંચતા-વાંચતા કર્મની હળવાશ થશે. તેઓએ આલેખેલ પ્રાકૃત શ્લોકોનો અનુવાદ છેલ્લે પરિશિષ્ટમાં આપેલ છે, તેના વાંચનથી અર્થ ખૂલશે.

આ ડાયરીઓને આવી રીતે ગ્રંથસ્થ કરવાની કથા અને આ મારો લેખ જેમણે લખ્યો છે તે મારા લઘુગુરૂબંધુ આચાર્ય હેમપ્રભસૂરિ કે જેઓ પૂજ્યપાદ્ સાહેબજી પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજનાં લખાણોને ભગવાનતુલ્ય ભાવોથી નવાજે છે અને તેને 'મારા ભગવાનના હૃદય અને હસ્તકમલમાંથી સરકેલી વાણી સમાન' માને છે, તેઓએ અમારા ગુરૂમહારાજ આચાર્યદેવ શ્રીમદ્વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાએ સંગ્રહિત કરેલા, દાદા ગુરૂદેવ પૂજ્ય સાહેબજીના લખેલા અને આરાધક પૂજ્યોનાં અરસ-પરસના પત્રોનો સંગ્રહ કરેલ તે, તેમ જ મહેનત કરીને બીજા પત્રો મેળવી, સંગ્રહીત કરીને પૂજ્ય પંન્યાસજી મહારાજની પત્રગંગાના ૧૦ વોલ્યુમ રૂપે પ્રકટ કર્યા છે. તેમાંથી ખરે જ પૂજ્ય સાહેબજી, ગુરૂ મહારાજ અને મારા પ્રતિની તેમની ગુરૂ ભક્તિ પ્રદર્શિત થાય છે.

આ ચિંતામણિ રૂપ ડાયરીઓ પ્રકાશિત કરવા પોતાનો અર્થભંડાર ખુલ્લો મૂકી દેનાર, પંન્યાસજી મહારાજનાં નવરત્નોમાંના એક એવા સુશ્રાવક સી.કે.મહેતા તથા આપણા સુધી આવા અનુપમ સુંદર ભાવો સહ આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' પહોંચાડનાર 'પારસમણિ'નાં લેખિકા ભારતીબેનને ખુબ-ખુબ ધન્યવાદ.

વજ્રસેન વિ.



# આત્મોન્નતિ કરવાના માર્ગ સમા આ ચિંતનો...

પૂજ્ય પંન્યાસજી મહારાજનાં સ્વહસ્તે લખાયેલી ડાયરીઓમાંથી આવું સુંદર વોલ્યુમ આપણા હાથમાં આવ્યું તે અંગે એક મજાની કથા...!

થોડી ડાયરીઓ અમારા ગુરૂમહારાજ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજનાં સાહિત્યમાં હતી તેમ જ ૧૦૦ જેટલી ડાયરીઓ સુશ્રાવક શશીકાંતભાઈને ત્યાં રાજકોટ હતી. શશીકાંતભાઈનું અવસાન થતાં તેમના સુપુત્ર દિપકભાઈ પૂજ્ય સાહેબજીની મુડી સમાન એ ડાયરીઓ અમને આપી ગયા ને અમે સાચવીને રાખી દીધી. એ પછી પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજય મનમોહનસૂરીશ્વરજી મહારાજ અને મુનિરાજશ્રી નયનરત્નવિજયજી મહારાજ આ ડાયરીઓ વાંચીને જે ચિંતન હોય તેનું અરસ-પરસ વિશ્લેષણ કરતા હતા. આત્મ ઉન્નતિ કરવાના માર્ગ સમાન આ ચિંતનો... એટલે બન્ને પૂણ્યાત્માઓ વાંચતા-વાંચતા ખુશ થતા. એક દિવસ પૂજ્ય આચાર્ય ભગવંતે મને કહ્યું કેઃ 'હેમપ્રભ મહારાજ, આ ડાયરીઓ ઝેરોક્ષ કરાવીને યોગ્ય આત્માઓને આપવા જેવી છે.'

એમની તત્ત્વની જીજ્ઞાસા અને પૂજ્યશ્રીના સાહિત્ય માટેની અંતરની લગનીનો વિચાર કરતાં પૂજ્ય સાહેબજીને આ વાત કરી. સાહેબે કહ્યું કે કરાવી લઈએ. ઝેરોક્ષને બદલે પ્રેસમાં સ્કેન કરાવવાની તૈયારી કરી, એ દરમ્યાન રાજકોટથી ભારતીબેન દિપકભાઈ મહેતા વંદનાર્થે આવ્યા. તેમને વાત કરી કેઃ 'આ ડાયરીઓને સ્કેન કરાવવાની ભાવના છે.' આ વાત સાંભળતા ભારતીબેને કહ્યુંઃ 'સાહેબજી, મને આપો. હું તેમના

હસ્તાક્ષર સુવાચ્ય બને તેવો પ્રયત્ન કરું.' ...અને એ ડાયરીઓ ઉપર પ્રોસેસ શરૂ થઈ. પહેલા બધી ડાયરીઓનું ડ્રમ સ્કેન કરાવવાનું અને ત્યાર બાદ ભારતીબેને ૩૦ જેટલા કોમ્પ્યુટરનાં માસ્ટર યુવાનોને કામે રાખીને ૬૦/૭૦ વર્ષ જૂની ડાયરીઓનાં જીર્ણ થયેલા પાનાઓને તથા અક્ષરોની છેક-છાક વગેરેને સ્વચ્છ કરાવી ક્રમશઃ પાનાઓનું સેટીંગ કરવાનું કામ ચાલુ કર્યું.

અમારે રાજકોટ વિહાર કરીને જવાનું થયું અને ત્યાં જઇને જોયું તો મસમોટી ઓફીસની અનેક કેબીનોમાં કોમ્પ્યુટર ઉપર ભાવિક યુવાનો કામ કરી રહ્યા હતા ને અમારા ભારતીબેન બધાને ઈન્સ્ટ્રક્શન્સ આપી રહ્યા હતા. એક એક વ્યક્તિ શું કરે છે તે અમને બતાવતા ૨ કલાકનો સમય થયો હતો. સાંજ પડે વધીને ૨ પાના માંડ તૈયાર થતા હશે પણ એકદમ નીટ એન્ડ કલીન અક્ષરો થઈ ગયા. હા, લ્હાવો મળતાં ૬ મુંગા-બ્હેરા ભાઇ-બહેનો પણ આ કાર્ય કરવા ભાગ્યશાળી બન્યાં હતા એ અમોએ જોયું.

આ કાર્યમાં આર્થિક સહયોગની જો અનેરી ઉદારતા ન હોય તો આવું સ્પષ્ટ કાર્ય કરવું અતિ કઠિન છે, પણ પરમ ગુરૂ ભકતાત્મા ચીમનભાઈ (સી.કે.મહેતા)ને એમના આ ભાણેજી એવા ભારતીબેને (જેમણે 'પારસમણિ'ના આલેખન વખતે ગુરૂ ભગવંતની જાણે પ્રત્યક્ષ કૃપા મેળવી કે જેથી તેનાં શબ્દે શબ્દે આરાધના-સાધનાની સરગમ અનુભવાય છે, જેના વાંચને સેંકડો મહાત્માઓ-પુણ્યાત્માઓ જાપ-ચિંતન-અનુપ્રેક્ષાની સાધનામાં જોડાયા છે) આ વાત જણાવી. સી.કે.મહેતાએ અડધી પળ પણ વિચાર્યા વિના તરત જ હા પાડી અને આ ભવ્ય પ્રકલ્પ શરુ થયો... આ ગુરુભકતે 'પારસમણિ' ગ્રંથ પછી તરત જ આ ઉદારતાભર્યો આર્થિક સહયોગ આપતાં લગભગ ૩૦થી વધુ વોલ્યુમની શ્રેણી રૂપ સંપુટો જયારે ક્રમશઃ પ્રકાશિત થશે, ત્યારે પૂજ્ય સાહેબજીનાં શબ્દદેહના દર્શન કરાવવા ઉપરાંત પરમાત્માના ભાવ સ્વરૂપને પ્રકટ થતા અનુભવાશે. સાહેબજીનાં સાહિત્યનો રસાસ્વાદ માણવાનાં ઈચ્છુક પુણ્યાત્માઓને તો આનંદની લ્હેરી થઈ જશે.

હેમપ્રભ વિ.

# અ-ક્ષર દેહે : મારા ગુરુમહારાજ



**દેહ છોડીને ચાલ્યા ગયા તે પૂણ્યપુરુષો પણ આજે ગુણો રૂપે વસી રહેલ છે.**

ઈ.સ.૧૯૬૫ થી ૧૯૮૦નાં પંદર વર્ષોમાં હું પૂજ્ય પંન્યાસજી મહારાજ પાસે જ્યારે-જ્યારે જતો, તેઓને દેરાસરથી પાછા આવી પોતાની પાટ ઉપર મૌનપણે બેસીને ડાયરી લખતા નિહાળતો રહેતો. રાજસ્થાનની અંગો દઝાડતી ગરમી કે શિયાળાની થરથરાવતી ઠંડી પણ તેઓના આ ક્રમની આડે આવી શકતી નહીં. એ પછી એકવાર કૃપા કરીને તેઓએ આલેખેલ એક ડાયરી મને ઘરે રાખી નિત્ય સ્વાધ્યાય કરવા પણ આપી.


છેલ્લા ૩૭ વર્ષથી પ્રાયઃ રોજ એનું વાંચન-મનન કરું અને તે ડાયરીનાં પદાર્થો વાંચી સમૃદ્ધ થાઉં. મારી સૌથી વધુ અમૂલ્ય મૂડી બની ગઈ છે જાણે એ ડાયરી! થોડા સમય પહેલા મારી ભાણેજ ભારતીએ ગુરુમહારાજની હસ્તલિખિત ડાયરીઓને સુવાચ્ય કરી, તેને પ્રકાશિત કરવાના પ્રકલ્પની મને વાત કરી. મેં ઉત્તરમાં ફકત એક જ વાકય કહ્યું: ''આગળ વધો. હવે બીજા કોઈ પાસે જશો નહીં. આ લાભ મારે જ લેવો છે.'' આજે જ્યારે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર-૧' આપણી સમક્ષ આવે છે ત્યારે જાણે મારા ગુરુમહારાજ અક્ષર દેહે પુનઃ પધાર્યા હોય તેટલો આનંદ અનુભવાય છે.

૦૭.૧૦.૨૦૧૭

મુંબઈ

સી. કે. મહેતા

શ્રી શત્રુંજયા આદિનાથાય નમઃ




શ્રી ગીરનારજી નેમીનાથાય નમઃ



શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ





ॐ ह्रीं श्रीं क्लीं वाग्वादिनी सरस्वती
मम जिह्वाग्रे वासं कुरु कुरु स्वाहा ॥
ॐ ह्रीं श्रीं वद वद वाग्वादिनी स्वाहा ॥
ॐ ह्रीं क्लीं ब्लीं श्रीं हसकल ह्रीं ऐं नमः ॥

|| અર્હં ૐ અર્હં || || ૐ ઐં હ્રીં શ્રીં ક્લીં નમઃ ||

શ્રી મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે:

સર્વ જગતમાં ઉત્તમ જે કોઈ થયા,
જે કોઈ થાય છે અને જે કોઈ થશે,
તે સર્વે અરિહંતાદિ પાંચ જ છે, તે સિવાય બીજા નહિ.
નમસ્કાર એ નમ્રતાનું ચિહ્ન છે, ભક્તિનું નિશાન છે,
કૃતજ્ઞતાનો સંકેત છે, આદર અને
સન્માનની લાગણી પ્રદર્શિત કરવાનું સમુચિત સાધન છે.

'ધર્મં પ્રતિમૂલભૂતા વન્દના ।'

(ન) અ - રિ (મો)
દૂર અવગુણ હંતા દૂર દર્શન
(ણં)

સર્વ - રોગોપશમનં સર્વોપદ્રવનાશનમ્ ।
શાન્તિદં સર્વ - રિષ્ટાનાં મુનેર્નામાનુકીર્તનમ્ ॥ અર્થાત્:
સર્વ રોગોને શમાવનાર, સર્વ ઉપદ્રવોનો નાશ કરનાર
તથા સર્વ અમંગળોને શાંત કરનાર
સર્વ મુનિઓના નામનું વારંવાર સ્મરણ કરવું જોઈએ.

॥ ॐ ह्रीं श्रीं क्लीं ब्लूँ ऐं असिआउसा ह्रीं नमः ॥

- સવા લક્ષે કાર્યસિદ્ધિ

પછી સતત જાપથી શ્રુતજ્ઞાન બહુ વધે.

 સ્વસ્તિક  નંદ્યાવર્ત

प्रणवं परमं तत्त्वं मायाबीज - विराजितं
परमेष्ठ्यादिपदं चैव ह्रींकारं च नमः पदम्
त्रिसंध्यं विजने भूत्वा जातिपुष्पैरथोत्तमैः
अष्टोत्तरशतं जाप्यमस्यास्वार्थ सिद्धये ॥

॥ ॐ ह्रीं असिआउसा ह्रीं नमः ॥

0 सत् - कार्यात्मक - स्थूलभाव
असत् - कारणात्म - सूक्ष्मभाव
कारण - निवृत्तौ कार्य - निवृत्तिर्भवत्येव ।

0 आत्मभूपतिरयं सनातनः पीतमोहमदिराविमोहितः ।
किंकरस्य मनसोऽपि किंकरैः इंद्रियैरहह किंकरीकृतः ॥

0 'देहाध्यासो जीवपर्यायः ।'

0 तुषेणबद्धो व्रीहिः स्यात् तुषाभावेन तण्डुलः ।
पाशबद्धस्तथा जीवः पाशमुक्तः सदाशिवः ॥१॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

૩૦ - ૮ - ૧૯૩૨

## શ્રી નમસ્કાર મહામંત્ર

સંપૂર્ણ કલ્યાણરૂપ મોક્ષનગરના ઉત્તમ રાજ રસ્તા
શ્રી પંચ પરમેષ્ઠિઓથી અધિષ્ઠિત
નમો અરિહંતાણં વગેરે પ્રસિદ્ધ નવપદો જેમાં છે, તે
શ્રી નમસ્કારમહામંત્રનું સ્મરણ કરતા નિદ્રામાંથી જાગવું,
એ તો ગૃહસ્થનો વિશિષ્ટ ધર્મ છે.

જાગતી વખતે મંગલને માટે અત્યંત બહુમાન કરવા-
રૂપ શ્રી નમસ્કાર મહામંત્રનું મનમાં જ સ્મરણ કરે.
આલોક - પરલોકમાં સર્વત્ર સહાય કરનાર હોવાથી
સાચા બંધુ સમાન અને પ્રાપ્ત થયેલા ગુણોનું રક્ષણ
કરનાર તથા અપ્રાપ્ત ગુણોની પ્રાપ્તિ કરાવનાર હોવાથી
જગતના નાથરૂપ છે, તેને ભણે - ગણે - પરાવર્તન કરે.

नासेइ चोर-सावय,
विसहर-जलजलण-बंधणभयाइं ।
चिंतिज्जंतो रक्खस-
रण-रायभयाइं भावेण ॥१॥

- શ્રી મહાનિશીથ સૂત્ર (परिशिष्ट-२)

ह्रीं ॐ नँ अर्हं नँ नँ अर्हं नँ ॐ ह्रीं

નવકાર એટલે શું? નવકારમાં નમસ્કાર કોને?
પંચપરમેષ્ઠિને, તેથી તેને 'પંચપરમેષ્ઠિ સ્તવ' ઇત્યાદિ છે.
નવકાર પહેલાં કેમ? કેમકે તે મહામંગલ છે.
તેમાં જેને નમસ્કાર કરવામાં આવેલ છે, તે કોણ છે?
તેના ગુણ શું છે? દરેક શુભક્રિયામાં પ્રથમ મંગલ આવવું જોઈએ, તેથી સામાયિક રૂપી પવિત્ર ક્રિયામાં મહામંગલ રૂપ નવકાર પહેલાં કહેલ છે. આ નવકાર એ શ્રી જિનશાસનનો સાર, ચૌદ પૂર્વનો ઉદ્ધાર, સર્વ માંગલિકનું મૂળ અને મહામંત્રરૂપ છે. જેનું કારણ જેને નમસ્કાર કરવામાં આવે છે, તે શ્રી પંચ પરમેષ્ઠિમાં રહેલો પ્રભાવ છે. તે ઉત્કૃષ્ટ ઇષ્ટ ફળ આપવાવાળા છે.
નવકાર મંત્રથી કોણ-કોણ સુંદર ફલસિદ્ધિને પામ્યા,
તેના દૃષ્ટાંત જોવા માટે નવકારનો છંદ છે.

को वा दरिद्रो हि विशालतृष्णः ।
तृष्णाक्षयः स्वर्गपदं किमस्ति ॥ સૂક્તિઃ

પ્રશ્ન: દરિદ્ર કોણ છે? જવાબ: જેની તૃષ્ણા વિશાળ છે.
પ્રશ્ન: સ્વર્ગ શું છે? જવાબ: તૃષ્ણાનો ક્ષય.
તૃષ્ણાથી ચિંતા, ચિંતાથી દુઃખ - નરક.
તૃષ્ણાનો નાશ એ જ વાસ્તવિક સ્વર્ગ.

તૃષ્ણાનાશ સ્વર્ગ હૈ ભાઈ, તૃષ્ણાવૃદ્ધિ નરક અધિકાઈ. મનોમય અને વિજ્ઞાનમય કોશની શુદ્ધિ થવા ઉપર જ્ઞાનનો ઉદય થાય છે. શરીર જીવિત રહેવું કે નહિ તે પ્રાણમય અને અન્નમય કોશની સાથે સંબંધ રાખે છે.

જ્ઞાન થવાની પહેલાં આનંદમય કોશ બહુ જ સંકુચિત રહે છે અને એનો અનુભવ કેવળ સુષુપ્તિકાળમાં જ થાય છે. જ્ઞાન થયા પછી તે વિસ્તાર પામીને ચારે કોશોને આવરી લે છે અને અંતઃકરણ અંતર્મુખ હો કે ન હો, સર્વ અવસ્થાઓમાં આનંદનો અનુભવ રહે છે. એ રીતે વિક્ષેપ ન રહેવાના કારણે પ્રાણ સૂક્ષ્મ થઈ જાય છે અને એની ગતિ ધીર-ગંભીર બની જાય છે. સાધારણ રીતે પ્રાણ ૧૨ આંગળ જઈને પાછો ફરે છે. જ્ઞાનીના શરીરમાં પ્રાણ કેવળ ૮ કે ૬ આંગળ જ દૂર જાય છે. વિહિતકર્મ નિષ્કામભાવથી થઈ શકે છે, પરન્તુ નિષિદ્ધ કર્મ કામના, લોભલાલસા કે 'આ કર્મથી મને આ સુખ મળશે' એવી આશા વિના કદી પણ થઈ શકતું નથી. મનુષ્યના શરીરમાં - પેટમાં જમાવેલો ચારો તેને અપવિત્ર નથી બનાવતો પરંતુ એનો શરીરમાંથી - મુખમાંથી જે ચારો બહાર નીકળે છે, ત્યારે તે અપવિત્ર બને છે.

મુખમાંથી ગાળો, ક્રોધના વચન, કોઈને શાપ, વગેરેથી મનુષ્ય અપવિત્ર બને છે, અને ઈર્ષા મત્સરનું કહેવું છે. મનુષ્ય સ્વભાવની નિર્મળતા એ જુદી વાત છે અને કુશળતા એ જુદી વસ્તુ છે. આહાર કેવળ ખાવા-પીવાની વસ્તુ જ નહિ, કિન્તુ ઇંદ્રિયો જે જે વાત પુષ્ટિ માટે કે સુખ માટે લે છે, તે સર્વ આહાર છે. ખાવા-પીવાની વસ્તુઓમાં જેટલી સાવધાની જોઈએ, તેટલી ઇંદ્રિયોના બધા વ્યાપારોના વિષયમાં જરૂરી છે. સાવધાની ઉપરાંત અપ્રમાદ અમૃતત્વ છે.

'अप्पमादी अमृतपदम् - प्रमादी मृत्यु पदम् ।'

રજોગુણ અને તમોગુણ વધારવાવાળી વસ્તુની સત્ત્વશુદ્ધિ પર ખરાબ અસર થાય જ અને તેની અસર ચરિત્ર પર પણ થાય જ. વળી શુદ્ધ આહાર તે છે કે જે પ્રામાણિકતાથી મળ્યો હોય. આહારની શુદ્ધિનો આ મહત્ત્વનો અર્થ છે. કેવળ શુદ્ધ ભોજન જ નહિ પણ પ્રામાણિક ભોજન. Honest living is must.

સત્ય એટલે ચરિત્ર. શુદ્ધ ચરિત્ર તેની પવિત્રતા. શરીર, મન, ચિત્ત, અહંકાર આદિનો મહત્ત્વપૂર્ણ સારભાગ સત્ય છે કે હું કોણ છું? મારા જીવનનો ઉદ્દેશ શો છે?

કયા આદર્શ માટે હું જીવી રહ્યો છું?
આ જાગૃતિને 'સ્મૃતિ' કહે છે.
જ્યારે મનુષ્ય વાસનાને વશ થાય છે,
ત્યારે તે સ્મૃતિને ખોઈ બેસે છે.
સંયમી મનુષ્ય સ્મૃતિમાન રહેશે અને
એવો સ્મૃતિમાન પુરુષ આત્મસાક્ષાત્કાર કરી શકશે.

There are two things only, fear or faith. If you rely on your strength, it will be fear. If you rely on providence, all strength is yours.

The first delight is that of shakshi or witness, who looking upon the whole action of the universe and even his own action like one who is watching a play or a drama takes rasa or taste of the whole thing by the intellect, the sense & asthetic faculties.

## જૈન ધર્મની નિષ્ઠા

(૧) દર્શન એ શાશ્વત સત્યની ચર્ચા કરતું હોઈ તે ઇતિહાસાતીત છે. જો ઈશ્વર નથી તો પછી સંસારમાં જે એક વ્યવસ્થા છે, તેનો આધાર શો છે? ઈશ્વરના સ્થાને જૈનો કર્મને માને છે. જીવોનાં કર્મને કારણે જ સંસારચક્ર ગતિમાન છે. વ્યવસ્થા પણ કર્મને કારણે જ છે. ઈશ્વરને માનનાર પણ જીવોના કર્મને આધારે જ ઈશ્વર કર્મ ફળદાયક છે, એમ સ્વીકારે છે. એ રીતે ઈશ્વરની અપેક્ષાએ જૈનોનો કર્મવાદ જ પ્રબળ બને છે. જૈનધર્મની કોઈપણ વિશેષતા હોય તો આ કર્મ વિવેચનની છે. કર્મના બળને ઘટાડી આત્મબળ કેમ વધારવું એની પ્રક્રિયા પણ જૈનધર્મે બતાવી છે.

(૨) જૈન ધર્મે એ ઉન્નતિની પરાકાષ્ઠા સિદ્ધાવસ્થામાં માની છે. કોઈપણ ધર્મનું ધ્યેય વિદ્યમાન સ્થિતિમાં અસંતોષ જન્માવી ઉન્નતિને માર્ગે લઈ જવાનું છે. ઉન્નતિની પરાકાષ્ઠા સિદ્ધાવસ્થામાં છે. ધર્મનું ધ્યેય ભવાભિનન્દીને મોક્ષાભિનન્દી બનાવવાનું છે અને મોક્ષાભિનન્દીને સાધક બનાવી સિદ્ધિમાં પહોંચાડવાનું છે એટલે સર્વ ધર્મના મૂળમાં વિવેક અથવા સમ્યગ્દર્શનને

પ્રધાન સ્થાન મળ્યું છે. વિવેક એટલે પૃથક્કરણ. આત્મા - અનાત્મા, જીવ અને કર્મ એ બે નો ભેદ સમજવામાં આવે તો જીવની મૂઢ દશા દૂર થાય છે. જીવ અને કર્મનું સ્વરૂપ એક નથી. જીવ ચેતન છે, કર્મ અચેતન છે. છતાં બંને એવી રીતે મળેલા છે કે જીવને એ ભાન થતું નથી કે પોતાનું ખરું સ્વરૂપ શું છે? જીવને સ્વરૂપની પ્રતીતિ થાય એટલે વિવેક-દૃષ્ટિ જાગે. એ વિવેક જાગે એટલે જીવ, કર્મ અને કર્મના વિપાકના કારણે થતી અવસ્થાઓને પોતાની માનતા અટકાય. આવો આંચકો લાગે એટલે આત્મા અને કર્મજન્ય શરીર, એ બે નો ભેદ સમજાઈ જાય અને સમજે એટલે એની સાધનાની શરૂઆત થાય. આવી સાધના એ જ ધર્મ. જિનોએ બતાવેલી સાધના એ જૈન ધર્મ. અહીં જિનનો અર્થ તીર્થંકર થાય છે. આત્મ - અનાત્મ વિવેકની વાત બધા ધર્મોએ કરી છે અને એ વિવેક પછીની ધર્મસાધના પણ બધા દર્શનોમાં છે જ. તો પછી જૈન ધર્મની આગવી વિશિષ્ટતા શી? વળી સર્વ ધર્મોમાં રાગ-દ્વેષ એ બે દોષો દૂર કરવા માટે જ સાધના કરવામાં આવતી હોય છે.

આમાં પણ જૈન ધર્મે નવું કશું જ કહેવાનું નથી.
આત્મ તથા અનાત્મનો વિવેક અને
રાગ-દ્વેષનો ત્યાગ એ સર્વ સાધારણ છે, પરન્તુ સાધક
કેટલીક નિષ્ઠાઓને લઈને સાધનામાં પ્રવૃત્ત થાય છે.
એ નિષ્ઠાભેદને કારણે જ ધર્મોમાં ભેદ પડે છે.
એ જુદી નિષ્ઠાનું નામ જ 'જૈન દર્શન' છે.

(३) सव्वे जीवा वि इच्छन्ति जीविउं न मरिज्जिउं ।
तम्हा पाणिवहं घोरं निग्गंथा वज्जयंति णं ॥ - दश० ६, ११

सव्वे जीवा सुहसाया, दुक्खपडिकूला
अप्पियवहा पियजीविणो, जीविउकामा,
सव्वेसिं जीवियं पियं, तुमंसि नाम तं चेव
जं हंतव्वं ति मन्नसि । तम्हा न हन्ता, न विघायए ॥
- आचारांगसूत्र (परिशिष्ट-३)

જૈનદર્શનની પ્રધાન નિષ્ઠા અહિંસા - આત્મૌપમ્યદૃષ્ટિમાં છે. દ્વૈત કે અદ્વૈતનિષ્ઠા, ધર્મ તો અહિંસામાં જ છે. જીવનમાં નિરપવાદ અહિંસાને સ્થાન હોવું જોઈએ. થોડી પણ સૂક્ષ્મજીવોની હિંસા જો પોતાના પ્રમાદથી થાય તો તે પણ અધર્મનું જ કારણ છે. આવા નિરપવાદ અહિંસાને સિદ્ધ કરવી હોય તો જીવનમાં આચરણના

નિયમો અતિકઠોર હોવા જોઈએ. આ કઠોર આચારો જ જૈન ધર્મનું પૃથક્ અસ્તિત્વ સિદ્ધ કરે છે. સત્ય, બ્રહ્મચર્ય આદિ વ્રતો અને નિયમોનું પાલન બધા ધર્મોમાં છે જ પણ એને સબળ કરવું હોય તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ બાબતો પર પણ વિશેષ ધ્યાન આપવું જરૂરી છે. વિહાર, ભિક્ષા, નિવાસ આદિ બાબતોમાં એક નિર્ગ્રન્થનો આચાર અહિંસામય છે, જ્યારે બાબાઓનો તેવો નથી. એક નગ્ન ભિક્ષુ ધુણા તપાવાને ચાપીયો લઈ બેઠો હોય છે. એક શ્રમણ નિર્ગ્રન્થ અગ્નિમાં જીવ માની તેના આરંભથી સર્વથા નિવૃત્ત હશે. આ અહિંસાની વિવેચના માટે જૈનોનું જીવશાસ્ત્ર બાબાઓ કરતાં જુદું પડી જાય છે. આચારાંગ સૂત્રમાં સર્વ પ્રથમ શસ્ત્રપરિજ્ઞા છે. જીવની હિંસા શાથી થાય તેની જ વિવેચના છે. તે એક શબ્દમાં કહેવું હોય તો જીવનમાં સામાયિક એ જ એક ધર્મ છે.

સામાયિકનો સીધો અર્થ સમતા છે.

आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।

એ જ સામાયિક છે. સંસારમાં બધા પ્રકારના જીવોને જીવવાનો અને ઉન્નત થવાનો સરખો હક્ક છે. એમની ઉન્નતિમાં બાધક નહિ પણ સાધક થવું, એ પ્રત્યેકનું કર્તવ્ય છે.

જૈન ધર્મની, મહાવીરની, તીર્થંકરોની આ મૂળ શિક્ષા છે.

(૪) 'તીર્થંકર' શબ્દ જૈનોનો સ્વતંત્ર છે. સામાન્ય સાધકો પોતાની સાધનામાં કરૂણા અને મહાકરૂણાને જે સ્થાન નહિ આપી શકતા, તે સ્થાન તીર્થંકરો આપે છે. સામાન્ય સાધકો રાગ-દ્વેષને દૂર કરવા તરફ જ ધ્યાન આપે છે. માત્ર પોતાનું હિત કરીને સિદ્ધ થવાની ભાવનાવાળા હોય છે. તીર્થંકર નામકર્મના ઉપાદાનમાં કરૂણાનો અભ્યાસ પ્રધાન અને મુખ્ય કારણ છે. જૈન ધર્મમાં દયા-દાનને તે જ કારણે વધારે મહત્વ આપાયું છે. તીર્થંકરોની કરૂણા મહાકરૂણારૂપે પ્રતિષ્ઠિત થઈ છે. જગતના સર્વ જીવોના ઉદ્ધાર અર્થે તેમણે જૈન શાસનનો ઉપદેશ આપ્યો છે અને તીર્થંકરપદને પામ્યા છે.

મહાકરૂણાનો આદર્શ

તીર્થંકરોના ધર્મની મૂળ શિક્ષા છે.

(૫) જીવ અને કર્મનો સંબંધ અનાદિકાળથી છે પણ અનિયત છે. નિયતવાદીઓ એ સંબંધને નિયત માને છે. જીવના પ્રયત્નને તેમાં અવકાશ નથી. નિયતક્રમે એ કર્મ આપોઆપ છૂટી જશે. જીવે એ માટે વિશિષ્ટ પ્રયત્ન કરવાની જરૂર નથી. જૈન ધર્મ આ શિક્ષાની વિરૂદ્ધ છે.

જીવને કર્મનો સંબંધ એ પ્રયત્નનું ફળ છે. પુરૂષાર્થથી જ કર્મ બંધાય છે અને પુરૂષાર્થથી જ તેનો છુટકારો થાય છે. નિયતિવાદના ચક્રમાંથી બચાવીને પુરૂષાર્થ ઉપર ભરોસો રાખતા પ્રથમવાર જૈન ધર્મે જ કર્યા છે. બધું જ નિયત હોય તો પુરૂષાર્થ-સાધના જેવું કાંઈ રહેતું નથી. પુરૂષાર્થમાં માનનારને સફળતા મળે યા ન મળે પણ તે માટે પ્રયત્ન કરવાનું બળને પ્રેરણા કદી પણ સુકાતા નથી. જીવનમાં નિરાશાને સ્થાન મળતું નથી. નિરંતર ઉત્સાહ એ જીવનનું અંગ બની જાય છે. જીવને બંધનમાંથી, કર્મ અને કષાયમાંથી છુટવું જ હોય તો અન્ય કોઈ તાકાત નથી કે જે તેને તેમ કરતાં રોકી શકે. આ જ પુરૂષાર્થવાદ છે અને તેનું પુરેપુરૂં સમર્થન તીર્થંકરોના જીવન અને ઉપદેશોમાંથી મળી રહે છે. કર્મબંધના કારણોનું વિવેચન પુરૂષાર્થ-વાદને મુક્તિ પ્રાપ્ત કરવામાં પ્રબળ કારણ માને છે.




ૐ હ્રીં અર્હં
નમો જિણાણં
હ્રીં સ્વાહા ।

– વહ્નિ ૨૨

(૬) જીવોની વિવિધતા, સ્થૂલ-સૂક્ષ્મ ભેદો પ્રત્યક્ષ છે. સ્વરૂપે બધા સરખા છે અને અવસર મળે તો સિદ્ધાવસ્થામાં સમાન બનવાની શક્તિ ધરાવે છે. ભેદનું કારણ કર્મ છે. કર્મ સાથે સંબંધ ધરાવવા માત્રથી જીવ પોતાના સ્વરૂપમાં વૈવિધ્યને પ્રાપ્ત કરે છે. સંસાર પ્રપંચની રચના થાય છે. જૈનોની આ સંબંધી સ્વતંત્ર માન્યતા છે. તેનું નામ 'અનેકાન્તવાદ' છે. કેટલાક દાર્શનિકો જીવ અને શરીરનો સંબંધ છતાં જીવમાં કશો જ વિકાર માનતા નથી. જે વિકારો છે, તે જીવ સંબદ્ધ અચેતન પ્રકૃતિમાં છે. પુરુષ પ્રકૃતિનું ભેદજ્ઞાન થતાં જ પ્રકૃતિ અલગ થઈ જાય છે ને તે જ પુરુષનો મોક્ષ છે. જડ પ્રકૃતિના સંસાર અને મોક્ષનો આરોપ પુરુષમાં થાય છે. પુરુષ અપરિણામી નિત્ય છે. આથી વિરુદ્ધ કેટલાક દાર્શનિકો જડ પદાર્થોનાં સંમિશ્રણથી જીવની ઉત્પત્તિ માને છે અને મૃત્યુની સાથે જ જીવની સમાપ્તિ માને છે. પુનર્જન્મ કે સંસાર રહેતો જ નથી, તો પછી મોક્ષની તો વાત જ ક્યાં ? જૈનદર્શન કહે છે કે જીવને એકાંત નિત્ય માનતાં તેમાં વિકારની સંભાવના જ રહેતી નથી. જે વિકારો દેખાય

અને આત્માના જ અનુભવાય છે, તે આત્માના નહિ, એમ કહેવાનો કશો જ અર્થ નહિ. જડપ્રકૃતિ પુરુષાર્થ કરે અને પુરુષ કેવલ દ્રષ્ટા બન્યો રહે, તો પછી એવા પુરુષને પૃથક્ માનવાની આવશ્યકતા જ શી ? એટલે પુરુષને જ વિકારસંપન્ન માનવો જોઈએ. બીજી બાજુએ જન્મ અને મૃત્યુ પર્યંત જ જીવની સ્થિતિ હોય, તો પછી જીવોની જન્મજાત જે વિવિધતા દેખાય છે તેનો ખુલાસો શો ? એ ખુલાસો કર્મ માનવાથી જ થાય છે. તે કર્મ પૂર્વજન્મની વાસનારૂપ છે, તેને કારણે જન્મજાત વૈવિધ્ય જીવોમાં દેખાય છે. જીવને પુનર્જન્મના ચક્રમાં ફસેલો માનવો જ જોઈએ અને એ માનવામાં જીવની નિત્યતા પણ સ્વીકારવી જોઈએ. કર્મ જેણે કર્યું, ફળ કાલાન્તરે મળ્યું નહિ, જેણે કર્મ નહિ કર્યું, તેને ફળ મળ્યું- આવી અવ્યવસ્થા ઊભી થાય.

જીવમાં નિત્યતા માનવાથી જ તે દૂર થઈ શકે. અનેકાન્તવાદ કહે છે કે જીવદ્રવ્ય નિત્ય છે. જીવપર્યાયો-વિકારો અનિત્ય છે. જે અનિત્ય છે, તે કાયમ રહે નહિ. વિકારો જે સ્વાભાવિક નહિ પણ કર્મજન્ય છે, તે જીવથી દૂર કરાય, તો જ મોક્ષપુરુષાર્થને અવકાશ મળે છે.

જે વસ્તુ એક જીવ વિષે - તે વસ્તુ સમગ્ર જીવ વિષે,
સમગ્ર દ્રવ્યો વિષે, પછી તે જીવ હો કે અજીવ.
જીવની એક કર્મને જ વિકારી, પરિણામી માનવું જોઈએ,
તો જ આજે જે કર્મ જીવસંબંધ છે, તે કાલે છૂટું પડી
શકે, તેથી ધર્મસાધના અને મોક્ષપુરુષાર્થને અવકાશ રહે છે.
(૭) આત્મા શરીર પ્રમાણ છે. વ્યાપક માનીએ તો જીવની
ગતિ કે પુનર્જન્મ ઔપચારિક બને. વ્યાપક વસ્તુની
ગતિ તો સંભવે જ નહિ. વળી વ્યાપકમાં વિકારનો
સંભવ હોય જ નહિ. જીવની સાથે શરીર સંબંધ
થાય તો જ તેના પુનર્જન્મો ઈત્યાદિ. આત્મામાં કશો
વિકાર થાય નહિ તો તેને બન્ધ કેવી રીતે કહેવાય?
આથી જીવ એ શરીર પરિમાણ અને કર્મો સાથે
ઓતપ્રોત હોઈ વિકારી માન્યો એટલે મરણ બાદ
અન્યત્રગતિ અને જન્મ ઘટી જાય. ગતિ અને
દેહપરિમાણ આત્મા આ જૈના ઉપરાંત ધર્મ - અધર્મ
સ્વતંત્ર તત્ત્વો માનવા પડ્યા - એક ગતિને બીજું સ્થિતિ
સહાયક. જીવગતિ સ્વભાવ દ્રવ્ય છે. સિદ્ધાવસ્થામાં
કર્મ નથી તેથી તેની સ્વાભાવિક ગતિ ઉર્ધ્વ થાય, સદા
ગતિની આપત્તિ આવે. તેથી ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોનું

અસ્તિત્વ કેવળ લોકાકાશમાં જ માન્યું. લોકના છેડે જીવ સ્થિર થાય છે. જીવોની ગતિશીલતા, ધર્માસ્તિકાય, લોકાકાશ, સિદ્ધિસ્થાન, શરીરપરિમાણ એ બધી કલ્પના પરસ્પર અન્વિત છે. એક વિના બાકી નિરર્થક બને.

જૈનદર્શનની આ સ્વતંત્ર નિષ્ઠા છે.

(૮) મોક્ષ સંસારપૂર્વક છે. સંસાર જ ન હોય તો મોક્ષની કલ્પના નિરર્થક ઠરે. વિશ્વમાં કેવળ જીવોનું જ અસ્તિત્વ હોય અને બાકી કશું જ ન હોય તો સંસાર કેવી રીતે ઘટે? ઉપનિષદ્ કહે છે કે અવિદ્યાથી સંસાર છે. અવિદ્યા સ્વતંત્ર તત્ત્વ નથી પણ જીવનું જ મિથ્યાજ્ઞાન છે. આને લીધે અનાત્મ-આત્મા એવો ભેદ દેખાય છે. વસ્તુતઃ આત્મા સિવાય કશું જ નથી. જ્યારે અજ્ઞાન નષ્ટ થાય, ત્યારે અદ્વૈતાત્માની પ્રતીતિ થાય છે ને આત્મ ભિન્ન કશાની જ પ્રતીતિ થતી નથી. આ જ મોક્ષ છે. જૈનદર્શન કહે છે કે જીવનો સ્વભાવ જો જ્ઞાન હોય તો તેનું અવિદ્યા-અજ્ઞાનરૂપ પરિણામ કેમ બને? એ પરિણામ અકારણ હોય નહિ. અવિદ્યા પરિણામનું કારણ તે જ કર્મ. તેનું સ્વરૂપ આત્માથી તો જરૂર ભિન્ન જ હોવું જોઈએ. જીવ ઉપરાંત અજીવ-

પુદ્ગલની રચના અને જીવ નો સંપર્ક જ અવિદ્યા પરિણામની ઉત્પત્તિ છે એમ નિશ્ચિત થયું. એ સંબંધને દૂર કરવામાં જ મોક્ષ પુરુષાર્થની સાર્થકતા છે.

(૯) આજના વૈજ્ઞાનિકો પરમાણુ વિષે જેટલે દૂર પહોંચ્યા છે, તેથી વધારે સૂક્ષ્મ વિચાર જૈનોએ પરમાણુ વિષે કર્યો છે. સંસારનો ખુલાસો અજીવ તત્ત્વથી જ થાય છે અને વિશ્વનો સમગ્ર પ્રપંચ એ અજીવ તત્ત્વથી જ ઘટે છે. પરમાણુ, વર્ગણા, કર્મ, ભાષા, મન, ઇંદ્રિય આદિ પદાર્થો પરમાણુઓની જ રચના છે.

(૧૦) પ્રત્યેક ધર્મને આંતરિક સ્વરૂપની સાથે એનું બાહ્ય સ્વરૂપ પણ હોય છે. એ બાહ્ય આવરણ (શરીર) પણ ધર્મના જ નામે ઓળખાય છે. જૈન તત્ત્વજ્ઞાનને જીવનમાં સાક્ષાત્કાર કરવા મથતા સાધકોનો સમુદાય એ 'જૈન સંઘ' છે. જૈન સાધના એ વ્યક્તિગત સાધના છે. એ સાધકોએ સ્વના ઉદ્ધાર સાથે પરના ઉદ્ધારની પ્રક્રિયા કરી, તેમાંથી જ જૈન સંઘ નિષ્પન્ન થયો. તીર્થંકરોની તપશ્ચર્યા અને ઉત્કટ સાધનાનું અનુકરણ એ સંઘમાં થયું. મંદિરો, મૂર્તિઓ, આચારપદ્ધતિ, આંતરિક જીવનને વિકસાવનાર આગમો અને બાહ્ય સાધનો

અસ્તિત્વમાં આવ્યા. વેદનિષ્ઠા અને બુદ્ધનિષ્ઠાથી વેદ અને બૌદ્ધ ધર્મો ટક્યાં છે, બાકી આચારની દૃષ્ટિએ એકવાક્યતા રહી નહિ. જૈન ધર્મની બાબતમાં તેમ નહિ. વૈદિક કે બૌદ્ધ ધર્મમાં નવા નવા દર્શન બન્યા, તેમ જૈનોમાં બન્યું નહિ. દર્શન એનું એ જ રહ્યું, નિષ્ઠા એની એ જ રહી. બાહ્ય આચારભેદ એ જ મુખ્યતઃ સંપ્રદાય ભેદ કે સંઘ ભેદના કારણ રૂપે છે. વૈદિકો અને બૌદ્ધો નવા નવા વિચારોને પોતાના દર્શનમાં સ્થાન આપતા ગયા. જૈનોએ પોતાના દર્શનને નવું રૂપ આપવાનો પ્રયાસ કદી કર્યો નહિ. અનેકાન્તવાદ વડે સર્વનો સંગ્રહ થઈ શક્યો. જૈન આચાર્યો માનતા કે જૈન દર્શન પરિપૂર્ણ છે, એમાં પરિવર્તનની આવશ્યકતા જ નહિ. કારણ તેના પ્રણેતા સર્વજ્ઞ હતા. જે નવા વિચારધારા સમયબળે વધી હોય તે નવા છે માટે જૈન ધર્મનું અંગ ન હોઈ શકે. જૈન ધર્મ તો તીર્થંકરોએ જે કાંઈ ઉપદેશ્યું છે, તેના પાલનમાં જ છે. એમાં સુધારાને અવકાશ નહિ કે નવાનીકરણને સ્થાન નહિ. એથી કેટલુંક નુકસાન થયું છે, જેમ કે સ્થાનકવાસી અને તેરાપંથીઓ આગમો સિવાયના સાહિત્યનો વારસો

ગુમાવ્યો અને જૈન કળા કે શિલ્પની સાથે કે તીર્થોની સાથે તેમને કાંઈ લેવાદેવા રહી નહિ. આરંભમાં જૈન ધર્મની સ્થિતિ હતી, તેને પહોંચવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે પણ આ પ્રયત્ન એક રીતે ઉલટી ગંગા વહાવવા જેવો પ્રયત્ન હતો. મનુષ્યની બુદ્ધિને ધર્મમાં કે દર્શનમાં કશું જ નવું કરવાનો અવકાશ નથી, આવી માન્યતા આના મૂળમાં સ્વીકારવી પડે પણ આ તો સ્વયં જૈન ધર્મે જ ઉપદેશેલી આત્મનિર્ભરતાની-અનેકાન્તવાદની વિરુદ્ધ ગણાય પછી જૈન ધર્મ રહ્યો ક્યાં? કાનજીમુનિનો પંથ એ ગોશાલકના આજીવક પંથ જેવો છે. એમાં જૈનશાસ્ત્ર સંમત પુરુષાર્થવાદને સ્થાન નથી. તેઓ નિશ્ચયનય ઉપર વધારે ભાર આપતા હોવાથી એક બાજુ આત્મચિન્તન-મનનનો માર્ગ બતાવે છે, તો બીજી બાજુ ક્રિયાકાંડોનો વિરોધ કરે છે, છતાં ય નવા મંદિરો ઊભા કરે છે, પ્રતિષ્ઠા મહોત્સવો કરે છે ને એમ ક્રિયાકાંડની નવી રૂઢિઓ ઊભી કરતાં જાય છે.

આમાં પરસ્પર વિરોધ તદ્દન સ્પષ્ટ છે.

જૈન ધર્મના અહિંસા અને અનેકાન્તમાં આ વિશ્વની અશાંતિને દૂર કરવાની તાકાત છે. એને સિદ્ધ કરી

આપવાના અવસરે 'આમે જ શ્રેષ્ઠ છીએ'
એના ઝઘડામાં રડ્યા કરવું, એ શું વાજબી છે?
ખરેખર પણ ધર્મની ખરી તાકાત વર્તમાન સમસ્યાના
ઉકેલના સામર્થ્યમાં જ છે. એનો પરિચય આપવો, એ
જ જૈનધર્મનું બળ બતાવવાનો એકનો એક માર્ગ છે.

० गुरुआणाइ ठियस्स य बज्झाणुट्ठाणसुद्धचित्तस्स ।
अज्झप्पज्झाणम्मि वि एगग्गत्तं समुल्लसइ ॥
तंमि य आयसरूवं विसयकसायाइ दोसमलरहिअं ।
विन्नाणाणंदघणं परिसुद्धं होइ पच्चक्खं ॥
जलहिम्मि असंखोभे पवणाभावे जहा जलतरंगा ।
परपरिणामाभावेणेव, विअप्पा तहा हुंति ॥
का अरती आणंदे केवत्ति विअप्पणं ण जत्थुत्तं ।
अण्णे तत्थ विअप्पा पुग्गलसंजोगजा कत्तो ॥
- धर्मपरिक्षा० ९५-९६-९७-९८ (परिशिष्ट-४)

No greater good has happened in the state than service to God. Chiefly care about the greatest improvement of the soul. True knowledge is not knowledge but virtue.

ભાવયજ્ઞ

तवो जोई जीवो जोइठाणं
जोगा सुया सरीरं कारिसंगं
कम्मेहा संजमजोगसन्ती
हुणामि होमं इसिणं पसत्थं ॥ - उत्त० १२,४४ (परिशिष्ट-५)

તપસ્યા એ જ અગ્નિ

યજ્ઞમાં સર્વ જીવોનું ભક્ષણ કરવાવાળા અગ્નિનું કોઈ પ્રયોજન નથી, તપસ્યા એ જ અગ્નિ છે. ઈંટોને જોડીને કુંડ બનાવવાની કોઈ જ આવશ્યકતા નથી, જીવાત્મા એ જ અગ્નિકુંડ છે. લાકડાની બનાવેલી કડછીનું કોઈ પ્રયોજન નથી, મન વચન કાયાના વ્યાપારો એ જ કડછીનું કામ કરશે. ઈંધન સળગાવવાને શો ફાયદો થવાનો? પોતાના કર્મો, દુષ્ટ વૃત્તિઓને જ સળગાવો. આ જ યજ્ઞ સંયમરૂપ, શાંતિરૂપ, સુખરૂપ છે અને ઋષિઓએ આ જ યજ્ઞની પ્રશંસા કરી છે.

સાચું શૌચ

આત્માનો સાચો ધર્મ એ જલાશય છે.
બ્રહ્મચર્ય એ શાંતિદાયક તીર્થ છે.
એમાં સ્નાન કરવાથી આત્મા નિર્મળ - શાન્ત થાય છે.

## ભક્તિ અને પૂજા

જીવ એ જ નિશ્ચયથી ઈશ્વર છે. ભક્તિ અને
પૂજા જો કરવા જ છે, તો પોતાના આત્માની કરો.
પોતાના આત્માને રાગ અને દ્વેષ, મોહ અને માયા,
તૃષ્ણા અને લોભથી મુક્ત કરો, એનાથી
ચઢીયાતી બીજી કોઈ પૂજા, કોઈ ભક્તિ શ્રેષ્ઠ નથી.
જીવહિંસાથી વિરત, સત્યભાષી, અચૌર્યવાન,
મન-વચન-કાયાથી સંયત, બ્રહ્મચારી, અકિંચન
એવા સુગુરુના સાંનિધ્યમાં રહીને પોતાના આત્માનું
ચિન્તન, મનન, નિદિધ્યાસન કરીને તેનો સાક્ષાત્કાર કરો.
એ જ ભક્તિ છે, એ જ પૂજા છે, એ જ સ્તુતિ છે.

० धम्मे हरए बम्भे सन्तितित्थे
अणाविले अत्तपसन्नलेसे
जहिं सिणाओ विमलो विसुद्धो
सुसीइभूओ पजहामि दोसं ॥ - उ०१२-४६

उदगेण जे सिद्धिमुदाहरन्ति
सायं च पायं उदगं फुसंता
उदगस्स फासेण सिया य सिद्धी
सिज्झिंसु पाणा बहवे दगंसि ॥ - सूय०१,१४

(પરિશિષ્ટ-૬)

बालाभिरामेसु दुहावहेसु
न तं सुहं कामगुणेसु रायं!
विरत्तकामाण तवोधणाणं
जं भिक्खुणं सीलगुणे रयाणं ॥

- उत्त०-१३-१७

जो सहस्सं सहस्साणं संगामे दुज्जए जिणे
एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥
अप्पाणमेव जुज्झाहि किं ते जुज्झेण बज्झओ
अप्पाणमेवमप्पाणं जइत्ता सुहमेहए ॥

- उत्त०९-३४-३५

अप्पा चेव दमेयव्वो अप्पा हु खलु दुद्दमो ।
अप्पा दन्तो सुही होइ अस्सिं लोए परत्थ य ॥
वरं मे अप्पा दन्तो संजमेण तवेण य
माहं परेहिं दमन्तो बन्धणेहि वहेहि य ॥

- उत्त०१-१५-१६

उवसमेण हणे कोहं माणं मद्दवया जिणे
मायं चज्जवभावेण लोभं संतोसओ जिणे ॥

- दश०८,३९ (परिशिष्ट-७)

'ॐ सोऽहं ॐ हंसः सोऽहं ॐ'

जो सहस्सं सहस्साणं मासे मासे गवं दए ।
तस्स वि संजमो सेओ अदिन्तस्स वि किंचण ॥

- उत्त० ९-४०

जह किंपागफलाणं परिणामो न सुन्दरो ।
एवं भुत्ताणभोगाणं परिणामो न सुन्दरो ॥

- उत्त० १९-१८

सव्वं विलवियं गीअं सव्वं नट्टं विडंबणा ।
सव्वे आभरणा भारा सव्वे कामा दुहावहा ॥

- उत्त० १३-१६ (परिशिष्ट-८)

## સંયમનો માર્ગ

મનુષ્ય ચાહે તો પણ સર્વ જીવોને સુખ આપવાની ક્રિયા એકલા હાથે કરી શકતો નથી. સર્વ જીવોને સુખ મળે એવી ભાવના કરી શકે છે, એટલું જ નહિ પણ કોઈપણ જીવને દુઃખ ન થાય એવી પ્રવૃત્તિ પણ કરી શકે છે. એનું જ નામ સંયમમાર્ગ છે. પોતાની આસપાસના જીવોને પણ ઘણા મુશ્કેલીથી સુખ કરી શકાય છે, તો પછી સંસારના સર્વ જીવોના સુખની જવાબદારી એકલો કેવી રીતે લઈ શકે? છતાં કોઈને પણ દુઃખ ન આપવાની જવાબદારી લઈ શકે છે, એનું જ નામ સંયમમાર્ગ.

## શ્રમણ સંસ્કૃતિમાં પૂજ્યનું સ્થાન કોનું ?

અકિંચન્ય, બ્રહ્મચર્ય, અચૌર્ય, સત્ય, અહિંસા, દયા તથા અનિવાર્ય પ્રવૃત્તિને અપ્રમાદપૂર્વક કરવી તે સંયમમાર્ગ. શ્રમણ સંસ્કૃતિની એક ખાસ વિશેષતા એ જ છે કે તેમાં પ્રાકૃતિક કે આધિદૈવિક દેવો અને નિત્યમુક્ત ઈશ્વરને પૂજ્યપણાનું સ્થાન નથી. ઈંદ્ર આદિ દેવોનું સ્થાન પણ શ્રમણ સંસ્કૃતિમાં પૂજકનું છે, પૂજ્યનું નહિ.

'अर्हमित्येतदक्षरं ब्रह्म,
परमेश्वर-परमेष्ठिनो वाचकम्,
सिद्धचक्रस्यादिबीजं, सकलागमोपनिषद्भूतं,
निखिलविघ्नविघातदक्षं,
दृष्टादृष्टफल-संकल्प-कल्पद्रुमोपमम्,
आशास्त्राऽध्ययनाध्यापनावधि प्रणिधेयम्,
प्रणिधानं चाऽनेन सह आत्मनः सर्वतः
संभेदस्तदभिधेयेन चाऽभेदः । अयमेव हि
तात्त्विको नमस्कारः अक्षेपेण च फलदायी ।

(પરિશિષ્ટ-૯)

o

If the Divine is in me,
I am the master of my destiny.

## સૂર્ય અને પ્રકાશ

જેવી રીતે સૂર્યને પોતાના અને પારકા એવો ભેદ નથી હોતો, સર્વને સમાન પ્રકાશ અને હૂંફ આપે છે, આમ છતાં જે કોઈ આંખ મીંચી દે છે, તેને પ્રકાશ મળતો નથી. ઓરડીમાં પૂરાઈ જાય છે, તેને હૂંફ પણ મળતી નથી. આમાં સૂર્યનો દોષ હોતો નથી. વળી કાચ મારફતે સૂર્યના કિરણો મેળવે, તે તેના વડે રાંધી શકે તેટલી ગરમી મેળવી છે. આ રીતે ભગવાન સૌના છે

અને સૌને સરખી રીતે જુએ છે,

પણ જે કોઈ ભગવાનનું પ્રેમથી સ્મરણ કરે છે,

તેને તે વધારે ઉપયોગી થાય છે.

દુર્યોધન અને અર્જુન બન્ને યુદ્ધ પહેલાં મદદ માટે કૃષ્ણ પાસે ગયા હતા. અર્જુને પ્રેમથી એકલાને નિઃશસ્ત્ર કૃષ્ણને માંગ્યા. દુર્યોધન સેનાથી ખુશ થયો. ભગવાન બન્નેને મદદ કરવા ખુશ હતા, તૈયાર હતા, પણ બન્નેએ પોતાની સમજ પ્રમાણે તેનો ઉપયોગ કર્યો. આ કથન પરથી એ સ્પષ્ટ થાય છે કે સાધન, સ્મરણ વગેરે ખુબ આવશ્યક છે. તત્ત્વરૂપે ભગવાન તો આપણાં છે જ ને તે અંતર્યામી પણ છે. આથી તો

આપણે આજે શ્વાસોશ્વાસ લઈ રહ્યા છીએ પણ કોઈ ભગવાનનું પ્રેમમય આલંબન સ્વીકારી તેના પર જ પૂર્ણ ભરોસો રાખી એનું સ્મરણ કરે છે, તેના જીવનમાં તેનો વધારે પ્રભાવ દેખાય છે, તે એક હકીકત છે. અનેકના ધાર્મિક સર્વ અનુભવોને લક્ષમાં લઈ આપણે સાધન વડે ભગવાન સાથે સંબંધ બાંધવો જોઈએ.

કેવળ બૌદ્ધિક વાતચીત અને ચર્ચાથી
કોઈની ય ભૂખ કદી ય સંતોષાતી નથી.

જમીનમાં નહીં, અનાજના કણમાં પણ ચેતન છે પણ જ્યારે જમીનમાં બીજ પડે છે ને પાણી મળે છે, ત્યારે જ અનાજ ઉત્પન્ન થાય છે. હાથ દઈને બેસી રહેવાથી કંઈ અનાજ પેદા ન થઈ શકે. કુદરતે બુદ્ધિ આપી છે, તેનો સદુપયોગ કરવો જોઈએ. બુદ્ધિ ઉપયોગી સાધન છે. તેમાં મળતા પ્રકાશની કદર અને ચિંતન કરવા જેટલી સૂક્ષ્મતા, તત્પરતા અને જાગૃતિ જોઈએ.

Where is God? Where is God not?
Never stop seeing things
as they are in truth,
instead of as they are in fact.

# પ્રેમ અને અહંકાર

પ્રેમને અને અહંકારને પ્રકાશ અને અંધકાર જેવું વેર છે. અહંકાર હોય, ત્યાં પ્રેમ વસતો નથી. અનુભવી કહે છે કે પ્રેમની ગલી ઘણી સાંકડી છે. તેમાં હું અને તું બંને સાથે રહી શકીએ તેમ નથી. કાં તો તું મારામાં સમાઈ જા અથવા તો હું તારામાં સમાઈ જઉં ને એક બનીએ તો જ આ ગલીમાં રહી શકાય તેમ છે. અહંકાર રાખો અને પ્રેમ પણ પામવો, એ બંને વસ્તુ નહિ બની શકે. પણ નિરહંકાર થવું એ કાંઈ સહેલું છે? અહંકાર તો સહસ્ત્રશીર્ષ છે. તેને હજારો માથાં છે. એક કાપો અને બીજું ફૂટે. તો શું પ્રેમ પામવો અશક્ય છે?

## સામાન્ય જને શું કરવું?

આ બાબતમાં અનુભવીઓએ ઉપાય બતાવ્યો છે. જો આપણામાં પ્રેમ ન હોય તો કોઈ જે ભરપૂર પ્રેમી હોય તેનો સંગ કરવો. આ કારણે જ આપણા અનુભવીઓએ સત્સંગનો મહિમા બહુ ગાયો છે. સત્સંગ તે માનવજીવન ઘડતર માટે અતિ આવશ્યક ખોરાક છે. હવા, પાણી, પ્રકાશ, અન્ન અને વસ્ત્રની જેમ જ સત્સંગ પણ જીવનમાં અનિવાર્ય તત્ત્વ છે.

જો કૃષ્ણનો સંગ થાય તો કાળે કરીને પ્રેમ આપણા જીવનમાં પ્રકટે છે. વૈષ્ણવ ઋષિઓએ કહ્યું છે કે કૃષ્ણની ભક્તિ પામવા માટે ગોપીના અનુગત થાઓ. આનો અર્થ એ જ કે ભગવાન માટે જેના દિલમાં સાચો પ્રેમ પ્રકટી ચૂક્યો હોય, તે સહુનો સંગ કરો. જેમ ખોરાકને પચાવવાને માટે ચાવવો પડે છે, તેમ શાસ્ત્રમાં કહ્યું છે: સારા વિચારને પચાવવા માટે પહેલું શ્રવણ, મનન અને પછી નિદિધ્યાસનની જરૂર છે.

*The power to transcend is ultimately connected with power to associate.*

o ખાના, ચલના, સોચના, મિલના, વચન વિલાસ,
જ્યોં જ્યોં પંચ ઘટાઈએ ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ.

સ્વસ્થચિત્તે બુદ્ધયઃ સંભવન્તિ ।

o

શ્રદ્ધા - શુદ્ધાનુષ્ઠાનગતા તીવ્રરુચિઃ ।
સત્ક્ષયોપશમઃ - વિશિષ્ટક્ષયોપશમઃ ॥

સહૃતિ: શ્રદ્ધા એટલે શુદ્ધ અનુષ્ઠાન પ્રત્યે તીવ્ર રુચિ. સત્ક્ષયોપશમ એટલે વિશિષ્ટ ક્ષયોપશમ.

## સાક્ષાત્કાર ॐ ૨૮-૮-૧૯૩૪

વિષયોની પ્રાપ્તિ માટે જેટલો પરિશ્રમ મનુષ્ય કરે છે, તેનો દશાંશ પરિશ્રમ પણ ઈશ્વરની પ્રાપ્તિ માટે મનુષ્યે કરવો પડતો નથી. ખરી વાત તો એ જ છે કે મનુષ્યને જેટલી ઈચ્છા વિષય ભોગવવાની છે, તેથી અડધી પણ જિજ્ઞાસા ઈશ્વરની પ્રાપ્તિ માટે નથી.

મુમુક્ષા દમ્ભમાત્રં તે, ન તે તીવ્રા મુમુક્ષુતા ।
તીવ્રા યદિ મુમુક્ષાસ્યાન્ન વિલમ્બો ભવેદિહ ॥

અર્થાત્ : તને તીવ્ર મુમુક્ષા કે મુક્તિની ઈચ્છા નથી, માટે તારી મુમુક્ષા માત્ર દંભ છે. જો તીવ્ર મુમુક્ષા હોય, તો એ ઈચ્છા પૂર્ણ થવામાં વિલંબ ન થાય.

સાધારણ મનુષ્ય તો ધર્મની વાતો કરશે અને શાસ્ત્રોની નિન્દા કરશે, એ જ પોતાનું કામ સમજે છે. મેવાડમાં મીરાંબાઈને, દક્ષિણમાં તુકારામને, સૌરાષ્ટ્રમાં નરસિંહ મહેતાને અને બંગાળમાં રામકૃષ્ણ પરમહંસને ઈશ્વર સાક્ષાત્કાર થયો હતો. જે પણ લોકો કહે છે કે ઈશ્વર સાક્ષાત્કાર થાય જ નહિ અથવા તે એક માનસિક ભ્રમ, મનની એક કલ્પનામાત્ર છે, તે કાંઈપણ પરિશ્રમ કર્યા વિના કુટિલ અને કુટિલ બકવાદ કરવાવાળા છે.

ચૈતન્ય મહાપ્રભુ, સ્વામી રામતીર્થ, રમણ મહર્ષિ વગેરે શ્રમણોની જ વાત છે. ઈશ્વર સાક્ષાત્કાર, આત્મસાક્ષાત્કાર, જીવ-શિવનું મિલન, ભગવત્પ્રાપ્તિ, ભગવદ્દર્શન તથા આત્મજ્ઞાન આદિ પર્યાયવાચક શબ્દો છે. ભિન્ન શબ્દોનો પ્રયોગ સાધન પ્રણાલિઓના ભેદને કારણે જ પડે છે.

भगवान् परमात्मेति प्रोच्यतेऽष्टांगयोगिभिः ।
ब्रह्मेत्युपनिषन्निष्ठैर्ज्ञानं च ज्ञानयोगिभिः ॥

ભક્ત તેને ભગવાન, યોગી તેને પરમાત્મા, વેદાન્તી તેને પરબ્રહ્મ અને જ્ઞાની તે પ્રભુને જ્ઞાનસ્વરૂપ કહે છે. નામ પૃથક્-પૃથક્ છે, પરન્તુ વસ્તુ તત્ત્વ એક જ છે. શાસ્ત્રોમાં અધિકાર મુજબ સાધનપ્રણાલિઓ બતાવી છે. એ માટે જુદા-જુદા પારિભાષિક શબ્દોનો પ્રયોગ કર્યો છે. 'પોતે નહિ સમજતા' એમ માનવાને બદલે 'શાસ્ત્ર મિથ્યા છે' એમ કહેવું એ જાણે આજની ફેશન છે.

'वचनेषु किं दरिद्रता ।'

શાસ્ત્રકારોએ આટલી બધી સાધનની પ્રણાલિઓ અને આટલા બધા જુદા જુદા શબ્દપ્રયોગો શા માટે કર્યા?

વિભિન્ન પ્રદેશોમાં રહેવાવાળાને મુંબઈ જવું છે. પ્રત્યેકને માટે ભિન્ન-ભિન્ન માર્ગ અનિવાર્ય છે.

કોઈપણ બે મનુષ્યોની બુદ્ધિ, પરિસ્થિતિ, સંસ્કાર એક સરખા નથી. તેનું કારણ પૂર્વ જન્મના કર્મ છે. ચૈતન્ય સત્તા એક છે અને તે જ ભિન્ન નામોથી કહેવાય છે.

'એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ ।'

## સાધનામાર્ગોની ભિન્નતા

અધિકાર ભેદથી વિદ્વાનોએ અનેક પ્રકારે વર્ણન કર્યું છે. સમસ્ત સાધકોને પહોંચવું છે એક જ મુકામ ઉપર, એક જ પરમતત્ત્વમાં, પરન્તુ સંસ્કારના ભેદના કારણે બધાનો અધિકાર એકસરખો નથી. એથી ભિન્ન-ભિન્ન સાધનામાર્ગો હોવું અનિવાર્ય છે. ઈશ્વર સાક્ષાત્કાર એ મતિ કલ્પનાનો જ વિષય હોત તો અનાદિકાળથી જીવન્મુક્તિની સ્થિતિનું વર્ણન ચાલ્યું આવ્યું છે, તે ન ચાલત. જૂઠી વાત સદા ચાલતી નથી. એક મનુષ્યને ઘણો કાળ ભ્રમમાં ભલે રાખી શકાય, સર્વ લોકોને થોડો કાળ ભ્રમમાં રાખી શકાય પણ

સર્વ જમાનાના લોકોને સર્વ કાળ માટે ભ્રમમાં રાખવાનું કોઈ માટે કદાપિ શક્ય નથી.

જો તે કેવળ બુદ્ધિનો જ ભ્રમ હોત, તો કોઈ પણ વિચારશીલ પુરુષ તેને માટે અથાક પરિશ્રમ કરે નહિ.

વિષયભોગ સર્વ યોનિઓમાં વિના પરિશ્રમે પ્રાપ્ત થાય છે. માનવજીવનની ચરિતાર્થતા ઈશ્વર સાક્ષાત્કાર કરી લેવામાં છે. સાક્ષાત્કાર નીચે પ્રમાણે કરી શકાય:

(૧) પદ્ધતિપૂર્વક અભ્યાસ કરીને કરી શકાય.

(૨) યમ-નિયમાદિ સાધન સેવીને કરી શકાય.

(૩) ષટ્ સમ્પત્તિનું અનુશાસન કરીને કરી શકાય.

(૪) વિવેકયુક્ત તીવ્ર વૈરાગ્ય ધારણ કરીને કરી શકાય.

(૫) કર્મ તથા ઉપાસના દ્વારા અંતઃકરણના મળ તથા વિક્ષેપ દોષનું નિવારણ કરીને કરી શકાય.

(૬) ગુરુની પાસે રહીને તીવ્ર મુમુક્ષાવાળો સાધક સાધના કરે અને પછી પણ ઈશ્વર સાક્ષાત્કાર ન થાય તો તેને જ કહેવાની જરૂર છે કે તે એક મનનો ભ્રમ માત્ર છે, પરન્તુ તેમ કદી બનતું નથી.

વિજ્ઞાનનો ભૌતિક પ્રયોગ પણ આ પ્રયોગનું અમુક પરિણામ તો આવશે, એવી શ્રદ્ધા માગે છે. કદાચ ત્યાં થોડા અંશે કુતૂહલ વૃત્તિ પણ હોય તો ચાલે પણ અધ્યાત્મ સાધનામાં એ વાત ચાલતી નથી.

ત્યાં તો પૂર્ણ શ્રદ્ધા જોઈએ.

કુતૂહલવૃત્તિનો લેશમાત્ર પણ ન જોઈએ.

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ ! न तत्प्रेत्य नो इह ॥ (परिशिष्ट-१०)

શ્રદ્ધાની કમી હશે તો ભક્તિ અને પ્રેમથી સાધના થશે નહિ. અધ્યાત્મમાર્ગમાં એ બંને હોવા અનિવાર્ય છે. વળી તત્પરતા જોઈએ. બે દિવસ કરે, ચાર દિવસ ન કરે તો ન ચાલે. સાધના સતત અને વળી આળસ-પ્રમાદથી રહિત જોઈએ. સૌથી અધિક જરૂરી ઈંદ્રિયનિગ્રહ છે. ઈંદ્રિયોનો સંયમ ન હોય તો છિદ્રવાળા ઘડામાંથી જેમ જળ ચાલ્યું જાય, તેમ સાધનાબળ ઘટતું જાય છે.

એ ત્રણ વાતો હોય તો જ્ઞાન થાય છે.

જ્ઞાન થવાની સાથે તાત્કાલિક - તત્કાળ શાંતિ મળે, એનું જ નામ છે 'ઈશ્વર સાક્ષાત્કાર'.

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः ।
ज्ञानं लब्ध्वा परां शान्ति-मचिरेणाधिगच्छति ॥

અર્થાત્ : ફળમાં તત્પર, ઈંદ્રિયોના સંયમવાળો અને શ્રદ્ધાવાન જ્ઞાન મેળવે છે. જ્ઞાન મેળવીને જલ્દીથી પરમ શાંતિને પણ તે પામે છે. - ગી૦૪-૩૯

રુચિ, ભાવ અને અધિકારભેદના અનુસાર સાધ્ય એક હોવા છતાં સાધનપ્રણાલીનો ભેદ દેખાય છે.

દક્ષિણની કન્યાકુમારી, ઉત્તરનો હિમાલય, પૂર્વનો
આસામ ને પશ્ચિમનો કાશ્મીર પ્રદેશ જુદા છે માટે
કાશી પહોંચવાના ચારે ય માર્ગ જુદા જ હોવા જોઈએ.
ભગવાન સરળ-સુલભ છે, ભક્તિ કરો યા ન કરો,
સેવા કરો યા ન કરો પણ તમે એક જીવ છો અને

ભગવાન જીવમાત્રના સરળ બંધુ છે.

વગર શરતે પ્રેમ કરી સદા હિત કરવા માટે પ્રસ્તુત છે.
એ વાતનું અજ્ઞાન અને અવિશ્વાસ એ જ અશાન્તિ
અને દુઃખનું મૂળ છે. પ્રભુ સર્વજ્ઞ-સર્વ શક્તિમાન
હોવા છતાં નગણ્ય તુચ્છ પ્રાણીને ન ભૂલે અને
અકારણ સ્નેહ વર્ષા કરે તથા મંગળ કરવા ચાહે એ

કેટલી મોટી વાત છે !

ભગવાનની આટલી સરળ કૃપા હોવા છતાં જે તેના
ઉપર વિશ્વાસ ન મૂકે, કોઈપણ જાતની શરત વિના
પોતાની જાતને તેમના ઉપર છોડી ન શકે અને
ભગવાનની ઉપર નિર્ભર રહીને પોતાના જીવનનું
સર્વોચ્ચ ધ્યેય સાધી ન લે, તેના જેવો અભાગી કોણ?
વિષયસુખની કાળકોટડીમાં જેઓ પૂરાઈ રહે છે,
તેઓને ભગવાનની પ્રાપ્તિ શક્ય નથી.

ॐ

भावाद्वैतं सदा कुर्यात् क्रियाद्वैतं न कर्हिचित्
अद्वैतं त्रिषु लोकेषु नाद्वैतं गुरुणा सह ॥ अद्वैतिः
सदा भाव अद्वैत रचवुं, क्रिया अद्वैत क्यारेय नहिं. त्रण
लोकमां अद्वैत रचवुं पण गुरुनी साथे अद्वैत न रचवुं.

यत्रैव हितधीः पुंसः श्रद्धा तस्मान्निवर्तते ।
यस्मान्निवर्तते श्रद्धा चित्तं तत्रैव लीयते ॥९५॥

भिन्नात्मानमुपास्यात्मा परो भवति तादृशः ।
वर्तिर्दीपं यथोपास्य भिन्ना भवति तादृशी ॥९७॥

उपास्यात्मानमेवात्मा जायते परमोऽथवा ।
मथित्वात्मानमात्मैव जायतेऽग्निर्यथा तरुः ॥९८॥

अदुःखभावितं ज्ञानं क्षीयते दुःख सन्निधौ ।
तस्माद् यथा बलं दुःखैरात्मानं भावयेन्मुनिः ॥१०२॥

प्रयत्नादात्मनो वायुरिच्छाद्वेषप्रवर्तितात् ।
वायोः शरीरयंत्राणि वर्तन्ते स्वेषु कर्मसु ॥१०३॥

तान्यात्मनि समारोप्य साक्षाण्यास्ते सुखं जडः ।
त्यक्त्वारोपं पुनर्विद्वान् प्राप्नोति परमं पदम् ॥१०४॥

मुक्त्वा परमपरबुद्धिमहंधियं च
संसारदुःखजननीं जननाद्विमुक्तः ।
ज्योतिर्मयं सुखमुपैति परात्मनिष्ठ -
स्तन्मार्गमेतदधिगम्य समाधितंत्रम् ॥१०५॥ (परिशिष्ट-११)

જિનનો મૂળમાર્ગ એટલે જ્ઞાન, દર્શન, ચારિત્રની શુદ્ધતા ને એકતા. ત્રણે કાળ આ માર્ગ અભિન્ન છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળાદિના ભેદે લિંગ અને ચારિત્રમાં ભેદ પડે છે.

જ્ઞાન - દેહાદિથી ભિન્ન ઉપયોગ સ્વરૂપ અવિનાશી આત્મા છે, એવું જ્ઞાન એ સાચું જ્ઞાન. જે આત્મસ્વરૂપ જાણ્યું, તેની શુદ્ધ અભ્રાંત પ્રતીતિ તે દર્શન. સર્વ જડપુદ્ગલથી ભિન્ન ને અસંગ આત્માને એવો જાણ્યો અને સદ્દહ્યો, તેવો સ્થિર સ્વભાવ ઉપજવો તે ચારિત્ર. એ જ્ઞાનાદિ ત્રણે અભેદ પરિણામથી આત્મ રૂપે વર્તે, ત્યારે તે જિનનો મૂળમાર્ગ બને. નિજસ્વરૂપની પ્રાપ્તિ એ જ જિનનો મૂળમાર્ગ છે. અનાદિ અજ્ઞાનાદિ ટાળવા અને મૂળ જ્ઞાનાદિ પામવા સ્વચ્છંદતા ટાળી, સદ્ગુરુ ઉપદેશે રહી અભ્યાસ કરવો, એ મોક્ષમાર્ગનું શુદ્ધ સ્વરૂપ છે.

ધર્મની શક્તિ અમોઘ અને અપ્રતિહત છે.
ધર્મને સમજવા માટે અનેક ગ્રન્થો તથા
અનેક તત્ત્વજ્ઞાનીઓ આ જગતમાં છે.

સર્વનો મૌલિક ઉપાય સત્ય, દયા, તપ, શૌચ, ઈશ્વરની ભક્તિ તથા તત્ત્વજ્ઞાન વિષયક બીજો એક પણ નથી.

ધર્માદિષુશ્ચ કામશ્ચ સન્નિકર્ષં ન સેવ્યતે ॥ અર્થાત્ઃ
ધર્મથી જ ધન-ભોગસુખો મળે છે, છતાં ધર્મ કેમ કરતાં નથી?
અમૃતના એક છાંટાથી મૃતદેહ સજીવન થાય છે અને
સ્પર્શમણિને અડતાંની સાથે જ લોઢું સોનું થાય છે,
તેમ તત્ત્વજ્ઞાનનો પ્રકાશ થતાં જ અજ્ઞાનાંધકાર વિલીન
થાય છે. ભક્તના હૃદયમાં ભક્તિચન્દ્રિકાના ઉદયથી
દયાસિન્ધુમાં લહરીઓનું ઊઠવું સ્વાભાવિક છે. ભક્તની
પાસે જો પ્રેમસ્વરૂપાભક્તિ વિદ્યમાન છે, તો ભગવાનને
પરવશ થઈ પોતાની અનુકંપાનું મુખ ખોલવું પડશે.
કર્મ કરતાં ભક્તિ બળવાન છે. એક મજૂર કર્મ વડે
મજૂરી મેળવાને કૃપા વડે માલિક સમોવડ બને છે.
સૂર્યનો પ્રકાશ સમાન ભાવથી સર્વને પ્રકાશિત કરે છે પણ
સૂર્યમુખી કાચમાં સૂર્યની વિશેષ શક્તિનું પ્રાગટ્ય થાય છે.
સંશયાત્મા વિનશ્યતિ । શંકાશીલ હોય તેનો નાશ થાય.
વિવેકહીન અને અશ્રદ્ધાન એ બે વિશેષણ સહિત
સંશયનાશક છે. સુખ-દુઃખનો ભોગ એ વિધાન છે.
આસક્તિ એ વિધાન નથી પણ નિર્બળતા છે. ઈશ્વર
અને જીવના સ્વરૂપ અને સંબંધનું જે તત્ત્વ છે, તે
મન, બુદ્ધિ અને વાણીનો વિષય નથી. એ તો

ભગવાનની અલૌકિક કૃપાથી જ સમજમાં આવી શકે છે. ભગવાનની ભક્તિ નિષ્કામ ન થઈ તો સકામ ભગવાનમાં વિશ્વાસ અને પ્રેમ વધવાથી નિષ્કામ ભાવ આપોઆપ આવી જાય છે. વૈરાગ્ય અઘરો એટલા માટે છે કે વિષયોને વિષમોદક સમજવાથી એના ઉપરની આસ્થા ઝટ ઉઠી શકે છે પણ અધ્યાત્મભાવ કઠિન એટલા માટે છે કે એમાં અહંત્વ છોડવું પડે છે. લોકોની બુરાઈ જાણવા છતાં મન તેમાં લિપ્ત રહે છે, એનું કારણ જન્માન્તરીનો અભ્યાસ છે. યુગયુગથી આસક્તિપૂર્વક ભોગો ભોગવ્યા છે, એનું તે ફળ છે. એ મલિનતા સારા - વિરુદ્ધ અભ્યાસથી જ તૂટે છે. નામનો જપ એના માટે સારામાં સારો ઉપાય છે. ભગવાન કોઈને પતિત માનીને છોડતા નથી પણ લોકો પોતાને પવિત્ર માનીને ભગવાનને છોડી દે છે.

વિના ભાવ ભગવાન રીઝે નહિ, એ ભાવયુક્ત ભક્તિનો વિશેષ મહિમા વર્ણવવા માટે છે. કામનું મૂળ રૂપ ઇચ્છા છે. ઇચ્છા એ પરમાત્મશક્તિ છે. ઇંદ્રિય - મન - બુદ્ધિરૂપી આશ્રયો ઉપર આરૂઢ થઈને કામ આત્માનો શત્રુ બને છે. કામથી વશીભૂત બુદ્ધિ પોતાનું

ગૌરવ અને સ્વત્વ ગુમાવે છે.
મનની મનનશક્તિ કુંઠિત થઈ જાય છે.
પાંચે ઇંદ્રિયો તો કામના ઉદ્વેગોને ખવડાવવા-પીવડાવવા અને નચાવવાના આનંદમાં જ નિમગ્ન થઈ જાય છે.
આ ત્રણ કેરા તાપ ઉપર આવરણ થાય છે,
જે પુરુષને મલિનમાં નાખે છે.

જેમ અગ્નિને ઘાસમાં અથવા રૂ ને અંગારામાં છુપાવવું અશક્ય છે, તેમ પાપને પણ લાંબો કાળ સુધી ઢાંકી રાખવું અશક્ય છે. ગંદી વસ્તુને છુપાવવાથી વધારે દુર્ગન્ધ બને છે પણ સૂર્યપ્રકાશની સામે રાખવાથી તે દુર્ગન્ધ દૂર થાય છે. ભૂલરૂપી દુર્ગન્ધને પણ પ્રગટ કરી દેવાથી આત્માનો ભાર દૂર થઈ જાય છે, માનસિક મુંઝવણ ટળી જાય છે. પ્રત્યેક છુપાવેલું પાપ મનના ગુપ્ત પ્રદેશમાં રહી જીવનને દંભપૂર્ણ બનાવે છે, મનમાં ગ્રન્થિઓરૂપે કાયમ રહે છે અને જીવનના વિચિત્ર અનિયંત્રિત વ્યવહારોનું કારણ બને છે. એથી જ અધિકાંશ માનસિક રોગ, નાસૂર, ભગંદર, દમ, ખાંસી, સંગ્રહણી ઇત્યાદિ થઈ જાય છે. ચિરસ્થાયી રોગ પ્રાયઃ છુપાવવાની ગોપનીય મનોવૃત્તિનું પરિણામ જ હોય છે.

अनभिध्या परस्वेषु सर्वसत्त्वेषु सौहृदम् ।
कर्मणः फलमस्तीति त्रिविधं मानसाचरेत् ॥

: સ્મૃતિ :

પરધન ચાહવું, બીજાનું બૂરું ઈચ્છવું અને
નાસ્તિક બુદ્ધિ રાખવી - એ ત્રણ માનસ પાપ છે.

० असत्प्रलापं पारुष्यं पैशुन्यमनृतं तथा ।
चत्वारि वाचा राजेन्द्र ! न जल्पेन्नानुचिन्तयेत् ॥

: સ્મૃતિ :

વ્યર્થ બકવાદ, કટુ ભાષણ, ચુગલખોરી અને
જૂઠું બોલવું - એ ચાર વાણીના પાપ છે.

o

'प्राणातिपातः स्तैन्यं च परदारा तथापि च ।
त्रीणि पापानि कायेन सर्वतः परिवर्जयेत् ॥१॥'

અર્થાત્ હિંસા, ચોરી, પરસ્ત્રીગમન - એ
ત્રણ શરીરના પાપ છે. તેને સર્વદા ત્યાગવા જોઈએ.
થોડું પણ કાયિક પાપ, વાચિક જૂઠ અને થોડુંક પણ
માનસિક વાસનામય ચિન્તન ન થવા દેવું જોઈએ.
એક એક બુંદથી પાપનો ઘડો ભરાઈ જાય છે.
ભૂલનો સ્વીકાર કરવાથી આત્મસંતોષ જ મળે છે.

ભવિષ્યમાં એ માર્ગે જવાતું નથી. કઠિનાઈઓથી જો બચવું હોય તો પોતાની અંદર રહેલા દુર્ગુણોરૂપી કાંટાઓને હટાવીને હૃદયઉદ્યાનમાં સદ્ગુણોરૂપી પુષ્પમય છોડ ઉગાડીએ.

નિષ્કલુષ જીવન વ્યતીત કરવામાં જ
ખરો આત્મસંતોષ પ્રાપ્ત થાય છે.

## સત્યનો મહિમા

દેશ-કાળ અને વસ્તુથી અબાધિત હોય એવું પરમ તત્ત્વ એ સત્ય છે. અહીં આત્મા-પરમાત્મા, પરમ શક્તિ આદિ કેવળ ભાવવાચક પદાર્થોની સાથે સત્યનું ઐક્ય થઈ બધાનું અધિષ્ઠાન બની જાય છે.

सत्येन धार्यते पृथ्वी सत्येन तपते रविः ।
सत्येन वाति वायुश्च सर्वं सत्ये प्रतिष्ठितम् ॥ અર્થાત્ઃ

સત્ય વડે પૃથ્વી ધારણ કરાય છે, સત્ય વડે સૂર્ય તપે છે, સત્ય વડે વાયુ વાય છે, સત્ય હોય તો જ આ બધું છે. પરમ સત્ય, સનાતન સત્ય અથવા અવાન્તર સત્ય ત્રણ પ્રકારના હોય છે: ભૂતકાલીન સત્ય - ઇતિહાસ, વર્તમાનકાલીન સત્ય - વિજ્ઞાન તથા ભવિષ્યકાલીન સત્ય યોગાભ્યાસ ગમ્ય છે. સનાતન સત્યને જાણવા શબ્દ, પ્રત્યક્ષ, અનુમાન બધા પ્રમાણ છે.

'सत्यं ज्ञानं अनन्तं ब्रह्म, सत् चित् आनंद ।'
એ બધા પરમ તત્ત્વો છે, એમ વેદ કહે છે.
'તું મારી હાથ છોડાવીને ચાલ્યો ગયો પણ હૃદયમાંથી
જાય તો તારું પરાક્રમ જાણું.' એવા ભક્તની પાછળ-
પાછળ ભગવાન ચાલે છે, જેની પાદરજથી ભક્ત પવિત્ર
થાય છે. રાજયોગ, ભક્તિયોગ તથા કર્મયોગનો પ્રદેશ
ભક્તની સાધક ભૂમિકાઓમાં એક જ થઈ જાય છે.

સત્ય જાણવા માટે શું કરવું ?

(૧) સનાતન સત્ય જાણવા માટે શાસ્ત્ર ચંદ્રવ્યાપ છે.
એ વાચ્યનું જ્ઞાન ઓંકાર (ॐ) છે, જે પ્રમાણાતીત છે.
(૨) શાસ્ત્રના પ્રમાણ વડે જાણવા યોગ્ય:
જગત ત્રિગુણાત્મક છે અને કાલ પરિવર્તનશીલ છે.
કર્મફલનો નિયમ અફાટ્ય છે.
જેની જેવી ભાવના, તેવી તેની સિદ્ધિ થાય છે.
આત્મા શરીરથી ભિન્ન છે.

પ્રાણ-મન-શરીરનો સ્વભાવ

ક્ષુધા અને તૃષા એ પ્રાણનો સ્વભાવ છે.
શોક અને મોહ એ મનનો સ્વભાવ છે.
જન્મ અને મૃત્યુ એ શરીરનો સ્વભાવ છે.

અહિંસા - સત્ય - અસ્તેય - મનોનિગ્રહ - ભૂતદયા એ સર્વ સાધારણ ધર્મ છે. સદાચારથી સુખ, શાંતિ, સમૃદ્ધિ મળે છે. યમ - નિયમો - વ્રતોનો ઉદ્દેશ મનોનિગ્રહ છે. સત્યથી ચિત્તમલ શોધન થાય છે. પ્રભુભક્તિથી મનની એકાગ્રતા વધે છે. આત્મજ્ઞાનથી આવરણનિવૃત્તિ થાય.

દયા - દાન - તપ એ પુનિત કર્મયોગ છે.

સર્વમાં ગુરૂ આધીનતા એ મુખ્ય છે.

(3) કલ્પિત સત્યો : 'બધા મનુષ્યો સમાન છે.' 'વાણી સ્વાતંત્ર્ય.' 'ઘણાનું ઘણું હિત.' વિશુદ્ધ પ્રેમમાં દોષદર્શન નથી પોતાના સુખની વાસના નથી.

એથી એ પ્રેમ કદી વીસરાતો, ઘટતો કે મરતો નથી.

## મનની શક્તિઓ

મનમાં મુખ્યપણે બે શક્તિઓ રહેલી છે:

એક કલ્પનાશક્તિ, બીજી તર્કશક્તિ.

કલ્પના = સંકલ્પ - વિકલ્પ. અનેક વિચારો - તરંગો - કલ્પનાઓ ઉઠે અને શમે છે. આથી મન ચંચળ અને વેગવાન થાય છે. તેથી ઇંદ્રિયો પર નિગ્રહ રહે તો નથી અને સંયમ સચવાતો નથી. આસક્તિ ઉપર દાબ રાખનાર મનની બીજી મુખ્ય શક્તિ તર્કશક્તિ છે.

તેમાં સ્મરણ, પ્રત્યક્ષ, પરોક્ષ, ગ્રહણ, અનુમાન વગેરે શક્તિઓનો સમાવેશ થાય છે. તે સર્વનો યથાર્થ ઉપયોગ કરવાથી વસ્તુના યથાર્થ જ્ઞાન-તર્ક-નિશ્ચય થાય છે. મનોબળ દુઃસાધ્ય છે, પરન્તુ અસાધ્ય નથી. જેમ-જેમ મનોબળ સાધ્ય થાય છે, તેમ-તેમ ઊંચા-ઊંચા ગુણસ્થાનની શ્રેણી પર ચઢાય છે.

## શબ્દની શક્તિ

(૧) બાળકના રડવાની માતા ઉપર અસર.

(૨) સંતોની વાણીની ભક્તો ઉપર અસર.

(૩) ગાળ પ્રદાન અને સ્તુતિગાનની વિભિન્ન અસરો.

(૪) એક જ શબ્દથી સંસારનો ત્યાગ (બાપા-સ્વામી).
એક જ શબ્દથી કીર્તિનો દરબાર (થાય તે કરી લેજો).
એક જ શબ્દથી યુદ્ધની નોબત (મહાભારત).

(૫) સાસુના ટોણાથી અનેક વહુઓના મોત (આત્મઘાત).

(૬) તલવાર-ભાલાના ઘા કરતાં પણ શબ્દોના ઘા ઊંડા
આશીર્વાદના શબ્દોની અસર પણ ઊંડી (ઘણું જીવો).

(૭) વચનના ઘા વડે ઘાત થઈ શકે છે (મર).

(૮) સ્વર્ગ અને મોક્ષ શબ્દો વડે ધર્મભાવના થાય છે.

(૯) પ્રાણપ્રિય - હૃદયેશ્વરી શબ્દો વડે કામાગ્નિ ઉઠે છે.

## શ્રી નવપદ આરાધના

### નવપદજીના ૫ વર્ણોનું રહસ્ય

શ્વેતવર્ણ - શુદ્ધ, નિરંજન, દોષરહિત અને
પરમ પવિત્ર ભાવને સૂચવે છે.

રક્તવર્ણ - કામ, ક્રોધ અને લોલુપતાને જતાવે છે,
તો વળી તે ગુલાબી - લાલ હોય,
તો નિર્વિકાર એવા પ્રશમરસને જતાવે છે.

પીતવર્ણ - જ્ઞાનનો દર્શક છે. સુવર્ણ વર્ણ કે દીપકની
જ્યોતની જેમ તેની પ્રખરતા અને ચળકાટ
ઊંચી કોટિના જ્ઞાનની નિશાની છે.

નીલવર્ણ - સહાનુભૂતિની છાયા જતાવે છે.
નિસર્ગ સુંદર ખીલેલી વનરાજીની
સમાન નયન મનોહર આ નીલ રંગ છે.

કૃષ્ણવર્ણ - આકાશની પેઠે નિરંજન, નિર્મળ,
સ્વચ્છ અને સ્વસ્થ એવો શ્યામવર્ણ
સાધના અને અપ્રમાદને કરે છે.

સાધ્ય - અરિહંત, સિદ્ધ.
સાધક - આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.
સાધન - દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ.

'મુક્તિ, મુક્તિમાર્ગ, મુક્તિમાર્ગ પ્રસ્થિત ઉપર અરૂચિ, દ્વેષ અને ઉપેક્ષા ટાળીને રૂચિ, પ્રેમ અને આદર કેળવવો - એ સિદ્ધચક્ર ભગવાનની આરાધનાનું અનન્ય ધ્યેય છે.'

**Mysteries & Nature**

આપણી બહાર પ્રકૃતિના રહસ્યો છે,
તો આપણી અંદર ચૈતન્યના રહસ્યો છે.
આ રહસ્યોને જે પામે છે,
તેને માટે જીવન એ તો રત્નજડિત સુવર્ણનો થાળ છે.
ચૈતન્ય પણ આખરે તો
પ્રકૃતિનો જ એક અવિભાજ્ય અંશ છે.

આમ ચૈતન્યના રહસ્યો પણ પ્રકૃતિમાં સમાઈ જાય છે. પ્રકૃતિ એ કોઈ અચેતન શક્તિ છે કે પછી અચેતન સિદ્ધાંતો? ગણિતની સૂક્ષ્મતા અને વૈજ્ઞાનિક ચોક્કસાઈથી કાર્ય કરવાની આવડત તેનામાં ક્યાંથી આવી? તેનામાં એવું કયું કળાકૌશલ્ય, વિચારપ્રતિભા અને કાર્યશક્તિ રહેલા છે? Edison એને supreme Intelligence કહે છે. સાંખ્યો એને મહત્ કહે છે. Einsten એને mysterious beauty એટલે કે રહસ્યમય ગૂઢ સૌંદર્ય કહે છે.

## ગણિતાત્મક છંદ

આ પ્રકૃતિ એક mathematical Rhythm છે.
એને અનુસરીને આ વિશ્વનું એક અતિ વિરાટ તંત્ર
સતત અને તાલબદ્ધપણે સંચાલિત થઈ રહ્યું છે.
વિજ્ઞાને એ પુરવાર કર્યું છે કે આખું વિશ્વતંત્ર એ
ગણિતની સૂક્ષ્મતા અને વિજ્ઞાનની ચોક્કસાઈથી ચાલે છે.
વિશ્વના નાના - મોટા જીવ, નાના - મોટા બનાવ,
નાની - મોટી સચેતન - અચેતન વસ્તુ બધી.
કોઈક ચોક્કસ mathematical
manuals & scientific formulae
(ગણિતના સિદ્ધાંતો - વિજ્ઞાનના નિયમો) અને રચના
સિદ્ધાંતો ઉપર જ ચાલે છે. વિશ્વમાં આંધાધૂંધી નથી.
ધુળના ગોટા કે ધુમ્મસના ઓળા તે વિશ્વ નથી.
વિશ્વના હાર્દમાં તાલબદ્ધ સંગીત છે, સૂક્ષ્મ ગણિત છે.

## The Cosmic order

દેશકાળથી પર, સર્વવ્યાપી - સર્વકાલીન વિશ્વસિદ્ધાંતો
જ પ્રકૃતિ અને તે જ વિધિનું મહાશાસન. તે એક
વિરાટ વસ્તુ છે. સિદ્ધશિલા પરથી જે અખંડ વિશ્વ
દર્શન થાય છે, તે વિના પ્રકૃતિના અંતરંગ રહસ્યો

ભેદાતા નથી. વિરાટ પ્રકૃતિની અદ્ભુત કાર્યવાહી, જીવસૃષ્ટિ જુઓ. વિભિન્ન દેહરચના, સમાજવ્યવસ્થા, જીવન પદ્ધતિ, કૌટુંબિક વ્યવહાર, જીવન નિર્વાહ, આપત્તિનો સામનો. અસંખ્ય જીવોની જીવન પદ્ધતિની પાછળ એક વ્યવસ્થિત તંત્ર, વિશાળ યોજના, અદ્ભુત કૌશલ્ય અને વિચારચાતુર્ય રહેલા છે. પ્રખરમાં પ્રખર માનવબુદ્ધિ તેની પાસે ક્ષુદ્ર અને મામૂલી લાગે છે. એક કરોળિયો જ લો. પ્રકૃતિની પ્રત્યેક રચનામાં હેતુ છે, યોજના છે, સંગીત છે, ગણિત છે. તેની વિરાટ કાર્યવાહી સહેતુક છે. આખરે કુદરત, પ્રકૃતિ, વિધિ કોઈ વસ્તુ કે પદાર્થ નથી, મનુષ્ય કે વ્યક્તિ નથી. તે છે અવિચલિત વિશ્વસિદ્ધાંતો અને કાર્યકારણના નિયમો, જેને દેશકાળની કોઈ મર્યાદા કે બંધન નથી.

ઉધઈ, મધમાખી, ભમરી કે કીડી લઈએ,
તો એક કીડીમાં જ અનેક જાત હોય છે:

Wood carpenter Ant - સુથાર કીડી
Harvester Ant - ખેડુત કીડી
Cow herd Ant - ગોધેર કીડી
Kidnapper Ant - ઉઠાવગીર કીડી

Soldier Ant - સૈનિક કીડી
Wrestler Ant - કુસ્તીબાજ કીડી
Pave way Ant - માર્ગ મોકળો કરનાર કીડી
Thief Ant - ચોર કીડી.

માનવ પાસે જે વિજ્ઞાન નથી, તે કીડી પાસે ક્યાંથી આવ્યું? કીડી જવા - આવવાનો માર્ગ જુદો રાખે છે અને તે બતાવવા જે જુદી જુદી જાતના રાસાયણિક દ્રવ્યોને વેરતી જાય છે. કરોળિયો તેની જાળ બનાવે છે, સુઘરી તેનો માળો બનાવે છે. તેની પાછળ પણ Energy of intelligence and mechanism કાર્ય કરી રહેલ છે.

ઉધઈ લાકડું ખાય છે. તે લાકડાને પચાવવા માટે તેના આંતરડામાં જુદી જુદી જાતના પાચકરસો મૂક્યા છે. લાકડું કાપવાના જડબા કીડી - ઉધઈને પ્રકૃતિએ આપ્યા.

દેશકાળ, પરિસ્થિતિ, પાત્ર, અવસ્થાઓ, બધું બદલાય છે. નથી બદલાતા આ સર્વવ્યાપક સર્વકાલીન વિશ્વ સિદ્ધાંતો. આ સિદ્ધાંતો ગણિતની સૂક્ષ્મતા અને વિજ્ઞાનની ચોક્કસાઈથી ચાલી રહ્યાં છે. આ સમજાઈ જાય તો માનવનો અહં તૂટે, જીવનનો હેતુ સમજાય,

જીવનમાં ગતિ અને વેગ આવે.

આ બધાની પાછળ શું શાશ્વત સુખ અને સ્વપ્રકાશક જ્ઞાન તરફ સમગ્ર જીવનસૃષ્ટિને ધકેલવાનો પ્રકૃતિનો હેતુ છે? કે કોઈ હેતુ છે જ નહિ? સંભવ છે કે આ વિશ્વની યોજનામાં શુભની જેમ અશુભને પણ પોતાનું અસ્તિત્વ સકારણ, સહેતુક હોય. સંભવ છે કોઈ ચોક્કસ ભૂમિકા સુધી શુભ તેના શુભત્વનું બળ અશુભ સાથેના યુદ્ધમાંથી મેળવતું હોય. ઉધઈ, કીડી, મધમાખી કે માનવ - સર્વ કોઈ માત્ર અસ્તિત્વ ટકાવી રાખવા જ મથે છે એમ નહિ, કિન્તુ ક્યાંક જાણે - અજાણે ઊંચે આવવા માંગે છે. દુનિયાની કોઈ તાકાત તેને તેમ કરતાં રોકી શકે તેમ નથી, સ્વયં પ્રકૃતિ પણ નહિ. સંભવ છે કે આ પણ પ્રકૃતિની જ યોજનાનો એક ભાગ હોય. જીવનશક્તિની આ ઊર્ધ્વગતિ માનવજગતમાં વિશેષ જોર પકડે છે. માનવમાં આગળ વધવાની પ્રેરણા મૂકી પ્રકૃતિએ પોતાના સર્વ અશુભ તત્ત્વોનું પાપ ધોઈ નાખ્યું છે. ફૂલો, માછીમારની જાળ, વૃક્ષ, પાણી અને અગ્નિમાંથી પણ આગળ વધવાની પ્રેરણા મનુષ્ય મેળવે છે.

કુવાનો ટેકરો ખાડાને જણાવે છે. વૃક્ષોનો તાપ
તેના મૂળના રસને જણાવે છે. જ્યારથી તપશ્ચર્યાનો
તાપ, અંદર ભક્તિનો રસ ખેંચતા આવડે તો બંને
સાર્થક કરી શકે. પાણીમાંથી સહયોગની પ્રેરણા મેળવાય.

જુવારના ઢગલામાંથી અડધો મણ લો તો ખાડો પડે,
પાણીમાંથી એક ડોલ લ્યો તો ખાડો નહિ પડે.
અહીં સહયોગની ભાવના છે.
આજુબાજુનું પાણી ત્યાં ધસી આવીને ખાડો પૂરી દે છે.
પાણીમાંથી આ પ્રેરણા લઈ શકાય.

અગ્નિમાં સ્વાહા અને સ્વધાશક્તિ છે.
સ્વાહા એટલે અર્પણ. તે કુદકો મારવાની શક્તિ છે.
સ્વધા એટલે ધારણ. તે ટટ્ટાર રહેવાની શક્તિ છે.
પહેલા ટટ્ટાર ઊભા રહેવાય, પછી જ કુદકો મારી શકાય.

આવા અનેક વસ્તુઓમાંથી ઉર્ધ્વગતિની
પ્રેરણા લેવાની શક્તિ માનવનાં અંતઃકરણમાં છે.
ચારે બાજુથી તે પ્રેરણા જ મેળવે છે, કારણકે
વિકાસની ભૂખ પ્રગટ - અપ્રગટપણે સર્વ માનવમાં છે.
પ્રકૃતિની વિરાટ વિશ્વવ્યવસ્થા, માનવ ગૌરવના -
Human dignitiesના - ચરણ સ્થાપવાની પાદપીઠ છે.

માનવ ઉપર કોઈ મર્યાદા પ્રકૃતિએ મૂકી નહિ, ન પતનની, ન વિકાસની. જાણે પ્રકૃતિએ માનવમાં તેના હૃદયની ઊંડી મહેચ્છાઓની તૃપ્તિ શોધી છે. માનવ એ પ્રકૃતિના યશની કલગી છે, ગૌરવનું સુવર્ણપૃષ્ઠ છે. માનવમાં અપ્રતિમ સૌંદર્ય અને ઉદાત્ત દૃષ્ટિ મૂકી પ્રકૃતિએ પોતાનો દાસીભાવ વ્યક્ત કરવાની મહેચ્છા પૂર્ણ કરી છે. પ્રકૃતિને સદા કોઈ મહાન પદાર્થની દાસી બનવું હતું કે જે તેનાથી પણ મહાન હોય. આમ માનવસર્જન દ્વારા તેનો દાસીભાવ પુષ્ટ થશે. માનવ એ પ્રકૃતિ જેટલો જ પુરાતન છે. વળી સ્વયંભૂ છે. પ્રકૃતિએ તેની અસ્મિતા, સાર્થકતા અને શૂરતા માટે માનવના ચરણોમાં મસ્તક ઢાળ્યું. માનવમાં સ્વપ્ન ને સંગીત મૂક્યાં. ગતિ ને વેગ, વેદના ને વિકાસ, તપ ને સિદ્ધિ, પ્રાપ્તિ ને યશ, પવિત્રતા ને સમૃદ્ધિ પણ મૂક્યાં. જાણે કે આ ચૈતન્ય સમૃદ્ધિની સુસાચવણી માટેનો પટારી-દાબડી આ વિરાટ અચેતન વિશ્વતંત્ર છે. આ વિરાટ પ્રકૃતિ માનવજીવનની પુજારિણી છે. માનવના પતનને કે વિકાસને કોઈ મર્યાદા આપી નહિ. જાણે કે પ્રકૃતિની સર્જન કળાનો તે બેફામ ઉન્નત કાળ હતો.

પ્રકૃતિ તેના અસલી આવેશના (True form)
શ્રેષ્ઠ સ્વરૂપમાં હતી, ત્યારે માનવ સર્જાયો.
મારાં સદ્ગત આનંદઘનજીનાં સ્તવનો જો વાંચશો તો
સમજાશે કે માનવ વિકાસને પ્રકૃતિએ કોઈ મર્યાદા
આપી નથી. પ્રકૃતિની સમગ્ર કાર્યવાહીનાં તલસ્પર્શી
અભ્યાસ પછી જે એક વિશદ મહત્વનું સત્ય તરી
આવે છે, તે એ છે કે જીવનશક્તિ ગમે તેવા
સંજોગો, વિઘ્નો હોય તો પણ ઉર્ધ્વગતિ પ્રાપ્ત કરે જ.
જીવનશક્તિની ઉર્ધ્વગતિ પ્રકૃતિનું અંતિમ ધ્યેય છે.

० दीपिका स्वात्मनिर्वाणा निर्वाणपथदर्शिनी ।
शुद्धात्म (तत्त्व) चेतना मा च साद्गुणामकर्मोनिधिः ॥१॥

અર્થાત્: નિર્વાણમાર્ગને બતાવનારી,
નહિ બુઝાયેલા દિવાની જ્યોત જેવી શુદ્ધાત્મતત્ત્વની
ચેતના તે જ આત્મહિતને માટે અક્ષયનિધાન છે.

० अण्णो पुग्गलभावा अण्णो हमो य णाण चित्तोऽहं ।
सुद्धो इस विकप्पो अविकप्पसमाहि संजणओ ॥

અર્થાત્: પુદ્ગલ ભાવો અન્ય છે,
માત્ર જ્ઞાનસ્વરૂપી હું અન્ય છું. અવિકલ્પ સમાધિને
ઉત્પન્ન કરનારો આ શુદ્ધ વિકલ્પ છે.

## નિશ્ચય અને વ્યવહાર

નિશ્ચય એટલે તાત્વિક કે પરમાર્થ દૃષ્ટિ અને વ્યવહાર એટલે લૌકિક કે સ્થૂલ દૃષ્ટિ. તત્ત્વજ્ઞાનમાં નિશ્ચય ને વ્યવહાર દૃષ્ટિનાં પ્રેરક ૩ દૃષ્ટિબિંદુઓ છે:

(૧) અભેદ - ભેદ : અભેદનય એ નિશ્ચય દૃષ્ટિ છે.
ભેદનય એ વ્યવહાર દૃષ્ટિ છે.

(૨) સ્વભાવ - વિભાવ : સ્વભાવનો વિચાર એ નિશ્ચય દૃષ્ટિ છે. વિભાવનો વિચાર એ વ્યવહાર દૃષ્ટિ છે.

(૩) અનુપચરિત - ઉપચરિત (વાસ્તવ - અવાસ્તવ):
ઉપાદાન દૃષ્ટિ એ નિશ્ચય દૃષ્ટિ છે.
નિમિત્ત દૃષ્ટિ એ વ્યવહાર દૃષ્ટિ છે.

(૧) અભેદ-ભેદ: જ્ઞાન, દર્શન આદિ પર્યાયોને જુદા પાડ્યા વિના ચેતનાનો વિચાર કરવો તે ખરી નિશ્ચય દૃષ્ટિ અને જ્ઞાન, દર્શન આદિ ભેદો પાડીને વિચાર કરવો તે વ્યવહાર દૃષ્ટિ. દ્રવ્ય ગુણનો, દ્રવ્ય પર્યાયનો, દ્રવ્ય-દ્રવ્યનો ભેદ પાડી વિચાર કરવો તે વ્યવહાર. દ્રવ્ય-સામાન્યનો કોઈ ભેદ વિના વિચાર કરવો તે નિશ્ચય.

(૨) સ્વભાવ-વિભાવ: દ્રવ્યનો તેના સહજ - ત્રિકાળમાં રહેનાર સ્વરૂપની અપેક્ષાએ વિચાર કરવો, તે નિશ્ચય દૃષ્ટિ.

અન્ય નિમિત્તથી અસ્તિત્વમાં આવેલા અને કિંચિત્કાલીન એવા વૈભાવિક સ્વરૂપની દૃષ્ટિએ વિચાર કરવો તે વ્યવહાર દૃષ્ટિ. ત્રૈકાલિક, સ્વાભાવિક ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિએ આત્મતત્ત્વનો વિચાર તે નિશ્ચય દૃષ્ટિ. કર્મ સંયોગજનિત અપૂર્ણ મતિ આદિ જ્ઞાનની દૃષ્ટિએ તથા કષાયાદિક ભાવોની દૃષ્ટિએ આત્મતત્ત્વનો વિચાર કરવો, તે વ્યવહાર દૃષ્ટિ એમ કહેવાય છે.

(3) અનુપચરિત - ઉપચરિત : વસ્તુનું જે કાંઈ અનુપચરિત વાસ્તવ સ્વરૂપ તે નિશ્ચયનો વિષય. ઉપચરિત કે અવાસ્તવ સ્વરૂપ તે વ્યવહારનો વિષય. વૈભાવિક અને અપૂર્ણ છતાં મતિ અને શ્રુતજ્ઞાન વાસ્તવ હોવાથી અનુપચરિત છે. પુસ્તક - પોથી જેવા જ્ઞાનનાં સાધનોને જ્ઞાન કહેવું તે ઉપચરિત કે અવાસ્તવ છે. વ્યવહારને અસત્ અભૂતાર્થ કહ્યો છે, તે મિથ્યા અર્થમાં નહિ. વળી વ્યવહારના બધા જ વિષયો અવાસ્તવ નહિ પણ પોતાનું અસ્તિત્વ ધરાવે છે. અસત્નો અર્થ અંતિમ સત્ કે પરમાર્થ નહિ તેટલો જ કરવો જોઈએ, અથવા અસ્તિત્વમાં નહિ તેમ નહિ.

જ્યાં આચાર, ચારિત્ર કે સાધનાને અનુલક્ષીને નિશ્ચય

તથા વ્યવહાર શબ્દનો પ્રયોગ કરાય છે,
ત્યાં વિવક્ષા નીચે મુજબ છે:

(૧) અંતિમ સાધ્ય તે નિશ્ચય. પૂર્ણ આત્મ શુદ્ધિ એ અંતિમ સાધ્ય છે તેમ તે નિશ્ચયનો વિષય છે. તેને સિદ્ધ કરનારા તપ, જપ આદિ બાહ્ય અને પ્રાયશ્ચિત, ધ્યાન આદિ આંતરસાધનો એ વ્યવહારના વિષય છે.

(૨) વ્યવહાર માર્ગ અંતિમ કે પરમ સાધ્ય નથી એટલા પૂરતો તેને અભૂતાર્થ કહેવાય અથવા એ સાધનોનો ઉપયોગ અંતિમ સાધ્યની સિદ્ધિ માટે કરવામાં ન આવે, તો તે મિથ્યા કે હેય ગણાય છે.

(૩) વ્યવહાર એ બિલકુલ અસત, મિથ્યા કે હેય છે અને નિશ્ચય એ જ માત્ર પરમ સત અને ઉપાદેય છે, એવી માન્યતા એકપાક્ષિક છે. સદ્ગુણવર્ધક બધા જ વ્યવહારો અંતિમ સાધ્યના આવશ્યક સોપાન છે, આત્મશુદ્ધિમાં ઉપકારક છે, માટે ઉપાદેય છે.

સંસાર એટલે સતત ગતિ, નિત્ય બદલાતો અને વહેતો પ્રવાહ. ગમનશીલ સંસારે આચાર - વિચારમાં ફેરફાર થયા જ કરે છે. પ્રગતિ એટલે અહર્નિશ નૂતન સર્જન. બહાર કે અંદર સંહાર વિના સર્જન નથી.

## નિશ્ચય મતની સમજણ

મોક્ષ તત્ત્વ ધ્યેય છે. અન્ય ૮ તત્ત્વો પરસ્પર વિરોધી છે. જીવ - અજીવ, પુણ્ય - પાપ, આસ્રવ - સંવર, બંધ-નિર્જરા - આમાં ધર્મ નામે કોઈ તત્ત્વ નથી. પાપનું વિરોધી હોવાથી પુણ્ય જ ધર્મનું કારણ બને છે. પુણ્ય શબ્દનો અર્થ જ 'પવિત્ર' એવો થાય છે. પવિત્ર કર્મ કરતાં કરતાં ધર્મ પ્રગટ થાય તેમાં કાંઈ આશ્ચર્ય નથી. જુલાબ સ્વયં સ્વાસ્થ્ય નથી પણ સ્વાસ્થ્ય માટે ઉપયોગી છે, તેમ પુણ્ય સ્વયં ધર્મ નથી પણ ધર્મ માટે જરૂરી છે. જીવનનાવને મોક્ષ કિનારે લાવવા માટે પુણ્ય અનુકૂળ પવન છે, પાપ પ્રતિકૂળ પવન છે. આસ્રવ એ નાવનાં છિદ્રો છે, છિદ્રોને પૂરવા તે સંવર છે. નાવમાં પાણી ભરાવું તે બંધ અને બહાર કાઢવું તે નિર્જરા. નાવને કિનારે લાવવા તે મોક્ષ અને સમુદ્રમાં ફેરવવા તે સંસાર.

પુણ્ય અને પાપને એકાંતે આસ્રવમાં ગણી હેય બતાવવા તે વિવેક વિનાનો દુરાગ્રહ છે. પુણ્યને વિષ સમાન લેખીને પાપની પંક્તિમાં મૂકવું, તે પાપને ઉત્તેજન આપવા બરાબર છે. જમીન પર ચાલતાં કોઈ પડી જાય તો તે જમીનનો જ ટેકો લઈને ઊભો થાય છે. પાપકર્મના

કારણે જીવ પડે તે પુણ્યકર્મની સહાયથી જ પાછો ચડે છે. અશુભ કર્મોનો નાશ શુભ કર્મો વડે જ થઈ શકે છે. કષાયોથી પોતે બચવું તે નિશ્ચય દયા છે તથા બીજા જીવોનું રક્ષણ તે વ્યવહાર દયા છે. ભગવાને નિશ્ચય અને વ્યવહાર બંનેનો ઉપદેશ આપ્યો છે. અનેકાંત સિદ્ધાંતનો આધારસ્તંભ જ વ્યવહાર-નિશ્ચય બંનેને સમાન ઉપકારક માનવા તે છે. રેલ્વેના બંને પાટા કોઈ દિવસ એક બીજાને મળવાના નહિ, છતાં ગાડી તો બંને પાટાના આધારે જ ચાલે છે. વલોણું વલોવતી વખતે

ચતુર સ્ત્રી દોરીનો એક છેડો ખેંચે છે,

ત્યારે બીજો છેડો ઢીલો મૂકે છે પણ છોડી દેતી નથી ત્યારે જ માખણ મેળવે છે. બે હાથ વડે જ તાળી પડે.

परस्परोपग्रहो जीवानां ।

अधिकरणं जीवाजीवाः ॥

જીવ જીવને ઉપકારક છે, એટલું જ નહિ પણ અજીવ પણ ઉપકારક છે. અજીવની સહાયતા વિના જીવતત્ત્વ કાંઈ કરી શકે નહિ. આપણી અવસ્થાઓ વીતરાગના જ્ઞાન અનુસાર નહિ, પરન્તુ જેવી અવસ્થા આપણી હશે,

તેવી વીતરાગના જ્ઞાનમાં પ્રતિબિંબિત હશે.

વિશ્વપ્રેમ આદિ લક્ષણોને મોક્ષમાર્ગમાં બાધક માનવા એ ભયંકર ભ્રમ છે. આ લક્ષણો પ્રારંભે વ્યક્તિગત સ્વાર્થથી મુક્ત કરે છે અને ફળસ્વરૂપે મુક્તિ પણ પ્રાપ્ત કરાવે છે. જેમ વૃક્ષના મૂળમાં જળ છે અને ફળમાં પણ જળ છે તેમ વિશ્વપ્રેમના મૂળમાં પણ મુક્તિ છે,

વિશ્વપ્રેમના ફળમાં પણ મુક્તિ છે.

નાવને ત્યારે જ છોડી દેવાય, જ્યારે કિનારે પહોંચી જવાય. વ્યવહાર ત્યારે જ છોડી શકાય, જ્યારે નિશ્ચયની પ્રાપ્તિ થઈ જાય. કોઈ જીવ કોઈ માટે કંઈ કરી શકતો નથી, એવો ઉપદેશ જનમાનસમાં પીડીતો, શોષિતો પ્રતિ ઉપેક્ષાવૃત્તિ પેદા કરશે, ઉત્તરદાયિત્વનું ભાન ઉડી જશે, જનતા અકર્મણ્યતા તરફ ઢળશે. સર્વસત્તાવાદની વિકૃત માન્યતાઓ નિયતિવાદ રૂપી રોગનું પોષણ કરશે ને પુરુષાર્થભાન મંદ પડી જશે. પ્રાચીન કે નવીનનો આગ્રહ ન રાખતાં સમીચીન ધર્મનું સેવન જ સર્વતોમુખી વિકાસ કરી શકે. 'હું શુદ્ધ ચૈતન્ય છું, અજરઅમર છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું, મન-બુદ્ધિ કે પ્રાણ નહિ પણ સર્વ દૃશ્ય પદાર્થોનો સાક્ષી છું તેમ પદાર્થરૂપે પણ છું' એવો જેનો અનુભવજન્ય નિશ્ચય છે, તે મહાત્યાગી છે.

## ઇચ્છાશક્તિની મર્યાદા

કહેવાય છે કે ઇચ્છા એ કાર્યની જનની છે. જેની ઇચ્છાશક્તિ બળવાન છે, તે મહાન કાર્ય કરી શકે છે. મહાન વીરો અને વીરાંગનાઓનો ઇતિહાસ એટલે અદમ્ય ઇચ્છાશક્તિનો જ ઇતિહાસ. સંસાર એટલે પ્રવૃત્તિ અને પ્રવૃત્તિ એટલે ઇચ્છાશક્તિનું પરિણામ. આ બધું સ્વીકારી લઈએ તો એમ માનવું પડે કે ઇચ્છાશક્તિની પ્રબળતા ઉપર જ સાંસારિક સફળતા અવલંબી રહે છે, કિન્તુ શું ખરેખર એવું છે? આપણામાં એક એવી શક્તિ પણ રહેલી છે કે જે આપણી ઇચ્છા પ્રમાણે કામ કરતી નથી. હૃદય ધબકે છે, ફેફસાં સંકોચ - વિકાસ પામ્યા કરે છે, ખોરાક પચે છે, શરીરની વૃદ્ધિ થાય છે અને એવી અનેક ક્રિયાઓ થયા કરે છે. તે બધું કરનાર શક્તિ ઇચ્છાને ક્યાં અનુસરે છે? નથી આપણે આ ક્રિયાઓને અટકાવી શકતા નથી કે તેમને અટકે ત્યારે ઇચ્છાથી ચાલુ કરી શકતા. આપણા જીવનને ચલાવવાના ઉપકારક રજુઓથી તે ચાલ્યા કરે છે. આપણી બુદ્ધિ કે દેખાતી કોઈની બુદ્ધિ તેમનું સંચાલન કરતી નથી, પરંતુ તેમાં

અવસ્થા, સમજ સાથે હોય તો સ્પષ્ટ રહેલાં છે. એ સંચાલકશક્તિ આપણને આધીન નથી, તેમ આપણાથી પૂર્ણપણે અલગ પણ નથી. આખરે એ શક્તિ કોણ?

કોઈ તેને અપ્રજ્ઞાત મન કહે છે,

કોઈ કુદરત તો કોઈ ભગવાન કે સ્વયંભૂ કળા કહે છે. સંપ્રજ્ઞાત જાગતી સર્વ પ્રવૃત્તિઓ પણ ક્યાં આપણા પૂર્ણ કાબુ નીચે છે? ભૂખ લાગે કે ખાધા વિના ચાલતું નથી. ઊંઘને રોકવા ધારીએ તો યે ભાગ્યે જ રોકી શકાય. ક્રોધ પણ કાબુ બહાર જાય છે. સ્મરણ-શક્તિ પણ ઘણીવાર ઇચ્છાને ગાંઠતી નથી. કાંઈ ધાર્યું કરવા જઈએ તો કરી શકતા નથી. અમુક ગાવા જઈએ ને બૂરા જ સ્વરો નીકળવા લાગે. ભલે કે કોઈના ખેંચાણ ખેંચાઈને આપણે પ્રવૃત્તિ કરતા હોઈએ અને તે પ્રવૃત્તિઓ ઇચ્છાને આધીન નહિ પણ નિયમોને આધીન હોય તેમ લાગે છે. ઊંઘને રોકવા માટે આહાર-શ્રમ ઘટાડવા પડે. ક્રોધને ખાળવા ઉશ્કેરણીનાં કારણો ટાળવા પડે. એકલી ઇચ્છા સફળ થતી નથી.

ઇચ્છાને નિશ્ચિત માર્ગોએ

કામ કરવાનું બંધન તો આખરે રહે જ છે.

પછી તે ઇચ્છા પણ ક્યાં તદ્દન મુક્ત છે? તે પણ આપણા શરીર, મન અને પ્રકૃતિની જરૂરિયાતોમાંથી જન્મે છે. તૃષા લાગે ત્યારે પાણી પીવાની ઇચ્છા થાય, ગરમી પડે ત્યારે પંખો નાખવાની ઇચ્છા થાય, કોઈનું દુઃખ જોઈ ન શકાય એટલે દયા, દાન કરવાની ઇચ્છા થાય, સામે કોયડાઓ આવે ત્યારે ઉકેલવાની ઇચ્છા થાય, મનમાં જિજ્ઞાસા થાય ત્યારે શોધખોળ ચલાવવાની ઇચ્છા થાય. એવું પણ બને કે આપણી ઘણી ઇચ્છાઓ આપણને ન ગમે અને તેમને દબાવવાની ઇચ્છા પણ થાય. કોઈવાર અમુક ઇચ્છાઓ થવા જોઈએ અને થતી નથી એવું જાણીને એ ઇચ્છાઓ કરવાની ઇચ્છા થાય. આવી ઘણી વિચિત્રતાઓ જોતાં આશ્ચર્યમુગ્ધ થઈ જવાય છે. આપણે મૂંઝાઈએ છીએ કે આ બધું શું? આપણે અને આપણી ઇચ્છાઓ તે શું છે? અંતે છેવટે ભાન થતાં અપ્રજ્ઞાત, અર્ધપ્રજ્ઞાત અને સંપ્રજ્ઞાત બધી પ્રવૃત્તિઓમાં રહેલો અનિવાર્ય સંબંધ - કુદરતનો અને કર્મનો અકાટ્ય નિયમ સમજાય છે. આપણી પ્રકૃતિ અને વ્યક્તિ એ વિશ્વની વ્યાપક અને પૂર્ણ પ્રકૃતિનું એક મોજું છે,

એવી પ્રતીતિ થતી જાય છે. આપણું વ્યક્તિજીવન આપણામાં રહેલા પરમ જીવનના પ્રાગટ્ય અને અનુભવ માટે છે ને એ પરમ જીવન પણ આપણા પુરતું મર્યાદિત નહિ, તે તો વિશ્વના સર્વ જીવનમાં વ્યાપ્ત છે. આ સત્યનો સાક્ષાત્કાર થયા પછી જ વ્યક્તિગત ઇચ્છા પરમેષ્ઠિની ઇચ્છા સાથે તાલ દેવા લાગે છે અને વિશ્વના અગાધ ભલામાં ભાગીદારી કરી પોતાની વ્યક્તિગત ઇચ્છા સફળ કરે છે. માત્ર ઇચ્છાઓ કરવાથી તો પ્રવૃત્તિઓની જ જાળ ઊભી થવાની. સત્ય ઇચ્છાઓ વિના સમાધાન, શાંતિ અને આનંદ મળવા દુર્લભ છે. શાંતિ કેવળ રોચક - મનનું રંજન કરવા માટેની શક્તિ નહિ કિન્તુ તે તો તારક, પ્રેરક અને રક્ષક શક્તિ છે. શાંતિની ખરી શક્તિ અહીં છે. યોગીઓ જીવન, જગતને માયાથી પર જઈ નિરંજન-નિરાકાર સાથે તાદાત્મ્યની અનુભૂતિની ચરમ સીમા પર પહોંચે છે, કારણકે તેઓમાં શાંતિ વ્યાપેલી રહે છે.

પ્રત્યેક શાંતિપૂર્ણ સદ્વિચારને
આકાર આપવા માટે પ્રકૃતિ મથી રહી છે.
આપણે તો માત્ર તેને અનુકૂળ થવાનું છે.

Borsan near Patan (N. Gujarat)

મહા વદી 3, સં. 2002, મંગળવાર, 19-2-1946

ધર્મરત્ન પ્રકરણ

ક્ષુદ્ર - તુચ્છ, ક્રૂર, દરિદ્ર, લઘુ, અગંભીર, ઉત્તાનમતિ,
અનિપુણ બુદ્ધિ ધર્મ સાધી ન શકે,
કારણકે ધર્મ સૂક્ષ્મમતિ વડે સાધ્ય છે.
અક્ષુદ્ર - સૂક્ષ્મદર્શી, સુપર્યાલોચિતકારી
તથા ધર્મગ્રહણને યોગ્ય છે, અધિકારી છે.

રૂપવાન - સંપૂર્ણ અંગોપાંગ, શરીરસામર્થ્ય, સુંદર આકૃતિ, સુસંઘયણ, સુસંસ્થાન પ્રભાવનાહેતુ ધર્મોન્નતિનું કારણ છે. રૂપ બે પ્રકારનું: સામાન્યને અતિશાયિ. જે દેશ, કાળ કે વયમાં 'આ રૂપવાન છે' એવો પ્રત્યય ઉત્પન્ન કરે, તે રૂપવાન ગણાય. દા.ત. વજ્ર સ્વામી, આર્યસતી ચંદના.

સૌમ્ય - સૌમ્ય સ્વભાવ, અભીષણાકૃતિ, વિશ્વસનીય રૂપ, અક્લેશારાધ્ય, ઉપશમકારણ સુખસેવનીય હોય છે. આક્રોશ, વધાદિ કે હિંસા, ચૌર્યાદિમાં તે પ્રવૃત્ત થતો નથી.

જનપ્રિય - ઈહલોક વિરૂદ્ધ - પરનિંદાદિ, પરલોક વિરૂદ્ધ - ખરકર્માદિ, ઉભયલોક વિરૂદ્ધ - દ્યૂતાદિ કરતો નથી ને દાન, વિનય, શીલ તથા બાળને ધર્મબહુમાન ઉત્પન્ન કરે છે.

અક્રૂર - ક્રૂર, ક્લિષ્ટ લબ્ધ, ક્રોધાદિ દૂષિત પરિણામ,
પરછીદ્રાવલોકન (પટુ) લંપટ, કલુષિતમતિ, ક્રોધાંધ, મોહાંધ,
તપ, શાસ્ત્ર, વિનય, પૂજા સંક્લિષ્ટને અત્રાણ છે,
ઉપરાંત વિફલ છે. પરદોષૈકગ્રહણાદિ એ જ ક્રૂરતા છે.

પાપભીરૂ - ઈહલોક અપાય - રાજનિગ્રહાદિ
પરલોક અપાય - નરકગતિગમનાદિ
અપયશ કલંક - કુલમાલિન્ય હેતુથી ભીરૂ હોય.
એક વખત કરેલ વધ, મારણ, અભ્યાખ્યાન, દાન,
પરધન વિલોપન વગેરે સર્વ પાપોનો
સર્વ જઘન્ય ઉદય દશ ગુણો હોય છે.

અશઠ - તેઓ વિશ્વસનીય તથા પ્રશંસનીય હોય છે.

यथा चित्तं तथा वाचो यथा वाचस्तथा क्रिया ।
धन्यास्ते त्रितये येषां विसंवादो न विद्यते ॥१॥

અર્થાત્: જેવું મનમાં તેવું વચનમાં અને
જેવું વચનમાં તેવું ક્રિયામાં હોવું જોઈએ.
જેઓને આ ત્રણેમાં વિસંવાદ નથી, તે ધન્ય છે.
ભાવસાર ઉદ્યમ કરે, કિન્તુ પરરંજન માટે નહિ.

० भूयांसो भूरिलोकस्य, चमत्कारकरा नराः ।
रञ्जयन्ति स्वचित्तं ये भूतले ते तु पञ्चषाः ॥
(પરિશિષ્ટ-૧૨)

દાક્ષિણ્ય - પરિત્યક્તાત્મ - પ્રયોજન પ્રવૃત્તિ, ગ્રાહ્ય વાક્ય,
અનુલ્લંઘનીયાદેશ, અનુવર્તનીય, અભીષ્ટચેષ્ટિત,
આલોકપરલોકોપકારિ પ્રયોજનને વિષે દાક્ષિણ્યવાન.

લજ્જાળુ - અકાર્યત્યાગી, સદાચારસ્થિત,
અંગીકૃતઅત્યાગી, સુકુલોત્પન્ન, ધર્માધિકારી.

દયાળુ - અહિંસા સત્ય આદિ વિચારાચાર - તપ -
વૈયાવચ્ચાદિ સદનુષ્ઠાન સિદ્ધે - સફળ છે.

ન સા દીક્ષા ન સા ભિક્ષા ન તત્સ્નાનં ન તત્તપઃ ।
ન તદ્દાનં ન તદ્ધ્યાનં દયા યત્ર ન વિદ્યતે ॥ અર્થાત્ઃ
જેમાં દયા નથી, તે દીક્ષા - ભિક્ષા - સ્નાન - તપ - દાન
કે ધ્યાન કાંઈ નથી અર્થાત્ દયા વિના બધું નિષ્ફળ છે.
દયાશીલ હોય તે જ ઈર્યાસમિતિ, પ્રત્યુપેક્ષણાદિમાં
સુખપૂર્વક જોડી શકાય છે. માટી વિના જેમ કુંભ નથી
અને જળ વિના જેમ અંકુર નથી,
તેમ દયા અને જીવરક્ષણ વિના નિર્મળ ધર્મ નથી.

મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ - પક્ષપાતવિકલ - પ્રદ્વેષાભાવવતી દૃષ્ટિ,
અરક્તાદ્વિષ્ટતા, સગુણ તથા નિર્ગુણ
અલ્પગુણ - બહુગુણવાળા ધર્મને જાણી શકે છે,
ગુણોને લઈ શકે છે તથા દોષોને છોડી શકે છે.

ગુણરંજીત - ગુણવાનનો બહુમાની,
ધન્ય, કૃતપુણ્ય, સુલબ્ધજન્મ, નિર્ગુણની ઉપેક્ષાવાળો.
'शत्रोरपि गुणा ग्राह्या दोषा वाच्या गुरोरपि ॥'
એ નીતિવાક્ય ધર્મીજન ઉચિત નથી.
कालंमि अणाईए अणाइ दोसेहि वासिए जीवे ।
जं पाविज्जइ गुणोवि हु तं मन्ने हं महच्छरियं ॥ અર્થાત્:
અનાદિકાળથી અનાદિ દોષો વડે વાસિત જીવ જો ગુણને
પ્રાપ્ત કરે, તો તે મહાઆશ્ચર્ય છે - એમ હું માનું છું.
સત્ત્વ - સદસદ્વસ્તુ પરિજ્ઞાન
- અજ્ઞાનધ્વાન્તાન્તકારિ - વિવેકરત્નયુક્ત.
સત્-અસત્ વસ્તુનું જ્ઞાન, અજ્ઞાન રૂપી અંધકારનો અંત
અને વિવેકરત્નથી યુક્ત હોય, તે સત્ત્વ ગુણવાળો છે.
o સૂક્ષ્મ - युक्तिशतोपेतं सूक्ष्मबुद्धिकरं परं । सूक्ष्मार्थ
(दृष्टि)दर्शिभिर्दिष्टं श्रोतव्यं बौद्धशासनम् ॥ (પરિશિષ્ટ-૧૩)
આ તથા સ્ત્રી, ભક્ત, દેશ, રાજ, મૃદુ કારુણિકી,
દર્શનભેદિની, ચારિત્રભેદિની વિકથા ન જોતે.
સુપક્ષયુક્ત - અનુકૂળ, ધર્મવિઘ્નઅકારી, ધર્મશીલ,
ધાર્મિક, સદાચારી, પ્રોત્સાહક, સહાયકર્તા, ધર્મના દરેક
પ્રવર્તનમાં પ્રેરણાને અભિયોગ નહીં પણ અનુગ્રહ માને.

રાજવિરુદ્ધાદિ કૃત્યપરિહારી, ધર્મલાઘવનો હેતુ ન થાય.
દીર્ઘદર્શી - દીર્ઘપરિણામી, સુંદર કાર્યનો આરંભ કરે.
બહુલાભ, અલ્પક્લેશ, આયતિ સુખાવહ કાર્યને કરે.
પારિણામિકી બુદ્ધિથી સુંદર પરિણામવાળું કાર્ય કરે.
વિશેષજ્ઞ - વસ્તુના ગુણદોષને જાણે. સચેતન, અચેતન
કે ધર્મ-અધર્મના હેતુભૂત દ્રવ્યોના ગુણ-દોષને જાણે.

તેમની પક્ષપાતરહિતતા માટે કહ્યું છે કે:

आग्रही बत निनीषति युक्तिं
तत्र यत्र मतिरस्य निविष्टा ।
पक्षपातरहितस्य तु युक्तिर्यत्र
तत्र मतिरेति निवेशम् ॥ (परिशिष्ट-१४)

વૃદ્ધાનુગ - પ્રશમ પરિણતબુદ્ધિ, પરિપક્વમતિ અને પરિણામ સુંદરમતિવાળા પાપાચારમાં પ્રવર્તતો નથી.

ગુણ - દોષ સંસર્ગજ છે.

ઉત્તમજનનો સંસર્ગ શીલદરિદ્રને પણ શીલાઢ્ય બનાવે છે.
વિનય - વિનયથી જ્ઞાન, જ્ઞાનથી દર્શન, દર્શનથી ચરણ, ચરણથી મોક્ષ અને મોક્ષથી અનાબાધ સુખ મળે છે.
કૃતજ્ઞતા - માતા - પિતાથી માંડીને ધર્મદાતાર ગુરુનું બહુમાન કરે અને વળી તેમને પરમોપકારી માને.

ગુરુની ઉપકારિતાને જાણનારો નિર્ભર્ત્સિત થાય તો પણ કોપ કરતો નથી, અપમાન માનતો નથી, વિનય-હાનિને કરતો નથી કે વંચના પરિણામ ધારણા કરતો નથી.

પરહિતાર્થકારી - સ્વભાવથી જ પારકાનું હિત કરવાને તત્પર અને યથાવત્ ધર્મતત્ત્વને જાણનારો હોય છે.

ગીતાર્થભૂત - અગીતાર્થને પરોપકારનો નિષેધ છે.

પરોપકારી નિરીહ ચિત્તવાળો જોઈએ.

લોકમાં શ્રુત તથા તપ શ્રેષ્ઠ છે.

તે જ જો સ્પૃહાસહિત હોય તો તૃણ સમાન થઈ જાય.

परोपकारैकरतिर्निरीहता
विनीतता सत्यमतुच्छचित्तता ।
विद्याविनोदोऽनुदिनं न दीनता
गुणा इमे सत्त्ववतां भवन्ति ॥१॥ (परिशिष्ट-१५)

લબ્ધલક્ષ્ય - લાભાવરણની મંદતાથી લબ્ધનો ભેદ. 'લબ્ધ' એટલે પ્રાપ્ત કર્યું છે લક્ષ્ય એટલે શિક્ષણીય અનુષ્ઠાન. પોતાને અન્ય શીખવનારને ક્લેશ કે કંટાળો ઉપજાવ્યા વિના જાણી લે. વંદન, પ્રત્યુપેક્ષણાદિ સમસ્ત ધર્મકરણીને દક્ષ - સુશાસનીય, સુખશિક્ષણીય, સ્તોકકાળમાં શિક્ષાનો પારગામી થઈ શકે.

ડીસા, આસો વદી ૬

(૧) મસ્તકથી ચરણને નમવાનું - એનો અર્થ જ્ઞાનને આચરણમાં મૂકવાનું. જે જ્ઞાન આચરણમાં મૂકાય એ જ સાર્થક છે. તેથી જ્ઞાન અન્ય અપેક્ષાએ પૂજ્ય છતાં જૈન શાસનમાં પૂજનીય તો આચાર જ છે. આચારવાન પરમેષ્ઠિઓને તેથી જ આ નવકાર મંત્રમાં નમસ્કાર છે.

(૨) પશુ અને મનુષ્યમાં તફાવત પાડનાર બુદ્ધિ, સમજણ-શક્તિ વગેરે લોકમાં કહેવાય છે પણ જૈન શાસન એથી આગળ વધે છે ને કહે છે કે સુપાત્રદાન એ જ મનુષ્યને પશુ કરતાં શ્રેષ્ઠ બનાવનાર છે. તિર્યંચોને ૧૨ વ્રત હોય છે પણ બારમું તો મનુષ્યોને જ હોય છે. સુપાત્રદાનનો આ મહિમા અપાર છે. એક જીવને અભય આપનાર મેરુથી પણ અધિક સુવર્ણનું દાન આપનાર કરતાં ચઢી જાય છે, તો પછી જેઓ ષટ્કાયની નિરંતર રક્ષા અને અભય આપે છે, તેઓનું મૂલ્ય કેટલું?

સુપાત્રને દેનાર એ પુણ્યનો ભાગીદાર થાય છે, તેથી મનુષ્યમાં વિવેક ઉપરાંત સુપાત્રની ભક્તિ કરવાનું સામર્થ્ય, સન્માન આપવાનું સામર્થ્ય એ સાચી વિશેષતા છે.

(3) નમસ્કારમાં પુણ્ય અને નિર્જરા ઉભય છે. સન્માનનું દાન એ પુણ્યનો હેતુ છે. ગુણી પ્રત્યે નમ્રતા રૂપી વિનય એ નિર્જરાનો હેતુ છે. વિનય એ તો અભ્યંતર તપ છે, તેથી બારસામાં પ્રભુ જે શ્રુત મૂકી ગયા, તેમાં સૌથી ઉત્તર એટલે શ્રેષ્ઠ ઉત્તરાધ્યયનના નામે પ્રસિદ્ધ છે. તેનું પહેલું અધ્યયન પણ વિનય છે.

વિનય એ તપ હોવાથી નિર્જરાનું કારણ છે,
તે દાન હોવાથી પુણ્યબંધનો હેતુ પણ છે.

(૪) ગાયત્રીનો મહિમા બુદ્ધિ આપવાના કારણે છે. ગાયત્રી વેદોની માતા છે, તે એના સાધકને બુદ્ધિયોગ આપે છે. જૈનોની માતા તે અષ્ટ પ્રવચનમાતા છે. તે પ્રવચનની - દ્વાદશાંગીની જનેતા છે એટલે પ્રવચન માતા આચારને શીખવે છે. પહેલું અંગ પણ આચારાંગ છે. આચારશૂન્ય બુદ્ધિ નિષ્ફળ છે, તેથી આચાર એ પ્રધાન ધર્મ છે. આચારવાનને બુદ્ધિ મળે, તે સ્વપરોપકારક છે. તેટલો વેદાન્તમાં અને જિનાગમમાં તફાવત છે.

(૫) અન્ય ગ્રન્થોમાં ભાગવત શ્રેષ્ઠ છે. તેનો રચનાર વ્યાસથી બુદ્ધિવાન કોઈ થયું નથી. તેના ગુરુ નારદ છે. ઋષભદેવના પુત્ર પાસેથી નારદે ભાગવતનું જ્ઞાન લઈ વ્યાસને આપ્યું, જે તેમણે જગતને આપ્યું.

ભાગવતમાં ઋષભદેવને 'પરમહંસ' કહ્યા છે,
તે પરંપરામાં થયેલાને હંસનું ઉપનામ છે.
'હંસ' એટલે વિવેકી - ભેદજ્ઞાની - સંયમી.

(૬) પાલનપુર થઈને ડીસા આવનારને નવી દિશા મળે છે, નવો દિવસ ઉગે છે એટલે પાલનપુર થઈને આવવું પડે છે, તેથી ત્યાં રહેલા પ્રભુ શ્રી પ્રહ્લાદન-પાર્શ્વનાથ તરફથી રક્ષણ થવાની બાંહેધરી મળે છે. માત્ર ડીસાના ડ ને બદલે દ થવો જોઈએ. ડ ને ઢ ની સાથે સંબંધ છે અને દ ને ત ની સાથે સંબંધ છે. લાગણી કોમળ બનાવવા જોઈએ. સદ્વસ્તુને ગ્રહણ કરવા યોગ્ય અંતઃકરણ બનાવવું એ પોતાની ફરજ છે. એવા અંતઃકરણવાળાને પાલનપુર થઈને ડીસા આવવાથી નવી દિશા મળવાની સાથે રક્ષણની ખાત્રી પ્રાપ્ત થાય છે. નમસ્કારની કિંમત પરમેષ્ઠિ કરતાં પણ અધિક છે, એવી સમજણ અંદર ઉગવી,
તે નવી દિશા હાથ આવવા બરાબર છે.

◎ સરલ વિશ્વાસપૂર્વક જે ભગવાનનું નિત્ય સ્મરણ કરે છે, તેને પ્રભુકૃપાથી બુદ્ધિયોગ મળે છે. એ મળ્યાં પછી અનિત્યની પાછળ નિત્ય તત્ત્વ રહેલું દેખાય છે.

(૭) રાજે તે રાક્ષસ અને દે તે દેવ.

(૮) વેદાન્તનું શિક્ષણ જાણે 'દકાર' ઉપર છે. આગમનો ભાર જાણે 'અકાર' ઉપર છે. દેવોને દમ, માનવોને દાન અને દાનવોને દયા, કેમ કે દેવોને ભોગ અધિક છે, માનવોને માન અધિક છે, દાનવોને ક્રોધ અધિક છે. દમન કરતાં શમન શ્રેષ્ઠ છે અને તે અનેકાન્ત વડે સુખપૂર્વક થઈ શકે છે. દાન કરતાં અપરિગ્રહ અને દયા કરતાં અહિંસા વધે છે. ભગવાન મહાવીર અહિંસક હતાં તે જ તેમની દયા હતી, અપરિગ્રહી હતાં તે જ તેમનું મોટું દાન હતું, અનેકાન્તી હતા, તે જ મોટું દમન હતું.

(૯) ગમ્યાગમ્યનો વિવેક તે પશુમાંથી મનુષ્ય બનાવે છે. ભક્ષ્યાભક્ષ્યનો વિવેક તે જનમાંથી મહાજન બનાવે છે. કૃત્યાકૃત્યનો વિવેક તે મહાજનમાંથી સજ્જન બનાવે છે. પુણ્યાપુણ્યનો વિવેક તે સજ્જનમાંથી જૈન બનાવે છે. વિરતિ અને અવિરતિનો વિવેક તે જૈનમાંથી શ્રાવક બનાવે છે. સર્વવિરતિ એ શ્રમણ બનાવે છે અને અપ્રમત્ત ભાવ તથા શુક્લધ્યાન તે શ્રમણમાંથી ભગવાન બનાવે છે. ગમ્યાગમ્યનો વિવેક = માતા ભગિનીનો વિવેક, ભક્ષ્યાભક્ષ્ય વિવેક = માંસ - મદિરાનો ત્યાગ,

કૃત્યાકૃત્ય વિવેક = ચોરીનું કૃત્ય તથા પરદારાનો ત્યાગ,
પુણ્યાપુણ્ય વિવેક = દેવ-કુદેવનો વિવેક, વિરતિ અને
અવિરતિનો વિવેક = પચ્ચક્ખાણ-અપચ્ચક્ખાણનો વિવેક.

(૧૦)સમ્યગ્દર્શન એકલાખથી અધિક છે, કેમકે તેમાં તત્ત્વરુચિ છે. દેશવિરતિ અણુવ્રતથી પણ અધિક છે, કેમકે તેમાં ૧૨ વ્રત છે. સર્વવિરતિ મહાવ્રતથી અધિક છે, કારણકે તેમાં તો મૂલોત્તર ગુણોનો સમાવેશ છે.

(૧૧)વિવેક સારા-નરસાનો વિભાગ કરી આપે છે.
આસ્તિક્ય સારાનો સ્વીકાર કરાવે છે.
વિવેક અતત્ત્વનો ઇન્કાર-સમ્યક્ત્વતત્ત્વનો સ્વીકાર છે.

(૧૨)હનુમાન કહે છે કે દેહભાવથી હું રામનો કિંકર છું, જીવભાવથી રામનો અંશ છું અને આત્મભાવથી રામથી અભિન્ન છું. આ અનેકાન્તનો જ એક પ્રકાર છે.

(૧૩) જો રામમાં લાગે તો મન હનુમાન છે અને
કામમાં મન લાગે, તો તે જ મન વાનર છે.

(૧૪)દુષ્ટ મન જેવો દુશ્મન મોક્ષમાર્ગમાં મળ્યો નથી.

(૧૫)ભગવાન મહાવીર શત્રુ-મિત્રમાં તુલ્ય વૃત્તિવાળા હતા. ઈસુ ખ્રિસ્ત દુશ્મન ઉપર દયા વૃત્તિવાળા હતા. દયાવૃત્તિ કરતાં પણ માધ્યસ્થ્યની વૃત્તિ ચઢિયાતી છે.

(૨૬)કરુણાવૃત્તિના ગ્રહણથી ગૌતમબુદ્ધ લોકપૂજ્ય છે, માધ્યસ્થવૃત્તિના ગ્રહણથી મહાવીર તેનાથી વધુ માન્ય છે. ટાગોર કરતાં શરદબાબુનું સાહિત્ય ઘણું વંચાય, છતાં શરદબાબુને પ્રેરણા રવીન્દ્રનાથના સાહિત્યમાંથી મળે છે.

(૨૭)દેહાત્મા દેહમાં પુરાયેલો છે, તે પશુ છે. મનુષ્ય કુટુંબમાં પોતાની મમતા વિસ્તારે છે, તેટલા અંશમાં પશુત્વ ઘટે છે. સ્ત્રી પુરુષમાં અને પુરુષ સ્ત્રીમાં પોતાપણું ધારણ કરે, પછી સ્ત્રી પુત્રમાં, પછી જ્ઞાતિ સ્વજનમાં, પછી પ્રાંત - રાષ્ટ્રમાં, પછી મનુષ્ય જાતમાં અને ત્યારબાદ સમગ્ર લોકમાં, પછી આત્મભાવમાં. આત્મભાવસ્થ પરમર્ષિ - વિશ્વભાવમાં રહેનાર સાધુ છે.

માનવજાતમાં પોતાપણું ધરાવનાર મહાત્મા છે.

નેહરુ અને ઝીણા રાષ્ટ્રાત્મા છે પણ મહાત્મા નથી.

સ્વજનજ્ઞાતિમાં કે પ્રાંતમાં અહં ધરાવનાર

જ્ઞાતિ કે પ્રાન્તનો આગેવાન છે. કુટુંબમાં અહંભાવ ધરાવનાર કુટુંબનો અને પત્ની - પુત્રમાં ધરાવનાર ઘરનો માલિક છે. દેહમાં અહંભાવ ધરાવનાર પશુ છે.

(૨૮)જૈન આચાર્યો સર્વ અર્થમાં સ્યાદ્વાદી છે. દાન, દયા, પૂજન, વૈરાગ્ય, ત્યાગ, સામાયિક આદિને અપનાવે છે.

(૧૯)મગફળીનું ફોતરું એ વ્યવહાર છે. મગફળી એ અશુદ્ધ નિશ્ચય છે. તેલ શુદ્ધ નિશ્ચય છે. વઘાર તેલથી થાય પણ મગફળી કે તેના છોતાંથી ન થાય. છોતરાં વિના મગફળી અને મગફળી વિના તેલનું અસ્તિત્વ ન હોય. ખાવા યોગ્ય ફળનો ગર્ભ છે પણ છાલ કે ગોટલી નહિ, છતાં ગોટલી કે છાલ વિના ફળનું અસ્તિત્વ પણ નહિ.

(૨૦)નવ પ્રકારનાં પુણ્ય અને ૧૮ પ્રકારનાં પાપ છે. એકેક પુણ્ય ભળે પાપનો નાશ કરે છે. અન્નદાનથી હિંસા અને અસત્ય, જળદાનથી ચોરી અને અબ્રહ્મ, વસ્ત્રદાનથી પરિગ્રહ અને ક્રોધ, સ્થાનદાનથી માન અને માયા, શયનદાનથી લોભ અને રાગ, મનદાનથી દ્વેષ અને કલહ, વચનદાનથી અભ્યાખ્યાન અને પૈશુન્ય, કાયાના દાનથી રતિ - અરતિ ને પરપરિવાદ અને નમસ્કારના દાનથી માયામૃષાવાદ અને મિથ્યાત્વશલ્યનો નાશ થાય છે. પાપ કરતાં પુણ્યની શક્તિ અધિક છે, તેમ ન હોય તો કોઈની પણ મુક્તિ થાય નહિ.

(૨૧)પાપ અને પુણ્ય આશ્રવ તત્ત્વથી ભિન્ન છે. પાપનો નાશ પુણ્યથી થાય છે માટે પુણ્ય ઉપાદેય છે. આશ્રવ હેય છે, કારણકે તે બંધનો હેતુ છે.

પુણ્ય ઉપાદેય છે, કારણકે તે પાપનો નાશક છે.
પુણ્યનાં કાર્ય અને બંધના હેતુરૂપ આસ્રવ નહિ.
પુણ્યના આશંસા એ આસ્રવ છે, તેથી સોનાની બેડી છે.
પુણ્યનાં કાર્ય એ તો પાપનો ઇલાજ છે, ઔષધિ છે.
રોગ રહે, ત્યાં સુધી ઔષધ લેવું જ જોઈએ.
ઔષધનું અભિમાન ન રહે છતાં સેવન રહે.
(૨૨)બાહ્ય તપ અભ્યંતર તપના હેતુરૂપે ગ્રાહ્ય છે.
અનશન પ્રાયશ્ચિત્તનો હેતુ છે.
ઉણોદરી વિનયનો, વૃત્તિસંક્ષેપ વૈયાવચ્ચનો, રસત્યાગ
સ્વાધ્યાયનો, કાયક્લેશ કાયોત્સર્ગનો અને સંલીનતા
એ ધ્યાનનો અંતરંગ હેતુ છે, માટે અનિવાર્ય છે.
બાહ્યતપની વિશુદ્ધિ અભ્યંતરતપની વિશુદ્ધિમાં પરિણમે.
(૨૩)ભક્તિ એ મુક્તિનું કારણ છે. ભક્તિનું કારણ
રાગ છે. રાગનું કારણ કર્મ છે. કર્મથી ચિત્તની
શુદ્ધિ થાય છે, તેથી રાગ અને તેથી ભક્તિ જાગે છે.
(૨૪)ગીતાગ્રંથ વાસનામુક્તિને ભક્તિનું કારણ માને છે,
જૈન ધર્મ ભક્તિને વાસનામુક્તિનું કારણ માને છે.
ભક્તિ એ બધા સાધનો કરતાં શ્રેષ્ઠ છે,
કારણકે તેમાં મન સતત જોડાયેલું છે.

મનને સતત જોડાયેલું રાખવા માટે ભક્તિ અપરિહાર્ય છે.
ભક્તિનું સાધન વિરક્તિ છે.
વિરક્તિ વિષયોની તુચ્છતા - અલ્પતાના ભાનથી થાય.
કર્તવ્યકર્મ કરવાથી અધ્યાત્મભાનના અધિકારી થવાય.
કર્તવ્ય કર્મને તરછોડનારનું ચિત્ત અશાંત રહે છે.
અશાંત ચિત્તમાં ભાન ઉગતું નથી.
(૨૫) અભ્યાસથી ભાન થાય છે. ભાનથી વૈરાગ્ય,
વૈરાગ્યથી ધ્યાન અને ધ્યાનથી સમત્વ આવે છે.
સમત્વપૂર્વક થતાં કાર્યકુશળ બને છે અને
તે સર્વ કાર્ય ભૂલ વિનાના થાય છે.
(૨૬) માનવતા એ સાધ્ય નથી પણ સાધન છે. સાધ્ય
પરમાત્મભાવ છે. વ્યષ્ટિભાવ કરતાં સમષ્ટિભાવ ચઢે
અને સમષ્ટિભાવ કરતાં પણ પરમેષ્ઠિભાવ ચઢે છે.
પરમેષ્ઠિભાવમાં સમષ્ટિ અને વ્યષ્ટિ -
બન્ને જણની સેવા આવી જાય છે.
(૨૭) વીતરાગની પૂજા એ દયા છે, કેમકે તેનાં
દર્શન કરવામાં છકાયની દયાના પરિણામ જાગે છે.
દયા, દાન અને ભક્તિને શુભરાગ માની
આસ્રવ તરીકે ગણાવવું એ મહામિથ્યાત્વ છે, કારણકે

તે રાગભાવ નહિ પણ વૈરાગ્યભાવ છે,
વળી તે મોહનો ઉદય નહિ પણ મોહનો ક્ષયોપશમ છે.

(૨૮) શુદ્ધ નિશ્ચયથી બંને દ્રવ્યો પૃથક્ હોવા છતાં જ્યાં સુધી પૃથક્ત્વ સિદ્ધ થતું નથી, ત્યાં સુધી અશુદ્ધ નિશ્ચયથી થતી વિભાવ પરિણતિને ટાળવા અતિશુદ્ધ વ્યવહારનું અવલંબન અનિવાર્ય છે. શરીરનું લાવણ્ય તેની ચામડીમાં છે, હાડકામાં નહિ, છતાં ચામડીનો તો આધાર હાડકાં જ છે. શુદ્ધ નિશ્ચય એ લાવણ્યના સ્થાને છે. અશુદ્ધ નિશ્ચય ચામડીના સ્થાને છે અને શુદ્ધ વ્યવહાર અસ્થિ વગેરેનાં સ્થાને છે.

(૨૯) જૈન મતે કોઈ પણ વસ્તુ નિર્ગુણ નથી. બધી વસ્તુ સગુણ છે, છતાં કહેવું હોય તો અલોકાકાશને નિર્ગુણ કહી શકાય, કારણકે અવગાહ દેવાનો ગુણ જેને હોય તે આકાશ. અલોકાકાશમાં કોઈ વસ્તુનું અવગાહન નથી તેથી તે નિર્ગુણ છે, બાકી બધી વસ્તુ સગુણ છે. ગુણના કારણે ગુણી પૂજનીક છે અને ગુણીના આધારે ગુણ ટકે છે. વન્દનાદિ વ્યવહાર ગુણને નહિ પણ ગુણીને જ થાય, છતાં ગુણી ગુણના કારણે જ પૂજનીક ગણાય. ગુણના ખ્યાલ વિના ગુણીનું

નમન અને વળી ગુણના નમન વિના ગુણની પ્રાપ્તિ
કરનારાઓનો થતો નથી. તેથી નવકાર અને સિદ્ધચક્ર
ઉભયની આવશ્યકતા છે. તે બંને પરસ્પર પૂરક છે.

(30) નવ તત્ત્વમાં ધર્મ તત્ત્વનું નામ નથી.
તેથી પુણ્ય તત્ત્વ એ જ ધર્મતત્ત્વ છે.

(31) સામાયિકમાં છ એ આવશ્યક રહેલાં છે અને
છ આવશ્યકમાં સંવર ને નિર્જરા તત્ત્વ સમાયેલાં છે.
સામાયિક, પ્રતિક્રમણ અને પચ્ચક્ખાણ સંવરરૂપ છે.
વર્તમાનકાળનો સંવર સામાયિક, ભૂતકાળનો સંવર
પ્રતિક્રમણ અને ભવિષ્યકાળનો સંવર પચ્ચક્ખાણથી
થાય છે. કાયોત્સર્ગ એ વર્તમાનકાળની નિર્જરા છે.
ચઉવિસત્થો એ ભૂતકાળની નિર્જરા છે અને
વંદન એ ભવિષ્યકાળની નિર્જરા છે.

(32) ધર્મમાં આક્રમણને સ્થાન નથી, કિન્તુ પ્રતિક્રમણને
છે. બીજાની ભૂલ જોવી તે આક્રમણ છે, પોતાની ભૂલ
જોવી તે પ્રતિક્રમણ છે. તુલસી, સુરદાસ, તુકારામ વગેરે
સંતોએ 'મોં સમ અધમ ખલ - કુટિલ ન કોઈ' વગેરે
વાક્યો વડે પ્રતિક્રમણ કર્યું છે. તેઓ જેવા કહે છે
તેવા પાપી ખરેખર હતા કે? જો નહિ તો અસત્યવાદનો

આશીષ આપી. જો હા તો અનધિકારીપણું પ્રાપ્ત થાય. તેનું સમાધાન એ છે કે થોડું પણ પાપ તેમને અસહ્ય લાગતું એટલી સૂક્ષ્મતા તેમણે પ્રાપ્ત કરી હતી. અકિંચન બન્યા હતા. દોષનો એકરાર એ જ ગુણની પ્રાપ્તિ કરાવનાર છે. ગુણની પ્રાપ્તિની તીવ્ર ઝંખના વિના

દોષનો એકરાર અંતરથી થતો નથી,

માટે ભગવાન મહાવીરનો ધર્મ સપ્રતિક્રમણ ધર્મ છે.

(33) જૈન શાસનમાં માફી માગવાની નથી, પરન્તુ તે આપવાની છે. 'મિચ્છામિ દુક્કડં'નો અર્થ 'મારા દુષ્કૃત મિથ્યા થાઓ' એમ કરવાનો નથી પણ 'મેં જે દુષ્કૃત કર્યું, તે મિથ્યા છે એવો હું દિલથી એકરાર કરું છું.'

સમ્યક્ત્વની આ ભૂમિકા છે.

દુષ્કૃત માત્રને હું મિથ્યા - ગર્હા કરવા યોગ્ય માનું છું, ભૂલની કબૂલાત કરું છું - મિથ્યાદુષ્કૃતનો રહસ્યાર્થ છે.

(34) મન, બુદ્ધિ આદિના અહંકાર ગળી ગયા પછી જે વચન નીકળે, તે પ્રવચનપ્રકૃષ્ટ વચન કહેવાય.

જિનોનું પ્રવચન છે તે સર્વહિત છે એટલે કે વેદ વિરોધી નથી પણ વેદના આધારે નથી, આત્માના આધારે છે. નિર્ગ્રન્થ પ્રવચનનો એક અર્થ એવો છે કે

જે પ્રવચનની પાછળ કોઈ ગ્રન્થનો આધાર નહિ પણ આત્મામાંથી પ્રગટેલા જ્ઞાનની છે. ગ્રન્થ કે વેદના આધારે વિધિનિષેધનું જ્ઞાન થાય પણ વિધિનિષેધથી પર એવું જ્ઞાન ગ્રન્થથી થતું નથી, આત્માથી થાય છે.

(૩૫)જ્ઞાનની ત્રણ ભૂમિકા છે: લઘુ, ગંભીર અને અગાધ. આધારવાળા જ્ઞાનને લઘુ છે, અનુભવજ્ઞાન ગંભીર છે, આત્મજ્ઞાન અગાધ છે.

(૩૬)ભક્તિ અને અનુકંપા એ સમકીતનાં લક્ષણ છે.

(૩૭)રામ અને કૃષ્ણ વગેરે અવતારી સમ્યક્ત્વની ભૂમિકા છે. અંતરથી વિરક્ત રહીને પ્રવૃત્તિ કરવી તે લોકગ્રાહ્ય છે. પાણીમાં રહીને તરવું એ વિકટ છે. કિનારે રહીને ન ડુબવા જેવી ક્રિયા તે સામાન્યપણું છે. પાણીમાં પડવા છતાં ન ડુબવું એ સમ્યક્ત્વની ક્રિયા છે. તરતી વખતે જો હાથ વડે પાણીને લે છે તથા તેને લાત મારીને તરછોડી દે છે તો તે તરી જાય છે. લે પણ છોડે નહિ તો ડુબે. નિર્ગ્રન્થ લેતા જ નથી તેથી શ્રેષ્ઠ છે અને શ્રેષ્ઠ લોકોને માન્ય છે. કનિષ્ઠ લોકોને માન્ય પાણીમાં રહીને તરનારા છે. કૃષ્ણને બધા માને છે પણ કૃષ્ણ તો નેમિનાથને જ માને છે. ભરતને બધા માને

છે પણ ભરત તો ઋષભદેવને જ માને છે. રાગી લોકો ત્યાગીની ચિંતન કરે છે, ત્યાગી લોકો વીતરાગની ચિંતન કરે છે. ઇચ્છામાત્રનો ત્યાગ એ વીતરાગતા છે. ઇચ્છાને સારી ન માનવી, એ વૈરાગ્યની ભૂમિકા છે.

(૩૮) સમ્યક્ત્વ વિનાની વિરતિ એ તો 'ખાળે ડૂચા અને દરવાજા ખુલ્લાં' જેવું છે. વળી તે છિદ્રવાળા દરવાજાઓની અર્ગલા સમાન છે.

(૩૯) જૈન મતમાં શક્તિ મતનો પણ સમાવેશ છે. પ્રથમ સંઘયણવાળાને જ મોક્ષ માન્યો છે. જેનામાં સંઘયણશક્તિ નથી, તે મોક્ષ મેળવી ન શકે.

(૪૦) વિજ્ઞાન ને ઇતિહાસની ઉપયોગિતા વર્તમાન કાળ પૂરતી જ છે. જ્ઞાન અને અધ્યાત્મની ઉપયોગિતા તો ત્રિકાળ માટે છે. એ દૃષ્ટિએ રામાયણ, મહાભારત અને બાળ દરેક અન્ય પુરાણોનાં ચિંતન કરવાં જોઈએ.

(૪૧) વિજ્ઞાન એ પૃથક્કરણ વડે જ્ઞાન આપે છે અને જ્ઞાન એ એકીકરણ વડે તે જ વસ્તુને સમજાવે છે. બંને તેના સ્થાને ઉપયોગી છે. દાખલા તરીકે શરીર-વિજ્ઞાન ડૉક્ટરને ઉપયોગી છે, બાળકને નિરર્થક છે.

(૪૨) ભક્તના પાંચ વિભાગ પાડ્યા છે:

(૧) શાંત (૨) સખા (૩) દાસ (૪) મધુર (૫) આસાંકીત.
શાંતઃ સનકાદિ - આડે ન આવે. સખાઃ સુખ વાંછે.
દાસઃ ભરતાદિ - ઇચ્છા જુએ. મધુરઃ પત્નીભાવ હોય, સંબંધીઓની બહાર સેવા ને પતિની એકાંતમાં સેવા.
આસાંકીત ભક્તઃ ઉદ્ધવ વગેરે છે.

(૪૩) ઘટમાં આકાશની છાયા તે નિર્ગુણ બ્રહ્મનું કલ્પિત પ્રતિબિંબ, ઘટાકાશ એ જીવનો અંશ અને બાહ્યાકાશ તે સગુણ બ્રહ્મ. જૈન મતે નિર્ગુણબ્રહ્મ તે અલોકાકાશ, લોકાકાશ તે સગુણબ્રહ્મ ઈશ્વર, ધર્માસ્તિકાય બ્રહ્મા, અધર્માસ્તિકાય વિષ્ણુ, કાળદ્રવ્ય મહેશ, પુદ્ગલ સત્, જીવ સત્ ચિત્, આત્મા બ્રહ્મ સચ્ચિદાનંદ ગણાય છે.

(૪૪) વેદાંત મતે સત્ તેને કહેવાય જે ભાવરૂપ હોય. ભાવ એટલે અભાવનો અભાવ. અભાવ ૪ પ્રકારના છે: પ્રાગભાવ, પ્રધ્વંસાભાવ, અન્યોન્યાભાવ ને અત્યંતાભાવ. પ્રાગભાવ - પ્રધ્વંસાભાવ ન હોવાથી અનાદિ અનંત છે.
અન્યોન્યાભાવ ન હોવાથી એક છે.
અત્યંતાભાવનો અભાવ હોવાથી 'સર્વ ખલ્વિદં બ્રહ્મ।' છે.

(૪૫) ૐ તત્ સત્માં ૐ સગુણ બ્રહ્મ (અક્ષર), તત્ નિર્ગુણ બ્રહ્મ (પુરુષોત્તમ), સત્ ક્ષર - તેનો અંશ. ભક્તો માટે ૐ, જ્ઞાની માટે તત્ અને કર્મમાર્ગી માટે સત્ છે.

સવિકલ્પ નિર્વિકલ્પથી પર છે. નિર્વિકલ્પની જરૂર સવિકલ્પના નાશ માટે છે. વસ્તુ ઉભયથી પર છે.

(૪૬) સરળપણાથી મનુષ્યભવ મળે છે તેથી મનુષ્યની આકૃતિ સીધી છે. તે ઝડંગ ઊભી રહી શકે તેવી છે.

માયાવી તિર્યંચગતિમાં જાય છે.

વિપરીત મતિવાળો વનસ્પતિકાયમાં અને અજ્ઞાની એકેન્દ્રિયમાં તથા તીવ્ર વિરાધક નિગોદયોનીમાં જાય.

(૪૭) નમસ્કારની લબ્ધિ એટલે નમસ્કાર્ય સમાન બનવાની અંતઃકરણની ઇચ્છા. લબ્ધિ ક્ષયોપશમ રૂપ છે. મોહનીય, અંતરાય અને જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થવાથી નમસ્કાર્યના સ્વરૂપનો લાભ થાય, તે લબ્ધિ છે. તે લાભ ત્રણ પ્રકારે: જ્ઞાનરૂપ, ક્રિયારૂપ અને શ્રદ્ધારૂપ. તે ત્રણે પ્રકારનો લાભ કાયા અને વચનના પુનઃ પુનઃ લબ્ધિના હેતુએ નિયમિત વ્યાપાર કરવાથી થાય છે અને લબ્ધિ થવાની ઇચ્છારૂપ છે.

તે ઇચ્છા જ્ઞાનથી જાગે, તે જ્ઞાન ક્રિયાથી પ્રગટે છે. ક્રિયાથી જિજ્ઞાસા અને જિજ્ઞાસાથી જ્ઞાન પ્રગટે છે.

(૪૮) કષાય - કષ એટલે ક્લેશ - કષ્ટ.

તેનો આય એટલે લાભ. તે કષાય છે.

(૪૯) તપસ્વી, મુનિ, ઋષિ અને સંત

સ્થૂળશરીર અને ઇંદ્રિયો ઉપર કાબુ રાખે તે તપસ્વી.
સૂક્ષ્મ શરીર અને મન ઉપર કાબુ મેળવે તે મુનિ.
કારણ શરીર (તૈજસ) ઉપર કાબુ મેળવે તે ઋષિ.
મહાકારણ, શરીર (આત્મા) ઉપર કાબુ મેળવે તે સંત.
પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ ઉત્તરોત્તર સૂક્ષ્મ છે.
તેના કરતાં મન, બુદ્ધિ, અંતઃકરણ, અહંકાર વધુ સૂક્ષ્મ છે.
મુનિ = મન પર કાબુ મેળવે, બુદ્ધ = બુદ્ધિ પર કાબુ મેળવે,
સંત = અંતઃકરણ પર કાબુ મેળવે તે. ઋષિ = મંત્રદૃષ્ટા.
લૌકિક ઇચ્છાઓ જીતે તે તપસ્વી. પછી ઉપર કાબુ
મેળવે અને સ્વાધ્યાયનું ચિન્તન - મનન કરે તે મુનિ.
પૈગંબર એટલે ઇશ્વરનો પૈગામ આપનાર પાક પુરૂષો.
અવતાર = ભક્તોને સાક્ષાત્ દર્શન આપવા માટેનો જન્મ.
આ સર્વેથી પણ ભક્ત અધિક.
ભક્તોને અધિક લગાવાનને પણ રહેવું પડે છે.
કેવળી = અવધિ - મનઃપર્યવજ્ઞાની, વિકલ પ્રત્યક્ષજ્ઞાન.
અહંકાર ઉપર કાબુ મેળવે તે જિન.
અહંકાર એટલે ક્રોધ, માન, માયા અને લોભ.
તીર્થંકર એટલે તીર્થના સ્થાપક.

(૫૦) પોતાના દોષ જુએ તે ધર્મધ્યાની ઈન્સાન છે.
પોતાના દોષ ન જુએ તે આર્તધ્યાની કે હેવાન.
બીજાના દોષ જુએ તે રૌદ્રધ્યાની કે શેતાન છે.

(૫૧) રાગી - વૃત્તિમાં આ વિશ્વને જુએ - વિચારે.
ભક્ત - વૃત્તિમાં ભગવાનને જુએ - ધ્યાવે.
કર્મયોગી - વૃત્તિમાં સ્વકર્તવ્ય કર્મને ચિંતવે.

(૫૨) બીજાના ગુણોનો અપલાપ કરે તે શેતાન, બીજાના ગુણો ન જુએ તે હેવાન, બીજાના ગુણો જુએ તે ઈન્સાન.

(૫૩) ભક્તિની સાથે લાભ મેળવવા માટે ઈષ્ટ સાધનાનું ભાન જોઈએ. ઈચ્છાનો વિષય જેટલો પણ મોટો, તેટલો જ અધિક લાભ ભક્તિમાં મળશે.
મોટાની ભક્તિમાં તો જ લાભ આવે કે ભક્તને ઈચ્છા પણ મોટી હોય.

'જન્મ - મરણનું નિવારણ અને આત્માનું ભાન એ બે ઈચ્છા એક જ સિક્કાની બે બાજુ છે.
તે તો ભગવાનની ભક્તિનું જ ફળ છે, બીજાની નહિ'
અહિંયા સમજ અને શ્રદ્ધા ભક્તિમાં લાભ વધારે છે.
બીજી રીતે લાભ આવવો શક્ય નથી.
બધે લાભનો આધાર સ્વાર્થની સિદ્ધિ પર રહેલો છે.

(૫૪) ભક્તિ ઉત્તમ આલંબનોની હોય છે.
ભાવ ઉત્તમ ઈચ્છા ઉપર આધાર રાખે છે.
'ભક્તિ ભાવસહિત જોઈએ' એનો અર્થ કોઈની ઈચ્છા
અને તેની પરમ સાધના રાગસહિત હોવા જોઈએ.
'ભક્તિ બાહ્ય પ્રતિપત્તિરૂપ, હૃદય પ્રેમ બહુમાન.'
અહીં બહુમાન એ ભાવ છે, તે પ્રેમમાંથી જન્મે છે.
પ્રેમ ઇષ્ટ વસ્તુ ઉપર જ હોય છે.
તેને મેળવી આપનાર વસ્તુ પર પણ પ્રેમ થાય છે.
તેનું નામ યથાર્થભક્તિ - બાહ્ય બધી દ્રવ્યભક્તિ છે.
(૫૫) માન્યતા એ મનનો વિષય છે. અનુભૂતિ આત્માનો
વિષય છે. અનુભૂતિનો શબ્દ 'ઓં' છે. બાહ્ય કોઈ
રીતે અનુભૂતિનું ઉચ્ચારણ થઈ શકતું નથી. બોલવાનું
ત્યાં સુધી રહે છે, જ્યાં સુધી અંદરનો અનુભવ થતો
નથી. અનુભવ થતાંની સાથે જ તેનો આસ્વાદ લેવામાં
મન લીન થઈ જાય છે, તેથી તેને ગુંજારવ સંભળાતા
પછી બોલવાનું રહેતું નથી. આંતરઅનુભવ મેળવવા
ઉપરાંત તે શિવાયનું મૌન દોષદર્શન માટે હોય છે.
(૫૬) અર્હંમાં અ હ મ પર્યંતની માતૃકાનું ધ્યાન છે,
તેથી ત્રિકાળવિષયક બોધ થાય છે અથવા અહંનો નાશ
કરવા માટે વચ્ચે અગ્નિ બીજ 'ર' મૂકવામાં આવ્યું છે.

Imp

## 'સ્વયં' શબ્દમાં પાંચે પરમેષ્ઠિ

અહીં જ્ઞાનનાં પ્રભાવે અહંભાવનો નાશ થાય અને અર્હંભાવનો ઉદય થાય છે. અનુભૂતિનો જાણો શબ્દ 'સ્વયં' છે. તે અભેદ છે, તેથી તે મોક્ષનું જ્ઞાન છે. તેમાં અનુક્રમે પાંચ વર્ણો છે: સ + ઉ + અ + ય + મ
સ = સિદ્ધ, ઉ = ઉપાધ્યાય, અ = અરિહંત, ય = યતીન્દ્ર (આચાર્ય), મ = મુનિ. એ રીતે પાંચે પાંચ પરમેષ્ઠિના આદ્ય અક્ષરો આવી જાય છે અને તે બધાની સંધિ થઈને 'સ્વયં' શબ્દ બને છે.

(૫૭) નીચે બતાવ્યા પ્રમાણે પુણ્ય ૯ પ્રકારે બંધાય છે:

(૧) સાધુપ્રભુજને અન્ન દેવાથી.
(૨) સાધુપ્રભુજને જળ દેવાથી.
(૩) સાધુપ્રભુજને સ્થાન દેવાથી.
(૪) સાધુપ્રભુજને પાટ-પાટલા-આસન-શયનાદિ દેવાથી.
(૫) સાધુપ્રભુજને વસ્ત્ર-પાત્રાદિ દેવાથી.
(૬) તે વિષે મને કરી શુભ સંકલ્પ કરવાથી.
(૭) તે વિષે વચને કરી સ્તુત્યાદિ કરવાથી.
(૮) તે વિષે કાયાએ કરી સેવાદિ કરવાથી.
(૯) તે વિષે જે દાયે કરી નમસ્કાર આદિ કરવાથી.

પ્રાણાતિપાતથી મિથ્યાત્વશલ્ય સુધીના ૧૮ પ્રકારે પાપ બંધાય છે અને તે અન્ય ૮૨ પ્રકારે ભોગવાય છે.

(૫૮) અન્ન જુદું તો મન જુદું. ભિક્ષામાં પંક્તિભેદ ન જોઈએ. ભજન અને ભિક્ષા તો પ્રભુના ભક્તનું.

(૫૯) સુખ સ્વતંત્રતામાં છે, પરતંત્રતામાં નહિ. પરતંત્રતાનું સુખ પણ દુઃખ છે, સ્વતંત્રતા માટેનું દુઃખ પણ સુખ છે.

જેલમાંથી મુક્તિને નહિ ઈચ્છતા
પણ સર્વ સગવડોને ઈચ્છતા કોઈ કેદી જેવી દશા
સંસારના સુખોને ચાહનાર મનુષ્યની છે.

મુક્તિની ઈચ્છામાંથી જ પરમ ને સાચી ભક્તિ જન્મે.

(૬૦) અધ્યાત્મજ્ઞાન પ્રકાશ આપી, દુઃખ કાપી વાસનાથી મુક્તિ આપે. દેહાત્મભેદનું જ્ઞાન સંતમુખ બનાવે છે.

સંતમુખ જીવનચર્યા એટલે...

વ્રત, નિયમ, તપનું જ્ઞાન અને તેનું શ્રદ્ધાપૂર્વક સેવન. સુખ બાહ્યપદાર્થોનો ધર્મ નથી, આત્મધર્મ છે. તે બહિર્મુખ જીવનચર્યાથી કદી પ્રાપ્ત થનાર નથી. બાહ્યસાધનોથી વધેલ સુખસગવડ અને તેમાં સાધનોને ટકાવી રાખવા માટેની ઉપાધિ તેનાથી વળગે છે. જે ટટ્ટુ ઉપર બેસવા પોતે પ્રયાસ કરે છે, તે ટટ્ટુ જ તેના પર ચઢી બેસે છે.

પ્રકાશ = જ્ઞાન, જ્યોત્સ્ના = દર્શન,
મોટા ઉપર પ્રકાર = ચારિત્ર. - સૂરજચંદ્ર ડાંગી

(૬૪) 'સગામાં સાઢુ અને લગ્નમાં વારુ' એ લોકોક્તિ અનુસાર એક રંક રાજાની સાથે અને એક રાજા રંકની સાથે પણ સંબંધ રાખી શકે છે. રંક રાજાને મળવા જાય છે, દરવાન કહે છે નહિ જવાય. રંક કહે છે: રાજા મારો સાઢુ થાય માટે જવા દે. દરવાનને વિશ્વાસ બેસતો નથી.

રાજા જોઈ જાય છે અને કહે છે:
તેને આવવા દે. સત્કાર કરે છે. સભા વિસ્મય પામે છે.
રાજા કહે છે કે સાઢુનો સંબંધ બરાબર છે.

વિપત્તિ - સંપત્તિ બે બહેનોમાં વિપત્તિ મોટી બેન છે. તેની સાથે રંકનું લગ્ન થયું, માટે મારો સાઢુ થાય છે.

પહેલાં વિપત્તિ અને પછી સંપત્તિ આવે છે.
દુઃખ અને વિપત્તિ જ ધર્મની ઉત્પત્તિ કરે છે.
યુગલિક ભૂમિમાં સુખ છે પણ ધર્મ નથી.

કર્મભૂમિમાં ધર્મ સાથે દુઃખ છે, તેથી દુઃખ એ ધર્મનું વિરોધી નથી. સુખ - દુઃખ બંને કર્મના જ સંતાન છે. કર્મ રૂપી પિતા પોતાની બંને પુત્રીઓને જગની સાથે પરણાવી છે માટે બંને સરખા છે. સુખ-દુઃખના કર્મહેતુ કોઈ નાના કે મોટા નથી.

(૬૨) ચારે પ્રકારે જિનેશ્વર આજે વિદ્યમાન છે.
નામરૂપે, સ્થાપનારૂપે, દ્રવ્યરૂપે (જિનવાણી), ભાવરૂપે.
'દાન - શીલ - તપાદિ જિનેશ્વરનાં જ અંશો છે' અર્થાત્
ચારેને જોતાં શીખવું જોઈએ. જિનભક્તિથી ગુરુ અને
તેમનો ઉપદેશ મળે છે. ગુરુસેવા અર્થાત્ ગુરુની આજ્ઞા.
જીવનમાં બીજું સક્રિય સેવન એ જ સાચી સેવા છે.

(૬૩) મોક્ષનાં તપ - જપાદિ સાધના સાધન પુલ્લિંગમાં છે.
ભક્તિ સ્ત્રીલિંગે છે ઉપરાંત માયા પણ સ્ત્રીલિંગે છે.
સ્ત્રીને પુરુષ પર મોહ થાય છે, સ્ત્રી પર થતો નથી.
માયા ફક્ત ભક્તિથી ડરે છે, જ્ઞાન સાધનોથી નહિ.
ભગવાનને ભક્તિ પ્રિય છે, માયા પ્રિય નથી.
તેથી ભક્તની ભક્તિ આગળ માયા પરાજિત થાય છે.

(૬૪) ભક્તિ ભજનરૂપ ને સેવનરૂપ છે. વિભજનમાંથી
અવિભજનમાં જવું - વિભક્તમાંથી અવિભક્ત થવું,
તેમાં બુદ્ધિને જરાપણ અવકાશ નથી.
આદર, બહુમાન, પ્રીતિ, શ્રદ્ધાદિ વડે ભગવાનને ભજવું,
તન્મય થવા પ્રયત્ન કરવો - એ ભક્તિ છે. ભક્તિ
આત્મા સાથે - જ્ઞાન બુદ્ધિ સાથે સંબંધ ધરાવે છે.
ભક્તિ બાદ થનારૂં જ્ઞાન - એ જ સાચું જ્ઞાન છે.

(૭૫) માલ ખરીદવા પહેલાં પણ વસ્તુનો ભાવ જાણવો પડે, વેચતી વખતે પણ ભાવ અનુસાર જ લાભ-હાનિ થાય. ભાવવાનના નામ - સ્થાપના - દ્રવ્ય ફળદાયી છે.

અર્થાત્ નામ - સ્થાપના - દ્રવ્ય પણ જો
ભાવ ભળનાર થાય, તો જ તે સફળ છે.

વૃક્ષના મૂળમાં જળ છે અને ફળમાં પણ જળ છે,
તેમ નામ - સ્થાપના - દ્રવ્યની પહેલાં પણ ભાવ
અને પછી પણ ભાવ આવશ્યક છે.

પહેલાં વસ્તુના ભાવ, પછી આત્માના ભાવ.

જેનો ભાવનિક્ષેપ સાચો, તેનાં ચારે નિક્ષેપા સાચા અને ભાવનિક્ષેપના સાધન તરીકે નામાદિ અહીં ઉપયોગી છે.

(I) વિચાર, ઉચ્ચાર અને આચારની એકતા એ જ માનવવિકાસનો પાયો છે. ત્રણેય એકતાનો અભાવ એ જ અધઃપતનનું બીજું નામ છે. વિચાર વગરનો ઉચ્ચાર એટલે વાણીવિલાસ. આચાર વગરનો વિચાર એટલે શૂન્ય-નિષ્ફળતા. જે ઉચ્ચારની પાછળ વિચારની શક્તિ અને આચારનું તપ (બળ) નથી, તે તે ઉચ્ચારો નિરર્થક છે, વાણીનો વિલાસ છે. તે કોઈને પણ લાભ નથી આપી શકતા અને વળી પોતાની જાતને નુકસાન પહોંચાડે છે.

(II) કામ, ક્રોધ, લોભ - એ ત્રણે ય નરકનાં દ્વાર છે, સર્વ અનર્થોનું મૂળ છે, વ્યાધિ અને સમાધિ ઉત્પન્નને અશાંતિનું કારણ છે. તેમનું વિસર્જન કરી, અંતઃકરણને શુદ્ધ બનાવી, દેહાધ્યાસ (પશુતા)નો ત્યાગ કરી આત્માના અસલ પરિપૂર્ણ સ્વરૂપનો અનુભવ કરવો અને સમગ્ર જીવન દ્વારા તેનો પ્રાદુર્ભાવ કરવો, એ જ જીવનનો ઉચ્ચતમ આદર્શ છે, પરમ સિદ્ધિ છે. આત્માનું નિરન્તર ચિન્તન અથવા પરમાત્માનું નિરંતર સ્મરણ, જપ, ધ્યાન એ આ અવસ્થા પ્રાપ્ત કરવાનો સર્વોત્તમ માર્ગ છે.

(III) ૮ પ્રકારનાં સાત્ત્વિક ભાવ

સ્વરભંગ, કંપ, અશ્રુ, રોમાંચ,
સ્તંભ, વૈવર્ણ્ય, સ્વેદ તથા મૂર્છા.

૩૬ મહાભાવ, અધિરૂઢભાવ પ્રણયાવસ્થા પર્યંતનો છે.

પ્રિયના વિરહમાં પાંચ ભૂતનું શરીર પાંચ ભૂતમાં
એવી રીતે મળી જાય,
કે પ્રિય તત્ત્વ જ્યાં હોય, તેના ઉપભોગમાં આવે!

(IV) અરિહનનાત્ - મોહ રૂપી અરિને હણનાર.
રજોહનનાત્ - જ્ઞાનદર્શનાવરણ રૂપ રજને હણનાર.
રહસ્યાભાવાત્ - અંતરાય કર્મનો નાશ કરનાર.

(૬૬)રાગી દોષને અને દ્વેષી ગુણને જોઈ શકતો નથી.
ગુણ - દોષનું યથાર્થ ભાન કરવા માટે રાગ - દ્વેષરહિત
-વીતરાગ બનવું જરૂરી છે. જેણે રાગ-દ્વેષ જીત્યા છે,
તે જિન છે, યથાર્થ વક્તા છે.

તેનું જ વચન નિષ્પક્ષ અને ન્યાયપૂર્ણ હોઈ શકે છે.
તેના શાસનનો સ્વીકાર એ જ કલ્યાણકારી છે.

જિનભક્તિનું મૂળ તથા ફળ સમ્યગ્દર્શન કે સદ્વિવેક છે.

(૬૭)બે પ્રકારે ભક્તિ: પરમાર્થ અને વ્યવહારભક્તિ.
પારમાર્થિક દૃષ્ટિથી ભક્તિનો અર્થ: એક એવું દર્શન કે જે
વડે પરમાત્મા ને આત્મા, ભગવાન ને ભક્ત વિભક્ત
છે, એમ લાગે નહિ. અવિભક્ત ને એકસમાન લાગે.
વ્યવહારિક દૃષ્ટિથી ભક્તિ એટલે કર્મપરવશતાથી મુક્ત થવા
માટે મુક્ત આત્માની ભક્તિ. જીવ કર્મથી બંધાયેલો છે,
તેથી તેને કર્મમુક્ત પરમાત્માની ભક્તિ અનિવાર્ય છે.
વીતરાગની ભક્તિથી રાગ ઘટે છે, રાગનું મૂળ અથવા
મોહનીય કર્મ ક્ષય પામે છે. જેમ દર્પણમાં મુખ જોવાથી
ચહેરાની વિકૃતિ જાણી શકાય અને દૂર કરી શકાય છે,
તેમ વીતરાગના દર્શનથી જીવની વિકૃતિ દેખાય છે અને
તે વિકૃતિઓને દૂર કરવાની પ્રેરણા મળે છે.

(૬૮) જૈન શાસનમાં ગુરુભક્તિ, ગુરુપાદ પૂજન રૂપ નહિ પણ ઉપદેશ પાલનરૂપ છે. અરિહંતની સેવા અર્થાત્ ચારિત્રની સેવા. ઉપદેશનું પાલન, આજ્ઞાનું સેવન એ જ સાચી સેવા છે. ગુરુ જે પ્રકારનું આચરણ કરે, તેનો અંશમાત્ર પણ જીવનમાં આવે, તે અંશે ગુરુભક્તિ છે.

(૬૯) દેવની ભક્તિ દેવથી જુદાપણાંનો નાશ કરવાના પ્રયત્નરૂપ, ગુરુની ભક્તિ ગુરુના ઉપદેશના પાલનરૂપ અને ધર્મની ભક્તિ જિનવચનના અનુસાર સિદ્ધિ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે.

(૭૦) જાણ્યા વિના પ્રતીતિ થતી નથી, પ્રતીતિ વિના પ્રીતિ થતી નથી, પ્રીતિ વિના દૃઢ ભક્તિ થતી નથી. તેથી ભગવાનને જાણવા માટે સૌ પ્રથમ પ્રયત્ન થવો જોઈએ.

(૭૧) ભગવાનને જાણવા પહેલાં પોતાના સ્વરૂપનું ભાન પણ કરવું પડશે, કારણકે ભગવાનને જાણવાવાળો કોણ છે? જેને પોતાના સ્વરૂપનું વિપરીત ભાન હશે, તે તો ભગવાનને કેવી રીતે જાણી શકશે? પોતાના સ્વરૂપનું અવિપરીત સમ્યગ્ભાન જ કઠિન છે. પોતાના આત્મ-સ્વરૂપને ગુરુ દ્વારા સાંભળ્યા પછી પણ કોઈક જ સમજી શકે. ભગવાનને જાણવા એ તો તેથી પણ કઠિન છે.

ગીતામાં ભગવાન કહે છે કે:
'માં તુ વેદ ન કશ્ચન ।' મને તો કોઈ જાણતું નથી.
વળી કહ્યું છે કે:

आश्चर्यवत् पश्यति कश्चिदेन-
माश्चर्यवत् वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥१॥ (परिशिष्ट-१६)

આ સ્થિતિમાં ભક્તિતત્ત્વનું ને તેમાં પણ ભગવદ્ભક્તિના રહસ્યનું કે જે સમસ્ત આર્ષગ્રંથોનું જ કેન્દ્રબિન્દુ છે, તેનું વર્ણન કઈ રીતે થઈ શકે?

(૭૨) ખરી વાત એ છે કે ભક્તિતત્ત્વ એ વર્ણનનો વિષય નથી. 'તે જ્ઞાનનો વિષય નથી' એમ સમજવું એ જ એનું ખરું જ્ઞાન છે. ભક્તિ એ જ્ઞાનનો વિષય નથી પણ શ્રદ્ધા, વિશ્વાસ, રુચિ અને પ્રેમનો વિષય છે. બુદ્ધિનું કામ છે વસ્તુનું વિભક્તીકરણ-પૃથક્કરણ, જ્યારે હૃદયનું કામ છે ભક્તિકરણ-એકીકરણ. બુદ્ધિનું કામ છે અલગ અલગ કરીને જાણવું, જ્યારે ભક્તિનું કાર્ય છે 'लगकर मानना ।' એક થઈને જાણવું અને ગહન પચનથી જાણીને 'मानकर लगना ।' જોડાવું-લાગવું.

ભક્તિ તત્ત્વ સ્વીકાર પર ચાલે છે, જ્યારે બુદ્ધિ તત્ત્વ અસ્વીકાર પર ચાલે છે. જ્યાં સુધી આપણે અપનાવીશું નહિ, પોતાના કરીને માનીશું નહિ, સ્વીકારશું અથવા વરશું નહિ કરીએ, ત્યાં સુધી ભક્તિ કેવી રીતે થશે? આસ્તિકતાનો અર્થ જ એ છે કે 'अस्ति इति मतिः ।' માની લેવું કે છે અને પછી તેમાં લાગી જવું તો જ વસ્તુની પ્રાપ્તિ થાય. ભક્તિમાં માનીને જાણવું શક્ય છે, જ્યારે બુદ્ધિતત્ત્વમાં જાણીને પછી માની શકાય છે.

(૧૩) ભારતીય સંસ્કૃતિમાં વધુનો સ્વભાવ વરને જાણીને માનવો તે નથી પણ માતા-પિતા દ્વારા સાંભળીને માનવામાં આવે છે અને માન્યા બાદ જાણી શકાય છે અને પછી તેને પામી શકાય છે. એ ભક્તિનો માર્ગ છે. એથી વિરુદ્ધ વર્તવું તે સંસ્કૃતિ નહિ પણ વિકૃતિ છે. પહેલાં જાણીને પછી માનવામાં છૂટાછેડાના પ્રસંગ ઊભા થાય છે. માનીને જાણવામાં અને પામવામાં તે ભય ઊભો થતો નથી. પહેલાં જાણવાથી વિજ્ઞાન થાય છે પણ સમ્યગ્જ્ઞાન થતું નથી, તેથી તે અજ્ઞાન છે. વિવિધતાઓનું જ્ઞાન તે વિજ્ઞાન છે. એકત્વનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. 'વિવિધતાઓમાં પણ એકતા રહેલી છે'

એવું જ્ઞાન નહિ, ત્યાં સુધી તે
વિજ્ઞાન પણ એક જાતનું અજ્ઞાન છે.

'સમોઽહં સર્વ ભૂતેષુ |' અથવા તો 'એગો આયા |' એ સમ્યગ્ જ્ઞાન છે. ભક્તિતત્ત્વનો તે પ્રાણ છે. ભક્તિ તત્ત્વનો આનંદ લેવો હશે, તેને આસ્તિકતાના આદર્શને અપનાવવો પડશે, ત્યાંથી જ તેનો પ્રારંભ થશે. માની લો કે ભગવાન પરિપૂર્ણ છે, સર્વાંગ સુંદર છે, જ્ઞાન-વૈરાગ્ય-ધર્મ અને ઐશ્વર્યના સ્વામી છે. ગુરુ અને શાસ્ત્રો કહે છે કે મહર્ષિઓ એને સાક્ષાત્ જોયા છે, તેથી મન-વચન અને કાયાથી એમાં લાગી જાઓ. 'મય્યાસક્તમના: |' મારે વિષે આસક્ત મનવાળા બની જાઓ, જેથી નિઃસંશયપણે સમગ્ર રીતે મને જાણી શકશો.

ગીતામાં શ્રી કૃષ્ણ સ્વયં કહે છે કે:

'અસંશયસમગ્રં માં યથા જ્ઞાસ્યસિ |' અને
તત્ત્વથી મને જાણીને મારા પરમધામમાં પ્રવેશ કરી શકશો,
જ્યાં નિત્ય આનંદની પ્રાપ્તિ થશે.

'તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદનન્તરમ્ |'

(૭૪)વિશિષ્ટ ગુણવાળા પરમેષ્ઠિ ભગવંતોના ગુણોમાં અનુરાગ કરીને એમનું સાંનિધ્ય પ્રાપ્ત કરવાની ક્રિયા,

એ 'ભક્તિ' ઇત્યાદ છે.

ભક્તિનું પ્રયોજન તે ગુણોની પ્રાપ્તિ છે,

જેમાં ભક્તનો અનુરાગ હોય.

ભક્તિનાં છ પ્રકાર

(૧) નામભક્તિ : મહાપુરુષોના નામનું ઉચ્ચારણ કરીને દરેક મહાપુરુષોના મહાન ગુણોનું સ્મરણ કરવું તે.

(૨) સ્થાપનાભક્તિ : મહાપુરુષોના મૂર્તિસ્થાપન દ્વારા જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, ફળ, નૈવેદ્યાદિથી પૂજા અને દર્શન કરવા વડે ગુણોનું સ્મરણ તાજું રાખવું.

(૩) દ્રવ્યભક્તિ : અરિહંત - સિદ્ધાદિના સ્વરૂપનો વિચાર કરવા દ્વારા તેઓના ગુણોનું સતત સ્મરણ કરવું.

(૪) ભાવભક્તિ : અરિહંત - સિદ્ધાદિ પંચ પરમેષ્ઠિના ભાવોનો વિચાર કરી તેઓનું ગુણસ્મરણ ચાલુ રાખવું.

(૫) ક્ષેત્રભક્તિ : જે સ્થાનોમાં મહાન પુરુષોના જન્મ, તપ, જ્ઞાન, નિર્વાણ આદિ થયાં હોય, તેના અવલંબને તે મહાપુરુષોના ગુણોનું સ્મરણ કરવું.

(૬) કાળ ભક્તિ : જે કાળમાં - જે સમયે મહાન પુરુષોના જન્માદિ થયા હોય, તપ - જ્ઞાન આદિ મેળવ્યા હોય, તેના સ્મરણ દ્વારા ભક્તિ કરવી.

(૭૫)ભક્તિ કરતી વખતે અનુરાગની પ્રધાનતા છે, જ્યારે ધ્યાન ધરતી વખતે સિદ્ધાંતની પ્રધાનતા છે. અનુરાગ વિના ભક્તિભાવ કે સ્તવન-પૂજનાદિ થઈ શકતાં નથી. સિદ્ધાંતમાર્ગ ધ્યાનપ્રધાન છે. આત્મધ્યાન દ્વારા રાગ-દ્વેષાદિ વિકારોને નષ્ટ કરી ભગવાનંદમય શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ કરવી. ભક્તિમાર્ગ એ ગુરુણી ઉપર કેવળ અનુરાગ કરીને જ અટકી જતો નથી,

કિન્તુ અનુરાગ કેળવ્યા બાદ

ગુરુણીનો સાક્ષાત્કાર કરીને જ તે અટકે છે.

(૭૬)ભક્તિમાર્ગની બાહ્ય આવશ્યકતા પોતાના અશુભ-ભાવોને રોકી શુભભાવોને ભાવવાના સાધન તરીકે છે. સુખ તથા દુઃખનાં કારણભૂત શુભાશુભ કર્મ છે. અશુભ કર્મને રોકીને શુભ કર્મમાં પ્રવૃત્તિ કરવાથી

આપણો જીવ સાચા સુખનો અધિકારી બને છે.

(૭૭)ચમત્કાર આત્મામાં છે, શબ્દોમાં નહિ. શબ્દોમાં રહેલો ચમત્કાર પણ આત્માની ભાવના ઉપર જ અવલંબિત છે. આત્મા વિષયાભિલાષના મેલથી જેટલો મુક્ત હશે, તેટલો તેના શબ્દોમાં ચમત્કાર આવશે. કામવાસના તથા બાહ્ય લાલસાઓથી મલિન ચિત્તવાળો

જાણકારીનું રટણ ગમે તેટલું કરે તો પણ તેના લાભમાં સિદ્ધિ થતી નથી. પવિત્ર આત્માઓને તે સહજ સાધ્ય બને છે. મહેશ્વરને બહાર શોધવાની જરૂર નથી. ચિત્તની ચંચળતાને રોકી, તેને સ્વચ્છ કરી પરમાત્માની ભક્તિમાં ઓતપ્રોત બનવું, એ જ ખરેખર મહેશ્વર.

(૭૮) જન, સજ્જન, મહાત્મા, સંત, પેગંબર, અવતાર, ભક્ત - એ દરેક એકમેકથી ઉત્તરોત્તર અધિક છે.

(1) ભગિની ભોગ તથા માતૃગમન જે તજે, તે જન.

(2) કોઈપણ જીવનો જે અપકાર ન કરે, તે સજ્જન.

(3) અપકારી ઉપર પણ જે ઉપકાર કરે, તે મહાત્મા.

(4) ૫ વિષયો તથા ચાર કષાયોને શમાવે, તે સંત.

(5) ઈશ્વર અથવા અલ્લાહ તરફથી મળેલા પેગામને જે જગત સમક્ષ આબાદ રજુ કરે, તે પેગંબર.

(6) માનવનો દેહ સ્વયં ઈશ્વર ધારણ કરે, તે અવતાર.

(7) જેને આધીન ભગવાનને પણ રહેવું પડે, તે ભક્ત.

ભક્ત સર્વથી ચઢિયાતો છે. તે જ્ઞાનીને આત્મા માને છે.

ભક્તિ એ દૈવતત્ત્વ છે.

કષાયોને જીતી જગતને જીતવાનો માર્ગ સ્થાપે છે,
તે તીર્થંકર સર્વથી અધિક છે.

(૭૯) अहं ब्रह्मास्मि । એ વેદાંતની ભાવના છે.
सर्वं खल्विदं ब्रह्म । એ ભાગવતની ભાવના છે.
वासुदेवः सर्वं । એ શ્રી મહાભારતની ભાવના છે.
'જગત વાસુદેવ રૂપ છે' એ જ્ઞાન ઇંદ્રિયગોચર હોય, ત્યાં સુધી બહુ ઉપયોગી નથી, તે જ્યારે અતીન્દ્રિય બને, ત્યારે જ તે પ્રતીતિકર બને છે (ઇંદ્રિયાતીત પ્રતીતિ).

(૮૦)માત્ર જ્ઞાનથી વિષય-વાસના નાબૂદ થતી નથી. એ માટે દૃઢ સંકલ્પ, અવિરત પ્રયત્નો અને ઈશ્વરકૃપાનો સમન્વય જોઈશે. આત્મવિશ્વાસ અને આત્મશ્રદ્ધા તો આત્મચિંતનની અપેક્ષા રાખે છે.

(૮૧)પ્રત્યેક કર્મ ભગવાન માટે જ કરવાથી કે સમર્પણ કરવાથી સરળપણું આવતે આપોઆપ જળવાઈ રહે છે. ભક્તિયુક્ત સરળપણું આવતે એ જીવનવિકાસની ખરી સાધનામાં અત્યંત આવશ્યક છે. બાહ્ય ઉપાયો જીવનથી છૂટા પડીને કરવા પડે છે, ત્યારે ભાગવતનો માર્ગ જીવન દ્વારા જ જીવનવિકાસનો છે. કંઈ જ કશું ખાસ કે નવું કરવાનું નહિ. તમે જેમ જીવો છો, તેમ જ જીવો પણ તમારું બધું જ કામ ભગવાનને સતત સમર્પણ કરતાં જાઓ. ભગવત્ કેન્દ્રિત જીવનરચના એ ભગવત્પ્રાપ્તિનો માર્ગ છે.

(८२) आहारशुद्धौ सत्त्वशुद्धिः
सत्त्वशुद्धौ ध्रुवा स्मृतिः ।
स्मृतिलम्भे सर्व-ग्रन्थीनां विप्रमोक्षः ॥१॥

આહારની શુદ્ધિ, જાપનું સાતત્ય, મૈત્રી મુદિતાની અખંડતા-સંલગ્નતા (સળંગપણું), ચિત્તની એકાગ્રતા, પછી આત્માનું કેન્દ્રીકરણ, આત્મકેન્દ્રિતતા અને ત્યાર બાદ ગુણોત્પાદકતા જન્મે છે. ગુણોત્પાદકતા અર્થાત્ ઇષ્ટમાં જે ગુણો હોય, તે ગુણો સાધકમાં આવવા લાગે છે અથવા ત્રિગુણાત્મક જગત સાધકને વશવર્તી બને છે.

(૮૩) કરુણાવાળું અને સમાધિવાળું ચિત્ત - એ બે વચ્ચે ફરક છે. કરુણાવાળું ચિત્ત કરુણા કરનારના અંતઃકરણની કઠોરતાના નિવારણનો ઉપાય છે. એથી બીજાઓ ઉપર ઉપકાર થાય છે, તે આનુષંગિક છે. એને આનુષંગિક ન માનતાં મુખ્ય ફળરૂપ માનવામાં આવે તો તે ધર્મરૂપ બનતું નથી. ધર્મ બીજાઓની દયામાં નહિ પણ પોતાની દયામાં છે. 'બીજાઓ ઉપર મેં ઉપકાર કર્યો' એ માન્યતામાં ભારોભાર અભિમાન છે, કષાયનું પોષણ છે. 'બીજાની દયા વડે મારા પરિણામ કોમળ રહ્યાં, તેથી મારા ઉપર ઉપકાર થયો' એ માન્યતા-

વાળાને જ વાસ્તવિક ધર્મ છે. એથી કષાયનું પોષણ
થતું નથી, પરન્તુ આત્માની શુદ્ધિ થાય છે. સામાયિકવાળું
ચિત્ત એ સર્વ યોગોથી વિશુદ્ધ છે, તેથી બાહ્ય દયા
વિના જ તેમનું આંતર શુદ્ધ છે. એ નિયમ છે કે:

રોગીને ઔષધ હોય - નિરોગીને ન હોય.

બાહ્યદયા ભાવવાળાથી જગત ઉપર આનુષંગિક રીતે
જે ઉપકાર થાય છે, તેથી પણ અનંતગણો ઉપકાર
કષાયરહિત ચિત્તવૃત્તિવાળાથી બાહ્ય જગત ઉપર થાય
છે અને તે છે સામાયિકની મહત્તાનો, કષાયરહિત
ચિત્તની શ્રેષ્ઠતાનો. એ બોધપાઠ જો ન હોય, તો
ઉન્નતિની પરાકાષ્ઠાએ કોઈપણ જીવ ન પહોંચી શકે.

० प्रतिजन्म-यदभ्यस्तं जीवैः कर्म शुभाऽशुभम् ।
तेनैवाऽभ्यासयोगेन तदेवाऽभ्यस्यते सुखम् ॥१॥

અર્થાત્: દરેક જન્મમાં જીવો શુભાશુભ જે કર્મનો અભ્યાસ
કર્યો હોય, તે અભ્યાસના કારણે સુખપૂર્વક શીખી જાય છે.

० मोक्ष-मार्गस्य नेतारं भेत्तारं कर्मभूभृतां ।
ज्ञातारं विश्ववस्तूनां वन्दे तद्गुण-लब्धये ॥ (પરિશિષ્ટ-૧૭)

God is in charge of our life.
He leads my life in right ways.

# Daily Spiritual Diary

## દૈનિક આધ્યાત્મિક નોંધપોથી

(1) આજે સવારે કેટલા વાગે ઉઠ્યા ?

(2) રાત્રે કેટલા કલાક સુઈ રહ્યાં ?

(3) સવારે કેટલો જાપ કર્યો ?

(4) સવારે કેટલો સ્વાધ્યાય કર્યો ? કેટલો પ્રાણાયામ કર્યો ?

કેટલો વખત સ્મરણ કર્યું ?

કેટલો વખત એક જ સ્મરણ ઉપર સ્થિર બેઠાં ?

(5) કેટલા શ્લોક કંઠે કર્યા ?

(6) કેટલા શ્લોકનો પાઠ કર્યો ?

(7) કેટલો વખત સત્સંગ કર્યો કે સદુપદેશ સાંભળ્યો ?

(8) કેટલા કલાક મૌન જાળવ્યું ?

(9) માત્રું, પડિલેહણ, ગોચરી - લાવવું કેટલું કામ કર્યું ?

(10) કેટલું માંડલીનું કામ કર્યું ?

(11) કેટલી વાર અસત્ય બોલ્યા ?

(12) કેટલી વખત ગુસ્સો કર્યો ?

(13) કેટલો વખત ફોગટ વાતચીતમાં ગુમાવ્યો ?

(14) કેટલી વાર બ્રહ્મચર્યના વ્રતમાં દોષ લગાડ્યો ?

(15) કેટલો વખત સ્વાધ્યાયમાં ગાળ્યો ?

(16) કેટલા કુટેવો સુધારવા પ્રયત્ન કર્યો ?

(17) કેટલી વાર દેવવંદન કર્યું ?

(18) કેટલો સમય ઇષ્ટ દેવતાનું ધ્યાન કર્યું ?

(19) આજે પચ્ચક્ખાણ શું કર્યું ?

(20) કેટલી ક્રિયા અનિયમિત રીતે થઈ ?

(21) કયો ગુણ કેળવવા પ્રયાસ કર્યો ?

(22) કયો દુર્ગુણ દૂર કરવા પ્રયાસ કર્યો ?

(23) કઈ ઇંદ્રિયની આધીનતા આજે થઈ ?

(24) રાત્રે કેટલા વાગે સુતા ?

## Weekly spiritual Diary

## સાપ્તાહિક આધ્યાત્મિક નોંધપોથી

(1) રાત્રે કેટલા કલાક સુઈ રહ્યાં ?

(2) સવારે કેટલા વાગે ઉઠ્યાં ?

(3) કેટલો જાપ કર્યો ?

(4) કેટલા શ્લોક કંઠે કર્યા ?

(5) કેટલા શ્લોકનો પાઠ કર્યો ?

(6) કેટલા શ્લોક પ્રમાણ વાંચન કર્યું ?

(7) કેટલા સત્સંગ - સદુપદેશ - હિતશિક્ષા સાંભળ્યા ?

(8) કેટલા પાનાર ધ્યાન કર્યું ?

(9) કેટલા કલાક મૌન જાળવ્યું?

(10) કેટલું માંડલાના કામમાં ગયા?

(11) કેટલો વખત ભણવાના કામમાં ગાળ્યો?

(12) પચ્ચક્ખાણે શું કર્યું?

(13) કેટલા વાર અસત્ય બોલ્યા?

(14) કેટલા વાર ગુસ્સે થવાયું?

(15) કેટલા વાર બ્રહ્મચર્યની વાડનું ઉલ્લંઘન થયું?

(16) કઈ ઇંદ્રિયને આધીન થવાયું?

(17) કેટલા વાર દૈનિક ક્રિયાઓમાં
નિયમિતપણાનું ઉલ્લંઘન થયું?

(18) કયો નવો ગુણ કેળવવા પ્રયાસ કર્યો?

(19) કયો જૂનો દુર્ગુણ દૂર કરવા માટે પ્રયાસ કર્યો?

(20) રાત્રે કેટલા વાગે સુતા?

(21) કેટલો વખત ફોગટ વાતચીતમાં ગુમાવ્યો?

(22) કેટલી કુટેવો સુધારવા પ્રયત્ન કર્યો?

(23) ગોચરી લાવવામાં કેટલા દોષ થયા?

(24) ગોચરી વાપરવામાં કેટલા દોષ થયા?

Blessed are the meek or gentle,
for they shall inherit the earth.

(1) રાત્રે કેટલા કલાક સૂઈ રહેવું ?

છ કલાકની નિદ્રા પૂરતી ગણાય. રાત્રે ૧૦ વાગે સૂવું અને સવારે ૪ વાગે ઊઠવું. જરૂર કરતાં વધારે વખત સુવાથી જડતા વધે અને મગજશક્તિ નબળી પડે છે. સાધનામાં આગળ વધવા માટે નિદ્રાને ઘટાડતાં જવું. દર 3 - 3 મહિને અડધો - અડધો કલાક ઘટાડવાથી ૧૨ મહિના બાદ ૪ કલાકની નિદ્રા સુધી પહોંચી શકાય છે. પાછલી રાત્રે વહેલા ઊઠવું અને પહેલી રાત્રે વહેલા સૂવું.

નેપોલિયન માત્ર ૪ કલાક સૂતો.

અર્જુન અને લક્ષ્મણ પણ અલ્પનિદ્રાને લેતા.

(2) સવારે કેટલા વાગે ઊઠવું ?

Early to bed & early to rise,
makes a man healthy,
wealthy and wise.

રાતે વહેલા જે સૂવે, વહેલા ઊઠે વીર;
બળ, બુદ્ધિ બહુ ધન વધે, સુખમાં રહે શરીર.

બ્રાહ્મમુહૂર્તમાં જપ, ધ્યાન આદિ માટે જાગ્રત થઈ જ જવું જોઈએ. તે સર્વોત્તમ સમય છે. મન વગર પ્રયત્ને જ તે સમયે ધ્યાનમાં જોડાય છે.

### (3) સવારે કેટલો જાપ કર્યો ?

આત્મલાભ માટે જાપ એ સહેલામાં સહેલો ઉપાય આ કળિયુગમાં છે. જાપ સમાધિમાં પરિણમે છે. વારંવાર નામસ્મરણ એ જાપ. તેના 3 પ્રકાર છે: વૈખરી (ભાષ્ય), ઉપાંશુ અને માનસિક. દરેકે ૧૦૮ પારાની માળા રાખવી જ જોઈએ. મનને ઈશ્વર પ્રત્યે વાળવા માટે માળા એ ચાબુક છે. વૈખરી અને ઉપાંશુ જાપ કરતાં માનસિક જાપ દશ હજાર ગણું અધિક ફળ આપે છે. રોજ ૧૦૮ વાર નવકારનો જાપ કરવો જ જોઈએ. નામનો પ્રભાવ ઘણો મોટો છે. ભગવાનનું નામ લેવાથી મનુષ્ય અજાણતાં પણ ઘણો ઊંચે ચઢે છે. શરીર સાથેની એકતાથી તે છૂટો થાય છે અને ભગવાન સાથે એકતા અનુભવે છે. જાપમાં શુદ્ધ ભાવ, પ્રેમ અને દિવ્યભાવથી નામ લેવું જોઈએ. ભગવાન સાથે એકતા અનુભવવાનો આ સહેલો ઉપાય છે. આંખોને મીંચીને પોતાના ઇષ્ટદેવતાનું ધ્યાન - એ પણ ઇષ્ટપ્રાપ્તિનો સરળ ઉપાય છે.

### (4) કેટલા શ્લોક વાંચ્યા અને કંઠે કર્યા ?

અધ્યાત્મ શાસ્ત્રનો અભ્યાસ એ ચિત્તશુદ્ધિ અને મનોનિર્મળતા માટે પરમ સાધન છે. વળી આ ઉપરાંત

વૈરાગ્યબોધક પ્રકરણો એ સઘળા શાસ્ત્રોનો સારાંશ છે. રોજે રોજ ઉપરાંત ઓછામાં ઓછો એક કલાકથી ત્રણ કલાક સ્વાધ્યાયમાં જવા જોઈએ.

(5) કેટલો વખત સત્સંગ કર્યો?

સત્સંગનો પ્રભાવ અચિન્ત્ય છે. જ્ઞાની, યોગી, ત્યાગી, ધ્યાની, ગુણી પુરુષોનો સમાગમ મહાન પુણ્યને માટે થાય અને અતિદુર્લભ છે. સત્સંગની એક ક્ષણ પણ પાપીમાં પાપીને ઉદ્ધારનારી થાય છે. તેમના ઉપદેશનું શ્રવણ, નમન ને સેવા તો કષાયોવાળા માણસોને પણ જલ્દી શાંત બનાવે છે. સારા ગ્રન્થો ઉપરાંત પુસ્તકોનું વાંચન એ પણ એક વિધેયાત્મક સત્સંગનું જ એક અંગ છે.

(6) કેટલો વખત મૌન રહ્યા?

નિરર્થક વાતો ને ગપ્પાંથી શક્તિનો દુર્વ્યય થાય છે. મૌનથી સંકલ્પબળ વધે. બોલવાની ટેવ ઉપર કાબુ આવે છે. સત્યવ્રતના પાલનમાં અને ક્રોધના નિગ્રહમાં તે ઘણી મદદ કરે છે. રોજ ઓછામાં ઓછું એકથી બે કલાક તો મૌન રહેવું જ જોઈએ. મૌન વખતે ઉચ્ચ વિચારો અથવા જાપ અથવા ધ્યાન અથવા સ્વાધ્યાય વિગેરે કરવો. મૌન એ તો એક પરમ સાધના - આરાધના ગણાય છે.

(7) જાપમાળાનું કામ કેટલો વખત કર્યું?

ચિત્તશુદ્ધિ માટે તથા પરમાર્થવૃત્તિ કેળવવા માટે ખાસ નિઃસ્વાર્થભાવે જાપમાળાનું કાર્ય કરવાની જરૂર છે, તેથી અંતઃકરણ નિર્મળ તથા પ્રસન્ન થાય છે.

'હું કરું છું, તેથી મને આનો બદલો મળો'

આવી ઇચ્છા પણ સ્વાર્થવૃત્તિ છે.

તેને દૂર કરી પારકાનું કામ કરવાનો સ્વભાવ કેળવો.

(8) કેટલું લખ્યું? કેટલો વખત લખવાનું કામ કર્યું?

બીજું કાંઈ લખવાનું ન હોય તો છેવટે એક નોટબુકમાં મંત્રો પણ લખવા. લખતી વખતે મૌન રહેવું. લખવામાં હાથ, આંખ અને મન બધા એકસાથે વપરાય છે, તેથી એકાગ્રતા સારી કેળવાય છે. મનની એકાગ્રતા વધવાથી આંતરિક શાંતિ અને પરમ ઉચ્ચ સુખ અનુભવાય છે.

(9) કેટલા વાર જૂઠું બોલ્યા?

'સત્ય જ વિજયવંત છે, અસત્ય નહિં જ' એવું શાસ્ત્ર વચન છે. સત્યવાદીને કોઈ ચિન્તા હોતી નથી. એનું મન હંમેશા શાંત રહે છે. તેને સૌ પૂજ્ય તરીકે જૂએ છે. ૧૨ વર્ષ સુધી સત્ય જ બોલવાનો અભ્યાસ થાય, તો વાક્લબ્ધિ અને વાક્સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ટા, સર્વ જગ્યા એ 'સત્ય બોલો' એવા મુદ્રાલેખો લખી જ રાખવા જોઈએ. જૂઠું બોલ્યા તો ઉપવાસનો દંડ કરવો, એ પણ સત્યવાદી બનવાનો ઉપાય છે.

(10) કેટલા વાર અને કેટલો વખત ક્રોધ કર્યો?

શાંતિનો શત્રુ ગુસ્સો છે. હૃદયમાં છુપાયેલી કામનાઓનું તે ચિહ્ન છે. કામના પૂર્ણ ન થાય, ત્યારે ગુસ્સો આવે. ક્ષમા, પ્રેમ અને અહિંસા ઉપરાંત અહંભાવના નાશથી ગુસ્સાનો નાશ થાય છે. પ્રેમ, ક્ષમા વગેરે ઉશ્કેરાયેલા જ્ઞાનતંતુઓને શાંત કરે છે. ગુસ્સો આવે, ત્યારે થોડું ઠંડુ પાણી પીને 'ૐ શાંતિ'નો થોડો વખત જાપ કરવો. ગુસ્સો ન રોકાય, તો તે સ્થાનનો ત્યાગ કરી અને અડધો કલાક ફરી આવો. ઈશ્વરની પ્રાર્થના કરો. જપ-ધ્યાન કરો. ધ્યાનથી ગુસ્સાને જીતવાનું ઘણું બળ આવે છે.

(11) કેટલો વખત ફોકટ ગુમાવ્યો?

કહેવાતા મિત્રો જ ખરેખરા દુશ્મનો હોય છે. દુનિયામાં નિઃસ્વાર્થ મિત્ર મેળવવો ઘણો મુશ્કેલ છે. જે મિત્રો ફોકટની વાતો કરી સમય બરબાદ કરાવે છે, એવા સૌ મિત્રોની સંગતિ એકદમ કાપી નાંખો. અંદર રહેલ અમર આત્માની મૈત્રીમાં જ વિશ્વાસ મૂકો.

તે મિત્ર તો જે જોઈશે, તે આપશે.
સારો સંગ ન મળે તો આત્મસાક્ષાત્કારી ઋષિમુનિઓના
વચનો જેમાં હોય, તેવા ગ્રન્થો અવશ્ય વાંચો.

(12) બ્રહ્મચર્યમાં કેટલી વાર સ્ખલના થઈ?

વિશુદ્ધ બ્રહ્મચર્ય વિના આત્મિક પ્રગતિ અશક્ય છે. વીર્યને ઓજસમાં ફેરવવું જોઈએ. જે જે સાધકોને આત્મનિસ્તારની તીવ્ર લગન છે, તેઓએ મન, વચન, કાયાથી અખંડ બ્રહ્મચર્ય પાળવું જોઈએ.

(13) શાસ્ત્રોનું વાંચન કેટલો વખત કર્યું?

શાસ્ત્રનો સ્વાધ્યાય, વાંચન, શ્રવણ, મનન વિગેરે લટકતા ચિત્તને વશ કરે છે, એકાગ્રતા આપે છે. તેથી સમાધિ લાગે છે અને તે આત્મલાભ કરાવે છે. ધર્મશાસ્ત્રના વિચારોથી જો મનને ભરવામાં આવે, તો તે જ એક પ્રકારનું ધ્યાન તથા સમાધિરૂપ બની જાય.

(14) કુટેવો જીતવાના પ્રયત્નમાં કેટલી વાર નાસીપાસ થવાયું?

કેટલાકને તો કુટેવો કોને કહેવાય તેની ખબર જ હોતી નથી. કેટલાક તો કુટેવોને કુટેવ નહિ પણ સારી ટેવ પણ માને છે. દારૂ, તમાકુ, ચા, પાન, બીડી, ગરમાગરમ દૂધ, નવલકથા, સીનેમા, દિવસે સુવું કે અપશબ્દો બોલવા

એ બધા જ કુટેવો છે. પોતાનામાં કેટલી કુટેવો છે તે નક્કી કરવું, પછી તેનાથી મુક્ત થવા તીવ્ર ઇચ્છા કરવી. કોઈપણ ભોગે તેનો ત્યાગ કરવા માટે મનોબળ કેળવવું.

એકઝાટકે કુટેવને છોડવી તે શ્રેષ્ઠ છે.

તેમ ન બને તો ધીમે-ધીમે છોડતાં જવું.

કુટેવોને છોડવાને અર્ધજાગૃત (subconscious) મનનો જ ઉપયોગ કરવો. નવી સારી ટેવો કેળવવી.

મનુષ્ય માટે કોઈપણ કાર્ય અશક્ય નથી.

## (15) કયા ગુણો કેળવવા?

જે ગુણ આપણામાં બિલકુલ ન હોય તે કેળવવા પ્રયાસ કરવો. ધૈર્ય, કરૂણા, મૈત્રી, પ્રેમ, ઉદારતા, ક્ષમા, સંતોષ, સરળતા, પ્રામાણિકતા વિગેરે ગુણો એક પછી એક કેળવવા જોઈએ. દર મહિને એક એક ગુણ લેવો, તેનું ચિન્તન કરવું અને આચરણમાં ઉતારવા પ્રયત્ન કરવો. કોઈપણ મુખ્ય સદ્ગુણ મેળવવાથી તેની સાથે બીજા ગુણો આવે જ છે. રોજ ઓછામાં ઓછો અડધો કલાક ગુણો કેળવવા માટે કાઢવો.

## (16) કયા કયા દુર્ગુણો કાઢવા?

દુશ્મન ઉપર બેવડો હુમલો કરવા માટે ગુણો કેળવવા

અન્ય સાથે દુર્ગુણો દૂર કરવા પ્રયત્ન કરવો. કામ, ક્રોધ, લોભ, અહંભાવ, માન, માયા વિગેરે દુર્ગુણો છે. બધાનું મૂળ અહંતા - મમતા છે. તેનો નાશ કરવા પ્રયત્ન કરવો.

(17) કઈ ઇંદ્રિય સૌથી વધારે જોરાવર છે?

ઇંદ્રિયો બળવાન છે. પંડિતોને પણ ઉંધે માર્ગે લઈ જાય છે. દરેક ઇંદ્રિયોને ખૂબ તપાસો. તેને જીતવા માટે ઉપવાસ, મૌન, ત્યાગ, શમ, દમાદિ ઉપાયોનું સેવન કરો. ઇંદ્રિયો મનની સહાયથી ઉત્તેજીત થાય છે. મૌનાદિ વડે ઇંદ્રિયો - મન દુર્બળ થઈ અને આખરે જીતાઈ જાય છે.

(18) રાત્રે કેટલા વાગે સૂવું?

નિદ્રા એક તંદુરસ્ત જીવનનું કુદરતી ટોનિક છે. ઊંઘ જેટલી ગાઢ, તેટલી તંદુરસ્તી અધિક. ખાસ કરીને ઉંમર નિદ્રાનો આધાર છે. ઊંઘ પૂરી ન થાય તો કોઈ પણ કાર્ય સારી રીતે થઈ શકે નહિ. બાળ - વૃદ્ધ - ગ્લાનને છોડીને અન્ય જવાનો માટે છ કલાકની નિદ્રા ઘણી છે. તેને પણ ઘટાડીને પાંચ અથવા ચાર કલાકની કરી શકાય છે. બહુ મોડા ન સૂવું. ઊંઘની દવાઓ ન લેવી. ઊંઘ ન આવે તો ભગવાનનું નામ ૧૦૦ - ૨૦૦ વાર લેવું, એટલે તરત ઊંઘ આવી જશે.

સાધકને બે પ્રકારના વિઘ્નો છે: બહારના અને અંદરના. બહારના વિઘ્નોમાં કુસંસર્ગ = ખરાબ મનુષ્યોનો સંસર્ગ, ખરાબ પુસ્તકોનો સંસર્ગ, ખરાબ દેખાવોનો સંસર્ગ, ખરાબ વ્યસનોનો સંસર્ગ, ખરાબ સંગીતોનો સંસર્ગ. સારા પુસ્તક, દેખાવ, વ્યસન કે સંગીતાદિ એ સારા વિચારોને ઉત્પન્ન કરે છે, તો ખરાબ પુસ્તકાદિ તેની ખોટી અસર નિપજાવે જ. દુરાચારી મનુષ્યો મોટે ભાગે કુસંગતિથી જ દુરાચારી બન્યા હોય. કુસંગતિથી અનુક્રમે કામ, ક્રોધ, મોહ, સ્મૃતિભ્રંશ, બુદ્ધિનાશ અને સર્વનાશ નિપજે છે. ફોજદારી ગુન્હાઓની ઉત્પત્તિ અનુક્રમે કામમાંથી ક્રોધ ને ક્રોધમાંથી મોહ, સ્મૃતિભ્રંશ આદિ ઉત્પન્ન થાય છે. કામ-ક્રોધાદિ સહજ રીતે જ દરેકની અંદર હોય છે. અગ્નિને પવનની જેમ કુસંગતિ તેને સળગાવી મૂકે છે. ખરાબ સાંભળવું, જોવું, ગાવું, બોલવું, ચાલવું, વસવું વિગેરે અંદરના દોષોને, વિઘ્નોને વધારી મૂકે છે. ગૌતમ બુદ્ધ ને ભગવાન મહાવીરાદિને પણ અંદરના શત્રુઓ સાથે ઘોર યુદ્ધ કરવું પડ્યું હતું, તો આપણી કે જે તેઓના પગની રજ પણ નથી, તેઓએ ખરાબ સંગતિમાં રહીને દોષોને જીતવાની બડાઈ કરવી એ વ્યર્થ છે.

ૐ

## અંદરના વિઘ્નો

કામ (Lust) : શિકાર, જુગાર, દિવાનિદ્રા, પરનિંદા, ખરાબ સંગ, ગીત, નૃત્ય, વાજિંત્ર અને ફોગટ રખડવું
- એ ૯ કામ કામની સાથે રહેલ છે.

(1) વીર્યનાશ એ મૃત્યુ. બ્રહ્મચર્ય એ જ ઉત્તમ તપ.
(2) આધ્યાત્મિક વિકાસ માટે અખંડ બ્રહ્મચર્યની જરૂર છે.
(3) ભારે અને માદક ખોરાકની ઇચ્છા કામોત્તેજક છે.
(4) કઠણ શય્યા અને વહેલું શયન એ સહાયક છે.
(5) તપમાં ઉપવાસ અને ઉણોદરી પણ સહાયક છે.
(6) આસન, મુદ્રા, પ્રાણાયામ ખરાબ વિચારો અટકાવે છે.
(7) આત્મમંદિર રૂપ શરીરને પવિત્ર રાખવું જ જોઇએ.
(8) માતા સંબંધી વિચાર પવિત્રતાને પ્રેરે છે, તેથી વિશ્વ અને સ્ત્રીજાતિ પ્રત્યે દિવ્ય માતભાવ કેળવવો.
(9) શરીરની અંદર રહેલી સર્વ અશુચિને વિચારવી.
(10) વૈષયિક પ્રેમને પ્રભુપ્રેમમાં પલટવા પ્રયાસ કરવો.

પ્રભુપ્રેમ વિના કેવળ સ્વપ્રયત્નથી ભયંકર દોષો જીતી શકવા અશક્ય છે. આત્મિક આનંદનો અનુભવ થયા વિના વૈષયિક આનંદની વૃત્તિ સંપૂર્ણપણે ખસે નહિ પણ રૂપાંતર કરવું, એ એને જીતવાનો સહેલો ઉપાય છે.

ક્રોધ: પૈશુન્ય, સાહસ, દ્રોહ, ઈર્ષ્યા, અસૂયા, અર્થદૂષણ, વાગ્દંડ અને પારુષ્ય એ ૮ ક્રોધની સાથે જ વસે છે.
બળતા તૃણજાળને સાગરનું પાણી કદી ઉત્કળી શકે નહિ.

## ક્રોધસંજ્ઞાના લક્ષણો તથા પરિણામો

- ક્રોધથી ચહેરો બિહામણો થાય છે.
- ક્રોધથી આંખો ફૂલીને લાલ ટેટા જેવી થાય છે.
- ક્રોધથી હોઠ ફફડે છે ને માનસિક નિર્બળતા લાગે છે.
- ક્રોધથી શ્વાસોશ્વાસ જોરથી ચાલે છે.
- ક્રોધથી દેખાવ અને આકૃતિ પણ અમાનુષી થાય છે.
- ક્રોધ પ્રેમ તથા તેજ-કાંતિનો સમૂળગો નાશ કરે છે.

વાઈ, હીસ્ટીરીયા, ગાંડપણ વગેરે ક્રોધીપણામાંથી થાય છે.

- ક્રોધથી આપઘાત અને તેનાથી મરણ થાય છે.
- ક્રોધથી લોહી વધારે બગાડ કરે છે ને જ્ઞાનતંતુઓ નબળા પડી જાય છે. પાચનશક્તિ પણ મંદ બને છે.

## ક્રોધને દૂર કરવાના ઉપાયો

- ક્રોધ આવે ત્યારે ક્રોધની વસ્તુ કે વ્યક્તિથી દૂર થઈ જવું.
- સૂર્યાસ્ત કે સૂર્યોદય ક્રોધની અવસ્થામાં ન થવા દેવો.
- ક્રોધ શમ્યા પછી ભૂલ કબુલ કરી માફી માગવી.
- ક્રોધી મનુષ્યના મુખ સામે દર્પણ ધરવું.

- ક્રોધાવેશ વખતે મૌન અથવા અશબ્દ જ રહેવું.
- ક્રોધાવેશ ઉતરે, પછી જ બીજું કામ શરૂ કરવું.
- ક્રોધ આવે તો ૧ થી માંડી ૧૦૦ સંખ્યા ગણવા અને ૧૦૦ વાર પોતાના ઇષ્ટદેવ ભગવાનનું નામ લેવું. તેટલા સમયમાં તો ક્રોધનો આવેશ ઉતરી જ જાય છે.
- અપમાનને પ્રેમપૂર્વક સહન કરવાની ટેવ પાડવી. નુકસાન તો અપમાન કરનારને છે, સહેનારને નહિ.
- ક્રોધ આવતો હોય તેણે તામસી ખોરાકનો ત્યાગ કરવો.
- કોઈ ક્રોધ કરે, ત્યારે તેની સામે હસો ઉપરાંત માયાળુ વર્તન કરો કેમકે નમ્રતાને કોઈ અસાધ્ય નહિ.
- ક્રોધની લાગણી વિના માત્ર ક્રોધનો દેખાવ કરો.

## લોભસંજ્ઞાના લક્ષણ તથા પરિણામ

- રોજ વિચારો કે હું શાનો લોભ રાખું છું ?
  તેના વિધિથી મળનારું સુખ કેટલો વખત ટકશે ?
  અંતે તેનાથી શો લાભ થવાનો છે ?
- લોભનું મૂળ અસંતોષ છે. બિનજરૂરી સંગ્રહ અને બીજાને જરૂર હોય, ત્યારે પણ ન આપવું તે લોભ છે. ભોગની અસ્થિરતા તથા વસ્તુની અનિત્યતાનું સાચું ભાન થતાં જ લોભ ઓસરી જાય છે.

પર્વત પરથી પડતો ધોધ, ઝાકળનું બિંદુ, શરદના વાદળા, પાણીના પરપોટા, ઝાંઝવાના નીર, કુપથ્ય અન્ન કે ખારા પાણી જેવા સર્વ પ્રકારના ભોગો અનિત્ય, અસાર, કષ્ટકારક અને અતૃપ્તિકર પણ છે. આજે ભોગવેલા ભોગ કાલે સ્મૃતિ ને સ્વપ્નરૂપ બની જાય છે. કામનાઓ મનુષ્યની કટ્ટર શત્રુઓ છે. લોભનો ખાડો પૂરાતો નથી. તૃષ્ણાની તૃપ્તિનો પ્રયત્ન બળતામાં ઘી હોમવા જેવો છે. એક મનુષ્યની કામનાઓને પૂરવા પણ આ સમસ્ત સંસારના સર્વ પદાર્થો પૂરતા નથી. લોભ એ માનસિક રોગ છે, અસાધ્ય વ્યાધિ છે.

## લોભને દૂર કરવાના ઉપાયો અને ચિંતનો

- નાનામાં નાની કામનાને પણ સંયમથી દાબી દેવી. ઇચ્છારૂપી માછલીને ત્યાગરૂપી કાંટાથી પકડો.
- આપણને જેના વગર ચાલે જ નહિ એવી કેટલી વસ્તુઓની દુનિયામાં આપણને ખરેખરી જરૂર છે? જરૂરાયાતો થોડી છે, મળેલી વસ્તુઓ ઘણી વધારે છે. પૃથ્વી એ પલંગ, હાથ ઓશીકું, આકાશ છત્ર, ચંદ્રમા દીપક, દિશાઓનો પવન એ પંખો, વૈરાગ્ય એ પત્ની, ભિક્ષા તે ભોજન, તેવું માનતા જીવન સરળ બની જાય.

આપણે ખાસ જરૂરીયાતો ઉપર જ લક્ષ આપવું. આપણને ઘણા જ ઓછા પદાર્થોની જરૂર છે અને તે પણ અલ્પ સમય માટે જ.

## મોહસંસારના લક્ષણ તથા પરિણામ

મોહનું કારણ અવિદ્યા છે. પોતાની વસ્તુ ન હોય, તેને પોતાની માનવી તે મોહ છે. શરીર પોતાનું હોય તો એક પણ ધોળા વાળને કાળો કેમ કરી શકાતો નથી? ઘર પોતાનું હોય તો મરણમાં આવે ત્યાં સુધી કેમ તેમાં રહી શકાતું નથી? જેનાથી મારાપણાની લાગણી થાય તે મોહ. તે દેખતી આંખમાં ધૂળ નાંખીને ખરાબ ગંદા પદાર્થોને પણ સુંદર - આકર્ષક તરીકે દેખાડે છે.

◎ રાગદ્વેષથી અજ્ઞાનાંધકાર રહે છે. હું કોણ છું? મારું શું છે? અંતરથી આશા ને આસક્તિનો ત્યાગ કરીને સંસારના બધા કર્તવ્યો બહારથી આચરો. કાર્ય કરો, પણ કર્તૃત્વનું અભિમાન ન ધરો. અધર્મ અને અનીતિ એ જ મનુષ્યજાતિના શત્રુ છે, નહિ કે અમુક મનુષ્ય.

◎ મોહ ઘટાડવા માટે પ્રેમનું ક્ષેત્ર વિસ્તારો. તમારા પ્રેમને વિશ્વવ્યાપી બનાવો. સ્વસુખ કરતાં ય પ્રાણીમાત્રના સુખને અધિક ચાહો.

## મદના લક્ષણ તથા પરિહાર

આત્મનિરીક્ષણથી મદ કે મિથ્યાભિમાન ટકી શકતું નથી. વિદ્યાનો ગર્વ હોય, તેણે વિચારવું કે તારા પોતા વિષે તું કેટલું જાણે છે ? દેહના અવયવો, ઇંદ્રિયોના કાર્યો, લોહીના બિંદુઓ અને શરીરની રચના વગેરે સંબંધી કેટલું જ્ઞાન છે ? સ્વપ્રયત્નથી કેટલું જ્ઞાન મેળવ્યું છે ? રેતીનો કણ શાનો બનેલો છે ? લોહચુંબક લોઢાને શાથી આકર્ષે છે ? વક્તૃત્વશક્તિ ક્યાંથી આવે છે ? હંમેશા એકસરખી રહેનારી છે ? તેમાં તારો ફાળો કેટલો છે ? શ્રોતાઓનો કેટલો છે ? કવિઓ, યોદ્ધાઓ, કળાકારો, ગણિતશાસ્ત્રીઓનો ગર્વ કેટલો વખત સ્થિર ટકે છે ? પોતાની શક્તિઓ ઉપર જ પોતાનો કાબુ કેટલો છે ? શરીર, વ્યાધિ, જરા, મૃત્યુ ઉપર કેટલો કાબુ છે ? પોતાની શક્તિઓ, ઇચ્છાઓ, આશાઓ કેટલી ક્ષણભંગુર છે. નાનામાં નાની શક્તિ પણ મનુષ્યની નથી, કુદરતની છે. ઈશ્વરની કૃપા કે ચૈતન્યની સહાય વિના એક તણખલું પણ હાલી શકાતું નથી. સર્વ શક્તિઓ ચૈતન્યને અવલંબીને રહે છે. નેત્રોનું નેત્ર, વાચાની વાચા અને મનનું મન પણ એક આત્મા જ છે.

◎ પોતાનું કે બીજાનું અંતર જાણવાની શક્તિ છે ?
અંતઃકરણમાં સૌ પોકળ છે. ઉધારની વસ્તુનો વેપાર છે.
દરેક પોતાને કોઈ - કોઈ વિષયમાં ચઢિયાતો છે જ.
ધર્મ કે નીતિ હોય તો તે પણ મોટેભાગે પારકા જ છે.
એક રેતીનો કણ પણ મિથ્યાભિમાનથી ચઢિયાતો છે.
◎ સ્વદોષોની યાદી બનાવો અને તેને રોજ જુઓ.

મદમાંથી ઉત્પન્ન થતા ભયંકર દોષો:

મનુષ્ય ઉપર તિરસ્કાર, પર પીડનની વૃત્તિ, દોષદૃષ્ટિ,
અસત્ય વચન, ક્રોધ, ચાડીયાપણું, અદેખાઈ,
બદલો, નિંદાખોરી, કટુભાષણ, બુદ્ધિનાશ, ઉદ્વેગ ઇત્યાદિ.
◎ પ્રભુ હૃદયમાં આવે ત્યારે અહં બહાર જાય છે.
અહં અંદર આવે ત્યારે પ્રભુ બહાર જાય છે. બે માટે
જગ્યા નથી. એકે તો બહાર નીકળવું જ પડે છે.
◎ કોઈપણ મનુષ્ય એવું કહી શકશે કે મેં મારું જીવન
તદ્દન ભૂલ વિનાનું અને નિષ્કલંક ગાળ્યું છે ?
◎ જેનો ગર્વ થાય છે, તે પદાર્થ મૃત્યુ બાદ પોતાના
મટી પારકા બને છે. મૃત્યુ પહેલાં પણ તેમ બની શકે છે.

ઈર્ષ્યામાંથી ઉત્પન્ન થતા ભયંકર દોષો

ઈર્ષ્યા કે મત્સરને જીતવાનો ખરો ઉપાય પ્રેમ જ છે.
જેના ઉપર પ્રેમ હોય છે, તેના ઉપર કદી ઈર્ષ્યા થતી નથી.

દરેક મનુષ્ય કાંઈકને કાંઈક કામમાં તો ખ્યાતિ મેળવવાને લાયક હોય છે જ. કારણકે સુખ, વૈભવ, કીર્તિ અને ખ્યાતિ મેળવવાના અનેક સાધનો હોય છે. તે દરેકને જુદા-જુદા મળેલા હોય જ છે.

જેના હૃદયમાં ઈર્ષ્યા હોય, તેની જીભમાં નિંદા પણ હોય જ છે, માટે નિંદા છોડવાનો અભ્યાસ કરવો. તે માટે ફક્ત પોતાના દોષને જોયા કરવા અને બાકી સર્વ જીવોની સારી બાજુ જ જોવી. ખરાબમાં ખરાબ મનુષ્યમાં પણ ગુણશોધનદૃષ્ટિ રાખવી.

ખરા દિલથી જેને પવિત્રતા ને શુદ્ધ ચારિત્ર જોઈતું હશે, તેને જ્યાંથી ને ત્યાંથી સદ્ગુણો શોધી પોતાના ચારિત્રમાં ઘટાવવાના હોય છે, તેથી ગુણની સ્પર્ધા થાય છે પણ ઈર્ષ્યા થતી નથી. ગુણોની હરીફાઈથી આત્માની ઉન્નતિ થાય છે, દોષોની દૃષ્ટિથી અવનતિ થાય છે.

ઈર્ષ્યાવાન દયાપાત્ર બને છે. બીજાઓને જે વસ્તુઓ જોઈને આનંદ થાય છે, તે વસ્તુઓને જોઈને તે ઉદ્વેગ પામે છે. તેને મન અમૃત ઝેર જેવું, સ્વર્ગ નરક જેવું અને પૂર્ણિમા અમાવાસ્યા જેવી લાગે છે. ઈર્ષ્યાવાન જેવો અભાગિયો બીજો કોણ હોઈ શકે?

કેન્સરની ગાંઠ જેમ શરીર પર થાય છે, તેમ ઈર્ષ્યાની મન ઉપર થાય છે. ઈર્ષ્યાળુનું મન બેચેન રહે છે, શરીર તંદુરસ્ત રહેતું નથી. મન ખાલી થઈ નબળું પડી જાય છે. કોઈ કામ કરવું ગમતું નથી. તેનો સઘળો આનંદ ખલાસ થાય છે. ઘણાખરા ઝઘડાઓનું મૂળ ઈર્ષ્યા છે. ઈર્ષ્યાએ ઝઘડાઓ કરાવી કેટલાયે પ્રજાઓ અને વ્યક્તિઓનો આજ સુધીમાં નાશ કરાવ્યો છે.

જે મનુષ્યમાં પોતામાં ગુણ હોતા નથી, તે જ બીજાના ગુણની ઈર્ષ્યા કરે છે કારણકે મનુષ્યનું મન યા તો પોતાના ગુણોમાં અગર પારકાના દુર્ગુણોમાં રાચે છે. જેના પોતાનામાં ગુણ નહિ હોય, તે જ મોટેભાગે તો બીજાના દુર્ગુણો જોયા કરશે. જે નબળો હશે, તે બીજાના બળની ઈર્ષ્યા કર્યા કરશે. બીજાના ગુણોને સંપાદન કરવાની શક્તિ જેનામાં નહિ હોય, તે જ પારકાના ગુણોને ઉતારી પાડી તેની બરોબરી કરવા મથે છે. નીચ ને નબળા અંતઃકરણમાં ઈર્ષ્યાનો વાસ છે.

## દુનિયાદારીની વ્યગ્રતા

આવતીકાલની ચિન્તા આજના કાર્યમાં બાધક છે, માટે તેને છોડવાની જરૂર છે.

🌀 કૃત્રિમ જરૂરીયાતોને દેશવટો આપો. મનુષ્યની જરૂરીયાતો કેટલી બધી ઓછી છે, તેનો વિચાર કરો.

🌀 પોતાથી વધારે દુઃખીનો વિચાર કરવાની જરૂર છે.

🌀 દુઃખી અને ત્યાગી છતાં આનંદી મહાત્માના નિકટ સહવાસની દરેક સુખી મહાત્માને અત્યંત જરૂર છે.

🌀 ખાવા-પીવા અને પહેરવાની ચિંતા નિરર્થક છે. કુદરત જેટલું આપે છે, તે કરતાં અધિક વિશેષ છે. કપડાં-લત્તા કરતાં આ શરીરની અને આત્મચૈતન્યની ચિંતા ઘણી બધી વધારે છે. સર્વ પક્ષીઓ વાવતા, લણતા કે ફસલ ભરતાં નથી, છતાં પોષણ કરે છે. ચિંતાથી આ દુનિયાનો અંશમાત્ર પણ ફેરફાર થતો નથી. ચિંતાથી મળે, તેના કરતાં અણચિંતવ્યું મળે છે, તેની સંખ્યા વિપુલ છે માટે તેના પર જરૂર વિશ્વાસ રાખો. કાળ પોતે જ પોતાનો વિચાર કરી લેશે. કાળની ફિકર આજને ઘણું નુકસાન કરે છે. ગુણો કેળવવા પોતાના દોષો દૂર કરવા. મન પર કાબુ મેળવવા નિયત સમય-પત્રક, નોંધપત્રક વિગેરે ઘણી મદદ કરે છે. વળી તેથી આત્મનિરીક્ષણની ટેવ વધે તથા દોષોને જીતવાની કળા હસ્તગત થાય. જીંદગી અંકુશ વગરની ન જોઈએ.

જેમનના દુશ્મનો તાજા થઈને બોજ સાથાઈ વર્તે છે,
તેની જોડ જ વર્તવું જોઈએ. અખિલવિશ્વમાં વ્યાપી
રહેલા નિયમિતતાનો વિચાર કરવાની જરૂર છે.

__વ્યવહાર કૌશલ્યઃ__ કોઈને છેતરવાનો વિચાર નિરર્થક છે.
ઈશ્વર કે સનાતન નિયમોને કોઈ ઠગી શકતું નથી.
પાપો ગુરુજનથી ધોવાય છે, એ માન્યતા ખોટી છે.
વ્યાપારી નિયમ પાપ અને ગુરુજનને લાગુ પડતો નથી.
ધર્મની બાબતમાં સરવાળા - બાદબાકી ન હોઈ શકે.

વિવાદી સંભાષણ અજ્ઞાનનો પિતરાઈ ભાઈ છે.

વળી જે અજ્ઞાન અડધું સાચું છે,

તે તો હડહડતા અજ્ઞાનથી પણ વધારે ખરાબ છે.
ગણતરી કરવી અને દુન્યવી દૃષ્ટિએ દરેક કાર્યમાં
લાભાલાભ જોવો, એ સંકુચિત દૃષ્ટિ છે. શુભકાર્ય જો
છેવટ સારું જ અને અશુભ કાર્ય વર્તમાનમાં લાભદાયક
જણાય તો પણ અંતે વિનાશકારક છે. દુનિયાદારીના
માણસો ઉપર વિશ્વાસ મૂકવા કરતાં ઈશ્વરી નિયમો
ઉપર વિશ્વાસ મૂકવો એ જ અંતે લાભદાયક છે. દુન્યવી
વ્યવહાર ઉપર વિશ્વાસ મૂકવાને બદલે ઈશ્વરી કાયદાઓ
ઉપરનો વિશ્વાસ એ જ સૌથી સલામત માર્ગ છે.

સર્વ દુન્યવી પદાર્થો ઉપર વધારે પડતાં ભરોસાને વ્યવહારકૌશલ્ય ગણવામાં આવે છે પણ તે ભ્રમ છે.

- બાળકો જેવી સરળતા કેળવો.
- મિત્રો જોડે કુશળ દિલની વાતો કરો.
- આ અદ્ભુત સૃષ્ટિનું અપ્રતિમ સૌંદર્ય જુઓ.
- દુનિયા સ્વાર્થી માણસોને કદી યાદ કરતી નથી પણ નિઃસ્વાર્થીને જ યાદ કરે છે.
- સારી વાતમાં લોકો શું બોલે છે, તેની પરવા ન કરો.

વાચાળતાઃ તે ગાંભીર્યનો નાશ કરે છે. વિના કારણ બોલવાથી શક્તિનો અપવ્યય થાય છે. અંતરના ઊંડાણની વાતો કોઈને જણાવવાથી કશો જ લાભ નથી. આંખોનું પડળ બંધ થયા પછી જ હૃદયનું પડળ ખૂલે છે. મૌન, એકાંત ને આત્મનિરીક્ષણ પદ્ધતિ જ ઊર્ધ્વગતિના મંડાણ છે.

## દોષો જીતવાના સામાન્ય ઉપાયો

(૧) કેટલાક પાપ વસ્તુને જોવા અને જાણવાથી આવે છે. માટે બિનજરૂરી વસ્તુને જોવી કે સાંભળવી નહિ, તેમ ખરાબ વસ્તુઓને જોવી, સાંભળવી કે અનુભવવી જ નહિ.

(૨) અતિ ઉત્કટ પાપના ફળ આ જન્મમાં જ મળે છે. પછી ભલે તે ત્રણ દિવસ, પક્ષ, માસ કે વર્ષે મળે.

ચિન્તા, વ્યાધિ, અપકીર્તિ અને દુર્ગતિ ઇત્યાદિ તે પાપના ફળના પરિણામો છે. અંગ્રેજીમાં કહેવત છે કે:

Chastity is Life,
Sensuality is Death.

(૩) સદ્ગુણોથી થતા લાભ અને ફાયદાઓનો વિચાર કરતાં એવું લાગે છે કે વ્યક્તિઓ, પ્રજાઓ, રાષ્ટ્રો આદિ સદાચારના સેવનથી જ સમૃદ્ધિશાળી બને છે.

(૪) મૃત્યુનો નિરંતર વિચાર કરવો. જેના વચન ઉપર વિશ્વાસ હોય, તેવો મહાપુરુષ એમ કહે કે 'તું થોડા જ કલાકમાં મરવાનો છે' તો પાપ કરવાની હિંમત ચાલે નહિ.

(૫) પાપના સર્વ વિચારો અને પાપકર્મોને જીતી ગયેલાના જીવનોનો અભ્યાસ કરવો અને જેઓ અત્યારે પાપને જીતવા પ્રયત્ન કરતા હોય, તેમનો સંસર્ગ કરવો. તીર્થંકરો, ગણધરો, મુનીન્દ્રો અને સત્પુરુષોનો સંગ, તેમની સાથે વાર્તાલાપ, ધાર્મિક વિષયોની ચર્ચા અથવા દૂર રહેલા એવા સત્પુરુષો અને તેમની સત્પ્રવૃત્તિઓનું મનથી પણ ચિંતન, પાપ અને તેના વિચારથી દૂર રાખે છે. ઉત્તમ પુરુષો સાથે ગાઢ મૈત્રી એ પણ પરમ ઉપાય છે. મૈત્રી અને પ્રેમ પણ પાપ કરતા અટકાવે છે.

(5) સાચા અને ગાઢ મૈત્રી સરખા સ્વભાવવાળાઓ સાથે જ સંભવે છે. જેના ઉપર પ્રેમ હોય, તેના ગુણો લેવા અને તેના સમાન બનવા કુદરતી વલણ રાખવું.

◎ મિત્રો પાસે હૃદયની ગુપ્તતમ વાતો પ્રગટ થઈ શકે, તેથી એક પ્રકારનો ઘણો આરામ પણ મળે છે. સારા મિત્રો સાથેનો પરસ્પર વાર્તાલાપ ગુણ પચવવા અને અવગુણ ટાળવા માટે પરમ સહાય કરે છે.

◎ ઈશ્વરના ગુણોનું ધ્યાન અને પ્રાર્થના જરૂરી છે. આપણો એકેક દુર્ગુણ કે પાપ લઈને પરમાત્માના પ્રતિપક્ષ ગુણને વિચારવાથી અને તે મળવા માટે સાચી પ્રાર્થના કરવાથી દુર્ગુણો જલ્દી દૂર થાય છે.

(7) સર્વત્ર પ્રભુના જ્ઞાનની હાજરીનો વિચાર કરવો. પ્રભુના જ્ઞાનથી પોતાની જાતને સંતાડી શકતી નથી.

મનમાં થતાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિચાર પણ
સર્વ સિદ્ધો ભગવાન પ્રત્યક્ષ છે.
મનુષ્ય હૃદય પણ હંમેશા હાજર હોય છે.

(8) આત્મશક્તિનો વિચાર કરવો. આત્મબળ બળવાન પાપબળ પામર છે. પાપ = દેડકું, આત્મશક્તિ = સર્પ. 'હૃદયમાં દિવ્યશક્તિ હાજર છે' એ જાણનાર નિર્ભય છે.

**વાદપ્રિયતા – વિસંવાદ** : જે બાબત સિદ્ધ થઈ શકે તેમ ન હોય, તે સંબંધી વાદ કરવો તે નિરર્થક છે. આપણે હૃદયથી ન માનતા હોઈએ, અન્ય દલીલો આપી વાદ કરવો તે વિતંડાવાદ છે. એથી હૃદયની નાજુક લાગણીઓનો નાશ થાય છે. વિવાદ એ ઝગડાની એક લાંબોડી બાવા એવી અને પ્રેમ એ કોયલની એક આંબાના મહોરનું લણણું કરવા બરાબર છે. વાદવિવાદથી કોઈએ સદ્‌ગુણ કે પ્રભુ મળતા નથી. પ્રભુ મનથી પણ અગ્રાહ્ય છે, ત્યાં વાદ, તર્ક કે બુદ્ધિ કામ આવતા નથી પણ હૃદયની નિખાલસ શ્રદ્ધા જ કામ આપે છે. મનુષ્યની સમજશક્તિથી પર વિષયોનો વાદ કરવાથી અંતે મનુષ્યનું મન ગાંડુ અને નિર્બળ થઈ જાય છે. શંકાશીલ અને ચંચળ થાય છે. નિરર્થકવાદથી સમય વ્યર્થ જાય. સંવાદથી વાતનો વિષય, ધર્મશાસ્ત્ર, ઈશ્વર, કુદરતની કળા વિગેરે સાત્ત્વિક રહે.

**દંભ – ધાર્મિકતાનો ડોળ** : દરેક મનુષ્ય ભક્ત તરીકે કે પવિત્ર મનુષ્ય તરીકે ગણાવવાની ઉગ્ર ઈચ્છા ધરાવે છે. ધાર્મિકતાનો દેખાવ રાખવાથી ધર્મની લાગણી હંમેશા ઓછી થતી જાય છે. ઉજ્જ્વળ દેખાવ નીચે કાળું અંતઃકરણ છુપાવવાનો પ્રયાસ કરવા કરતાં કાળા દેખાવ નીચે ઉજળું

અંતઃકરણ શ્રેષ્ઠ છે. લોકોની નિંદા કે સ્તુતિની કાંઈ ચિંતા ગણી નહિ. અંદરથી સારાને પણ લોક ખરાબ કહેવા અને ખરાબ માનવને પણ સારો કહેવા તૈયાર છે. એક ભગવું વસ્ત્ર પહેરવા માત્રથી પણ લોકો તેને મોઢેથી ત્યાગી માનવા તૈયાર છે. ફૂટી બદામ પણ ન હોય તેને લોક લક્ષાધિપતિ કહે પણ પોતે તેને સાચું માનવું ન જોઈએ. બાહ્ય ખોટા દેખાવથી પોતાને તેમ જ બીજાને પણ અત્યંત નુકસાન થાય છે.

સાચો અને પવિત્ર મનુષ્ય દેખાવ ન કરે,
તો પણ તે પ્રગટ થયા વિના રહેતો નથી.
તે શફરીની જેમ નહિ પણ રોહિત માછલીની જેમ
ગંભીર અને અગાધ જળમાં રમણ કરે છે.

<u>નામર્દાઈ</u>: નૈતિક નિર્બળતા અને નામર્દાઈથી મનુષ્ય ખરી વાત કરતા અટકી જાય છે અને ખોટો દેખાવ કરતાં શીખે છે, તેથી અનિચ્છાએ પણ ઉન્માર્ગગમન કરે છે- કોર્ટના કારકુનોની જેમ. લોકટીકાના ડરથી સાચી અને આત્માની હિતકર વાત કહેતાં ડરો નહિ. તેથી આરંભમાં કષ્ટ છતાં અંતે તેનાથી જ જગતને ફાયદો થાય છે. સદ્વર્તન માટે કષ્ટ સહન કરવું એ જીવનનો લ્હાવો છે.

લોકોની નજરો જલ માટે કાંઈ જીવનનો ઉચ્ચતમ
આદર્શ ન છોડાય. જે સત્ય માનતા હોઈએ, તેને હીંમતથી
વળગી રહેવું જોઈએ. તેથી દુર્બળતા દૂર થાય છે, કારણકે
તેનું પરિણામ સ્વ નહીં, પરના ફાયદા માટે આવે છે.

સત્ય ને સદાચાર હંમેશા જય પામે છે.

સત્ય વાતને કોઈ બહુમત મંજૂરી ન આપે, તેથી શું?

શાસ્ત્રો અને પ્રભુ તેની તરફેણમાં જ રહે છે.

નબળાઈને કદી સદ્ગુણરૂપ ન ગણવી.

<u>નૈતિક ધર્મ અને ક્રિયાઓ</u>: ધર્મ એટલે ભગવાનની શોધ.
માનવથી પર કોઈ અનંત સત્સ્વરૂપ પ્રભુની ખોજ.
ભગવાન અને માનવ વચ્ચે સંબંધનો સેતુ સ્થાપન
કરવો એ ધર્મનો હેતુ છે. ધર્મનો પ્રદેશ કાંઈ કેવળ
બુદ્ધિગમ્ય નથી. ધર્મના સ્વરૂપમાં વિવેક, કલ્પના, તર્ક,
નિર્ણય વિગેરેને ગૌણ સ્થાન છે. ધર્મનું મૂળ સ્વરૂપ
અપરોક્ષ અનુભવ, શ્રુતિ, પ્રેરણા, દૃષ્ટિ, શ્રદ્ધા વિગેરે છે.
ધર્મને વ્યવહારમાં ઉતારવા જતાં કાળે કરીને તેમાં આચાર,
રૂઢિ, વિધિ વિગેરે ધર્મનું સ્વરૂપ બને છે. એને પરિણામે
ધાર્મિક જીવનમાં બાહ્યવિધિ, ક્રિયાકાંડ, આચારના નિયમો
અને ધર્મશાસ્ત્રના પાઠો અગાધ પડતો ભાગ લે છે.

માનવજીવનને એ પ્રમાણે જાગૃત પ્રયત્ન વડે આચારના ચોક્કસ ચોકઠાંમાં ઢાળવાનો પ્રયત્ન ઘણીવાર નિષ્ફળ જાય છે, એટલું જ નહિ પણ મિથ્યાચાર, દંભ, આત્મવંચના તથા વહેમ રૂપી અધોગતિને પણ પોષે છે. તો પણ તેમાં જોનાર હોય, તો તેને જણાય સદા આંતરઉન્નતિ કરાવવાનો હેતુ અને એવી પદ્ધતિ રહેલી હોય છે.

ધર્મને સક્રિય બનાવનાર પ્રધાનશક્તિ શ્રદ્ધા છે. માનવના ચૈતન્યભૂ પર જે સક્રિય શક્તિઓ છે, તેને પાર્થિવ ભૂમિકામાં પ્રગટ થવાની શક્યતા શ્રદ્ધાને લીધે પ્રાપ્ત થાય છે. એવી શ્રદ્ધા હોયા વિના એ શક્તિ-ઓનો આવિર્ભાવ લગભગ અસંભવિત બની જાય છે. બુદ્ધિની શંકાઓને ઉત્તર આપવાની શ્રદ્ધા ના પાડે છે. એટલે બુદ્ધિને અગમ્ય કોઈ સત્યની આંતરપ્રતીતિ એનું જ નામ શ્રદ્ધા. દેશ, કાળ, પરિસ્થિતિ ને ધર્મ સંસ્થાપક અર્થાત્ કે જે વ્યક્તિને અસાધારણ આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રાપ્ત થઈને ધર્મ સ્થાપના કરવાની પ્રેરણા મળે છે, તે વ્યક્તિના સ્વભાવની વિશિષ્ટતા વિગેરેને લઈને ધાર્મિક સત્યનું અંતિમ સ્વરૂપ કેટલીક વિકૃતિઓ અને પરિમિતતાઓને પ્રાપ્ત થાય છે. ધર્મ માનવને પ્રગતિ-

શોષક નીવડ્યાનાં દૃષ્ટાંતો ઇતિહાસમાંથી મળી આવે છે. વહેમ, અજ્ઞાન, ગુલામી, જુલમો વિગેરેનો સાથ કરીને સંપ્રદાયો, પંથો ને ધર્મોએ માનવપ્રગતિનો વિરોધ કરેલ છે. ધર્મનું પ્રગટ સ્વરૂપ ભલે વિકૃત થઈ ગયેલું હોય, પરંતુ પ્રત્યેક ધર્મમાં કાંઈક સત્ય રહેલું છે, એ સ્વીકારવું જોઈએ. હાલ જે ધાર્મિક સ્વરૂપો દેખાય છે, તે જોતાં જગતમાંનો કોઈપણ ધર્મ પ્રકૃતિની જેમ તો સનાતન રહેવાનો દાવો કરી શકે નહિ, પરંતુ ધર્મ અને ધાર્મિકતા (તેનું અસલ સ્વરૂપ) એ બંનેને જુદાં પાડવાં જોઈએ. ધાર્મિકતાથી પણ માનવજાતને કશો લાભ થયો જ નથી એવી કેવળ હાનિ જ થયેલ છે, એમ કહેવું એ પણ સાચું નથી. માનવની પ્રકૃતિમાં જે નિમ્નાભિમુખતાનાં કારણો રહેલાં છે, તેમની એક પ્રકારની શુદ્ધિ ધાર્મિકતાથી થાય છે જ. માનવપ્રકૃતિમાં રહેલી કેટલીક પાશવી ક્રિયાઓને ધાર્મિકતા ઉન્નત બનાવે છે તથા રાજનીતિ વડે આલોકિત કરે છે. ધર્મ એટલે કેવળ વિધિ જ, ને વિધિમાત્ર હાનિકારક એમ માની લેવાની સામાન્ય ભૂલ ન થવી જોઈએ. ધર્મનું અસલ સ્વરૂપ અપૂર્ણ છે, માટે ધર્મને નામે ધતિંગ એવી દલીલ બાલીશ છે. નીતિશાસ્ત્રની

ૐ

શોધખોળોનો દુરુપયોગ માનવ કરે છે, તેથી સ્થૂળજ્ઞાનનું તેણે પ્રાપ્ત કરેલું સાધન નિરુપયોગી કે અસત્ય ઠરતું નથી. કોઈપણ સિદ્ધાંતના અનુયાયીઓ અપૂર્ણ હોય, તેથી તે સિદ્ધાંત અસત્ય ઠરતો નથી. સ્વતંત્રતાના નામે થયેલા અત્યાચારોની નોંધ સ્વતંત્રતાને અનિષ્ટ ન ઠરાવી શકે. 'પોતાનો ધર્મ એ જ સંપૂર્ણ અને એ જ સંપૂર્ણ સત્ય' એવા આગ્રહી સંકુચિતવૃત્તિ પણ કેટલાક ધર્મો પોષે છે. સત્ય કોઈપણ એક સ્વરૂપમાં સંપૂર્ણપણે અથવા તો સનાતન કાળ માટે તે પ્રગટ થઈ શકે નહિ, કારણકે પરમ સત્ય તો અનંત છે. પ્રત્યેક યુગની પરિસ્થિતિ પ્રમાણે તે ભિન્ન-ભિન્ન સ્વરૂપ ધારણ કરે છે, પરન્તુ સત્યે સ્વીકારેલા સ્વરૂપો તેને મર્યાદિત કરી શકતા નથી.

જ્યારે બાહ્ય સ્વરૂપોમાં પ્રગટ થયેલ આંતરસત્યરૂપી આત્મા લુપ્ત થાય છે, ત્યારે એનાં એ સ્વનિર્મિત જાળાંઓના સત્ય પોતે ચૂરા કરી નાખે છે અને નવાન સ્વરૂપો ધારણ કરે છે.

સદાચાર : નીતિનો સંબંધ વ્યવહારુ જીવન જોડે વધારે ગાઢ છે. વ્યવહાર એ જરૂરિયાત, ઉપયોગિતા, તાત્કાલિક આવશ્યકતાઓ વિગેરે ગણતરીઓને આધીન હોય છે.

સત્યનો એક બાજુ સાક્ષાત્કાર અને બીજી બાજુ જીવન વ્યવહાર એ બે વચ્ચે સ્વાભાવિક અંતર આવતું રહેલું હોય છે, પરન્તુ માનવ જો સહૃદયી હોય, ઋજુ હોય, તો એ દ્વિધા કે વિલક્ષણ સ્થિતિ લાંબો વખત ટકી શકતી નથી. સત્ય અને વ્યવહાર વચ્ચેનું અંતર ઘટાડવાનો પ્રયત્ન અથવા વ્યવહારુ જીવનને સિદ્ધાંતને અનુરૂપ કરવાના પ્રયત્નમાં નીતિનું મૂળ રહેલું છે. ઉપયોગિતા એટલે નફા-તોટા, રૂપિયા-આના-પાઈના ધોરણે નહિ પણ શિવ અને શ્રેયસ્‌ની શોધ. શિવનું અનુશાસન-શ્રેયસ્‌નું દર્શન અને વ્યવહારમાં તેનું આચરણ. વિશ્વના વિરાટ નિયમોમાંના એક કે વધારેનું પાલન કરવું. સાચી નીતિને કેવળ બાહ્ય કર્મોના આચરણ કરતાં માનવના અંતઃકરણ જોડે વધારે સંબંધ છે. બહુ આવચેતી અને કાળજીપૂર્વક ગણત્રી ગણી-ગણીને પ્રામાણિક રહી, નીતિમાન થઈને ફરનારા માણસો કરતાં કેટલીક વાર બુદ્ધિના ચાલાક ને નિખાલસ સ્વભાવવાળા પાપાચારીઓ અંતરના અધિકારમાં ક્યારેક વધારે ઉચ્ચ હોય છે. કેટલીક વાર સદ્ગુણી અને દીઠ ડાહ્યા સદાચારીઓ કરતાં અપ્રકૃતિભર્યા કે પાપાચારી ગણાતા

માનવી ઉચ્ચકોટિમાં મૂકી શકાય તેવા હોય છે. ભૂતકાળમાં થયેલા સંતોના ચરિત્રોનો અભ્યાસ કરતાં એમ લાગતું નથી કે આધ્યાત્મિક જીવનમાં પ્રગતિ કરનાર માટે પાપાચાર હંમેશાં બાધક નીવડ્યો હોય. એક દૃષ્ટિએ પાપ એ અંતરાય છે, તેમ તે સહાયક પણ બની શકે છે. સંતોના જીવનનો અભ્યાસ કરતાં તેમાંનાં ઘણાઓના જીવનના આરંભ કે મધ્યમાં પાપાચાર હતો, એમ જણાશે. સુખ-આનંદની પ્રાપ્તિ નહિ પણ કોઈ નિરપેક્ષ આદર્શના અનુસરણની સ્વાભાવિક આગત્યતા મનુષ્યને નીતિમાં પ્રેરે છે. સામાજિક કલ્યાણ કે હિત સાધવાની વૃત્તિ પણ નીતિની નિયામક ન હોઈ શકે. સામાજિક કલ્યાણ, પરોપકાર, સેવાભાવ વગેરે ઉચ્ચાદર્શો માનવને તેની અંગત આગ્રહી કામનાઓ સ્વાર્થપરાયણતા, સંકુચિતતા વગેરેથી મુક્ત થવામાં સહાયભૂત થઈ શકે છે એ સાચું છે, પરંતુ આખરે સમજાય છે કે સામાજિક હિત અને નીતિના સિદ્ધાંતની માંગણીઓ એક ના તો સંવાદી હોય જ એવું નથી. ઘણીવાર નીતિના અંગત ઉપાસકને સમાજના પ્રચલિત ધારા-ધોરણોને મૂળથી ઉલટાવી નાંખવા પડે છે. તેમને પડકારી બળવાનો

વાપરો પણ દૂર કરાવવો પડે છે. એ પ્રમાણે બંડ કરવામાં પોતે સમાજનું જ હિત સાધવા માંગે છે, અહિંયા દલીલમાં વજુદ નથી, કારણ કે સમાજ તેને હંમેશા 'હિત' તરીકે સ્વીકારવા તૈયાર હોતો નથી. અને દૃષ્ટિએ સમાજની સેવા, પરોપકાર વૃત્તિ, સેવા વિગેરે ઇષ્ટ છે, તો પણ નિરપેક્ષ આધ્યાત્મિક આદર્શની દૃષ્ટિએ જોતાં 'અહંતા'ની ઉપર જ એ સર્વે આદર્શોનો આધાર રહેલો છે. માનસશાસ્ત્રની દૃષ્ટિએ એ જોતાં કશો ફેર હોતો નથી. ઊલટું વળી કેટલીક વખત તો પરોપકાર કરવાની કે સેવા કરવાની ભાવના માનવની અહંતાને જ વધારે સબળ, તેના વર્તનને વધારે સ્વચ્છંદી અને તેની સર્વ વૃત્તિઓને વધારે-વધારે નિરંકુશ બનાવતી જોવામાં આવે છે. નીતિનો જે ઉપરાંત વ્યવહારમાં જે આદર્શો સિદ્ધ કરવા માગે છે, તેમાં નિરપેક્ષ પવિત્રતા, નર્યું શ્રેયસ-કલ્યાણ, નિર્ભેળ સત્ય, દિવ્ય પ્રેમ, સંપૂર્ણ અહિંસા, વિશ્વબંધુત્વ વિગેરેનો સમાવેશ થાય છે. એ આદર્શો માનવના જીવનમાં સંપૂર્ણ સિદ્ધ થઈ શકે એવા નથી છતાં નીતિમાન માનવનું કર્મ ધ્યાને તેનો વ્યવહાર,

તેના અંતરમાં રહેલ આદર્શને ધોરણે વિચારવું જોઈએ, તેના બાહ્યસ્વરૂપ યા તો પરિણામ ઉપરથી નહિ. કર્મ માત્ર સાપેક્ષ જ હોય. તેનું વાસ્તવિક મહત્ત્વ બાહ્યસ્વરૂપથી જ નહિ, પરન્તુ આંતરવિકાસના સાધન તરીકે આંકવું જોઈએ. કર્મ એ સાધન છે, સાધ્ય નથી. સનાતન મૂલ્યાંકન ચેતનની અવસ્થા વડે જ થઈ શકે. કોઈપણ કર્મની કિંમત તેની પાછળ રહેલી કે તેના દ્વારા પ્રગટ થવા મથતી ચૈતન્યઅવસ્થા પર આધાર રાખે છે.

કર્મની કિંમત માનવના આંતરચૈતન્યને
મૂર્ત સ્વરૂપ આપવા પૂરતી હોઈ શકે.

જે કર્મ કેવળ યાંત્રિક છે, જેની પાછળ ચૈતન્યની વિશિષ્ટ અવસ્થા નથી, તે કર્મની કિંમત નહીં જેવી જ ગણાય.

આ દૃષ્ટિએ જોતાં પરોપકારનાં ઉત્તમ અને સાત્ત્વિક કાર્યો પણ પોતાને ખાતર ઇષ્ટ ગણાય નહિ. ખરી વસ્તુ ચૈતન્યની સ્થિતિ છે. જગત સમસ્તમાં અત્યાર સુધી પ્રગટ થતી આવેલી સઘળી દાનવૃત્તિથી યા તો વ્યવસ્થિત પરોપકારનાં કાર્યો વડે જગતનાં દુઃખોમાં કે પાપોમાં રતિમાત્ર ઘટાડો થયો જણાતો નથી. સુખ-દુઃખ એ સ્થૂળ પદાર્થો કે તેના પર આધાર

રાખનારી સૂક્ષ્મ અવસ્થાથી જ નહિ એટલે બહારના ગમે તેટલા પરિવર્તનોથી એમના અનુભવમાં ખાસ કશો ફેરફાર પડવાનો સંભવ નહિ. અંતરના વિકારી ધોરણના, બુદ્ધિપ્રધાન આદર્શો કે આચારના કોઈ બાહ્ય નિયમનના અનુસરણમાં નીતિની અંતિમ સાર્થકતા - આદર્શની નીતિમત્તા નહિ. તે ઉચ્ચતમ ઉદ્દેશ તો ભાગવતપ્રકૃતિની પ્રાપ્તિ છે. જ્યારે માનવ નિરપેક્ષ શ્રેયસને પોતાના આચારમાં આત્મિક રીતે પ્રગટ કરશે. એવી પ્રાપ્તિવાળો માનવ પોતાના જીવનમાં આત્મિક દિવ્યતાને વ્યક્ત કરે છે.

શુદ્ધ આધ્યાત્મિકતા : સાચી આધ્યાત્મિકતા એટલે શાસ્ત્રની વાક્ચાતુરી, વેદાંતિતા - બૌદ્ધાંતિતા કે ધર્મની દલીલોની શુષ્ક તર્ક પરંપરા નહિ.

શુષ્કવાદ, મતાગ્રહ, ત્યાગ, બ્રહ્મચર્ય, વિધિ-વિધાન, વ્રત, ક્રિયાકર્મ, જપ, આજ્ઞાપાલન વગેરે સાધનો હોવા છતાં શુદ્ધ આધ્યાત્મિકતામાં સમાવી શકાય નહિ.

સાચી આધ્યાત્મિકતામાં સંપૂર્ણ સ્વાતંત્ર્ય હોય. વળી આધ્યાત્મિકતાનો ઇન્કાર કરવાનું પણ સ્વાતંત્ર્ય હોય. બુદ્ધિસ્વાતંત્ર્યનો યુગ ઘણીવાર સાચી આધ્યાત્મિકતાના જમાનાની પુરોગામી ભૂમિકા હોય છે.

## સાચી આધ્યાત્મિકતા

(૧) જીવનના અંતિમ સ્વરૂપની શોધ.

(૨) અંતઃકરણના વિવિધ ધર્મોનું જ્ઞાન પ્રાપ્ત કરવાની અભીપ્સા.

(૩) જીવનના જ અંતરમાં રહેલ કોઈ દિવ્ય તત્ત્વની શોધ કરવાનો આંતર પ્રયત્ન.

(૪) બુદ્ધિ પર રહેલ પ્રકૃતિઓ, તેને પ્રાપ્ત કરવાની શક્તિઓ તથા તેનો જ જીવનના અંતિમ લક્ષ્ય તરીકે સ્વીકાર.

(૫) સ્વભાવ કે સ્વધર્મ પ્રમાણે પ્રકૃતિના આંતર-આદર્શ પ્રત્યે વિકાસ કરવાની અભીપ્સા.

ધર્મના બે સ્વરૂપો:

(૧) આંતર (આચાર) (૨) બાહ્ય (આચાર).

પહેલું સ્વરૂપ પ્રભુની બુદ્ધિ પર કોઈ અનિર્વચનીય દિવ્યસત્તાની ખોજ એ તેનો વિષય છે. આધ્યાત્મિકતા અને ધર્મનું આ પ્રથમ સ્વરૂપ બંને એક જ છે. ધર્મનું બીજું સ્વરૂપ માનવની પ્રકૃતિનાં કેટલાક અસંસ્કૃત પાશવ ભાગોને શુદ્ધ કરવા તરફ અને તેના સામાજિક જીવનની જરૂરીયાત પૂરી પાડવા તરફ

વધારે ભાર આપે છે. પરિણામે તે સ્વરૂપ સંકુચિત બને છે. બુદ્ધિની સ્વતંત્રતાને કેટલાંક સ્વીકૃત મંતવ્યો તેમાં પ્રધાન બને છે. નીતિમાન જીવનને ઉપયોગી એવા કડક નિયમો પ્રચલિત હોય છે. સામાજિક જીવનના અર્ધસત્યો, કેટલાક અજ્ઞાનભર્યા દૃઢ વિચારો અને અપમાન્ય ધોરણોનો ઉમેરો હોય છે. ધર્મના આ પ્રકાર કે સ્વરૂપને આધ્યાત્મિકતા સાથે સીધો સંબંધ નથી. એનાં આચરણના પરિણામે જે આડકતરો લાભ લઈ માનવપ્રકૃતિ વધારે ઉચ્ચ બને છે, તેટલા પૂરતું જ તે આધ્યાત્મિકતાનું પોષક હોય છે. આધ્યાત્મિકતા સ્વલક્ષી-આંતરલક્ષી છે. ધર્મ આંતર તેમ જ બાહ્યલક્ષી પણ છે. વર્તમાન વ્યવહારુ જીવન અપૂર્ણતાભર્યું છે, તેથી તેનો ત્યાગ કરવો યા તો જીવનમાં જે પ્રત્યક્ષ વિરોધો આવી રહેલા છે, તેથી ગભરાઈને જીવનથી દૂર નાસી જવું એ ઉચ્ચ આધ્યાત્મિકતાની દૃષ્ટિએ નિર્બળતા છે. સાચી આધ્યાત્મિકતા જીવનના અગત્યપૂર્ણ ગણાતાં ક્ષેત્રોનો પણ ત્યાગ કરે એવું કાંઈ નથી. પ્રત્યેક માનવશક્તિને, આંતરજીવનની એકેએક શક્તિ તથા શક્યતાને, આંતર તથા બાહ્યકરણને સ્વીકારી પ્રત્યેકને તેની સાર્થકતા

સાધવા માટે પ્રત્યેકનું રૂપાંતર કરવા મથે છે. કોઈ દિવ્ય પ્રકૃતિને, માનવની જ કોઈ અપૂર્વ સાધનાને યોગ્ય ખીલવા કરવાને બનાવવા માટેની નથી. સામુદાયિક જીવનમાં એ પ્રકૃતિ પ્રગટ કરવાની અભીપ્સા સાચી આધ્યાત્મિકતામાં રહેલ છે. એ પ્રકારની આધ્યાત્મિકતા સર્વ સામાન્ય થઈ શકે તે માટે આત્મલક્ષી-Subjective જમાનો તેનો પુરોગામી હોવો જોઈએ. જ્યાં શુદ્ધ માનવજાતિના નેતૃત્વને કરનારા ભાગમાં અધિક આત્મલક્ષીતા પ્રગટતી નથી, ત્યાં શુદ્ધ સાચી આધ્યાત્મિકતાનો જમાનો દૂર સમજવો. વિશિષ્ટ, સામાજિક કે રાજકીય બંધારણો એ તો તેમાં ક્રાંતિ કરવાને પરિણામે આંતરરૂપાંતર માનવમાં થાય, એ આશા વ્યર્થ છે. આંતરપરિવર્તન કેવળ બાહ્યવિપ્લવ કે ક્રાંતિ વડે કદી જ સાધ્ય નથી. માનવચૈતન્યની છાપરી સપાટી ઉપર જે શક્તિઓ વ્યક્ત થાય છે, તેના કરતાં વધારે વિશાળ અને સમર્થ નથી સૂક્ષ્મ, ગૂઢ, ચમત્કારિક ગણાતી શક્તિઓના અસ્તિત્વનો નથી બુદ્ધિ વડે અગાધ અધિક ચૈતન્યની મનસાતીત અવસ્થાઓનો અગર ભૂમિકાઓનો સ્વીકાર પણ સાચી આધ્યાત્મિકતામાં જરૂરી રહેલ છે.

પોતાના ચૈતન્યની સ્થિતિમાં જ ઇષ્ટ પ્રકારનું રૂપાંતર કરવા માટે પ્રયત્ન કરનારા અથવા કોઈ આધ્યાત્મિક આદર્શને જીવનનું ધ્યેય ગણનારાઓને સામાન્ય રીતે સાધકો aspirants કે યોગીઓ mystics કહેવામાં આવે છે. આવાઓમાં જેઓ કોઈપણ પ્રકારનું સંગીન રૂપાંતર પોતાનામાં કરવા સમર્થ થાય છે, તેઓ માનવ પ્રકૃતિના આંતરવિકાસનાં બીજ પોતાની આજુબાજુ ચોક્કસ અધિકારી વ્યક્તિઓમાં વેરે છે અને બની શકે તેટલા સમૂહમાં તેને વાવે છે. એવાઓનું જીવનકાર્ય તેમના સ્થૂલ જીવનથી કે જીવનની બાહ્ય ઘટનાઓથી માપવું એ ભૂલ છે. આંતરમાં ડૂબકી મારી કોઈ ઉચ્ચતમ સત્યને પોતાના ચૈતન્યમાં પ્રાપ્ત કરવું, એ તેઓનું પ્રધાનકાર્ય હોય છે. આવા કોઈ આંતરસત્ય વડે તેઓ પોતાનું જીવન નિયત કરે છે, આવા ઉચ્ચ જીવનની સાચી અસર માપવા માટે સ્થૂલ પુરાવા મળી શકે નહિ. પરિણામે વહેમ, અજ્ઞાન વિગેરેમાં વધારો પણ થાય. બાજુ બાજુ સાચી આત્મપ્રગતિ સાધવાને પરિણામે વ્યક્તિઓ તથા મોટા સમૂહોને પણ લાભ થવાનાં ઉદાહરણો વિરલ નથી. મહાવીર, બુદ્ધ, ક્રાઈસ્ટ આદિ તેના ઉદાહરણો ગણી શકાય.

## Most Important

Man is in his real nature a spirit using the mind, life and body for an individual experience in the universe. Impossibility is only a sum of greater unrealised possibles.

### દૂર કરવા લાયક મુખ્ય દોષો

જૂઠ = કઠોરતા, કર્કશતા, વાચાળતા, વાદશીલતા, માયાશીલતા ઉપરાંત દંભચારિતા - એ સર્વ દોષો છે.

ગુસ્સો = ગર્વિષ્ઠતા, ઈર્ષ્યાળુતા, ચિન્તાતુરતા, નિર્માલ્યતા ઉપરાંત દીનતા - એ સર્વ દોષો છે.

વિકાર = લુબ્ધતા, આસક્તતા, ગૃદ્ધતા, કામરાગતા, મોહમૂઢતા.

### પ્રાપ્ત કરવા લાયક મુખ્ય ગુણો

માધ્યસ્થતા = સત્યતા, મધ્યવર્તિતા, ન્યાયનિષ્ઠતા, નિગ્રહશીલતા - એ સર્વ ગુણો છે.

ઉદારમનતા = ક્ષમાશીલતા, પરોપકારિતા, પવિત્રતા, નિઃસ્વાર્થતા, સંભાવિતા - એ સર્વ ગુણો છે.

સમતા = પ્રસન્નતા, પ્રશાંતતા, સહૃદયતા, શાંતતા,
સમાનતા, નમ્રતા, ક્ષમાશીલતા, નિયમિતતા,
સ્વચ્છતા, સમર્પિતતા - એ સર્વ ગુણો છે.

વર્તમાન અશાંતિ ભાવિ શાંતિનું સૂચન છે.
અશાંતિની જગ્યા એ જ શાંતિની શરૂઆત છે.

ભુજપુર (કચ્છ), ૧૪ - ૭ - ૧૯૫૭

ઈશ્વરનું સ્થાન

(૧) માનવની રોજંદી વર્તણૂક અંગે દુનિયાના સર્વ ધર્મોએ દર્શાવેલા સર્વ સામાન્ય નિયમો મનુષ્યને નીતિમાન અને એ રીતે દેશનો જવાબદાર પ્રજાજન બનાવે છે. ધર્મનો અર્થ તેના પ્રવર્તકે પ્રબોધેલાં દૈનિક અનુષ્ઠાનો એટલો જ નહિ હતો; સાચા અર્થમાં તો ધર્મ મનુષ્યને પોતાની જાત અને સમાજ સાથેના સંબંધમાં વધુ સારો માણસ બનાવે, તેવા વર્તણૂક અંગેના નિયમોનો સંગ્રહ છે. કોઈપણ સંપ્રદાય અને ધર્મના મતભેદથી નિરપેક્ષ રહીને આવા વર્તણૂક શીખવી શકાય અને તેને પ્રોત્સાહન આપી શકાય.

(૨) વધુ સારો મનુષ્ય અને વધુ સારો સમાજ બનાવવા માટે જરૂરી એવા વર્તણૂક અંગેના નીતિ-નિયમો ઈશ્વર

વિષેની શ્રદ્ધાની આસપાસ કેન્દ્રિત થયેલા છે અને ઈશ્વરમાં શ્રદ્ધા એ ખરી રીતે તો પરમપદની પ્રાપ્તિ વિષેની શ્રદ્ધા છે કે જ્યાં માનવની સપ્રવૃત્તિઓનું કોઈ અસ્તિત્વ નથી. આવી શ્રદ્ધા વ્યક્તિગત ઉદ્ધાર માટે તો જરૂરી છે જ પરન્તુ સમાજના અને તેથી કરીને માનવજાતના ઉદ્ધાર માટે પણ જરૂરી છે.

-ડૉ. હરેકૃષ્ણ મહેતાબ, જુલાઈ ૧૯૫૭, અખંડ આનંદ પૃ. ૬

## ધર્મની જીવનકલા

અર્પણ દ્વારા કૃતાર્થતાનો અનુભવ કરવો એ એક ધર્મ-ભાવના છે. મનુષ્યહૃદયમાં ઉદાત્ત ભાવનાની કદર હંમેશા રહેલ છે જ. બગીચામાં રોપેલ છોડ કે વાવેલ વૃક્ષના ફુલ કે ફળનો ઉપભોગ કરવાનો અધિકાર પોતાનો જ છે પણ કેવળ ઉપભોગથી મનુષ્યને પૂરો સંતોષ નથી થતો. ઉચ્ચ ભાવના કહે છે કે જેના પ્રતિ આપણને આદરભાવ છે, કૃતજ્ઞતા કે ભક્તિનો ભાવ છે, એને જ આપણને ઉત્તમ ભાગને અર્પણ કરવો, એમાં સર્વોચ્ચ આનંદ છે. એ રીતે અર્પણ દ્વારા કૃતાર્થતાનો અનુભવ કરવો, એ એક ધર્મભાવના છે. ધર્મ એ જીવનની કલા છે.

-કાકા કાલેલકર, જુલાઈ ૧૯૫૭, અખંડ આનંદ પૃષ્ઠ-૪

સુખ શેમાં? સ્વવશતામાં પણ પરવશતામાં નહિ.

સુખ બહાર નહિ પણ અંદર છે. એનો આધાર કોઈ સ્થૂલ વસ્તુ ઉપર નહિ પણ હૃદયની વૃત્તિ ઉપર છે.

'સર્વં આત્મવશં સુખં, સર્વં પરવશં દુઃખમ્ |'

ઇંદ્રિયો દ્વારા પ્રાપ્ત થતું સુખ એ સ્વવશ નહિ પણ પરવશ જ છે. શરબતનું પીણું કે ખાણાનું અગર ગીત કે નાટકો સુખ આપે છે, તે સ્વવશ નહિ પણ પરવશ છે. જેને તે પદાર્થ નહિ મળે અગર પદાર્થો મળવા છતાં જો ઇંદ્રિયોની શક્તિ કામ નહિ કરે, તો તેને તે સુખ ક્યાંથી મળશે? બાજુ તરફ ખાણાની સુવાસ અને ઉકરડાની બદબો, બન્ને બાહ્ય અને ક્ષણિક છે, એમ સમજ પામેલા આત્માની શુદ્ધતાની સૌરભ જ સદા માણતો રહે છે, તે ખરેખરો સુખી છે કારણ એનું સુખ સ્વવશ છે પણ પરવશ નહિ. -પદ્મ

પરમાર્થ તત્ત્વ બુદ્ધિ તર્કનો વિષય નહિ, તેનો પ્રત્યક્ષ અનુભવ કરવાનો છે. સંસારમાં બે વસ્તુ છે: શ્રેય અને પ્રેય. જેઓ શ્રેયને વરે, તેમનું ઉભયલોકમાં કલ્યાણ થાય. જેઓ પ્રેયની પાછળ પડે, તેઓ માયાના પ્રવાહમાં અથડાય છે અને ચિંતામાં અશાંતિ પામે છે.

o પોતાથી પર આવેલી કોઈ શક્તિ વડે આલોકિત થયા વિના આપણી ઇંદ્રિયો, મન અને બુદ્ધિ બહારના જગતનો જે ખ્યાલ આપે છે, તે અધૂરો છે.

o શરૂઆત મન અને ઇંદ્રિયોથી કરવાની છે પણ આ કરણો પોતાની અનુભૂતિઓને જે મહત્ત્વ આપે છે, તે સુધારી લેવાનું છે. વિચાર અને વિવેક આગળનાં સાધનો છે પણ તેમનો હેતુ અંતરાયો દૂર કરવાનો છે, ભાવાત્મક જ્ઞાન આપવાનો નહિ.

વિશુદ્ધ અને શાંત ચિત્તમાં આત્માનું જે પ્રતિબિંબ પડે છે, તે જ ભાવાત્મક જ્ઞાન છે. આત્મદર્શન તથા સમ્યગ્ જ્ઞાન માટે અનિવાર્ય છે : દેહાધ્યાસનો પરિત્યાગ. વળી મન, પ્રાણ અને શરીર સાથેની એકતાની ભાવનાનું પરિવર્તન તથા મર્યાદિત અહંતાનું વિસર્જન જરૂરી છે. દિવ્ય જીવન માટે આંતરિક ત્યાગની - વૈરાગ્યની જરૂરીયાત છે. પ્રથમ ભાગ - રૂપાત્મક પદાર્થો માટે જે માનસિક રાગ છે, તેનો ત્યાગ અને પછી 'હું શરીર છું, મન છું, પ્રાણ છું' એ ગ્રન્થિનો પણ પરિત્યાગ. ધર્મની પરિભાષામાં અંદરના ત્યાગ વિનાનો સત્તા-કીર્તિ-દ્રવ્ય પદાર્થો તથા શરીરનો બાહ્યત્યાગ પણ મિથ્યાચાર છે.

૦ આપણે જે ગાંઠો વડે નિમ્નપ્રકૃતિમાં બંધાયા છીએ: સ્વરૂપનું વિસ્મરણને ચિત્ત દ્વારા દુનિયાના પદાર્થોનું આકર્ષણ. પ્રથમ બાહ્ય વિષયોમાં લોલુપતાનો ત્યાગ કરવાનો છે અને ત્યારબાદ આપણા કર્તૃત્વભાવનો – બંધનના મધ્યબિંદુમાંથી અહંતાનો ત્યાગ કરવાનો છે.

૦ અજ્ઞાન અવસ્થામાં આપણા કરણો અસમતાથી ભરપૂર રહે છે. પ્રાણમાં કામના, ઇચ્છા અને વાસનાઓ, ચિત્તમાં રાગ, ક્રોધ, હર્ષ, શોક આદિ દ્વંદ્વો, ક્રિયાત્મક સંકલ્પશક્તિમાં પરસ્પર વિરોધ રહ્યો, બુદ્ધિમાં પૂર્વગ્રહો, માન્યતાઓ, પક્ષપાતોને વળગી રહેવાની ટેવ રહે છે.

૦ સર્વત્ર બ્રહ્મદર્શન થવાથી સર્વ પ્રકારના બાહ્ય સ્પર્શોમાં આનંદ લેવાની શક્તિ પ્રાપ્ત થાય છે, પ્રાણમાંથી સર્વ કામનાઓ અદૃશ્ય થાય છે. બુદ્ધિમાં ભાવાત્મક સમતાની સ્થાપના થવાથી સત્યની સર્વ બાજુઓ સ્વીકારવા તે તૈયાર થાય છે. ક્રિયાશક્તિમાં સમતાનું અવતરણ થવાથી સર્વ પ્રકારનાં કર્મોનો શાંતિ સ્વીકાર કરે છે. સર્વ કર્મોમાં એકસરખો આનંદ લે છે. સર્વ ઘટનાઓમાં, સર્વ પદાર્થોમાં, સર્વ પ્રાણીઓમાં સમદૃષ્ટિ રાખી નિત્ય આનંદ પામે છે. –અદ્વૈતાનંદ

પદાર્થમાત્રનું મૂળ અથવા આદિ સ્વરૂપ
વિચાર કિંવા સંકલ્પ છે અને પરમાણુ એ
વિચારથી જાગ્રત થનારો પિંડ કિંવા અંશ છે.

## મનુષ્યનું મસ્તિષ્ક

મનુષ્યના શરીરની પ્રત્યેક પેશી ઘનીભૂત ચિત્ત છે
તથા લોહીનું પ્રત્યેક બિંદુ એ દ્રવીભૂત ચિત્ત છે.
મનુષ્યના મસ્તિષ્કની ચિંતન તથા સ્મરણ કરનારી
માંસપેશીઓનાં કોષોની સંખ્યા
૧૦૦ અબજ કે ૧૨૦ અબજ જેટલી હોય છે.
ડૉક્ટર રોસેનઝ્વાઇ કહે છે કે : મનુષ્યનું મસ્તિષ્ક
તેની ૭૦ વર્ષની વયે પણ ૧૫ કરોડ વસ્તુઓનું સ્મરણ
સંગ્રહી રાખવા જેટલું શક્તિમાન હોય છે.
નાડીતંત્રના ઘણા વિશારદોએ માનવના મસ્તિષ્કને
હજાર પાંખડીવાળા કમળની તુલના આપી છે.
આ કમળ અસંખ્ય કોષોનું બનેલું છે અને
તે ચિત્ર-વિચિત્ર તંતુઓથી વીંટાયેલું છે.
મનુષ્યનું વ્યક્તિત્વ ઘડનારી બધી વસ્તુઓ તેના
મસ્તિષ્કમાં સંગ્રહાયેલી હોય છે. તેમાં તેની અંદરની
ઇચ્છાશક્તિનો પણ સમાવેશ થાય છે. ઝીલ ઘુસ્કેલ

કે આહ્વાનનું કાર્ય પણ બે પ્રકારે ઇચ્છાશક્તિ દ્વારા કરવાને તત્પર થાય છે, તો બીજી વખત તેને માટે તેવું કાર્ય ખૂબ સહેલું બની જાય છે.

આકર્ષણવિદ્યા કે magnetism અને માનસ આકર્ષણ વિદ્યા અર્થાત્ કે mesmerismએ પ્રકારના આંતરમનની છાપીને પાળા શબ્દ છે. કેટલાક એવા શક્તિઓ કેળવાને કરે છે કે પોતે બીજાના આંતરમનને જાગ્રત ને વશ કરી શકે છે. આવા ઇચ્છાશક્તિના ઉપયોગનો માર્ગ સ્વયંસૂચન (auto suggestion) છે, તેથી આંતરમન સારી રીતે પ્રભાવિત થાય છે. આ આંતરમનમાં પૂર્ણ સ્મૃતિત્વ રહેલું છે. મનુષ્યનો ધર્મ વિકૃતિવશ બાહ્ય મનની ઉપર સદા જાગ્રત રહેવા આંતરમનનો અંકુશ સ્થાપીને નિસર્ગદત્ત અપારશક્તિનો ઉપયોગ કરવામાં સમાઈ રહેલો છે. - ચુનીલાલ વર્ધમાન

મનમાં બે શક્તિ છે: એક નમનશક્તિ અને બીજી નિયમનશક્તિ. અશ્વ અર્થાત્ સાધારણ ઘોડો. બીજો અર્થાત્ તીવ્ર ગતિવાળો ઘોડો. પ્રથમ પ્રકારના ઘોડાનું નમન કરવું પડે છે. બીજા પ્રકારના ઘોડાનું નિયમન કરવું પડે છે. મન એ તો જીવતો જાગતો ડાયનેમો છે.

એને પોતાની ઈચ્છાનુસાર વિજળી પેદા થઈ શકે છે.
મન ઈચ્છા કરે, તે એક દિવસ પૂર્ણ થાય જ છે.
મન જેટલું શુદ્ધ, તેટલું જોર તેની ઈચ્છામાં રહેશે.

જેનું મન જેટલું સાત્વિક હોય છે,
તે જે વસ્તુની ઈચ્છા કરે, તેટલી શિઘ્ર સંપાદિત થાય.
અશુદ્ધ મન તે કરી શકતું નથી.

મન જે સંકલ્પ કરે છે, તેને કાર્યરૂપમાં પરિણત કરી દે છે. એ કારણે એ જરૂરી છે કે મન જે સંકલ્પ કરે તે શુદ્ધ હોય, શિવ સ્વરૂપ હોય પણ રૌદ્ર સ્વરૂપ નહિ. વિધાયક હોય પણ વિનાશક નહિ. જેટલા પણ મંગલ કાર્યો આ જગતમાં થયા છે, તે બધાની પાછળ મનના શિવસંકલ્પે જ કામ કર્યું છે. મન એક મતે અણુ માન્યું છે. એની શક્તિ અણુશક્તિ છે. તે Atom bombની જેમ કાર્યશીલ છે. શરીરની અંદર રહેવાવાળો અણુબોંબ છે. એનો પ્રયોગ હાનિ માટે અને શક્તિના ઉત્પાદન માટે પણ થઈ શકે છે. મનને સ્થિર અને સત્યસંકલ્પી બનાવવા માટે દૃઢ આધારની જરૂર છે. એક તો સ્વયં ચંચલ અને એને આધાર પણ ચંચલ મળે તો વધુ ચંચલ બની જાય.

તે કારણથી મનને બાંધવા માટે આધાર દૃઢ જોઈએ. તેથી ઉપદ્રવ કરવાનો મનનો સ્વભાવ પલટી જાય છે અને શુભકાર્યમાં લાગે છે. મનુષ્યનો સમસ્ત સંસાર આ 'હું' જ રચે છે તેમ જ એ 'હું' જ એને સૃષ્ટિથી પૃથક્ પણ બનાવે છે. કર્તૃત્વ ને ભોક્તૃત્વ એ બંનેનું ભાન આ 'હું' પૂરતું જ મર્યાદિત હોય છે. સઘળું સર્વમાં સમર્પણ કરવું, અહમનો અખિલમાં વિસ્તાર કરવો ને આત્માનું પરમાત્મામાં નિવેદન કરવું એ કર્મ-ભક્તિ અને જ્ઞાન એ ત્રણે માર્ગનું અંતિમ ધ્યેય છે. કર્મ-ફલેચ્છા અને કર્તૃત્વાભિમાનનો ત્યાગ મનુષ્યમાત્ર કરે છે, પરન્તુ તે તો પાપકર્મ કરતી વખતે યા કોઈપણ કાર્યમાં થયેલ પોતાની ભૂલનો બચાવ કરતી વખતે કરે છે. ત્યાં અનાસક્તિયોગ નથી, કિન્તુ કર્મફલમાં ને કર્મના અહંકારમાં ભારોભાર આસક્તિ છે, કારણકે પાપકર્મ કરીને પણ તેના દુષ્ટ વિપાકમાંથી બચી જવાની લાલસા ત્યાં રહેલી છે તથા ભૂલવાળા કર્મનો ભાર પોતા પર ભલે ન લે પણ જો જે કર્મથી લાભ થયો હોય, તે કર્મનો અહંકાર તેના દિલમાં ઠાંસીને રહેલો છે. કર્મફલાર્પણ અને કર્મના અહંકારનો ત્યાગ, તે જ ખરી

શકે કે જે સ્યાદ્વાદ ન્યાયપૂર્વક કર્મ અને તેના ફળનો સંબંધ કરાવનાર એટલાં નિમિત્તો છે, તેને તે પોતાને ઉત્પન્ને યથાસ્થાને જોઈ શકે. સમ્યગ્ જ્ઞાનપૂર્વકની અનાસક્તિ એ જ ખરો કર્મયોગ છે. કર્તૃત્વબુદ્ધિનો અભાવ અથવા માનવજાતમાં ન હોત તો detective (ગુનાશોધક)નો ધંધો જ નકામો થઈ પડત. ફળની આકાંક્ષા વિના કોઈ પ્રવૃત્તિ ન જ થઈ શકતી હોત તો હિંસાદિ પાપકર્મોની વિશ્વમાં ઉત્પત્તિ જ ન હોત. પાપનું ફળ દુ:ખ છે. દુ:ખની ઇચ્છા લેશમાત્ર ન હોવા છતાં જીવ જ્યારે પાપકર્મ કરે છે, ત્યારે ફલેચ્છાના ત્યાગપૂર્વકનો કર્મયોગ ત્યાં બરાબર અનુભવાય છે, કિન્તુ એ સાચો કર્મયોગ જ નથી. સાચો કર્મયોગ નિમિત્તમાત્ર બનવામાં નથી પણ અનેકમાંના એક કારણરૂપે રહેવામાં છે. કર્તૃત્વની જવાબદારી ટાળવામાં નથી પણ ઉપાદાન કર્તૃત્વની સાથે નિમિત્ત કર્તૃત્વને પણ અપનાવવામાં છે, એથી મિથ્યાહંકાર ટળે છે અને અશુભ કર્મના ફળની ઇચ્છાની જેમ શુભ કર્મના ફળની ઇચ્છાને પણ છોડવા જેવી છે, કેમકે શુભ કર્મનું ફળ પણ અશુભકર્મની જેમ બંધનકારક છે.

શુભાત્મકનું ફળ પણ ક્ષણ વિનશ્વર છે.
તે આત્મભિન્ન હોવાથી આત્મશાંતિનું ઘાતક છે.

૦ માત્ર હાથ-પગનો ઉપયોગ કરનાર મજૂર કહેવાય,
હાથ-પગ સાથે બુદ્ધિનો ઉપયોગ કરનાર કારીગર
તથા હાથ-પગ તથા બુદ્ધિની સાથે સાથે
હૃદયનો પણ ઉપયોગ કરનાર કલાકાર કહેવાય.

૦ ભક્તિ અમુક જ વ્યક્તિ વિશેષ કે અમુક ધર્મ કે
પંથમાં વહેંચેલા ઈશ્વરના સ્વરૂપની જ કરવી જોઈએ
તેમ નથી, તેના બદલે કોઈપણ ઉચ્ચ ધ્યેય અથવા
ઉદાર આદર્શ ચાલી શકે.

'યથાભિમતધ્યાનાદ્વા ।' કોઈપણ ઇષ્ટ વસ્તુના
ધ્યાન, ભક્તિ કે ઉપાસનાથી કાર્ય સિદ્ધ થઈ શકે છે.

૦ જ્ઞાન એટલે વેદાંતનું જ્ઞાન એટલો જ અર્થ લેવાનો નથી.
કેવલ વિશિષ્ટ કે શુદ્ધ અથવા ગમે એક જ પ્રકારના
અદ્વૈતની ભાવના કેળવવી જોઈએ એમ જ નથી,
પરંતુ જીવજાતમાં તેમ જ પ્રાણીમાત્રમાં સમાન તત્ત્વ
રહેલું છે અને આ સંસારનું સારતત્ત્વ એ જ છે,
એ વસ્તુનું ભાન થાય, સાક્ષાત્કાર થાય એટલે બસ.
તનમાં લોહી ફરે, શ્વાસોશ્વાસ લઈએ, તે સર્વ નિત્યકર્મ.

પગે કાંટો વાગે, માંદા પડીએ એ સર્વ નૈમિત્તિક કર્મ.
શરીર સુધારવા કસરત કરીએ અથવા
યોગાસન કરીએ, તે સર્વ કામ્ય કર્મ.

o 'હું કરું - હું ભોગવું' એ પ્રત્યેક પ્રાણીઓના કાર્યોનું પ્રેરણાત્મક બળ છે. દુનિયામાં જે કાંઈ થાય, દેખાય, સંભળાય કે અનુભવાય છે, તે બધું જ આપણા વડે અથવા આપણા માટે જ થાય છે. વર્તુળ ગમે તેટલું વિશાળ બનાવીએ, પરંતુ તેની બધી ત્રિજ્યાઓ એક જ મધ્યબિંદુમાં કેન્દ્રિત થાય છે અને ત્યાંથી જ શરૂ થઈને જુદા જુદા વિસ્તારમાં ફરી વળે છે. આ સંસારનો પ્રપંચ ગમે તેટલો વિસ્તારીએ, પરન્તુ તેની બધી પ્રવૃત્તિઓનું કેન્દ્ર ને પ્રભવસ્થાન 'હું' જ રહે છે. નિરન્તર પરિભ્રમણ કરતી અને પરિવર્તન પામતી
આ સૃષ્ટિનું અચળ અને ધ્રુવબિંદુ એ જ છે.

o 'હું સત્રૂપ છું' એટલે ત્રિકાળાબાધિત હોઈ મારે જન્મમરણ ન હોય. 'હું ચિદ્રૂપ છું' એટલે ચૈતન્યસ્વરૂપ હોઈ જ્ઞાન મેળવવા મારે યત્ન કરવાનો હોય નહિ. 'હું આનંદસ્વરૂપ છું' એટલે સુખ મેળવવાને માટે મારે જગતના પ્રાણી - પદાર્થોની આવશ્યકતા ન હોય.

૦ 'હું શરીર નથી' એટલે જન્મ, મૃત્યુ, જરા, વ્યાધિ મને પીડા આપી શકે નહિ. 'હું પ્રાણ નથી' એટલે ક્ષુધા, તૃષા, શીતોષ્ણ મને વ્યાકુળ કરી શકે નહિ. 'હું ઇંદ્રિયો નથી' એટલે વિષયના સંયોગ - વિયોગ, જન્મ, સુખ અને દુઃખ મને સ્પર્શ કરી શકે નહિ. 'હું અંતઃકરણ નથી' એટલે શોક - મોહ, રાગ - દ્વેષ, કર્તા - ભોક્તા વગેરે ધર્મો મારા સુધી પહોંચી શકે નહિ.

૦ જેમ સૂર્યના પ્રકાશ વડે પ્રાણીમાત્ર પોતપોતાના શુભાશુભ વ્યવહારોમાં જોડાય છે પણ તેથી સૂર્યનારાયણ કોઈ સુખ - દુઃખ કે હર્ષ - શોક ધારણ કરતા નથી, તેમ જ રીતે મારા ચૈતન્યના પ્રકાશ વડે દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન પોતપોતાના શુભાશુભ વ્યવહારોમાં જોડાય છે પણ તે વ્યવહારથી તેમને થતાં સુખ-દુઃખ મારામાં કોઈ વિકાર ઉત્પન્ન કરી શકે નહિ. આ રીતે દીર્ઘ સમય સુધી શાંત ચિત્તે ભાવ અને પ્રેમથી વિચાર કરતાં - કરતાં સાધક કૃતકૃત્ય થઈ જાય છે.

## ભક્તિની પાંચ ભૂમિકાઓ

દાસોઽહં - સોઽહં - તસ્યૈવાહમ્, તવૈવાહં, ત્વમેવાહં - એ સર્વ ભક્તિની ભૂમિકાઓ છે.

વિદ્યુતગૃહમાં વિજળીનો પાવર પડી રહ્યો છે પણ સ્વીચ દબાવશો તો જ દીવો થાય છે. અહીં પણ ગ્લોબના પાવર પ્રમાણે દીવાનો પ્રકાશ થાય છે. તે જ રીતે મનુષ્યના અંતઃકરણની યોગ્યતા પ્રમાણે તેમાં
જ્ઞાનપ્રકાશ પડતો - અથવા પ્રાપ્ત થાય છે.

મનુષ્યત્વ, ગુણસત્વ, કૃતજ્ઞત્વ હોય - તે મનુષ્ય છે. મનુષ્ય શરીરમાં મનુષ્યત્વ ખીલેલું ન હોય, તો મનુષ્ય અને પશુમાં કાંઈ તફાવત નહિ. કોઈના પણ સદ્ગુણને જોઈને તે ઉચ્ચ ગુણો પ્રાપ્ત કરવા પ્રયત્નવાન રહે, કોઈના અલ્પ ઉપકારને પણ સદા યાદ રાખી તેના પ્રતિ આદરભાવ રાખે, તે જ સાચા અર્થમાં મનુષ્ય કહી શકાય.

ઈશ્વરની સમીપ મનુષ્યનું ઊંચું સ્થાન છે અને તેથી જ ઈશ્વરના ભાગ-વિગ્રહો જનકલ્યાણાર્થે મનુષ્ય શરીરમાં થાય છે. પશુ-પક્ષી આદિનાં શરીરો કેવળ કર્મ ભોગવવા માટે છે, જ્યારે મનુષ્ય જન્મ કર્મ ભોગવવા માટે અને નવા કર્મ કરવા માટે છે.

ગુણસત્તા, કૃતજ્ઞતા, પરોપકાર - એ મનુષ્યત્વની ખાસ વિશિષ્ટતા છે. વિદ્યાર્થી વિદ્યાભ્યાસ કરે છે, તે કાંઈ વિદ્યાગુરુને રાજી કરવા માટે કરતો નથી, પરન્તુ

પરીક્ષાની લાયકાત વધારવા માટે કરે છે. વિદ્યાપીઠમાં વિદ્યાર્થી દાખલ થાય એટલે તેને પ્રમાણપત્ર મળી જતું નથી. પ્રમાણપત્ર તો પરીક્ષામાં ઉત્તીર્ણ થાય, ત્યારે જ મળે છે અને એ પ્રમાણપત્ર રજૂ કરવાથી જ તેને અધિકારપદ પ્રાપ્ત થાય છે. તેમ જ રીતે દેવગુરૂના પૂજન વડે મનુષ્ય ઈશ્વરની કૃપા માટે પાત્ર બને છે.

ઈશ્વરની કૃપા સેવા વડે જ પ્રાપ્ત થાય છે. પૂજા અને સેવા - એ બેમાં ફરક છે. સેવા એટલે પ્રભુના ઉપદેશનું યથાવિધિ આદરપૂર્વક આચરણ, સેવકનાં કાર્યોનું અનુમોદન અને સક્રિય સહકાર. દેવગુરૂઆજ્ઞાનું પરિપાલન એ મોટામાં મોટી સેવા છે.

મનુષ્ય સરકારના કાયદા પાળે, બીમાર પડે ત્યારે વળી ડૉક્ટરના કાયદા પાળે પણ ઈશ્વરના કાયદા પાળવામાં ઉપેક્ષા કરે, એ કરતાં બીજું મોટું આશ્ચર્ય કયું?

પ્રેમ એ પરમાત્મસ્વરૂપ છે. એનો કદી પરાજય નથી. રાગ અલ્પ છે, પ્રેમ મહાન છે. એનો ઉદય થતાં બધું અલ્પ ઉડી જશે. પ્રેમ બધું નભાવી લે છે, અવિશ્વાસ કરતો નથી, આશા છોડતો નથી. શ્રદ્ધા, આશા અને પ્રેમ એ ત્રણે શાશ્વત છે. એ ત્રણમાં પણ પ્રેમ શ્રેષ્ઠ છે.

પ્રેમ એટલે જીવમાત્ર સાથે મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય. સાચા પ્રેમીના અંતરમાં જે જેવા ભાવને પાત્ર છે, તે પ્રત્યે તેવા ભાવ આપોઆપ જાગે છે. પ્રેમમાં અખૂટ ક્ષમા ભરી છે. પ્રેમમાં દયા છે, પ્રેમ અસૂયારહિત છે. પ્રેમ મર્યાદા મૂકતો નથી. પ્રેમને સ્વાર્થની ગંધ નથી. તેમાં વેરને અવકાશ નથી. પ્રેમને અન્યાયનો અણગમો છે.

અન્યાય અને અસત્યથી પ્રેમ રીઝતો નથી.

સાચી પ્રાર્થના એ છે કે આજુબાજુનું કાંઈ ભાન ન રહે અને ભગવાનની ભક્તિમાં મન તન્મય બની જાય.

અણુબોંબના ઉપયોગને નકામો બનાવી દે, તેવું છેલ્લું શસ્ત્ર શોધવું બાકી છે, તે શસ્ત્ર પ્રેમનું શસ્ત્ર છે.

જે મનુષ્યો જીવમાત્રમાં સર્વશક્તિમાન આત્માનાં દર્શન કરવાને બદલે માત્ર હાડમાંસનાં ખોખાંને જોઈ શકે છે,

તે સર્વ વિદ્વાનો નહિ પણ ચમારો છે.

સંસારમાં દુઃખનું મૂળ કામનાઓ-વાસનાઓ છે. ઇંદ્રિયજન્ય ઇચ્છા મનુષ્યના હૃદયમાં એક પછી એક પ્રગટ થાય, તે પૂરી કરવા પાછળ જીવનનો કિંમતી સમય વેડફાઈ જાય છે. તે પૂરી ન થતાં દુઃખી થાય છે, તેમાંથી છૂટવા માટે પ્રભુ પાસે એક જ માંગણી કરવી કે 'મને કામના અને

વાસનાના બંધનથી છોડાવો.' આ પ્રાર્થના અવશ્ય ફળે છે.

શાંતિ અને આનંદ સોના-ચાંદી કરતાં મોંઘા મૂલ્યનાં છે.

શાંતિ સદ્‌ગુણથી મળે છે, આનંદ સમત્વથી મળે છે.

0 તમે અનંત શક્તિશાળી છો, એ કદી ભૂલશો નહિ.

0 પ્રાર્થનામાં અજબ શક્તિ છે.

અંતરનાં ઊંડાણનો અવાજ ઝડપથી જગદીશ્વરને પહોંચે છે.

0 બોલવો ઓછું પણ આચરણો વધારે.

0 ભૂખ્યાંને ભોજન, દુઃખીયાને દિલાસો અને હારેલાને હીંમત આપો. પારકા માટે મરવાનું ન બનાય તો કાંઈ નહિ પણ ખાડો તો ખણશો જ નહિ.

misery = દુઃખ, Effort = કષ્ટ,

અજ્ઞાન = સંશય, વિપર્યય, અનધ્યવસાય.

મોહ = કામના, આશા, તૃષ્ણા.

સાચી વારતા

એકદા બેગમને નખશીશ નિહાળી શિવાજીમહારાજ બોલ્યા: 'ખરેખર તું ઘણી જ સુંદર છે. મા! દિલગીર છું કે તારા જેવી માતાને પેટે મારો જન્મ ન થયો, નહિ તો મને પણ તારા સૌંદર્યમાંથી કાંઈક ફાળો મળત!' સેનાપતિને ધમકાવતા કહ્યું કે: 'બહાદુર, આપણે વીર છીએ, એનો

અર્થ એ નહિ કે આપણે સ્વામી ઉપર હુમલા કરીએ, તેમનું શાસ્ત્રભ્રષ્ટ કરીએ અને ધર્મગ્રન્થોના ટીકા કરીએ. કોઈની પણ સંસ્કૃતિનો નાશ કરવો એ કાયરતા છે. એવા કાયરોનો જલ્દી વિનાશ થાય છે. સાચી વીરતા પરનો નાશ કરવામાં નહિ પણ સ્વનું સંરક્ષણ કરવામાં છે.

૦ સાચા સંતો રાગ-દ્વેષ અને હિંસાના ભાવથી પર હોય છે અને જગતમાં માનવજાતને પ્રેમનું અમૃતપાન કરાવે છે.

૦ સુખ મેળવવા અને દુઃખને દૂર કરવા માટે મનની સ્વાધીનતાની ખૂબ જરૂર છે. જેને સંયમ સાધવો છે, તેને નિશ્ચયથી જીવવું પડશે અને કષ્ટ સહન કરવાની શક્તિ કેળવવી પડશે. આશા, કામના ને તૃષ્ણા ખાતર સહન કરવું પડે તે દુઃખ અને કર્તવ્યબુદ્ધિથી સહન કરવામાં આવે તે કષ્ટ. સાચું બોલવાથી થોડુંક સહન કરવું પડે તે ખાતર જૂઠું બોલીને તેનાથી છૂટી જવાની ઇચ્છા થાય પણ જૂઠું બોલવું એ પણ કંઈ સહેલું કામ નથી. એક જુઠાણું છૂપાવવા અનેક જુઠાણાંઓ ઊભા કરવા પડે, જ્યારે સાચું બોલનારને એક જ હકીકત કહેવાની રહે છે. સત્ય બોલવાથી એક પ્રકારનો આત્મવિશ્વાસ વધે છે. પ્રામાણિકતા અને સત્ય એ સત્યવાદીને સહન કરવામાં

તાકાત આપે છે. તેની શિક્ષા એમ એમ કઠિન પ્રસંગો આપી તેમ તેમ વધે. પછી તે ડરતો નથી, નિર્ભય બને છે. ઉન્નતિ સાધવાની ઇચ્છા રાખનારને નિગ્રહશક્તિ તથા માનસિક દૃઢતાની ઘણી જરૂર છે. આપણા મનને ઈંદ્રિયોના વેગ પ્રમાણે વર્તવાની ટેવ પડેલી હોય છે. તે પ્રમાણે વર્તવા દેવામાં આપણું કલ્યાણ નથી. એ સમજવા જેટલો વિવેક આપણામાં હોય અને મન વેગમાં સપડાયું છે, એ વાત તે જ ક્ષણે ધ્યાનમાં આવવા જેટલી સાવધાનતા પણ આપણામાં હોય, તો પણ જો તે રોકવાની શક્તિ આપણામાં નહિ હોય, તો તે વિવેક-સાવધાનતાની જીવનની ઉન્નતિની દૃષ્ટિએ કશો જ ઉપયોગ નથી. મનને રોકવાની આ શક્તિ તે જ સંયમશક્તિ. તે વધારવા આપણે નિશ્ચયી બનવું જોઈએ. શરીર તો આપણને સૌને કુદરતી રીતે મળ્યું છે પણ તેને ચપળ અને કાર્યક્ષમ રાખવા માટે આરામ અને તાલીમની જરૂર છે. તેવી જ રીતે મનને પવિત્ર અને સ્વાધીન રાખવા માટે પ્રયત્નપૂર્વકનો અભ્યાસ જરૂરી છે. એકંદર આપણામાં જ્ઞાનપિપાસા જાગવી જોઈએ, જાગ્રત થવી જોઈએ, પછી તે પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષા થવી જોઈએ. આમ થશે તો પછી

મન સત્કાર્ય તરફ વળશે અને સત્કાર્ય દ્વારા તેની શક્તિ દિન-પ્રતિદિન વધશે. કોઈપણ વાસણને સ્વચ્છ અને શુદ્ધ રાખવાથી તેની શક્તિ વધે છે. તેને જો અશુદ્ધ થવા દઈશું તો તે બગડી જશે અને તેની શક્તિ ઘટી જશે. અરીસા ઉપર જો ડાઘ પડ્યા હશે, તો તેમાં પ્રતિબિંબ બરાબર નહિ દેખાય. આપણે સુખી થવાની ઇચ્છા રાખતા હોઈએ તો શરીર, બુદ્ધિ અને મન, એ પ્રધાન અંગોને શુદ્ધ અને પવિત્ર રાખવા પડશે. 'મનુષ્ય જન્મમાં દુઃખનો સમૂળગો નાશ થઈ શકશે' એવી જો કોઈની માન્યતા હોય, તો તેમાં જરૂર વિચારદોષ છે. મનુષ્ય ગમે તેટલો વિવેકી કે સદ્ગુણ સંપન્ન હશે, લોભલાલચમાં નહિ ફસાતો હોય છતાં પણ તેને બીજાની કુબુદ્ધિ કે વૈરવૃત્તિને લીધે સહન કરવું પડે, પરન્તુ આપણે કષ્ટ અને દુઃખ વચ્ચે તફાવત બરાબર સમજતા નથી અને જે કષ્ટ સહન કરવું પડે, તેને 'દુઃખ પડ્યું' એમ સમજીએ છીએ. વિદ્યા સંપાદન કરવા માટે કરવી પડતી મહેનત એ દુઃખ નથી. ઘરમાં કોઈ માંદુ હોય અને રાત્રે ઉજાગરા કરવા પડે, તે દુઃખ પડ્યું ન કહેવાય. આ કષ્ટ કે મહેનતને જો દુઃખ માનીએ, તો એ દુઃખમાંથી

આપણાને કોણ ઉગારી શકે? બાળકને ઉછેરવામાં પડતાં કષ્ટને માતા દુઃખ સમજે તો પછી બાળક જીવે કેવી રીતે? તેનો ઉછેર થાય કેવી રીતે? એ તો માતાનું કર્તવ્ય છે. દુઃખમુક્ત થવું હોય તો તેના સાચા કારણોને શોધી તે દૂર કરવાથી દુઃખમુક્ત થઈ શકાય છે. દુઃખના સાચા કારણ આપણું અજ્ઞાન, કામના, આશા કે વિવિધ તૃષ્ણા છે.

તેને લીધે જે દુઃખ સહન કરવા પડે છે,
તે અજ્ઞાન આદિને દૂર કરીને દૂર કરી શકાય છે,
પણ કષ્ટને કારણે જે દુઃખ થાય, તે કાઢવા મુશ્કેલ છે.
આપણું મન સ્વાધીન હોય તો જ આ દુઃખો દૂર થાય.
તે માટે સંયમ અને નિગ્રહશક્તિની જરૂર છે.

માનવજીવન સેવા અને સત્કાર ઉપર જ ચાલી રહ્યું છે. માટે કોઈની સેવા કરવામાં અને કોઈને મદદરૂપ થવામાં કષ્ટ સહન કરવું પડે, તેને દુઃખ ન માનવું જોઈએ.

એને લીધે તો આપણું જીવન ઉન્નત થાય છે.

આળસુ મનુષ્યને તો બધાં જ કાર્યો કષ્ટદાયક લાગે છે. તો એનો અર્થ શું કે આળસુ બનવું? કર્તવ્ય કરતાં મૃત્યુ આવે તો ય કલ્યાણકારક છે. વળી સારાં - જરૂરી કામો કરતાં શરમ કે લજ્જા આવતી હોય તો તે છોડી દેવી જોઈએ.

શરમ તો ખરાબ અને અનીતિમય કાર્યોની લાગવી જોઈએ. કર્તવ્યપાલન વખતે શરમ, કષ્ટ કે લજ્જાને ન ગણવાં. જીવનમાં ઉન્નતિના માર્ગે જનારને કષ્ટ તો આવશે જ.

તે સિવાય પ્રગતિ સાધવી શક્ય નથી.

રાત્રે સૂવા વખતે સાવ પૂર્ણ હોઈએ અને સવારે ઊઠીએ ત્યારે પૂરા તાજા બની જઈએ, એવી યુક્તિ હજુ શોધાઈ નથી. ટૂંકમાં પ્રયત્ન વિના કશું મળતું નથી. વળી મનમાં કરુણા, સદ્ભાવના ગુણ હોય પણ તેને અમલમાં મૂકવાની શક્તિ હોતી નથી. આને માટે સંયમ કરવાની જરૂર પડે છે. વિષયોની પાછળ પડનારો પણ સંયમ રાખે તો જ સુખ મળી શકે છે. સંયમ માટે મનને સ્વાધીન બનાવવું જોઈએ અને સ્વાધીન બનાવવા માટે

અભ્યાસ અને વૈરાગ્ય - બંને જોઈશે.

આપણા વિકાસ માટે અને શરીરના સ્વાસ્થ્ય માટે આપણે અનેકાનેક સંબંધો જાળવીએ છીએ, તો પછી આપણા આત્માના વિકાસ તેમ જ મનના સ્વાસ્થ્ય માટે આત્મતત્ત્વના જાણકાર એવા સંતોનો સહવાસ શા માટે ન રાખીએ? કુશળતાપૂર્વક ભૂલ છૂપાવવામાં નહિ, મહત્તા તો ભૂલને નિખાલસતાપૂર્વક કબૂલવામાં છે. ઘણા વખત

ભૂત પણ માનવની ભવ્યતાનું પ્રતિક બની જાય છે.
પંચ મહાવ્રતો એક બાબતનાં પૂરક છે.
સદ્ગુણો સદ્ગુણોના આધારે વિકસે છે અને ટકે છે.
સદ્ગુણો એક જ અંતઃકરણનાં લક્ષણો છે.
જગતમાં ૩ શક્તિ : જ્ઞાન - ઐશ્વર્ય તથા બળશક્તિ.
ઈશ્વરમાં ત્રણે શક્તિ પરાકાષ્ઠાએ પહોંચે છે.
વૈરાગ્યયુક્ત જ્ઞાન એ દૈવી સંપત્તિ છે. એ રીતે ધર્મયુક્ત ઐશ્વર્ય ને ન્યાયયુક્ત બળ પણ દિવ્યતાનાં પ્રતિક છે.
મણિ: ચંદ્રકાન્ત, સૂર્યકાન્ત, શેષનાગનો મણિ, ચિન્તામણિ, પારસમણિ, જલકાન્ત ઉપરાંત ચક્રવર્તીના મણિરત્ન વગેરે મણિના અચિન્ત્ય પ્રભાવ અનુભવસિદ્ધ છે.
ઔષધિ : સંરોહણ, સંજીવની, જડીબુટ્ટી, ચિત્રાવેલ, સુવર્ણસિદ્ધિ વૈદ્યકરસ, કાળારસ, કનકચૂર્ણ, પીપર, અભ્રક વગેરે ઔષધિના અચિન્ત્ય પ્રભાવ પણ અનુભવસિદ્ધ છે.
મંત્ર : સર્પવિષ, વિંછીનો ડંખ, વિષકંટક, લક્ષ્મી, સરસ્વતી, ભૂતપ્રેત, પિશાચાદિના મંત્રો, વશીકરણ, કાલી, ઉચ્ચાટન, મંત્રાધિરાજ, મૃત્યુંજય, પરમેષ્ઠિ નવકાર મહામંત્ર વગેરે મંત્રોના અચિન્ત્ય પ્રભાવ અનુભવસિદ્ધ છે.
સ્વચ્છતા: મોં દાંતને મંજનથી, શરીરને જલ અને

સાબુથી, વસ્ત્રને, મકાનને, દુકાનને, ઘરવખરી અને બજાર વગેરેને સ્વચ્છ કરવાની જરૂર છે, તેમ મનને સ્વચ્છ રાખવા માટે રોજે ને રોજ ક્રિયા કરવી પડે છે. વિષયોના સંસર્ગ અને ધ્યાનથી મન મલીન થાય છે. તેથી તેને શુદ્ધ કરવા માટે પ્રશસ્ત વિષયોનો સંપર્ક અને ઉચ્ચ વિષયોનું ધ્યાન પરમેષ્ઠિમંત્રના જાપથી પૂરું પડે છે.

## ૧૦ વિશેષણોથી વિશિષ્ટ અરિહંતોની આણા

સુનિઉણ-મણાઇનિહણં ભૂઅહિઅં ભૂઅ-ભાવણ-મહગ્ઘં |
અણિઇમજિઅં મહત્થં, મહાણુભાવં મહાવિસયં ||૧||

(૧) સૂક્ષ્મ દ્રવ્યાદિને કહેનારી હોવાથી અતિનિપુણા.
(૨) સદા સ્થાયી હોવાથી અનાદિ - અનંત.
(૩) પ્રાણીમાત્રને હિત કરનારી હોવાથી ભૂતહિતા.
(૪) સત્ય વસ્તુને પ્રગટ કરનારી હોવાથી ભૂતભાવના.
(૫) કલ્પવૃક્ષ-ચિન્તામણિથી અધિક ફળદાયી માટે અમૂલ્યા.
(૬) અપરિમિત અર્થને કહેનારી હોવાથી અમિતા.
(૭) અન્ય તીર્થિકો વડે અજેય હોવાથી અજિતા.
(૮) મહાન અર્થનું પ્રતિપાદન કરનારી હોવાથી મહાર્થા.
(૯) પ્રભાવસંપન્ન હોવાથી મહાનુભાવા.
(૧૦) સકલ દ્રવ્યનું પ્રતિપાદન કરનારી માટે મહાવિષયા.

## મોહનીય કર્મ કઈ રીતે દૂર થાય ?

મોહનીય કર્મ પરપુદ્ગલ પ્રત્યે મિથ્યાઅનુરાગ સ્વરૂપ છે.
મોહનીય કર્મના વિવિધ સંસ્કારોથી
પ્રતિપક્ષ સંસ્કાર પાડવાને માટે
ગુણાનુરાગ અને આરાધક ભાવ - સમર્થ સાધનો છે.
નમસ્કાર મહામંત્ર એ
સ્વઆત્મા, તેના ગુણો અને તેના દર્શક તથા
સાધક મહાપુરૂષો પ્રત્યે ગુણાનુરાગ સ્વરૂપ છે.
આત્મગુણો આત્માને વાસ્તવિક હિતકારી ગુણસ્વરૂપ
હોવાથી તેના પ્રત્યેનો રાગ એ તો ગુણાનુરાગ ગણાય.
પુદ્ગલના ગુણો આત્મપક્ષે અહિતકર હોવાથી
તેના પ્રત્યેનો રાગ એ ગુણાનુરાગ પણ નથી,
આરાધક ભાવ પણ નથી, કિન્તુ ગુણ દ્વેષ ને વિરાધકભાવ
છે. જ્યાં ગુણ નથી પણ દોષ છે, ત્યાં મિથ્યાત્વમોહનીય
ગુણભાવ પેદા કરે અને જ્યાં ગુણ છે પણ દોષ નથી,
ત્યાં અરૂચિભાવ પેદા કરે છે. ધર્મ પ્રત્યે અરૂચિ અને
અધર્મ પ્રત્યે રૂચિ, મોક્ષ પ્રત્યે ઉપેક્ષા ને સંસાર પ્રત્યે
આદર, મોક્ષ - મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગના સાધક અને
સાધનો પ્રત્યે અનાદર, સંસાર - સંસારમાર્ગ - સંસારમાર્ગના

સાધક અને સાધનો પ્રત્યે આદર, સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય, અયોગ પ્રત્યે ઉદાસીનભાવ તથા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ પ્રત્યે આકર્ષણ વગેરે મિથ્યાત્વ મોહનીયનું વિલસિત છે. નમસ્કાર મંત્ર તેનું પ્રતિપક્ષ છે. ગુણ-દોષનું સાચું ભાન કરાવી ગુણ પ્રત્યે અનુરાગ અને દોષ પ્રત્યે દ્વેષ કેળવે છે. અનાદિની મિથ્યા ચાલ પલટાય છે. સમ્યગ્ભાવ પેદા થાય છે. આ સ્થિતિ લાવવા માટે સ્વરમાં સ્વર ને સમર્થમાં સમર્થ સાધન નમસ્કાર મહામંત્ર અને એનું રટણ છે.

श्री - श्रयन्ते भजन्ते ययाऽखिल सत्पदार्थाः इति ॥

શ્રી : જેના વડે જગતના બધા સારા પદાર્થો આપણા પાસે આવે, આવવા મળે, તે શ્રી.

પંચ : પ્રત્યેકની શક્તિ કરતાં સમુદાયની શક્તિ વિશિષ્ટ હોય છે, એ ન્યાયને જણાવવા માટે છે.

મહાશ્રુતસ્કંધ : સામાન્ય શ્રુતસ્કંધ ત્રિપદી છે. મોહનીયના દૃઢ સંસ્કારોના હ્રાસ કરવાનું સ્વાભાવિક સામર્થ્ય ગુણાનુરાગમાં રહેલું છે, તેથી તેને જગાવનાર શ્રુત એ મહાશ્રુત છે. સાધક પોતાની યોગ્યતાનુસાર આનાથી વિશેષશક્તિનો વિકાસ કરી શકે છે.

**સચૂલિક (ચૂલિકા સહિત અર્થાત્ નવકારના ૯ પદના) જાપથી જે શક્તિ કે બળ મળે, તેનાથી કરવાનું શું?**

પાપનાશ, સંવર અને નિર્જરાને બતાવનાર ચૂલિકા છે. નવકારના ૫ પદ એ મસ્તક યા મુખનું સ્થાન છે. તેનાથી જેમ ગુણ જણાય છે, તે રીતે ચૂલિકાથી પણ નવકારના ગુણને સરળતાથી જાણી શકાય છે. વિવેક માનવની ક્રિયાને રોકી શકે અથવા વાળી શકે, સંચાલન કરી શકે નહિ. સંચાલન કરવાની શક્તિ વિવેકમાં નહિ પણ શ્રદ્ધામાં છે. જ્યાં સુધી કોઈ મહાન આદર્શ ઉપર શ્રદ્ધા કે પ્રેમ નહિ હોય, ત્યાં સુધી પોતાની પ્રવૃત્તિઓને કે શક્તિઓને સદાચારના માર્ગે સંચાલિત કરી શકાશે નહિ. વિવેકથી વાળેલા વિચારને સ્થાયીરૂપ આપવા માટે શ્રદ્ધા અને પ્રેમની જરૂર છે. તે મંત્રજાપથી પ્રગટી શકે છે. આચરણને સુધારવા માટે કેવળ વિવેક પ્રાપ્ત કરવો એ બસ નથી. વિવેકની સાથે સ્થાયીભાવોને સુયોગ્ય અને સુદૃઢ બનાવવા જોઈએ. ઉચ્ચ આદર્શથી નિયંત્રિત થયેલ સ્થાયીભાવો જ માનવના ચરિત્રમાં અને વ્યક્તિત્વમાં સહાયક થાય છે. મનુષ્યનું ચરિત્ર તેના સ્થાયીભાવોનો સમુચ્ચય માત્ર છે. જેનો સ્થાયીભાવ

સુનિયંત્રિત નહિ અર્થાત્ ઉચ્ચ આદર્શો પ્રત્યે શ્રદ્ધા રૂપ સ્થાયીભાવો ઉદ્દીપિત થયા નહિ, તેના વ્યક્તિત્વ તથા ચરિત્ર ઉત્તમ હોઈ શકતા નહિ. સુંદર ચરિત્ર ઘડવા માટે મનુષ્યના મનમાં ઉચ્ચ આદર્શો પ્રત્યે શ્રદ્ધાસ્પદ સ્થાયીભાવ હોવો જોઈએ અને તેના અન્ય ભાવો તે શ્રદ્ધાસ્પદ સ્થાયીભાવ દ્વારા નિયંત્રિત હોવા જોઈએ.

## પ્રત્યેક મનોવૃત્તિના ત્રણ અંશ

જ્ઞાનાત્મક, સંવેદનાત્મક અને ક્રિયાત્મક.

ત્રણે અંશો એકબીજાથી છૂટા ન પડી શકે તેવા હોય છે. મનુષ્યને જે કાંઈ જ્ઞાન થાય છે, તેની સાથે જ વેદનાત્મક ને ક્રિયાત્મકભાવ પણ હોય, અનુભવાય છે.

યત્ન મનમાં દૃશ્યક્રિયાઓ થાય છે.

અયત્ન મનમાં અદૃશ્ય ક્રિયાઓ થાય છે.

બંનેને 'મનોવૃત્તિ' કહેવાય. વ્યવહારમાં 'મનોવૃત્તિ' શબ્દ યત્નમનની ક્રિયાઓને બતાવવા માટે વપરાય છે.

## જ્ઞાનાત્મક મનોવૃત્તિનાં ૫ ભેદ

(૧) સંવેદન (અવગ્રહ) (૨) પ્રત્યક્ષીકરણ (ઈહા)

(૩) સ્મરણ (અપાય) (૪) કલ્પના (અવિચ્યુતિ)

(૫) વિચાર (સ્મૃતિ).

સંવેદનાત્મક મનોવૃત્તિના ૪ ભેદ

(૧) સંદેશ (૨) ઉમંગ (૩) સ્થાયીભાવ (૪) ભાવના ગ્રંથિ.

ક્રિયાત્મક મનોવૃત્તિના ૫ ભેદ

(૧) સહજ ક્રિયા (૨) મૂળ વૃત્તિ (૩) ટેવ
(૪) ઈચ્છિત ક્રિયા (૫) ચરિત્ર.

મંત્રસ્મરણથી જ્ઞાનાત્મક મનોવૃત્તિ ઉત્તેજીત થાય છે. તેની સાથે ભાવિકત્વ રૂપથી રહેલ ઉમંગ નામની સંવેદનાત્મક વૃત્તિથી ઉત્તેજન મળે છે અને ચરિત્ર નામની ક્રિયાત્મકવૃત્તિથી અનુભૂતિને ઉત્તેજન મળે છે.

પરિણામ નિયમ: મંત્રસ્મરણથી જ્ઞાનાત્મક મનોવૃત્તિ ઉત્તેજીત બને છે, તે જ્ઞાન Sensing રૂપ નથી, Direct Perception, memory retention, Imagination, Visualisation રૂપ છે.

સાત્મ્યાસ નિયમ: સંવેદનાત્મક અનુભૂતિ. Hope, (સંદેશ), Confident (ઉમંગ), Expectation, Identification (ભાવના), Absorption (સ્થાયીભાવ)

તત્પરતા નિયમ: ક્રિયાત્મક અનુભૂતિ સહિત Will, instinct, nature, Habit, Desire.

જ્ઞાન: કલ્પના - પ્રતીતિ - સ્પષ્ટતા.

સંવેદન: આશા - ઉમંગ - ભાવના - વિધિ - વિશ્વાસ.

ક્રિયા : ઇચ્છા - પ્રયત્ન - હઠ - આગ્રહ.

પ્રકાશન: દમન - વિલયન - નિરોધ - વિરોધ - માર્ગાન્તરીકરણ - ઉચ્ચીકરણ તથા શોધન. એ બધા રસ્તાશાખાઓ છે.

ભાવનામાં ઉચ્ચ વિચાર અને પવિત્ર લાગણી - અદમ્ય ઉત્સાહનો સમાવેશ છે.

○ जातस्य हि ध्रुवो मृत्युः ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

માણસ મરી જાય છે, ત્યારે બહુ દુઃખ થતું નથી પણ માણસાઈ મરી જાય, ત્યારે અસ્વસ્થ બની જવાય છે.

આકાશના તારા બધા ન થઈ શકે,
પરન્તુ પોતાના જ ઘરના દીવા તો સૌ થઈ શકે.

સમુદ્રતળિયા જેટલો પ્રેમ સમુદ્ર પ્રાર્થનામાં કેળવો.

○

मनसा चिन्तितं कार्यं दैवमन्यत्र चिन्तयेत् ॥

આથી શરણાગતિનો માર્ગ સાવ સાદો છે:
'હે પ્રભુ ! સદા મારી મરજી પ્રમાણે નહિ પણ આપની મરજી પ્રમાણે થાઓ.'

○

Man proposes, God disposes.

એનો અર્થ કાર્યકારણના નિયમની આધીનતાનો સ્વીકાર. એ જ સમ્યગ્જ્ઞાન છે, એ જ સમ્યક્ શ્રદ્ધા છે અને એ જ ખરી આત્મશાંતિનો ઉપાય છે.

એથી ઇચ્છાઓ જતાય કે કુદરતના નિયમ મુજબની ઇચ્છા થાય છે. કુદરતનો, કર્મનો કે પ્રભુનો નિયમ એક જ છે. આસ્રવથી સંસાર, સંવરથી સંસારનો પાર. પ્રભુનું નામ અશુભ આસ્રવને રોકે છે ઉપરાંત શુભ આસ્રવને કરે છે, સંવર અને નિર્જરાનો હેતુ થાય છે. સ્વઇચ્છા રોકી પ્રભુઇચ્છાને આધીન થવું, એ જ ખરું નામસ્મરણ અને તે વડે થતી ચિત્ત પ્રસન્નતા છે. ઇચ્છાના ત્યાગથી અને પ્રબળ તત્ત્વની ઇચ્છાના સ્વીકારથી બુદ્ધિ નિર્મળ થાય છે, વૃત્તિ શુદ્ધ બને છે,

ચિત્ત શાંત થાય છે, મન તથા અંતઃકરણ
સ્વચ્છ, શુદ્ધ અને પ્રસન્ન બને છે.
એનું જ નામ 'સાત્ત્વિકી ચિત્ત પ્રસન્નતા' છે.

o ઇચ્છા એ અહંકારનો જ અપર પર્યાય છે.

o સમગ્ર વિશ્વ ઉપર નિયંત્રણ રાખનારી એક માત્ર સત્તા તે માતા જ છે. આથી શરણાગતિ, જિનશક્તિ શરણાગતિ, મુક્તિશરણાગતિ, પોતાની ઇચ્છાનો ત્યાગ

અને જેનું સ્મરણ કરવામાં આવે છે,
તેના શક્તિનો સ્વીકાર છે.

'હું મટીને તું અને મારું મટીને તારું' થાય, ત્યારે શરણાગતિ પૂરી બને. તપ = પ્રભુદર્શનની તલસાટ.

○ મારામાંથી સારું નહિ પણ સારામાંથી સારું બને છે. જગતમાં કાંઈ મારું બનતું જ નથી, જો બનતું હોય તો સારું કદી સંભવે નહિ. સારું સંભવે છે, માટે મારું બનતું નથી. બહારથી મારું લાગતું પણ અંદરથી સારું છે.

○ ક્રોધ એ વિભાવ અને ક્ષમા એ સ્વભાવ છે. જેમ પાણી અગ્નિના સંબંધથી ઉષ્ણ બને પણ નિરંતર શીતળ રહે છે, તેમ ક્રોધ પણ બાહ્ય કર્મના, શરીરના, અન્ય પદાર્થના સંબંધથી થનારી વસ્તુ છે, માટે વિભાવ છે. ક્ષમા કોઈના સંબંધથી નહિ પણ સદા-કાયમ છે, માટે સ્વભાવ છે.

○ સંતસમાગમ દ્વારા ભગવાનની કૃપા આપણા પ્રતિ વળે છે. જે કરવાનું છે, તે ફક્ત કૃપા માટે-પ્રાર્થના. આપણે જે કાંઈ કરી શકીએ તે એટલું જ છે, બાકીનું તો પરમાત્માએ આપણા માટે સંભાળી લેવાનું છે. પ્રાર્થના પણ તે જ કરાવે છે, પરન્તુ શરૂઆતમાં આપણે એ સમજતા નથી. પાછળથી આપણને સમજ પડે છે કે

આપણે જે બધું મેળવીએ છીએ, પ્રાર્થના પણ, તે બધું એની કૃપાથી જ બને છે. સ્તુતિ કે પ્રાર્થના કરવા માટે શબ્દો કે વિચારો પણ તેમના જ આપેલા છે. આપણા પોતાની પાસે તેમાંનું કશું જ હોતું નથી. પ્રાર્થના, યોગ્ય વલણ અને વિચારો પણ પ્રભુનાં જ આપેલા છે. પ્રાર્થના અને ધ્યાન - બંનેના સમય દરમ્યાન મન અંતર્મુખ થાય છે. બાકીના વખતે તે અશાંત રહે છે. જ્યારે મન સ્થિર ન હોય, ત્યારે આપણે યાતના અનુભવીએ છીએ. તે વખતે ઈશ્વરને પ્રાર્થના કરવી જ જોઈએ, જેથી ઈશ્વરમાં આપણું મન સ્થિર રહે.

ઈશ્વર સાથેનું આ રીતનું અવિચ્છિન્ન અનુસંધાન એ આત્મજ્ઞાન અથવા આત્મસાક્ષાત્કારનું સાધન છે. શરીરના સ્વાસ્થ્ય વિના પ્રબળ ઇંદ્રિયો અને ચંચળ મન સાથે ટક્કર કેવી રીતે લઈ શકાશે? આસનના અભ્યાસથી હૃદય, ફેફસાં, મગજ તથા શરીરતંત્રનું સ્વાસ્થ્ય રહે છે, પ્રાણશક્તિ જળવાઈ રહે છે, વૃદ્ધિ પામે છે. આહારના સૂક્ષ્મતમ ભાગથી મન બને છે, માટે ભોજન સાત્વિક પસંદ કરવું. તેનાથી પ્રાણ - મન - ઇન્દ્રિય - આત્મા ઉપર અધિકાર પ્રાપ્ત થાય છે. આપણા આત્મા ઉપર

પણ અધિકાર પ્રાપ્ત થવાથી પરમાત્મપદની પ્રાપ્તિ થાય છે. આપણો આ સંસાર સાથેનો સંબંધ દૃઢ બનાવનારો વધી ગયો, મોહ અહંકાર વધ્યો, એ જ ઘણો વિઘ્નકારક છે.

કોઈ કોઈવાર તે અંકુશમાં આવતો જ નથી.

એ અત્યંત હઠીલો છે.

એને આપણે ઈશ્વરને શરણે ધરી દેવો જોઈએ.
જ્યાં સુધી જાતને પરમાત્માને સમર્પિત કરતાં નથી,
ત્યાં સુધી આપણે સંકટની અવસ્થામાં હોઈએ,
કમનસીબે એ સ્થિતિમાં અનેક પ્રકારની ભીતિ
અને ચિંતાઓથી આપણે પરાધીન બનીએ છીએ.
ઈશ્વર સમર્પણ અર્થાત્ ઈશ્વરના આશ્રય તળે રહેવું.
તે વખતે કોઈ ભય નથી. બાળક તેની માતાની સંભાળ નીચે રહે, તેના બરાબર એ વાત છે. જ્યારે આપણે ઈશ્વર પ્રત્યે જાગ્રત થઈશું, ત્યારે સુરક્ષિતતા, સ્વસ્થતા તથા નિર્ભયતા અનુભવીએ છીએ.

अनन्याश्चिन्तयन्तो मां, ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ॥ અર્થાત્:
જે લોકો મારી અનન્યભાવે ઉપાસના કરે છે, તે હંમેશા મારામાં જ રક્ત રહેલા લોકોનું હું યોગક્ષેમ કરું છું.

o દુષ્કૃતગર્હાદિ નમ્રતા કેળવાય છે અને
સુકૃતાનુમોદનાદિ નિર્ભયતા કેળવાય છે.
આ બે ગુણો વડે સત્વ તથા અહિંસાનો વિકાસ થાય.
માનવાય અધમ સંસ્કારો - પ્રચંડ વાસના લાગણાઓની
અતિ પ્રચંડતાના પ્રભાવે નિર્મૂળ થઈ જાય છે.
જ્યારે સત્વ અને શુદ્ધિ વધે છે,
ત્યારે રજસ તથા તમસ સમૂળ જાય છે અને
અજ્ઞાનનું આવરણ ઉચ્છેદને પામે છે.
o એકાગ્રતા દ્વારા મનનાં બધા જ કિરણો જ્યારે
એકત્રિત થઈ જાય, ત્યારે પરમાનંદનો અનુભવ થાય છે.
અખંડ સુખ ઉપરાંત શાંતિની ચાવી તો
પ્રભુના દિવ્ય નામનો જપ જ છે.
આ ચાવીનો ઉપયોગ કરીને અખંડ સુખ મળવો.
જીવનમાં ઉઠતી મુશ્કેલી - કષ્ટની ચર્ચા જ કરશો મા.
મનમાં પ્રભુચિંતન કરતાં કરતાં વારની માફક વર્તજો.
o તમે તમારી જાતને અલ્પ શા માટે માનો છો?
સાચું તો એ છે કે તમે પોતે જ દિવ્ય તત્ત્વ છો.
એક માત્ર બ્રહ્મનું જ વિશ્વમાં અસ્તિત્વ છે.
તે વિશાળ પણ છે અને મહાન પણ છે.

શરણાગતિના ભાવથી મનને ઊંચે લઈ જઈ આત્માના અખંડ સ્વરૂપમાં મસ્તી. ચિત્તને પ્રભુ પ્રત્યે વાળવા માટે જ આ કીમતી જીવનનો ઉપયોગ કરવો જોઈએ. એના પરિણામે સાચું સુખ ને સાચી શાંતિ હાંસલ કરી શકીશું. અંતઃસ્થ દિવ્યતાના ચિંતનમાં મનને પૂરેપૂરું જોડવાથી મન અંતર્મુખ થશે અને છેવટે સર્વ દર્શનનાં મૂળરૂપ સત્ય, અખંડ, અરૂપ, આનંદઘન આત્માની પ્રાપ્તિ થશે. જે ઈશ્વરની શોધમાં તમે છો, તે તો તમારા અંતઃકરણમાં જ બેઠો છે અને તેની ભાવસ્વરૂપ મૂર્તિ જ તમે પોતે છો. લોકોનું ખરૂં હિત રોટીમાં નહિ, ઈમાનદારીમાં રહેલું છે. આપણે ઈશ્વર પાસે મુશ્કેલીઓને દૂર કરવાની માગણી ન કરવી જોઈએ પણ સર્વ કસોટીઓમાં - આપત્તિઓમાં પરમાત્માની ઈચ્છા જ જોઈ શકીએ, તે માટે ફક્ત તેની પ્રાર્થના કરવી જોઈએ. આપણામાં જો આ વિશ્વાસ હોય અને શરણાગતિની ભાવના હોય, તો આપણે બધા જ સ્થિતિમાં સુખી - આનંદી રહી શકીએ. સારું કે ખરાબ આપણા માનસિક દૃષ્ટિબિંદુની ઉપર આધાર રાખે છે.

કોઈ પણ વસ્તુ સ્વતઃ સારી કે ખરાબ નથી. જે કાંઈ બનવા પામે, તે અંતિમ શ્રેયને માટે જ બને છે.

જે એક વખત સારી લાગી છે, તે બીજા વખતે
સારી લાગતી નથી. જે એક મનુષ્યને સારી લાગી છે,
તે બીજાને સારી હોતી નથી. જીવનના સર્વ પ્રસંગોમાં
સારું કે નરસું એમ નિર્ણય લેવાને માટે કોઈ એક
ખરું ધોરણ આપણા પાસે નથી. આપણું મન જેમ બદલાય
છે, તેમ એ પણ બદલાય છે. આજે જે વસ્તુ આદર્શ
લાગી છે, તે થોડા વખત પછી એવી લાગતી નથી,
કારણ કે એ દરમ્યાનમાં મન પલટાઈ ગયું હોય છે.
આથી કરીને સુખ-દુઃખ એ આપણે જાતે પેદા કરેલી
વસ્તુઓ છે અને બનતા બનાવો તથા પ્રસંગો તરફના
આપણા માનસિક વલણ પર આધાર રાખે છે. આપણે જો
આ સાપેક્ષ ભૂમિકાને વટાવવાને ઉપર જઈએ તો બધી યે
સ્થિતિ આપણા ભલા માટે જ છે, આપણને સારી જ લાગશે.

○ પ્રત્યેક મનુષ્યને યોગ્ય સમય માટે વિવેકશક્તિ
અને વિચાર બુદ્ધિ જેટલો ઉપયોગ કરવો હોય, તેટલો
કરવા માટે આપી છે. તેમાં લેશમાત્ર પણ કંજુસાઈ કરી
નથી. એનો ઉપયોગ કરવામાં જે કોઈ બેદરકાર
રહેશે, તેને કચેબાએ ચાલી જવું પડશે અને રૌરવનરક
આદિ સર્વ નીચયોનિઓમાં અનંતકાળ ભટકવું પડશે.

૦ ધર્મો આવશે અને જશે પણ ધર્મભાવના સદા ટકશે.
દરેક કર્મ, દરેક શબ્દ, દરેક ચિન્તન પ્રભુને જ અર્પણ
કરવું જોઈએ. એ સમર્પણ જ ધર્મભાવનાને ટકાવનાર છે.

૦ ભારતમાં ત્યાગ અને સેવાને જ
અંતઃસ્થ ઈશ્વરકૃપા અને દિવ્યદર્શનની સાબિતી ગણ્યા છે.

૦ શાસ્ત્રો ભલે અનેક હોય, સિદ્ધાંતો ભલે ભિન્ન
હોય, દંતકથાઓ ભલે વિરોધી હોય પણ દુનિયાના
દરેક ધર્મમાં મુખ્ય પાયારૂપ નૈતિક સિદ્ધાંત તથા આત્મા-
પરમાત્મા વચ્ચેનો શુદ્ધ આત્મિકભાવ એકનો એક જ છે.

૦ કામવૃત્તિનું શસ્ત્રીકરણ (Operation) કે યંત્રીકરણ
(Birth-control) નહિ પણ આત્મિકીકરણ એ જ
માનવધર્મ છે. એ કુદરતી અટલ ઉપચાર હોવાથી
એમાં માનવજીવન પર ઈશ્વરી બળ મળતું રહે છે.

(a) આહાર વિહારના નિયમને નિષ્ઠાપૂર્વક અનુસરવું.

(b) સંસ્કાર વિધિઓને અનુસરવું.

(c) પ્રાતઃપ્રાર્થના અને સાયંપ્રાર્થના અને ધ્યાન કરવા.

(d) આ જગતની સ્ત્રીમાત્ર દિવ્ય માતા અને
પુરુષમાત્ર દિવ્ય પિતા છે, એ દૃષ્ટિ અવશ્ય કેળવવી.

(e) નામસ્મરણ અને સમૂહ કીર્તન કરવું.

(f) સર્વના કલ્યાણની પ્રાર્થના કરવી.
(g) સ્થૂલભદ્રાદિ મહામુનિઓનું સ્મરણ કરતાં સુવું.

'સફાઈ એ જ ખુદાઈ' એનો અર્થ કે:
Cleanliness is next to godliness.

સફાઈનું મૂળ આર્થિક અથવા બાહ્ય ભભકના ભાગમાં નહિ પણ મન અને આત્માની શુદ્ધિમાં રહેલું છે. એ પણ એક ઈશ્વરી નિયમ છે. સંસાર એ મનુષ્યોની ઇચ્છા મુજબ નહિ પણ તેના સનાતન નિયમો મુજબ ચાલે છે. મનુષ્યની વિચારની શક્તિ અને ખાસ કરીને અમુક કાર્ય કરવું કે નહિ તેનો નિર્ણય કરવાની ઇચ્છાશક્તિને લઈને ઉત્તમ કાર્ય - કારણ ભાવ બદલી કરી શકાતા નથી પણ સાધ્ય - સાધનભાવની ક્રિયા ઉપરથી અમુક પરિણામ આવશે, એવો નિર્ણય થઈ શકે છે. દરેક વિચાર એક કર્મ છે અને તેથી માત્ર આચાર નહિ પણ વિચારની અસર પણ આત્મા ઉપર થાય છે.

મનુષ્યજાતિની ઉત્ક્રાંતિ ઈશ્વરી નિયમોનું જ્ઞાન મેળવવામાં પછી તેને અનુસરવામાં રહેલી છે.

ઉચ્ચ શિક્ષણનું અંતિમ મૂળ આ જ હોઈ શકે. માનવની કેળવણી પ્રવૃત્તિ હેતુ અને દિશા વિનાની હોય,

તો તે પ્રવૃત્તિઓ નિરર્થક શ્રમ જેવી બની જાય છે. શરીરની થકાવટ અને હ્રાસ સિવાય એમાંથી કશું નીપજતું નથી. આ સદીની શરૂઆતમાં બ્રિટનના ફીલસૂફ લોર્ડ મોર્લીએ પશ્ચિમની સંસ્કૃતિનું ધ્યેય વર્ણવતાં કહ્યું હતું કે આ સંસ્કૃતિનું લક્ષ્ય ઇંદ્રિયનો આરામ છે, એથી વિશેષ કાંઈ જ નથી. ઇંદ્રિયોના સુખને માટેની આ જીવનદૃષ્ટિ અધૂરી જીવનદૃષ્ટિ છે. જે ક્ષુદ્ર ધ્યેય પોતાની નજર સામે રાખ્યું છે, તે ધ્યેય માટે તે વિજ્ઞાનના વિકાસની પ્રેરણા મેળવી છે. માનવ જ્યાં સુધી પોતાની પ્રકૃતિનો ભેદ ઉકેલે નહિ અને તેનો સ્વામી થઈ શકે નહિ, ત્યાં સુધી કુદરતનાં બળોનું રહસ્ય જાણવાની અતિકુતૂહલભરી ઇચ્છા ભારે જોખમોથી ભરેલી છે. કલ્પના કરો કે કોઈ અમાપ શક્તિની શોધ હાથ લાગી જાય કે જેથી મનુષ્ય જ્યારે જેમ ધારે તેમ બને. આવી શક્તિ પ્રાપ્ત થાય તો શું પરિણામ આવે? આપણું મન એક સાથે અનેક પરસ્પર વિરુદ્ધ ઇચ્છાઓ કર્યા કરે છે. આવા મન સાથે મનવાંછિત પ્રાપ્ત કરવાની શક્તિ કેવી ભારે અરાજકતા ઊભી કરે? કહેવાય છે કે વિજ્ઞાન માનવ-જાતિના સુખને માટે છે, પરન્તુ તે દરેક વખતે નહિ.

નિષ્ણાતોએ જાહેર કર્યું કે અણુરજ માનવજાતિને ભારે નુકસાન કરે છે. જો આમ છે, તો પછી આ શોધની ઉપયોગિતા શી? અણુમાં શક્તિ રહેલી છે, તે જાણ્યું, પરંતુ તે શક્તિ બહાર કાઢવા જતાં માનવજાતિ ભારે ભયંકર ભય નીચે આવી છે, એનું શું? આવી વખતે નિર્બળ મનનો માનવી યોગ્ય નિર્ણય કરી શકતો નથી. આમ માનવી માટેની કરુણતા એ કે જોર રહી પણ પોતે ય મોતમાં સપડાતો જાય છે, એનું તેને ભાન રહેતું નથી. આજના માનવની આ કરુણ પરિસ્થિતિ છે. ઇંદ્રિયોનું સુખ તે બહુ ક્ષુદ્ર ધ્યેય છે. જ્યાં સુધી માનવશરીર મન અને આત્માનું સમતોલ નિરોગી જીવન નિર્માણ ન કરી શકે, ત્યાં સુધી માનવને સાચું ને સ્થાયી સુખ મળી શકતું નથી. આથી ફલિત થાય કે આવા પ્રકારના જીવનને માટે જેટલું આવશ્યક છે, તેટલું રાગ-વિરાગ ઉપયોગી છે. સરોવરમાં કરોડો ગેલન પાણી હોય, પરન્તુ તરસને છીપાવવાને સુખ મેળવવા માટે તો પેટમાં સમાય તેટલાં પ્રમાણમાં જ પીવાય. વધારે પીવા જતાં જીવન જ ચાલ્યું જાય અને પેલો પાણીનો વિપુલ જથ્થો ગુમાવવો પડે. ઇંદ્રિયોના સંયમ વિના નથી સંસ્કૃતિ કે નથી સુખ.

આજના જમાનામાં ઘણા લોકો તરફથી રાગ-વિરાગની શોધ પાછળ જે દોટ મૂકવામાં આવી છે ને તેમાં રાગની ઉપાસનાની વૃત્તિ હોવાનું આરોપણ કરવામાં આવી છે તે હકીકતે એક ભ્રમણા છે. સંયમ વિનાનું ચોક્કસ અને ઉદાત્ત હેતુ વિનાનું તરંગી મન કંઈ કંઈ કુતૂહલોમાં જો રાચવાનું કર્યા કરે, તો તે તંદુરસ્ત પ્રવૃત્તિ નથી. કુતૂહલની વૃત્તિ - એ મનના અસંયમનું પરિણામ છે. રાગની શોધ પાછળ તો હંમેશા ચોક્કસ હેતુ હોય છે અને સંયત મનમાંથી જ તેની પ્રેરણા મળે છે.

સ્નેહનાં સામ્રાજ્યમાં વસવાને બદલે માનવ સંશય તથા સ્વાર્થની સાંકડી દુનિયામાં રહેવા લાગ્યો, તેથી જ તે સમાધાન કરવાની કાબેલિયત ગુમાવી બેઠો. મનોરંજન જો જીવનને માટે કોઈ ઉપયોગી દિશાસૂચન કરનારું ન હોય તો નકામું છે. 'કુદરત જે કરે તે સારા માટે' એ ઉદ્ગાર પ્રત્યેક પ્રસંગના પ્રારંભમાં જ નીકળવો જોઈએ, એથી આવતાં દુઃખો હસતાં હસતાં સહી શકાય છે. પ્રસંગ પતી ગયા પછી એ ઉદ્ગાર હતાશાના નિઃશ્વાસ જેવો છે. કુદરતનાં એ કલ્યાણવિધાનમાં અડગ વિશ્વાસ અને અવિરતપણે ઉદ્યમશીલ રહેવા માટેનો ઉલ્લાસ - એ માનવીને નિશ્ચિંત બનાવનાર છે.

o સ્પંદનના સ્વાગત તો સૌ કરે એમાં વિશેષતા શી?
વિશેષતા તો વિરોધીઓ પ્રત્યે વહાલ રાખવામાં છે.

o સ્થાનસિદ્ધિ સામર્થ્ય માંગે છે,
સામર્થ્ય સાધના માંગે છે તથા
સાધના સ્વાર્પણ માંગે છે.

*If firmness is sufficient,*
*rashness is unnecessary.*

## જીવનમાધુર્ય

માધુર્યનો અનુભવ મોટે ભાગે ચક્ષુમાં અગર સ્મિતમાં થાય છે પણ ઊંડે જોતાં તે રહેલ છે ચિત્તમાં. જીવનનું માધુર્ય મર્યાદા, સંયમ, ઉદારતા અને સહિષ્ણુતામાંથી પ્રગટે છે. ખોટું અહં માન લક્ષીનું સ્વમાન ઘણીવાર આપણા જીવનની માધુરીને ખાટી કરી નાખે છે.

એનું કારણ આપણું ગુમાન - મિથ્યાભિમાન જ રહેલ છે.
મધુરતા કે કટુતા - મનની કરણીનો જ પડઘો છે.

ચિત્તમાં એક બાબત સ્પષ્ટ થઈ જ જવી જોઈએ કે આપણું માન ભાન કોઈથી પણ ખંડિત થઈ શકે તેવું નબળું કે પોચું નથી, પછી કોઈ પણ અવસ્થા કે અનુભવથી આપણા ચિત્તમાં નકામી ઉથલપાથલ નહિ થાય અને

પરિણામે સહુની સાથે મધુર વર્તાવ સહજ થશે.

વસ્ત્ર આભૂષણોથી વિભૂષિત થઈને માધુર્ય પ્રગટાવવાનો ભલે પ્રયાસ તો થાય છે પણ તે ક્ષણભંગુર હોય છે. જેના ચિત્તમાં સંપૂર્ણ સમતા - સહનશીલતા - પ્રસન્નતા વર્તે છે, તેનું સ્મિતભર્યું માત્ર આહ્લાદ વેરે જ અમૃતના ભરેલા કટોરા જેવું નિરંજન માધુર્યયુક્ત હોય. ગુણ આત્માના હોય છે અને દોષ દેહના હોય છે. આત્મા અમર છે માટે ગુણ ટકે છે. દેહ વિનાશી છે માટે દોષ નાશવંત છે. દોષ મનુષ્યના ગુણઅભાવરૂપ હોય છે. એ દોષો વિના ગુણ નિરાકાર રહે છે. ગુણ સૂક્ષ્મરૂપે અદ્રશ્ય હોય છે. જેમ હવામાં ધ્વનિ અદ્રશ્ય ફેલાયેલો છે, એ રેડીયોથી સમજાય છે, તેમ ગુણ સૂક્ષ્મરૂપે બધે રહેલાં છે. જ્યારે દોષો શમી જાય છે, ત્યારે અદ્રશ્ય ગુણ રહેલાં માલુમ પડે છે. ગુણોને સાકાર બનાવવા માટે જે દોષો આવેલા, તે દોષોની ટકાતી મનુષ્યની સાથે તેના છાયા ચાલી જાય, તેમ મટી જાય છે. ગુણ શાશ્વત છે, તેના અસ્તિત્વ સ્પષ્ટરૂપે રહે છે. એનો અનુભવ પણ કરી શકાય છે. દેહ છોડીને ચાલ્યા ગયા, તે પુરુષો પણ ગુણરૂપે નિરંતર વસે છે, તેથી તેમના

જાણતાં બૅટરી અસર થતી, તેના કરતાં ઘણા વધારે પછી થતી દેખાય છે. ગ્રાહક યંત્ર તે અસરને ઝીલી શકે છે, લઈ શકે છે. ગુણો બારણાં છે, દોષો દીવાલો છે. નાનામાં નાના મકાનને પણ છેવટે એક બારણું હોય છે અને મોટામાં મોટા મકાનને દીવાલો હોય છે. પ્રવેશ બારણાંથી જ થઈ શકે, દીવાલથી નહિ. નીચમાં નીચ ગણાતા મનુષ્યમાં કોઈ ગુણ તો હોય છે જ. કોઈના હૃદયમાં પ્રવેશ કરવો હોય તો ગુણ મારફત જ થશે. ભીંતમાંથી પ્રવેશ કરતાં અથડાઈએ. દરવાજામાંથી – ગુણોમાંથી સીધા જવાય.

મનુષ્યના દિલમાં પ્રવેશ મેળવવો હોય, તો ગુણો મારફત જઈ શકાય, તેથી અથડામણ નહિ થાય. એ દૃષ્ટિ સધાય તો દરેક મંદિરમાં પ્રવેશ મળે. ગુણદોષોની વ્યાખ્યા સાપેક્ષિક છે. ગુણો પણ અમુક પરિસ્થિતિમાં દોષરૂપ છે અને દોષો પણ અમુક પરિસ્થિતિમાં ગુણરૂપ બને છે. શક્તિતત્ત્વ moral કે immoral નહિ પણ nonmoral છે. ગુણ અને દોષો મળીને મનુષ્યના જીવનનું એક મકાન બને છે. એમાં ગુણો દ્વારરૂપ – દોષો દીવાલરૂપ. પહેલી ભૂમિકામાં ગુણ આત્માના છે અને દોષ દેહના છે. બાળ

વ્યક્તિમાં જગતમાં ગુણ કે દોષ જેવાંથી એકપણ નહિ પ્રકૃતિ ગુણ-દોષ આપે છે. જેમ ધરતીકંપ, ગંગાનાં પુર કે જ્વાળામુખી જેવા કુદરતી આફતો નુકસાન કરે તો અપકારી નહિ અને લાભ કરે તો ઉપકારી નહિ, કેમકે તે તેનો સ્વભાવ છે. તેમ તેના ગુણ કે દોષ ગણાતા નહિ પણ તે તો કુદરતી રીતે થાય છે, તેમ ગુણ-દોષ કુદરતી વસ્તુ છે. ગુણ ઉપકાર કરે છે અને દોષ અપકાર કરે છે, તેમ ગુણી વ્યક્તિ કે દોષવાનને યશ કે અપયશ નહિ પણ તે તો પ્રત્યેકનો સ્વભાવ છે. સ્વભાવ મુજબ જે વર્તે, તે નિંદા કે પ્રશંસાને પાત્ર ગણાતું નહિ. ગુણદોષ પ્રત્યે એ દૃષ્ટિ કેળવવી જોઈએ, તો 'સમં જગત' એ વાક્ય સાર્થક થાય. જગત સ્વ નિર્ગુણ, નિર્દોષ છે.

તે તેના સ્વભાવ મુજબ કાર્ય કરે છે.

જડ જેમ પોતાના સ્વભાવ અનુસાર વર્તે છે, તેમ ચેતન પણ સ્વભાવને છોડીને વર્તી શકતું નહિ. એ સિદ્ધાંત દૃઢ થયા પછી રાગ-દ્વેષ, હર્ષ-શોક આદિનાં દ્વન્દ્વનું જોર આપોઆપ છૂટી જાય છે. કેવળ જ્ઞાતૃભાવ, દૃષ્ટાભાવ અવશેષ રહે, એ જ મુક્તિ છે. જીવનમુક્તિનો રસાસ્વાદ છે. મોક્ષમાર્ગના નેતા, મોક્ષમાર્ગે લઈ જનાર,

કર્મરૂપ પર્વતના ભેદનાર, સમગ્ર તત્ત્વના જાણનાર,
તેને તે ગુણોની પ્રાપ્તિ અર્થે વંદું છું.

અહીં 'મોક્ષમાર્ગના નેતા' શબ્દ કહી આત્માના અસ્તિત્વથી માંડી તેના મોક્ષ અને તેના ઉપાય સહિત બધા પદો તથા મોક્ષ પામેલાનો સ્વીકાર કર્યો. વળી જીવ - અજીવ આદિ બધા તત્ત્વોનો સ્વીકાર કર્યો. મોક્ષ એ બંધની અપેક્ષા રાખે છે. બંધ, બંધના કારણો, આસ્રવ, પુણ્ય-પાપ કર્મ અને તેને બાંધનાર નિત્ય એવા અવિનાશી આત્માની તેમ જ મોક્ષ, મોક્ષના માર્ગની અપેક્ષા, સંવરની, નિર્જરાની, બંધના કારણો ટાળવારૂપ ઉપાયની અપેક્ષા રાખે છે. જેણે માર્ગ જોયો, જાણ્યો, અનુભવ્યો હોય, તે નેતા થઈ શકે માટે 'મોક્ષમાર્ગના નેતા' એમ કહી તેને પામેલા એવા સર્વજ્ઞ-સર્વદર્શી વીતરાગનો સ્વીકાર કર્યો. આમ 'મોક્ષમાર્ગના નેતા' એ

વિશેષણથી જીવ - અજીવાદિ નવે તત્ત્વ,
ધર્મ - અધર્મ આદિ છ યે દ્રવ્ય, આત્માના હોવાપણા આદિ છ યે પદ અને મુક્ત આત્માનો સ્વીકાર કર્યો.

'મોક્ષમાર્ગ ઉપદેશવાનું અને તે માર્ગે લઈ જવાનું કાર્ય દેહધારી, સાકાર, મુક્ત પુરુષ કરી શકે; દેહરહિત

નિરાકાર ન કરી શકે' આમ કહીને આત્મા પોતે
પરમાત્મા - મુક્ત થઈ શકે છે, અને દેહધારી મુક્ત
પુરુષ જ બોધ કરી શકે છે, એમ સૂચવ્યું. દેહરહિત
અપૌરુષેય બોધનો નિષેધ કર્યો. 'કર્મરૂપ પર્વતના
ભેદનાર' એમ કહી કર્મરૂપી પર્વતો તોડવાથી મોક્ષ થાય,
એમ સૂચવ્યું. કર્મરૂપી પર્વતો સ્વવીર્યે કરી દેહધારી-
પણે તોડ્યા અને તેથી જીવન્મુક્ત થઈ મોક્ષમાર્ગના
નેતા, મોક્ષમાર્ગના બતાવનાર થયા. ફરી-ફરી દેહ ધારણ
કરવાનું, જન્મવા-મરવારૂપ સંસારનું કારણ કર્મ છે,
તેને સમૂળાં છેદ્યાં - નાશ કર્યાં,
તેથી ફરી દેહ ધારણ કરવાપણું નથી, એમ સૂચવ્યું.
મુક્ત આત્મા ફરી અવતાર ન લે, એમ સૂચવ્યું.
'વિશ્વતત્ત્વના જ્ઞાતા, સમસ્ત દ્રવ્યપર્યાયાત્મક
લોકાલોકના, વિશ્વના જાણનાર' એમ કહી મુક્ત
આત્માનું અખંડ સ્વપરજ્ઞાયકપણું કહ્યું. મુક્ત આત્મા
સદા જ્ઞાનરૂપ જ છે, એમ સૂચવ્યું. 'આવા જે ગુણવાળા
આત્મા છે, તેને તે ગુણની પ્રાપ્તિ અર્થે વંદું છું' એમ
કહી પરમ આપ્ત, મોક્ષમાર્ગ અર્થે વિશ્વાસ, વંદન,
ભક્તિ કરવા યોગ્ય, જેની આરાધે ચાલવાથી

નિઃસંશય મોક્ષ તથા તેમને પ્રગટેલ ગુણોની પ્રાપ્તિ થાય,
તે ગુણો પ્રગટે એવા કોણ હોય, તે સૂચવ્યું.
ઉપર બતાવેલ દરેક ગુણવાળા
મુક્ત, પરમ આપ્ત, વંદનયોગ્ય હોય, તેમણે બતાવેલ
તે મોક્ષમાર્ગ. વળી તેમની ભક્તિથી મોક્ષની પ્રાપ્તિ થાય,
તેમને પ્રગટ થયેલા ગુણો તેમની આજ્ઞાએ ચાલનાર
ભક્તિમાનને પ્રગટે, એમ પણ સૂચવ્યું.

o

એયં પરમં નાણં પરમો ધમ્મો ઇમો ચ્ચિય પસિદ્ધો |
એયં પરમરહસ્સં ણિચ્છયસુદ્ધં જિણા બિંતિ ||

અર્થાત્: આ જ પરમ જ્ઞાન છે,
આ જ પ્રસિદ્ધ ધર્મ છે,
આ જ પરમ રહસ્ય છે,
આ જ શુદ્ધ નિશ્ચય છે,
એમ શ્રી જિનેશ્વર ભગવાન કહે છે.

o

Faith in God makes a man fearless.
Faith in God is faith in good.
Anticipation is superior to acquisition
& sweeter than realisation.

## પ્રકૃતિની પ્રાપ્તિ

પદાર્થમાં અનંત શક્તિ છે, તે દૃષ્ટિગોચર થતી નથી, એનાં કાર્યથી અનુભવમાં આવે છે. જેમ આત્મામાં સત્તા નામની શક્તિ છે, પરંતુ તેવું પ્રત્યક્ષ થતું નથી. તે ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી જાણી શકાય છે. વાતરોગનું પ્રત્યક્ષ થતું નથી પણ પગમાં વેદના થવાથી જાણી શકાય છે. વૈદ્ય નાડીની ગતિથી અનુમાન કરે છે. આત્મા અને શરીરના સંયોગને 'જીવ' કહીએ છીએ. જે પદાર્થને અન્ય માનવા તે અસત્ય - મિથ્યાજ્ઞાન છે. એ જ્ઞાન જેના સદ્ભાવમાં થાય, તે મિથ્યાત્વ મોહનીય કર્મ છે. કાચ - કામલાનો રોગ હોય છે, ત્યાં સુધી શ્વેત શંખ પણ પીત લાગે છે. શંખનું પીતત્વ એ પીત રોગના સદ્ભાવની સાબિતી છે. પીત રોગ દૂર કર્યા વિના વિપરીત બોધ મટતો નથી. અંતરંગ પ્રમેયની અપેક્ષાએ એનું જ્ઞાન સત્ય, બાહ્ય પ્રમાણની અપેક્ષાએ મિથ્યા છે, અંતરંગ પ્રમેયની અપેક્ષાએ કોઈ જ્ઞાન અપ્રમાણ નથી. પ્રમાણ - અપ્રમાણની વ્યવસ્થા, બાહ્ય પ્રમેયની અપેક્ષાએ છે. દૂરત્વાદિ દોષથી રજ્જુમાં સર્પની ભ્રાન્તિ થાય છે, સમાપ્રતિમાં આવવાથી તે દૂર થાય છે.

મિથ્યાત્વ એ પરિગ્રહ પણ છે.
તેના જવા બાદ સાધનામાં સમ્યક્ અને ચારિત્રમાં સંયમ વ્યવહાર થવા લાગે છે. તે વખતે ચારિત્રના વિકાર ક્રોધાદિ રૂપ પરિણામ પામે છે પણ મિથ્યાત્વની સાથે જે બળ તેનું રહેય છે, તે પછી રહેતું નથી.

૦ વિશ્વ વ્યવસ્થા, ઈશ્વરને કર્તૃત્વ નહિ પણ કર્મના કર્તૃત્વ છે. સાધનાનો પ્રારંભ સમ્યગ્દર્શન કે વિવેકજ્ઞાનથી થાય છે. જીવ સચેતન છે, કર્મ અચેતન છે. 'કર્મકૃત અવસ્થાઓ ખરી રીતે જીવની નથી' એમ માનવું એ સમ્યગ્દર્શન છે. વિવેકજ્ઞાન થયા પછી પણ રાગ-દ્વેષને ટાળવાનો ઉપાય સામાયિક છે. સામાયિક એટલે સંપૂર્ણ અહિંસા અને તેને પાળવાના સમગ્ર આચાર.

## પ્રભુ મહાવીરે કરેલું જીવોનું દર્શન

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય જેવા વસ્તુઓમાં જ્યાં બાળકો જીવની સંભાવના પણ ન કરી શકે, ત્યાં પ્રભુ મહાવીરે જીવોનું દર્શન કર્યું અને એ બધા જીવોની હિંસા ટાળીને સાધક કેવી રીતે જીવે, એનો વિવેક પણ બતાવ્યો. જૈન દર્શનની ઉત્પત્તિનું મૂળ મહાકરુણા છે. કેવળ

પોતાનો જ મોક્ષ નહિ પણ સકલ જીવલોકનો મોક્ષ એનો આદર્શ છે. તેથી તેના સ્થાપક 'તીર્થંકર' કહેવાય છે. જૈન ધર્મ ભવિતવ્યતાવાદી, સ્વભાવવાદી, કાળવાદી કે કર્મવાદી નથી, કિન્તુ પુરુષાર્થવાદી છે. પુરુષાર્થવાદી એ જૈન સાધનાનું અવિરત પ્રેરક બળ છે. જૈન ધર્મ અનેકાન્તવાદ ઉપર રચાયેલો છે. 'જીવદ્રવ્યની જેમ સર્વ દ્રવ્યો પરિણામી નિત્ય છે' એમ માને તો જ બંધ અને મોક્ષ, સુખ અને દુઃખ સત્ય રીતે ઘટી શકે. જીવ શરીર પરિમાણી છે. જીવની ગતિ, ગતિસહાયક ધર્માસ્તિકાય, લોકાકાશ અને સિદ્ધિસ્થાન એ જૈનોની સ્વતંત્ર માન્યતા - નિષ્ઠા છે. વ્યાપકમાં ન ગતિ, ન વિકાર.

આત્માના અવિદ્યારૂપ અજ્ઞાન પરિણામ માટે
આત્માથી ભિન્ન પૌદ્ગલિક કર્મ દ્રવ્ય
- એ જૈનોની સ્વતંત્ર માન્યતા - નિષ્ઠા છે.

અજ્ઞાનનું કારણ કર્મ છે, કારણ વિના કાર્ય ન હોય. સમગ્ર બાહ્ય પ્રપંચ પુદ્ગલની રચના છે. પરમાણુ, વિવિધ વર્ગણાઓ, તે વડે કર્મ, મન, ભાવ, ઇંદ્રિય, શરીર આદિ સૂક્ષ્મ - સ્થૂલ પદાર્થો - એ જૈનદર્શનની સ્વતંત્ર માન્યતા છે. જૈન ધર્મ સર્વજ્ઞ નિરૂપિત છે, તેમાં પરિવર્તનને અવકાશ નથી.

અનેકાન્તવાદ વડે નવા પ્રત્યેક વાદી અને તેના ઉપયોગિતાનો તેમાં સમન્વય થઈ શકે છે.

'અહિંસા અને અનેકાન્તમાં સમસ્ત અશાંતિ દૂર કરવાની તાકાત છે' એ જગતને આપવાના સમયે 'અમે જ સર્વશ્રેષ્ઠ છીએ' એ જતાવવાના ઝઘડા અસ્થાને છે. જૈન ધર્મનું મૂલ્ય જગ વર્તમાન સમસ્યાઓનાં ઉકેલમાં રહેલું છે. એ સિદ્ધ કરવાથી જૈન ધર્મનો પ્રભાવ વધી શકે. સંસાર કદી સ્વર્ગ થયો નથી, થવાનો નથી. એમાં તો સદાકાળ ધર્મોદ્ધારકની આવશ્યકતા છે તથા સુધારકની, ઉદ્ધારકની પ્રવૃત્તિનો સદાકાળ અવકાશ છે.

◎ નિષ્ફળતામાંથી નિરાશા ન જન્મવી જોઈએ પણ સફળતા માટે વધુ પ્રયત્ન થવો જોઈએ. આમ થાય તો ઉજ્જ્વળ ભાવિ રાહ જોઈ રહ્યું છે, તે નક્કી માનજો.

◎ વાસનાઓનું દમન મુશ્કેલ છે પણ અશક્ય નથી. વાસનાઓ અફીણ તથા કોકીન કરતાં વધુ નશાવાળી છે. નશાવાળી વસ્તુની અસર થોડો વખત રહે છે પણ વાસનારૂપી નશાની અસર વર્ષો સુધી રહે છે, જન્મો સુધી રહે છે. તે આત્મભાન ન થાય, ત્યાં સુધી જળોની માફક ચોંટી રહે છે. વૃદ્ધ પિતા, યુવાન પુત્ર

અને ટટ્ટુની વાર્તા લોકવાસનાનો વિજય આપે છે. આત્મા પરં જ્યોતિ, અનંત જ્યોતિ, સ્વયં જ્યોતિ છે. બુદ્ધિમત્તા, વિદ્વત્તા, શ્રવણ કે પ્રવચન દ્વારા આત્માની કોઈ પ્રાપ્તિ થતી નથી. આપણું મન વાસનામય છે. યજમાન રાજા, બુદ્ધિ મુખ્યપ્રધાન કે ન્યાયાધીશ, મન વકીલ છે. માનસિક શિલ્પશાળામાં પ્રકાશ - ધ્વનિની લહેરોનું વિચારોમાં રૂપાંતર કરી, શેરડી અને માટીની જેમ ઉચ્ચાર પ્રગટ કરવામાં આવે છે.

જ્ઞાનેન્દ્રિયોનું કામ ઉચ્ચારના સમાચારો એકઠા કરવાનું, કર્મેન્દ્રિયોનું કામ મુખ્ય અધિકારી સમા મનની આજ્ઞાનું પાલન કરવાનું. ઇચ્છા સ્થૂળ - વાસના સૂક્ષ્મ. વાસના = ઇચ્છાની સૂક્ષ્માવસ્થા, ઇચ્છા = વાસનાનું સ્થૂળ રૂપ. અશુભ વાસનાઓને કારણે મન વ્યાકુળ - ચંચળ રહે. જેમ શેકેલાં કે તળેલાં બીજમાંથી છોડ ઉગતો નથી, તેમ શુભવાસનાઓમાંથી પુનર્જન્મ થતો નથી. શુભ વાસનાઓનો સંચય મુક્તિ અપાવે છે, અશુભનો સંચય દુઃખ - ક્લેશ અને જન્મ - મરણ આપે છે. બ્રાહ્મ મુહૂર્તનો સમય સાધક માટે સોનેરી સમય છે. મનને બ્રહ્મમાં લીન કરવાથી જ્ઞાન, આનંદ અને શાંતિ અવશ્ય મળશે.

ઇંદ્રિયો અંતર્મુખ બનતા આનંદનું ઝરણું સતત અને વણથંભ્યુ વહેવા માંડે છે, બુદ્ધિ સમાન અને શાંત થઈ જાય છે. વિષય વિચાર અધોગતિનો માર્ગ છે. ઇંદ્રિયોના સંયમથી આંતરિક શાંતિ, સંતોષ અને ઊંડું બળ પ્રાપ્ત થાય છે, શક્તિઓ પણ વધે છે. તેની પ્રસન્નતા, સુખ અને અનુભવ અકથનીય છે.

તે જીવનમાં સર્વોચ્ચ આનંદ પામે છે.

મન લોભી, મન લાલચી,
મન ચંચલ, મન ચોર;
મન કે મતે ન ચાલીયે,
પલક પલક મન ઓર ...(૧)

ભક્તની પાસે જો પ્રેમસ્વરૂપા ભક્તિ વિદ્યમાન છે, તો ભક્તના હૃદયમાં ભક્તિચન્દ્રિકાના સતત ઉદયથી દયાસિન્ધુમાં લહેરાઓનું ઉઠવું, એ સ્વાભાવિક છે. મનુષ્ય જે કાંઈ ખાય છે, તેનાથી નહિ પણ જે પચાવી શકે છે, તેનાથી બળવાન થાય છે. જે કાંઈ કમાય છે, તેનાથી નહિ પણ જે કાંઈ બચાવી શકે છે, તેનાથી ધનવાન થાય છે. તે જે કાંઈ વાંચે છે, તેનાથી નહિ પરન્તુ જે કાંઈ યાદ રાખે છે, તેનાથી વિદ્વાન બને છે.

કોઈપણ મનુષ્ય જે કાંઈ ઉપદેશે છે, તેનાથી નહિ પણ
જે કાંઈ આચરણ કરે છે, તેનાથી ધર્મવાન બને છે.
જૈન શબ્દનો અર્થ વૃત્તિને જીતનાર, બ્રાહ્મણ શબ્દનો
અર્થ વિશાળતાને અનુભવનાર થાય છે. બૃહં વૃદ્ધૌ.
પરમાત્માની સર્વવ્યાપકતાને કે વિશાળતાને
અનુભવવા માટે પ્રથમ વૃત્તિઓને જીતવી પડે છે.

## 'અનેકાન્ત ભાવના'ની વ્યાખ્યા

પ્રત્યેક વિચાર અને વાક્ય સાપેક્ષ છે, એવું
ભાનપૂર્વકનું પુનઃપુનઃ ચિંતન એ અનેકાન્ત ભાવના છે.
રુચિ અને વૃત્તિ બંનેને સહચારીપણું છે.
રુચિની સાથે વૃત્તિ જોડાયેલી જ રહેલ છે.
દ્રવ્યરુચિ = આત્મસ્વરૂપ જણાવનાર ગ્રંથાદિની રુચિ.
ભાવરુચિ એટલે આત્મસ્વરૂપની રુચિ.
જેમ-જેમ તે સાધ્ય એટલે કે સ્થિર કરાય, તેમ-
તેમ સઘળી ક્રિયા, ધ્યાન, તપ, જપાદિ સફળ થાય.
મનમાં સ્થિરતા અને એકાગ્રતા આવવાથી
મનની પરિણતિમાં મગ્નતા આવે છે,
દ્વિધાભાવ મટી જાય છે અને આત્મગુણોનો ભંડાર,
જે આત્માની સૌથી નજીક છે, તે પ્રગટે છે.

સામાયિકમાં સાવદ્યાચારનું પચ્ચક્ખાણ છે.
જીવોની દયા, દાન, પરોપકાર, દુર્બળની રક્ષા વગેરે
પાપાચાર નહિ પણ ધર્માચાર છે.
સમ્યક્ત્વનું મુખ્ય લક્ષણ અનુકંપા છે.
દયાના દરેક કાર્યોથી સમ્યક્ત્વની શુદ્ધિ થાય છે.

निरञ्जनः परमं साम्यमुपैति । श्रुतिः

નિરંજન થયેલ પુરુષ પરમાત્માની સમાનતાને પામે છે.

ચાર ભાવનાનો અદ્ભુત શ્લોક

शिवमस्तु सर्व जगतः = मैत्री.
परहित निरता भवन्तु भूतगणाः = प्रमोद.
दोषाः प्रयान्तु नाशं = कारुण्य.
सर्वत्र सुखी भवतु लोकः = परम माध्यस्थ्य.

इह सिद्धिषु वैचित्र्ये बीजं कर्मक्षयादिकं
संयमश्चात्र सदसत्प्रवृत्ति - विनिवृत्तितः ॥१॥
- योग माहात्म्य द्वात्रिंशिका० श्लोक - २२

टीका - इह सिद्धिषु वैचित्र्ये कर्मक्षयादिकं बीजं ।
तथाज्ञाने तथाज्ञानावरणक्षयोपशमादेः
वार्यविशेषे च वीर्यान्तरायक्षयोपशमादेर्हेतुत्वात् ।
संयमश्चात्रोक्तसिद्धिषु सत्प्रवृत्त्य-

ॐ

सन्निधृतिरूपां तथाविधक्षयोपशमाद्यधीनद्वारैव
बीजं न तु तत्तद्विषयस्थानप्रणिधानादिरूपः ।
अनन्तविषयकस्थानस्य प्रतिविषयं
संयमाऽसाध्यत्वाद्विहितानुष्ठानप्रणिधानमात्र-
संयमेनैव मोहक्षयात् तदुपपत्तेः ।
चित्तप्रणिधानार्थं स्थालंबनमात्रं क्वाऽपि न वारयामः ।
केवलमात्मप्रणिधानपर्यवसान एव
सर्वः संयमः फलवानित्यात्मनो
रोधत्वं विना सर्वं विलूनशीर्ण
मवेदित्यधिकं स्वयमूहनीयम् ॥ (परिशिष्ट-१८)

<u>આનંદઘન કૃત સ્તવન</u> ॐ રાગ : <u>ભૈરવ</u>

ઓ જિનકે પાયે લાગ, તુને કહિયે કેતો, ઓ જિનકે પાયે...૧
આઠો હી જામ ફિરે મદમાતો, મોહ નિંદરીયાસું જાગ,
તુને કહિયે કેતો, ઓ જિનકે પાયે ...૨
પ્રભુ પ્રીતમ બિના નહિ કોઈ પ્રીતમ, પ્રભુપૂજા ઘણી માગ
તુને કહિયે કેતો, ઓ જિનકે પાયે ...૩
ભવફેરા વારિ કરી જિનચંદા, <u>આનંદઘન</u> પાયે લાગ
તુને કહિયે કેતો, ઓ જિનકે પાયે ...૪

શ્રી શાંતિજિનસ્તવન ૐ રાગ : બિહાગડો

દેખત નયન સોહાય પ્રભુજી, દેખત નયન સોહાય.
અજબ સૂરતિ અચિરાકો નંદન, ચંદન ચરચિત કાય.
પ્રભુજી ...૧

કંચન કાંતિ પરાજિત સુરગિરિ, દીઠો નાવે દાય.
પંચમ ચક્રી સોલમો જિનવર, ટાલે સોલ કષાય.
પ્રભુજી ...૨

સોલ શણગાર સજી સુરરામા, રાસ રમે ચિત્ત લાય.
ભાનુવિજય જિનચરણની સેવા, કરતાં પાપ પલાય.

વૈરાગ્યપ્રેરક પદ

અવસર બેર બેર નહીં આવે,
જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ-જનમ સુખ પાવે.
અવસર ...૧

તન ધન જોબન સબ હી જુઠો, પ્રાણ પલકમેં જાવે.
તન છૂટે ધન કોન કામ કો? કાહે કું કૃપણ કહાવે?
અવસર ...૨

જાકે દિલ મેં સાચ બસત હૈ, તાકું જૂઠ ન ભાવે,
આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમર સમર ગુણ ગાવે.
અવસર ...૩

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨)**

સત્ કાર્યાત્મક અને સ્થૂલ હોય છે, અસત્ કારણાત્મક અને સૂક્ષ્મ હોય છે. કારણના નાશમાં કાર્યનો નાશ થાય જ છે. ૦ મોહરૂપી મદિરા પીવાથી મોહ પામેલો, સનાતન કે શાશ્વત એવો પણ આ આત્મરાજા પોતાના સેવકમનની સેવિકા એવી ઈન્દ્રિયો વડે સેવક બનાવાયો છે. ૦ દેહાધ્યાસ જીવનો પર્યાય છે. ૦ જેમ ફોતરાંથી યુક્ત હોય તો 'વ્રીહી' (ડાંગર) તથા ફોતરૂં કાઢી નાંખીએ તો 'ચોખા' કહેવાય છે, તેમ કર્મપાશથી બંધાયેલો તે 'જીવ' ને કર્મપાશથી મુક્ત થયેલો 'સદાશિવ' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૩)**

ભાવપૂર્વક નવકારમંત્રનું સ્મરણ કરતાં જ ચોર, જંગલી પશુ, ઝેરી સર્પ, પાણી, અગ્નિ, બંધન, રાક્ષસ, યુદ્ધ, રાજભય વગેરે સર્વ ભયો નાશ પામે છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૧૦)**

બધા જીવો જીવવા ઈચ્છે છે, મરવા ઈચ્છતા નથી. તેથી ભયંકર એવા પ્રાણીવધને સાધુઓ ત્યજે છે. - દશવૈકા, ૬-૧૧ ૦ સર્વ જીવો સુખને ઈચ્છનારા છે, દુઃખને પ્રતિકૂળ અને અપ્રિય માનનારા, જીવનને પ્રિય માનનારા, જીવવા ઈચ્છનારા છે. બધા જીવોને જીવન પ્રિય છે. તું જેવો છે, એવા જ તે જીવો છે. જેવો હું છું, તેવા તે છે, એમ માનવું. માટે જીવોને હણવા નહીં. ઘાત કરવો નહીં. - આચારાંગ સૂત્ર

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૨૧)**

ગુરુની આજ્ઞામાં રહેલા અને બાહ્ય અનુષ્ઠાન અર્થાત્ આવશ્યક ક્રિયાદિથી શુદ્ધ ચિત્તવાળા થયેલા સાધુને અધ્યાત્મ ધ્યાનમાં પણ એકાગ્રતા વૃદ્ધિ પામે છે. અધ્યાત્મ ધ્યાનમાં એકાગ્રતા વૃદ્ધિ પામે છતે વિષય - કષાયાદિ દોષો અને સહજમલ વગરનું વિજ્ઞાન - આનંદઘન એવું પરિશુદ્ધ આત્મસ્વરૂપ પ્રત્યક્ષ થાય છે. જેમ ખળભળાટ વગરના સમુદ્રમાં પવન ન હોય ત્યારે પાણીના તરંગો હોતા નથી, તેમ આત્મસ્વરૂપ પ્રત્યક્ષ હોવાની અવસ્થામાં પરપુદ્‌ગલના પરિણામનો અભાવ હોવાથી (શુભ કે

અશુભ) વિકલ્પો હોતા નથી. અધ્યાત્મ શાસ્ત્રોમાં કહ્યું છે કેઃ આત્મસ્વરૂપ પ્રત્યક્ષ દશામાં અરતિ શું? અથવા આનંદ શું? આવા પણ વિકલ્પો હોતા નથી, તો તે અવસ્થામાં પુદ્‌ગલના સંયોગથી થતાં અન્ય વિકલ્પો કયાંથી હોય?

- ધર્મપરીક્ષાઃ ૯૫-૯૬-૯૭-૯૮

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૨૨)**

તપ રૂપી અગ્નિ, જીવ રૂપી અગ્નિકુંડ, મન - વચન - કાયાના યોગ રૂપી શરીર એ છાણાં છે. આઠ કર્મ લાકડા રૂપે છે. સંયમચર્યા એ શાંતિપાઠ છે. આ રીતે ઋષિઓ દ્વારા પ્રશંસિત યજ્ઞ હું કરું છું. - ઉત્તરા. ૧૨, ૪૪

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૨૩)**

અકલુષિત આત્માને પ્રસન્ન કરનાર શુભ લેશ્યા રૂપી ધર્મ એ જલાશય છે અને બ્રહ્મચર્ય રૂપી શાંતિ તીર્થ છે, જ્યાં સ્નાન કરીને, વિશુદ્ધ અને શીતલ થઈને હું પાપને દૂર કરું છું. - ઉત્તરા. ૧૨-૪૬ ૦ જેઓ એમ કહે છે કેઃ 'સવાર-સાંજ પાણીનો સ્પર્શ કરીને, પાણી વડે મોક્ષ મળે', (તેઓ વિચારે કે) જો પાણીના સ્પર્શ વડે મોક્ષ થતો હોય, તો પાણીમાં ઘણા જીવો છે, તેઓનો પહેલા મોક્ષ થાય.

- સૂયગ. ૧-૧૪

**પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૨૪)**

હે રાજન્! અજ્ઞાનીઓને પ્રિય પરંતુ અંતમાં દુઃખદાયક એવા કામગુણોમાં અર્થાત્ વિષયોમાં એ સુખ નથી, જે સુખ કામોથી વિરક્ત, તપને જ ધન માનનારા અને શીલગુણમાં રત રહેનારા ભિક્ષુઓને અર્થાત્ સાધુઓને હોય છે. - ઉત્તરા. ૧૩-૧૭ ૦ જે (કોઈ એક) પુરુષ દુર્જય યુદ્ધમાં દશ લાખ સુભટો ઉપર વિજય મેળવે છે અને એક મહાત્મા પોતાના આત્માને જીતે છે, તે બંનેમાં આત્મવિજય શ્રેષ્ઠ છે. આત્માની સાથે જ યુદ્ધ કરવું જોઈએ. બહારના યુદ્ધથી શું લાભ છે? આત્મા વડે જ આત્માને જીતવાથી સાચું સુખ પ્રાપ્ત થાય છે. - ઉત્તરા. ૯-૩૪-૩૬ ૦ ખરેખર! આત્મા જ દમન કરવા યોગ્ય છે, કારણકે આત્મદમન જ ખરેખર ખૂબ કઠણ છે. આત્મદમન કરનાર આલોક અને પરલોકમાં સુખી થાય છે. પરવશ થઈને બીજાઓ વડે વધ અને બંધનો દ્વારા તપથી દમન થવાની અપેક્ષાએ પોતાની ઈચ્છાથી જ સંયમ અને તપથી આત્મદમન કરવું શ્રેષ્ઠ છે. - ઉત્તરા. ૧-૧૫-૧૬

० ઉપશમ (સમતા) વડે ક્રોધને હણવો, મૃદુતા (નમ્રતા) વડે માનને જીતવું, આર્જવ ભાવ (સરળતા) વડે માયાને જીતવી અને સંતોષ વડે લોભને જીતવો.

- દશવૈકા. ૮-૩૯

**પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૨૫)**

જે (કોઈ) માણસ દરેક મહિને દસ લાખ ગાયોનું દાન કરે, એના કરતાં કાંઈ પણ દાન ન આપનાર મુનિનું સંયમ ચડિયાતું છે. - ઉત્તરા. ૯-૪૦ ० જેવી રીતે કિંપાક ફળોનું પરિણામ સુંદર નથી, તેવી રીતે ભોગવેલા ભોગોનું પરિણામ સુંદર નથી. - ઉત્તરા. ૧૯-૧૮ ० સર્વ ગીતો વિલાપરૂપ છે, સર્વ નૃત્ય વિડંબના છે, સર્વે આભૂષણો ભારરૂપ છે અને સર્વ કામ (ઈચ્છા) દુઃખદાયક છે. - ઉત્તરા. ૧૩-૧૬

**પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૨૬)**

'અર્હં' એ પ્રમાણે અક્ષરબ્રહ્મ પરમેશ્વર એવા પરમેષ્ઠીનો વાચક છે, સિદ્ધચક્રનું આદિબીજ છે, સૌ આગમોના ઉપનિષદ સમાન છે, સૌ વિઘ્નોના નાશ કરનાર છે, આલોક અને પરલોકના ઈચ્છિત ફલને આપવામાં કલ્પવૃક્ષ સમાન છે. આખું શાસ્ત્ર ભણીએ કે ભણાવીએ, ત્યાં સુધી તેનું પ્રણિધાન કરવા યોગ્ય છે. ० 'પ્રણિધાન' એટલે આ મંત્રની સાથે આત્માને સર્વ રીતે એકાકાર કરી તેના અભિધેયની સાથે અભેદ સાધવો. આ જ તાત્ત્વિક નમસ્કાર છે અને શીઘ્ર ફળ આપનાર છે.

**પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૩૫)**

હે પાર્થ! અશ્રદ્ધાથી હોમ કરાયો હોય, દાન અપાયું હોય, તપ તપ્યું હોય કે અનુષ્ઠાન કરાયું હોય, તો તે અસત્ જ કહેવાય છે. તેનું આલોક-પરલોકમાં ફળ મળતું નથી.

**પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૩૭)**

જ્યાં આત્માને હિતબુદ્ધિ હોય, ત્યાં શ્રદ્ધા છે. જ્યાં શ્રદ્ધા છે, ત્યાં જ ચિત્ત લીન થાય છે.(૯૫) 'આત્મા શરીરથી ભિન્ન છે.' એવી ઉપાસના કરવાથી આત્મા તેવો થાય છે. જેમ દિવો અને વાટ જૂદી છે તેમ.(૯૭) આત્મા વડે આત્માની ઉપાસના કરવાથી આત્મા જ પરમાત્મા થાય છે અથવા જેમ વૃક્ષ પરસ્પર ઘસાઈને કે મંથન થવાથી અગ્નિ બને છે, તેમ આત્માનું મંથન કરવાથી આત્મા પરમાત્મા થાય છે.

(૯૮) દુઃખરહિત અવસ્થામાં ભાવેલું જ્ઞાન દુઃખ આવતાં ક્ષય થઈ જાય છે, તેથી મુનિ શક્તિ પ્રમાણે દુઃખ વડે આત્માને ભાવિત કરે છે. (૧૦૨)

આત્માના પ્રયત્નથી વાયુ ઈચ્છા અથવા દ્વેષરૂપે પ્રવર્તે છે. વાયુથી શરીરના યંત્રો પોતપોતાના કાર્યમાં પ્રવર્તે છે. (૧૦૩)

શરીરના કાર્યોને પોતાના આત્મામાં આરોપ કરીને અર્થાત્ આત્માના સમજીને જડ પુરૂષો સાક્ષાત્ સુખ માને છે અને બુદ્ધિશાળી અથવા વિદ્વાન પુરૂષો શરીરના કાર્યોને છોડીને પરમપદને પામે છે.(૧૦૪)

સંસારના દુઃખને આપનારી, પર - અપર અથવા અહંબુદ્ધિને છોડીને તેનાથી મુક્ત થયેલો, પરઆત્મામાં નિષ્ઠ, તેમના માર્ગસ્વરૂપ સમાધિતંત્રને સમજીને જ્યોતિર્મય સુખને પામે છે.(૧૦૫)

**પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૬૭)**

ઘણા લોકોને ચમત્કાર કરે અર્થાત્ ચિત્તરંજન કરે, એવા મનુષ્યો આ લોકમાં ઘણા છે, પરંતુ જેઓ પોતાના ચિત્તનું રંજન કરે એવા આ પૃથ્વી પર પાંચ-છ જ હોય છે.

**પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૬૯)**

સેંકડો સૂક્ષ્મયુક્તિઓવાળું, બુદ્ધિને અત્યંત સૂક્ષ્મ કરનારૂં, સૂક્ષ્મ દ્રષ્ટિવાળાઓએ બતાવેલું બૌદ્ધશાસન માત્ર સાંભળવા જેવું છે (અર્થાત્ આચરવા યોગ્ય નથી).

**પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૭૦)**

આગ્રહી વ્યક્તિ પોતાની બુદ્ધિ હોય, ત્યાં યુક્તિ લઈ જાય છે અને પક્ષપાતરહિત વ્યક્તિ યુક્તિયુક્ત હોય, ત્યાં બુદ્ધિ લઈ જાય છે.

**પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૭૧)**


પરોપકારમાં આનંદ, નિરીહતા, વિનીતતા, સત્ય, અતુચ્છચિત્તતા, હંમેશા વિદ્યાવિનોદમાં રક્ત, દીનતારહિત - આ બધા ગુણો સત્ત્વશાળીમાં હોય છે.

**પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૯૯)**
કોઈક પરમાત્માને આશ્ચર્યસહિત જૂએ છે, બીજો કોઈ તેમને આશ્ચર્યસહિત વર્ણવે છે, બીજો કોઈ સાંભળે છે અને સાંભળવા છતાં પણ કોઈ એને અનુભવતું નથી.

**પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૦૭)**
મોક્ષમાર્ગમાં લઈ જનાર, કર્મરૂપી પર્વતોને ભેદનાર, વિશ્વના દરેક પદાર્થોને જાણનાર એવા પરમાત્માને તેમના ગુણોની પ્રાપ્તિ માટે હું વંદના કરૂં છું.

**પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૨૦૬-૨૦૭):**
અહીં સિદ્ધિઓની વિવિધતામાં કારણ કર્મક્ષય વગેરે છે અને સત્‌માં પ્રવૃત્તિ અને અસત્‌માં નિવૃત્તિરૂપ સંયમ છે. - યોગમાહાત્મ્ય દ્વાત્રિંશિકા, શ્લોક ૨૨

**ટીકા:** સિદ્ધિઓની વિવિધતામાં કર્મક્ષય વગેરે કારણ છે. તેવા પ્રકારના જ્ઞાનમાં તેવા પ્રકારના જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કારણ છે. વીર્યવિશેષમાં વીર્યાન્તરાયકર્મનો ક્ષયોપશમ કારણ છે. અહીં કહેલી સિદ્ધિમાં સંયમ કારણ બને છે, તે સત્‌પ્રવૃત્તિ અને અસત્‌નિવૃત્તિ વડે તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમ દ્વારા જ કારણ બને છે, પરંતુ તે તે વિષયના જ્ઞાન કે પ્રણિધાનાદિ રૂપ નહીં. જ્ઞાન અનંત વિષયવાળું છે, માટે તે દરેક વિષય સંયમ દ્વારા અસાધ્ય છે. તે કારણે ભગવાને કહેલા અનુષ્ઠાનોના પ્રણિધાનમાત્રથી મોહક્ષય થવાથી સંયમસિદ્ધિમાં કારણ બને એ વાત ઘટે છે. ચિત્તની એકાગ્રતા માટે કોઈપણ પ્રકારનું આલંબન લેવાની ક્યાંય ના નથી, માત્ર જેનાથી આત્મપ્રણિધાન પ્રાપ્ત થાય, એવું સંયમ ફલવાન છે. માટે આત્મા જ્ઞેય ન બને તો બધું નકામું છે. અહીં વિશેષ જાતે જ વિચારવું.




ઉપર દર્શાવેલ ૩ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૩૨-૧૯૩૪-૧૯૪૯નાં સમયગાળામાં લખાયેલ છે, જે અહીં સંકલિત કરેલ છે.




॥ ॐ ऽर्हँ नमः ॥

। ॐ ह्रीँ असिआउसा ह्रीँ नमः ।

। ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ।

पं. महेन्द्रविजय

www.fiestadesigns.in